Arya Samaj Foundation Chennai an

લેખક:
યશોધર
મહેતા

કિંમત
૫-૯-૦

c Domain. Gurukul Kangri Collecti

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરી જતી રેતી

લેખકઃ—

યશોધર મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार
पुस्तकालय

विषय संख्या ६४ग
पुस्तक संख्या २५
आगत पञ्जिका संख्या २५९२६

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कृपया १५ दिन से अधिक समय तक पुस्तक अपने पास न रखें।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવચેતન પ્રકાશન : ૭૯-૮૦

વર્ષ ૧૪ મું .... પુસ્તક ૩૭જું ૪થું

ગૃહલક્ષ્મી ગ્રંથમાળા પુસ્તક ૫૫-૫૬

સરી જતી રેતી

[ભાગ ૧લો, ખંડ ૧ લો તથા ૨ જો,]

લેખક

શ્રી યશોધર નર્મદાશંકર મહેતા

બેરિસ્ટર-એટ-લૉ.

ઉપોદ્ઘાત

શ્રી ભાનુશંકર વ્યાસ

'બાદરાયણ'

CHECKED 1973

Initial

गुरुकुल कांगड़ी ... मुक्तिः

पुस्तक सं० 68 G/2

आगत सं० 25126

तिथि०..................

गुरुकुल ग्रन्थालय काँगड़ी.

નવચેતન સાહિત્ય મંદિર

૨૪૫૬; ભદ્ર: અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવચેતન પ્રકાશન : ૭૯–૮૦

વર્ષ ૧૪ મું .... પુસ્તક ૩જું ૪થું

ગૃહલક્ષ્મી : ગ્રંથમાળા પુસ્તક ૫૫–૫૬

સરી જતી રેતી

[ભાગ ૧લો, ખંડ ૧ લો તથા ૨ જો,]

લેખક

શ્રી યશોધર નર્મદાશંકર મહેતા

બેરિસ્ટર-એટ-લૉ.

ઉપોદ્ઘાત

શ્રી ભાનુશંકર વ્યાસ

બાદરાયણ

CHECKED 1973

Initial ....

ऋते ज्ञानान्न मुक्तिः

पुस्तक सं० ....

आगत सं० ....

तिथि० ....

गुरुकुल ग्रन्थालय काँगड़ी.

નવચેતન સાહિત્ય મંદિર

૨૪૫૬ ; ભદ્ર : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
પુરૂષોત્તમ પૂ. પારેખ
નટવરલાલ લ. વોરા
નવચેતન સાહિત્ય મંદિર
૨૪૫૬, ભદ્ર, અમદાવાદ.

આવૃતિ ૧લી : સવંત ૨૦૦૬
[સર્વ હક્ક લેખકને સ્વાધીન]

કિંમત
રૂા. ૫-૮-૦

વાર્ષિક લવાજમ.
દેશમાં રૂા. ૮-૦-૦ પાકુ પૂંઠું
પરદેશમાં રૂા. ૧૨-૦-૦ પાકુ પૂંઠું
પોસ્ટેજ સાથે.

મુદ્રક :
અમૃતલાલ નંદલાલ ભટ્ટ
મયુર પ્રીન્ટરી, મુન્સીનો ખાંચો, રાયપુર, ભાઉની પોળ,
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવેદન

'**નવચેતન** સાહિત્ય મંદિર' શ્રી યશોધર મહેતા કૃત 'સરી જતી રેતી'નું પ્રકાશન ગુજરાત સમક્ષ રજૂ કરે છે.

'સરી જતી રેતી' વિશે શ્રી. ભાનુશંકર વ્યાસ 'બાદરાયણે' આ નવલકથાનું મૂલ્યાંકન કરતો 'નવો માઈલ સ્ટોન'નો ઉપોદ્‌ઘાત લખ્યો છે. તે જોતાં નવલકથા વિશે એમણે જે કહેવાનું છે તે કહ્યું છે.

શ્રી યશોધર મહેતાનું 'રણછોડલાલ અને બીજાં નાટકો'નું પ્રો. બળવંતરાય ઠાકોરના વિસ્તૃત ઉપોદ્‌ઘાત સાથેનું પ્રકાશન ગુજરાત સાહિત્યસભાએ કર્યું, ત્યારે ગુજરાતની સંસ્કાર વાંચ્છુ જનતા અને સાહિત્યકારોનું ધ્યાન આ યુવાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લેખક તરફ દોરાયેલું, અને જેની સંપૂર્ણ સફળતાના ચિહ્ન કેતરીએલા ઇન્ડિયા રેડિયોની જાહેર હરિફાઈમાં પ્રથમ પારિતોષક પણ તેમને અર્પણ થયેલું.

'સરી જતી રેતી'ની નવલકથામાં જે પ્રશ્નોની મીમાંસા કરવામાં આવી છે તે પ્રશ્નો સર્જન જૂના છે. આપણા પુરાતન તત્ત્વવેત્તાઓએ અને મહાકવિઓએ શૃંગાર રસની સાથે જીવનને ઉન્નત કરતી ફિલસૂફીને સમાવી જનતાના ચારિત્ર્ય અને શીલને અખંડિત સાચવ્યા છે. તેવો જ શૃંગાર અને તત્ત્વજ્ઞાનનો સુમેળ આ નવલકથામાં સધાયેલો જણાશે.

'સર્જાતા સાહિત્યના વાંચન અને મનન પછી તેમાંના સુંદર તત્ત્વો માનવીએ ગ્રહણ કરવાં' એ સૂત્રને આપણી દૃષ્ટિ સંમુખ રાખી આપણે વિચારીશું અને જીવનમાં, જે સારું છે તેને આપણે ગ્રહણ કરીશું, એટલું જ નહિ પણ ગુજરાતનાં યુવક યુવતીઓ આ પ્રકાશનમાંના સારા તત્ત્વો મેળવી જીવનને ઉચ્ચ આદર્શો અને ભાવનાઓ તરફ વાળવા પ્રયાસ કરશે તો આં પ્રકાશન સફળ થયેલું ગણીશું.

આ કૃતિ અમારી સંસ્થાને આપવા બદલ શ્રી. યશોધરભાઈના તેમજ પુસ્તકનું ભાવવાહિ ચિત્ર શ્રી. શકુંતલાબહેન દિવાનજીએ પાત્રોને અનુરૂપ દોરી આપ્યું છે તે બદલ તેમના અમો આભારી છીએ.

નવચેતન સાહિત્ય મંદિર, ૨૪૫૬, ભદ્ર, અમદાવાદ.	}	લિ. સેવકો, પુરુષોત્તમ પારેખ નટવરલાલ વોરા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

આ વાર્તા લખવાનું મેં સને ૧૯૪૨ માં શરૂ કરેલું. સન ૧૯૪૦ ની આખરે હું વિલાયતથી પાછો ફરેલો અને ઘીફ નોકરી અને ધંધો એ ત્રણેના વખાનો માર્યો બાપના બાકી રહેલા પૈસા ખરચવાના એકધાર્યા વ્યવસાયમાં મુંબઈ ખાતે દહાડા ભાગતો હતો. બેંક બેલન્સની દશા દહાડે દહાડે કપરી થતી જતી હતી, એટલે કલબો તથા હોટેલોમાં જવાનું ઓછું થતે થતે લગભગ બંધ થતું ગયું અને સાંજે છતાં મોટે ભાગે હું પથારીવશ રહી સિલિંગ તરફ જોઈ જોઈને લગભગ તત્ત્વજ્ઞાની થઈ ગયો હતો.

એ સિલિંગ ઉપર અનેક આકૃતિઓ ઉપસી આવતી હતી અને મને અવનવી કહાણીઓ કહેતી હતી. એમાંની કેટલીક પરિચિત અને ઘણીક અપરિચિત હતી. તેમને સૌને પછી મેં નામ આપવા માંડ્યાં. મનોરાજ્યમાંથી સિલિંગ ઉપર ચડી ગયેલી એ ભૂતાવળને મેં કલમની સહાયથી કાગળ ઉપર નીચે ઉતારવા માંડી. કેટલીક ઉતરી. કેટલીક હઠીલી ન ઉતરી. શબ્દદેહ ગુજરાતી બારાખડીથી પૂરેપૂરો ઘડાતો નહોતો અને એ બી સી ડીની જ હકૂમત હતી. બે ખંડ રચાયા. બીજો ખંડ પહેલો રચાયો જે પોણો અંગ્રેજીમાં હતો. પહેલો ખંડ પછી રચાયો જે પોણો ગુજરાતીમાં હતો. સને ૧૯૪૨ ની આખર સુધી મારા અને સિલિંગ વચ્ચેના આવા અવિરત પ્રેમસંબંધથી આ સૃષ્ટિ ઉપજી.

સને ૧૯૪૨ની આખરે અને સને ૧૯૪૩ની શરૂઆતે શાળા અને કોલેજ કાળના મારા ગાઢ મિત્ર ભાઈ નવનીત શોધને એક સાંજે મારા પ્રેમકિસ્સામાં જરૂરી ભંગાણ પાડ્યું અને અજોડ મિત્રપ્રેમથી પ્રેરાઈને મારા ગળે ધંધાની ધૂંસરી નાખી જેથી મારા જીવનમાં પહેલાં કદી નહિ કલ્પેલો બનાવ બન્યો. હું રળતો થયો. અનાયાસ, અકસ્માત, અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ જાતના પૂર્વસંકલ્પ વિના, એ બાળસ્નેહીની હૂંફથી હું વેપારી બન્યો અને સિલિંગ જોતો બંધ થઈ ગયો. નહિ ચાલેલી નહિ ચલાવેલી બૅરિસ્ટરીનાં ઝાંઝવાનાં નીર જોવાનું પછી આપોઆપ બંધ થઈ ગયું અને પૂરાં પાંચ વરસ વેપાર સાથેનું એકપત્નીવ્રત સેવ્યું.

એવામાં મારા મોટા ભાઈના કંઈક ભૂલાઈ ગયેલા ભાઈબંધ ચંદ્રવદન ચિમનલાલ મહેતા પંદર વરસ પછી પહેલવહેલા મારે સાસરે ભટકાઈ પડ્યા અને એમની એક અજોડ અને અદ્વિતીય રીતે પ્રયોજને વગર પ્રયોજને મને ખૂબ ભાંડી. સાંજે મારી ગેરહાજરીમાં તે મારા ઓરડામાં ધસી ગયેલા અને મારી વસ્તુઓ જોતાંજોતાં એમને "સરી જતી રેતી"નું મૅન્યુસ્ક્રીપ્ટ હાથ આવેલું. તે એમની સાથે મુંબઈ ગયું. મને તેની ખબર નહોતી. બે ત્રણ મહિના પછી મસૂરીમાં એમનો કાગળ આવ્યો: "બેટમજી! શ્રાની સેવામાં તમે સરસ્વતી છાંડી છે. તમારું મૅન્યુસ્ક્રીપ્ટ વાંચી ગયો. અંગ્રેજીનું ગુજરાતી કરી નાખો. તમારામાં નહિ ધારેલું નીકળ્યું છે. રેડિયો માટે નાટકો લખી આપો."

ચાર નાટકોના કોંટ્રેક્ટ આવ્યા. લખાયાં. છેલ્લું "રણછોડ-લાલ" જાહેર હરિફાઈમાં લખાયું, અને પહેલું ઈનામ પામ્યું. ત્યાર બાદ "ધાવરાયેલો" ધસી આવ્યો જેને કેટલાકે ડંખ માર્યા, કેટલાકે મધુ સિંચ્યાં.

સને ૧૯૪૨ની સાલની ભૂલાઈ ગયેલી પેલી સિલિંગ ઉપરની ભૂતાવળ ૧૯૪૮માં નૈનીતાલના બંગલામાં પાછી રોજ રાત્રે થનથન નાચવા લાગી.

"બસ, ભૂલી ગયો ને? તારા એકલવાયા કડકેબાલૂસ જીવનના અમ દોસ્તોને ભૂલી ગયો ને?"

"ના."

"તો નાટકચેટક રહેવા દે ને અમને હાથ લે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ: આજ દોઢ વરસથી વચન પ્રમાણે સરી જતી રેતીમાં છું. એ કેટલા ભાગની થશે એ અત્યારે હું નથી જાણતો. એ પણ થાય કે બારે થાય. પૂર્વ નિશ્ચયોથી મેં કદી લખ્યું નથી, લખતો પણ નથી.

ગુજરાતી સાહિત્યનો મારો પરિચય સામાન્ય નિશાળિયા કરતાં બિલકુલ વધારે નથી. મારા જેવા અજ્ઞાની અને અનધિકારીએ ગુજરાતી સાહિત્યમાં જે ઝંપલાવ્યું છે તે કેવળ અનાયાસ અને અચાનક છે કેમકે ભાઈ ચંદ્રવદન મહેતાની મમતા ભરેલી પ્રેરણા સિવાય તેમ કરવાનો મારો કોઈ પણ પ્રકારનો પૂર્વ સંકલ્પ હતો જ નહિ. જે લખ્યું છે તે અંગત શોખ, મોજ અને મસ્તીનું પરિણામ છે અને સમાન મનોભૂમિકાવાળા મિત્રોનો આગ્રહ ન હોત તો મેન્યુસ્ક્રીપ્ટ રૂપે જ રહેત.

આ પુસ્તકનું આમુખ ભાઈ ભાનુશંકર વ્યાસ 'બાદરાયણે' લખ્યું છે તે બદલ હું ઘણો આભારી છું.

સૌ. લીનાબહેન મંગળદાસનો ખાસ આભારી છું કેમકે તેમણે મૂળથી જ આ કૃતિ વાંચી વિચારીને અમુક અમુક ફેરફારો સૂચવેલા જેમાંના ઘણા મેં સ્વીકાર્યા પણ છે.

ભાઈ મધુસૂદન મોદીની સૂચનાઓ માટે પણ આભારી છું. બહેન શકુંતલા દિવાને આ પુસ્તકનું જેકેટ ઉપરનું ચિત્ર દોરી આપ્યા બદલ તેનો આભારી છું.

છેવટે ભાઈ ચૈતન્યપ્રસાદ દિવાનની 'ઈલિમકી લકડી' જેવી પેન કે જેણે 'સરી જતી રેતી' સર્જી તેનો આભાર પણ માનું છું. એ પેનમાં ભાઈ દિવાને કોણ જાણે શાએ જાદુ ભર્યા છે!

આ પુસ્તકની પ્રસિદ્ધિનું કાર્ય ગુજરાતની અગ્રગણ્ય પ્રકાશન સંસ્થા 'નવચેતન સાહિત્ય મંદિરે' કર્યું છે તે બદલ તેના સંચાલકોનો પણ આભાર વ્યકત કરું છું.

યશોધર મહેતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નવો માઇલસ્ટોન'

અખો કહે અંધારો કૂવો
ઝઘડો ભાગી કોઈ ન મૂવો

નવલકથાને તે વળી ઉપોદ્ઘાત શા? ચોકે કે ચોતરે દાદાજી યા ફોઈબા વાત કહેવા બેસતા ત્યારે કયા ઉપોદ્ઘાત વિસ્તારતા હતા! આપણા પહેલા નવલકથાકાર શામળભટ્ટ વાર્તાની શરૂઆત એમજ સીધી સાદી રીતે કરતા અને એમાં સંસારના રંગો ભરી પ્રીત પ્રેમના બુટ્ટાઓ ઉઠાવતા, અને સમસ્યા ચોપાઈથી રસ બહલાવતા. સંસ્કૃત વાર્તાકાર બાણભટ્ટે પણ રસની, પ્રેમની, શૃંગારની ઝીણી ઝીણી વાતો કહેવા છતાં તેમની કૃતિઓમાં ઉપોદ્ઘાત નજરે પડતા નહોતા.

શ્રી યશોધરે નાટકમાં નામના કાઢી હવે નવલકથામાં ઝંપલાવ્યું છે. એમાં એમણે નીતિની નહિ પણ નિયતિની ચર્ચા ઉપાડી છે. શૃંગાર રસ જ એવો છે કે એ સૌ કોઇને આકર્ષે. મૂળ વાત એકજ. અલા-અલીનાં આકર્ષણ. એમાં અલાને વધારે વ્હાલો બનાવવો યા અલીને અછડતી વ્હાલી યા બંનેની માત્રા સરખી રાખી સુંદર મેળ સાધવો, પછી એની આસપાસ ગમે તે વાતાવરણ યા સંજોગો ઊભા કરવામાં આવે પણ તે બધા હંમેશ ગૌણ જ રહેવાના. દુષ્યંતે શકુંતલાને જોઈ, બસ એકબીજાને ગળે પડ્યાં, અને વાત વધતાં ગાંધર્વલગ્નનું ઓથું શોધ્યું. સમજુ સમાજે એવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંઈક ઓથાંઓ નિયોજી આપ્યાં છે, પણ મૂળમાં તો વાત એક, બે વચ્ચે લગી, શું નવલકથા, શું ચિત્રપટકથા, કે પછી હોય ઐતિહાસિક કિસ્સો.

આપણા આ નવા નવલકથાકાર નીતિ કરતાં નિયતિને વધારે પ્રબળ માનતા લાગે છે. આ પરિસ્થિતિ ઘણાંને નહિ રૂચે. છતાં એવા સંજોગોમાં માણસ ભીડાઈ જાય છે ત્યારે પોતાના પ્રેમાંધ અને બ્હાવરા બનેલા મનમાં અનેક પ્રશ્ન-પરંપરાથી તે મુઝાય છે. આવા દાખલા ઓછા ન સમજવા. મુઝવણનો તાગ કાઢવાનું બીડું ઝડપવું, એ પણ કંઈ નાનું સાહસ ન માનવું.

સંતોષની વાત એક જ છે કે આ લેખક એવી પરિસ્થિતિ તપાસતાં સમાજ સંજોગોના દંભ, મદ, મત્સર, અસહિષ્ણુતા વગેરે ઉપર વેધક નજર નાખે છે, અને એમ કરતાં નીતિ-પ્રચલિત ચોકડાંઓને ભાંડે પણ છે, છતાં નિયતિના પરિપાક રૂપે ચિત્તની શાંતિ, સૌમ્યતા, હૃદયની પ્રચુરતા તથા પ્રસન્નતા વાંછે છે. ખરેખર, ચિત્તની શાંતિ પરમાનંદના સંપૂર્ણ ફલ રૂપ કોઈ પણ પ્રકારે મળતી હોય તો તે પ્રાપ્ત કરવી જ રહી. શ્રી યશોધરનાં પાત્રોને તે મળી હોય તો ધનભાગ્ય. કલ્યાણ તથા મેનાને તથા માર્ની તથા લીસલને એ મળી હોય તેવું લાગે છે ખરું પરંતુ નાસિકના બે યોગીઓના મનની શાંત સ્થિતિનો ચિતાર તો લેખકે ખૂબજ આપ્યો છે અને ચિત્તની શાંતિ તો આત્મમસ્તીમાં જ છે એવું લેખકે માન્યું હોય તેમ લાગે છે.

શ્રી યશોધરનાં પાત્રોમાં અને વાતાવરણમાં અપૂર્વ તાઝગી અને વૈવિધ્ય છે અને સંવાદશક્તિમાં તો એ સિદ્ધહસ્ત જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની કલમમાં છટા છે, ચિત્રાત્મકતા પણ છે. નવલકથાના ક્ષેત્રમાં આથી વધારે ઉઘાડું લખાયું છે, પંકાયલી વ્યક્તિઓએ લખ્યું છે. વંચાયું છે, વંચાતું આવ્યું છે, વંચાશે. વાંચી વાંચીને ચોખલિયા અચોખલિયા વચ્ચે વિતંડાવાદ થવાનો જ. મેં આ કથા વાંચી. ફરી પણ વાંચી. આવું વાંચવામાં મજા તો પડે અને કોઈકને અઘટિત લાગે, કોઈકને તેમ ન પણ લાગે. ભિન્નરૂચિર્હિલોકઃ

પણ એથી શૃંગારને વિધવિધ રીતે આલેખતાં લેખકો અટકશે? શાસ્ત્રકારોએ પણ એના વિધવિધ પ્રકારો વર્ણવેલા છે. એ તો લખાવાના, અને આપણે વાંચવાના. હોંસથી યા ચોરીછુપીથી પણ નજર તો ફેરવવાના જ. સંસ્કૃત ભંડારોમાંથી પણ ઘણાં પુસ્તકો 'નિતાંત ગોપનીયં' એવા મથાળાવાળાં છતાં સહેજે હાથ લાગે એવાં થઈ રહ્યાં છે ત્યાં ગોપનીયે પણ શું? આ કિસ્સામાં વળી લેખક પ્રેમની સમસ્યામાં અદ્ભુત ફિલસૂફીને પણ વણી લે છે.

હું એક વાત જાણું છું, કે લેખકે જરૂર કરતાં વધારે વર્ષો યુરોપમાં ગાળ્યાં છે. જેવા જેના સંજોગ. એટલે એમને ત્યાંનો અનુભવ. એથી એમના ફલકનો વિસ્તાર. કંઈક અંગ્રેજોએ માદરેવતન છોડી અહિં આવી હિંદુસ્તાનની માટીમાંથી નિપજેલી કંઈક વ્યકિતઓને પોતાની નવલકથાઓમાં વણી છે. એમાંની કેટલીક તો અંગ્રેજી સાહિત્યમાં ઠીક ઠીક સ્થાન પણ પામી છે. પણ અંગ્રેજોને તો રાજ્યવિસ્તારને લોભે હિંદ ઉપરાંત પણ ઘણા ઘણા દેશના પાત્રાલેખનના ફાયદા સાંપડયા છે. એમ સાહિત્ય વિસ્તર્યું અને સાથેનો વાંચકવર્ગ પણ. આપણે તો રાજ્ય વિસ્તારનાં શમણાં સેવવાનાં રહ્યાં. મયદેશે અને અંગકોરે અર્જુન તો આવે ત્યારે ખરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ આપણા સાહિત્યનું કેન્વાસ આ રીતે વિસ્તરતું રહે તો ઘણું સારું. મુસાફરી તો આપણે કરીએ જ છીએ. દેશાવર રહેવાનાયે કોડ સેવીએ છીએ. ત્યાંનું આવું આવું જાણીએ, સારું નરસું, એમાં ભળીએ, અળગા રહીએ, એમ થતાં વસુધાનું કુટુંબ થઈ જાય તો ખોટું શું ?

આ નવીનતા આપણા સાહિત્યમાં શ્રી યશોધર આજે આણે છે. હીલ્ડા, માર્ની, એલેક, સાબીના, મૉલિ, કાર્લ, લીસલ, વગેરે યુરોપનાં માનવીઓને આપણી સાહિત્યસૃષ્ટિમાં પાત્રો લેખે તે દાખલ કરે છે. યુરોપનું વાતાવરણ પણ પહેલી જ વાર આપણા સાહિત્યમાં દેખવા પામીએ છીએ. એ રીતે આ કૃતિ ' માઈલસ્ટોન ' છે. પહેલા ભાગના બે ખંડો બહાર પડે છે. બીજો ભાગ ક્યારે બહાર પડે છે તે હવે આપણા સાહિત્યક્ષેત્રમાં પુસ્તકો પ્રસિદ્ધ કરનાર તથા વાંચનારની હોંસવૃત્તિ ઉપર અવલંબે છે.

છેવટની એક વાત. નાટકનો કિમિયો જેને હાથ લાગ્યો છે એવા ' રણછોડલાલ ' વગેરે નાટકોના લેખકે નવલકથામાં ઝંપલાવવાનું બરાબર કર્યું છે કે કેમ એ સવાલ ઘણા પૂછશે. આ કૃતિમાં પણ પાને પાને મને તો નાટ્યછટા જ દેખાય છે. મને લાગે છે કે નાટ્યકલા એ શ્રી યશોધરની શકિતનું નૈસર્ગિક વાહન છે.

ભાનુશંકર વ્યાસ

['બાદરાયણ']

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

‘રણછોડલાલ’ અને બીજા નાટકો

લેખક : **યશોધર મહેતા** કિં. રૂા. ૨-૮-૦

ઉપોદ્ઘાત : **પ્રો. બળવંતરાય ઠાકોર**

ગુજરાત સાહિત્ય-સભા તરફથી પ્રગટ થયેલો આ સંગ્રહ પોતાની ગુણ વિશિષ્ટતાથી ગુજરાતની સંસ્કારી કલારસિક જનતાનું લક્ષ ખેંચે તેવો છે. × રેડિયો માટે લખાયેલી આ નાટિકાઓ પોતાના લાઘવથી, પોતાની વસ્તુથી, અને પોતાના જીવનદર્શનથી ગુજરાતી નાટક સાહિત્યમાં કેટલીક રીતે મનન માગી લે તેવી નીવડી છે; એમાં શક નથી. × ‘રણછોડલાલ’ આમ આ સંગ્રહજ નહિં પરંતુ ગુજરાતની શ્રેષ્ઠ ગણી શકાય તેવી નાટિકાઓમાં માનભર્યું સ્થાન મેળવી લે તેવી છે. **‘ઊર્મિ અને નવરચના’.**

પાત્રના મર્મને પામી જઇને યોગ્ય સંવાદ દ્વારા તેને પ્રત્યક્ષ કરાવી શકે છે. વાતાવરણ સર્જવામાં લેખકને વાર લાગતી નથી બધાંજ નાટકોનું ને તે સમયનું વાતાવરણ લીલાપૂર્વક રચાઈ જતું અનુભવાય છે. × લેખકમાં નૈસર્ગિક નાટ્યશક્તિ છે તેનો અહીં સારો પરિચય થાય છે. × પ્રથમ પ્રયત્નોથીજ ગુજરાતી ભાષાના અલ્પતર નાટ્ય સાહિત્યમાં કિંમતી ઉમેરો કરવા બદલ આ નવીન નાટ્યકારને અભિનંદન ઘટે છે. ‘સંસ્કૃતિ.’

લેખકની પાસે વિકસિત તખ્તાદૃષ્ટિ, વિરલ ભાષા પ્રભુત્વ, ઊંડી મર્મજ્ઞતા ને પ્રશસ્ય કલાનૈપુણ્ય છે. તેની ઉત્તમ પ્રતીતિ ‘રણછોડલાલ’ વાંચતાં થાય છે. × સંક્ષિપ્ત છતાં સુરેખ પાત્રચિત્રણ ત્વરિત કાર્યવેગ સચોટ દૃશ્યાત્મકતા, નૈસર્ગિક સંઘર્ષ નિપજાવતા ચમકદાર સંવાદો અને ચરિત્ર નાયકની મહાનુભાવિતાને ચરિતાર્થ કરે તેવા પ્રસંગોની ઉત્તરોત્તર કલામય ગોઠવણી ‘રણછોડલાલ’ને ગુજરાતી નાટ્ય સાહિત્યમાં ઉત્કૃષ્ટ પદનું અધિકારી બનાવે છે. × લેખકની અનુપમ કલ્પના શક્તિને ચમકદાર સંવાદોના ઉદાહરણ રૂપ છે. ‘રેખા’

આપની નકલ મેળવવા માટે લખો

નવચેતન સાહિત્ય મંદિર

૨૪૫૬ : ભદ્ર : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરી જતી રેતી

[સામાજિક નવલકથા]

ભાગ ૧ લો.

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૧ લો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧ લું - - - - - 'મેના'

એકવીસ વર્ષની યમુના જ્યારે બી. એ. ની પરીક્ષામાં પાસ થઈ, ત્યારે તેના હર્ષનો પાર ન રહ્યો. ગર્ભશ્રીમંત યમુનાનો બાપ દસેક વર્ષ પહેલાં ગુજરી ગયેલો. તેની ચાલીસ વર્ષની પ્રૌઢ માતા નવા એટલે કે પશ્ચિમના ખરા ખોટા તમામ વિચારો ધરાવતી, ફક્કડ ઠસ્સાદાર પોષાક પહેરતી, રંગરોગાન કરતી અને જવાન માણસોનો શોખ ધરાવતી. તેનું નામ મેના હતું. તેનો ધણી જ્યારે ગુજરી ગયો, ત્યારે મેનાએ બે ત્રણ દિવસ ઉદાસ માં રાખેલું, પણ પછી તેણે પોતાનું મન મનાવી લીધું હતું. એમાં મુખ્ય દલીલ એ હતી કે પોતાથી પચીસેક વર્ષ મોટા વર પોતાને નાની ઉમ્મરમાં વિધવા મૂકી જાય એ બનાવ ઘણો જ કુદરતી હોવાથી હૃદયદ્રાવક ન ગણાવા જોઈએ. યમુનાને બાપના ગયાથી એની ખોટ ખૂબ ખૂબ લાગી હતી, પણ મેનાએ પોતાના જવાન મિત્રોનાં ભારોભાર આશ્વાસનો મેળવી, ત્રણેક દિવસમાં ઉદાસીનતા ખંખેરી નાંખી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેના શરીરે સશક્ત અને ઘાટીલી હતી, મદોન્મત્ત માનિની હતી. તેના માંસલ શરીરની તાઝગી પુરુષોને આકર્ષતી અને મેનાને પણ પુરુષોનો કેફ દહાડે દહાડે વધતો ગયો. મેનાની વય અઠ્ઠાવીસની થઈ ત્યાં સુધી તે પતિવ્રતા હતી, એટલે કે પતિ સિવાયના પર પુરુષના સ્પર્શથી તે ઠીક ઠીક બચી હતી. અને તેવા સ્પર્શના અભાવે તે 'સારી' હતી. એના વરને મેનાને 'મોડર્ન' બૈરી બનાવવાનો ધખારો હતો અને મેનાને 'મોડર્ન' બનાવવા તેમણે નિઃસ્વાર્થ રીતે ભગીરથ પ્રયત્ન કર્યો હતો. મેનાની સાથે તેણે છએક માસ યુરોપમાં ગાળ્યા અને પછી જ્યારે ચબરાક અને ચાલાક મેના 'મોડર્ન' બની, ત્યારે ધીરજલાલની છાતી વેંતવેંત ફૂલી. મેના મરદો સાથે હસતી, રમતી, ફરતી, નાચતી, તે જોઈ ધીરજલાલ કૃતકૃત્ય થતા. તેમની હયાતીનાં છેલ્લાં વર્ષો દરમિયાન મેનાએ બેત્રણ છૂટાછવાયા સ્વૈરવિહાર કરેલા, પણ ધીરજલાલ એ વાતથી અજ્ઞાત હતા, અને અજ્ઞાત હતા, તેથી સુખી હતા. મેના પણ પતિના માનસિક કે શારીરિક સુખને લગાર પણ ધક્કો ન પહોંચે, તેવી રીતે વર્તતી.

મેનાના પુરુષમિત્રોનો વર્ગ બહોળો હતો. વીસ–પચીસના બિન અનુભવી અધકચરા જવાનિયાઓથી માંડીને પિસ્તાળીસના પાકટ અનુભવી પ્રૌઢો તેમાં સમાતા. મેનાને તે બધામાં કંઈક ગમતું અને કંઈક નહોતું ગમતું, એટલે દરેકમાં તેને થોડો થોડો રસ તો હતો જ. ત્રણેક વર્ષથી તેણે એક સારા દેખાવનો સશક્ત ડૉકટર શિકાર્યો હતો. ડૉકટર ચાળીસેકનો હતો અને અનુભવી મેનાના અભિપ્રાય પ્રમાણે તે ખરો મરદ હતો. મેના માનતી કે પોતે ખરેખરી હવે જ પ્રેમમાં પડી હતી કેમકે ડૉકટરને જોતાં તેને છાતીમાં ઝણઝણાટી થતી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની અસર તેના અંગાંગમાં પહોંચી વળતી. બીજા કોઈ પુરુષથી તેને આવી ઝણઝણાટી નહોતી થતી એટલે ડૉક્ટરની સાથે પોતાનો પ્રેમ તેણે મનથી નક્કી કર્યો. ઘણી વાર સાંજે તે ડૉક્ટરની સાથે નાચવા જતી અને ખૂબ નાચતી—મોડે સુધી નાચતી. ઝણઝણાટીના પરિણામે મોડી રાતે ઘેર આવવાને બદલે ડૉક્ટરના ફ્લૅટ ઉપર પોતાની કારમાં ડૉક્ટરને હાંકી જતી અને જ્યારે ઝણઝણાટી શમતી, ત્યારે ઘેર આવતી. યમુના 'વીક એન્ડ'માં બહેનપણીને ત્યાં હોય એટલે મેના ક્યાં ગઈ અને ક્યારે આવી, તે મેના અને તેના મિત્ર સિવાય બીજાના જ્ઞાનનો વિષય નહોતો. બીજે દિવસે આખો વખત મેના ઊંઘતી અને ડૉક્ટર પણ ઊંઘતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨ જું - - - - 'કલ્યાણ'

ડૉકટરનું નામ કલ્યાણ હતું. સાતઆઠ વર્ષ ઈંગ્લંડમાં ગાળી બેત્રણ ડીગ્રીઓ મેળવી હતી અને ત્રીસેક વર્ષની ઉમ્મરે ઈંગ્લંડથી તે પાછો ફર્યો, ત્યારે જિંદગીના અમૂલ્ય અનુભવોથી તેનું જીવન નક્કર બન્યું હતું. બુદ્ધિ અને શરીરની અવગણના વગરનું જીવન જીવવાની ફિલસૂફી યુરોપના વસવાટે તેને શીખવી હતી. યુરોપના સામાજિક જીવનમાં કેટલાક અતિશયો તેણે વિચાર્યા હતા પણ એ અતિશયો બૌદ્ધિક અને શારીરિક સત્યો પકડવાના પ્રમાણિક પ્રયાસથી થતા જણાતા, જ્યારે હિંદુસ્તાનના મધ્ય યુગી માનસમાંથી ઉદ્ભવતા અતિશયો પાછળ સત્ય તરફના પક્ષપાત કરતાં સત્યને જોવું જ નથી એવી બેહૂદી મનોદશા તેને જણાતી. સત્યને જોવાની, તપાસવાની અને વિચારવાની જે નીડરતા તેને યુરોપમાં જણાતી, તે હિંદુસ્તાનમાં નહોતી જણાતી. આ વિચારસરણીના પરિણામે હિંદુસ્તાનનો સામાજિક વિકાસ યુરોપના સામાજિક વિકાસ કરતાં ધીરી ગતિનો છે એવી ખાતરી ડૉકટરને થઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેનામાં તેણે હિંદુસ્તાનની સ્ત્રીની જાગૃત મનોદશા જોઈ. જો કે મેનામાં યુરોપની સ્ત્રીની કુદરતી બેફિકરતા અને માનસિક સ્વતંત્રતા તેને દૃષ્ટિગોચર નહોતાં થતાં. મેનાના જીવનમાં અતિશય અને ઉન્માદ તેને જણાયાં હતાં પણ તેની પાછળ નીડરતા હતી, શરીરની અવગણના નહોતી, પણ શરીર પરત્વેનો અનુરાગ હતો. ડોકટરને લાગ્યું કે હિંદુસ્તાનની સ્ત્રી દબાઈને, બીને, બીકુ થઈને જિંદગી વીતાવે અને 'સારી' ગણાય તેના કરતાં નીડર બની પડતી, આખડતી, અને 'નઠારી' ગણાય તો પણ પોતાનું વ્યક્તિત્વ દાખવે અને જીવન ગુજારે તે વધારે ઇચ્છવા યોગ્ય છે.

એક પાર્ટીમાં એક સાંજે મેના અને કલ્યાણને ઓળખાણ થઈ. કલ્યાણની નમ્ર અને વિવેકી રીતભાત, સારો બાંધો, સારો દેખાવ, અને આંખોમાં ભારોભાર રસિકતા, એ બધાંએ મેનાના મનનું વશીકરણ કર્યું. મેનાને જણાયું કે પોતાને તે માણસ તરફ કંઈક અવનવું આકર્ષણ હતું. પોતાના શરીરમાં તેને કંઈક ગરમી લાગતી અને જ્ઞાનતંતુઓ જાણે ખેંચાતા અને મગજને એવો સંદેશો પહોંચાડતા કે "ડોકટર મને ખૂબ જ ગમે છે અને મને આશ્લેષમાં લે તો સારું." આ સંદેશો તેનું મન સ્વીકારવા ના પાડતું અને સામું થતું ત્યાં જ્ઞાનતંતુઓ ખૂબ જ ખેંચાતા અને શરીરના અવયવોમાં જાણે શિથિલતા વ્યાપતાં અસહાય મેના સંદેશો સ્વીકારતી અને ડોકટરને જાણે અધીન થઈ હોય તેમ તેના તરફ જોઈ રહેતી.

ડોકટરને યુરોપના લાંબા વસવાટ અને અનુભવોથી જ્ઞાનતંતુઓની સાથે નિખાલસ મૈત્રી હતી. એવા સંદેશાઓની અવગણના કરી શરીર રૂપી સિતારને બસૂરો બનાવવાનું તે શીખ્યો નહોતો. અનુભવોથી તે શરીરની ફિલસૂફીના પાઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શીખ્યો હતો. તેની બુદ્ધિમાં પ્રમાણિકતા હતી. તેણે સ્વીકાર્યું કે મેનાએ તેને આકર્ષ્યો હતો. શરીરની સામે મોરચો માંડી યુદ્ધ કરવાનું પ્રયોજન હતું નહિ એટલે ડૉક્ટરે મેનાની પાસે જઈ સ્મિત કરી વાત શરૂ કરી. પાંચ મિનિટની પરચુરણ વાતો પછી ડૉક્ટરને મેનાને ત્યાં બીજે દિવસે જમવાનું નોતરું મળ્યું. ખુશાલીમાં ડૉક્ટરે શેરીનો ઘૂંટડો પીવા ગલાસ ઊંચક્યો અને મેનાએ પોતાનો ગલાસ ડૉક્ટરના ગલાસ સાથે અથડાવી સુંદર, સુમધુર, સૂચક સ્મિત કર્યું અને શેરી પીધી. ડૉક્ટરે અને મેનાએ એકી સાથે મનમાં એવી રસિક કલ્પના કરી કે આપણી દેહ રૂપી પ્યાલીઓ આપણે અથડાવીશું અને તેના નાદમાં મસ્ત થઈ પ્રેમની મદિરા પીશું. તે પાર્ટીમાં આખી સાંજ કલ્યાણ અને મેનાએ એકમેકની સાથે તલ્લીન થઈ વાતો કરી અને નાચ્યાં. ઘણો વખત થયો અને જવાની વેળા થઈ એટલે મેનાએ હસતે હસતે ડૉક્ટરને કહ્યું :

"કેમ, કાલ યાદ રહેશે ને ?"

"હું આપને એ જ પૂછવાનો હતો. આપણાં મન એક નથી શું !"

"મનનું કંઈ પ્રમાણ છે ? આજે એક તો કાલે જુદાં."

"હું આજને જ મહત્ત્વની ગણું છું."

"જો જો હોં, કાલને મહત્ત્વની ગણવાની છે." મેનાએ હસીને ઉમેર્યું.

"એ તો તમારા હાથમાં ને !" ડૉક્ટરે હસતે હસતે સૂચન ફેંક્યું.

કોઈ ન જુએ એવી ટપલી મેનાએ ડૉક્ટરના હાથ ઉપર મારી અને ડૉક્ટરે મેનાનો હાથ પંપાળ્યો કે રખેને તેને વાગ્યું હોય !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩ જું - - - 'રતિરહસ્ય'

ડૉકટર કલ્યાણ જ્યારે મેનાને ત્યાં નિમંત્રણ પ્રમાણે જમવા આવ્યો, ત્યારે યમુના 'વીક-એન્ડ'માં સખીને ત્યાં ગઈ હતી. પ્રૌઢ વ્યક્તિત્વથી અંજાયેલી મેના ડૉકટરના આગમનથી ખુશખુશાલ હતી અને સુંદર કપડાં અને સુંદર શણગાર તેણે સજ્યા હતા. પીળા રંગની સાડી વીંટાળીને પહેરી હતી અને પરિણામે શરીરનું અંગેઅંગ ખીલી ઊઠયું હતું. સપ્રમાણ માંસલ જાંઘો ઉપર ભરપૂર નિતંબ અને સુંદર જઘન રસિકોની રસવૃત્તિને ઉત્તેજવા—મત્ત કરવા—પ્રમત્ત પ્રૌઢાને દીપાવી રહ્યાં હતાં. બ્લાઉઝ તંગ હતું અને પ્રૌઢાની પ્રગલ્ભતાનું સૂચક હતું. કામદેવના રક્ષકો જેવા સ્તનો રસિક પુરુષોને મન્મથ સામે યુદ્ધમાં ઊતરવા જાણે પડકાર કરતા હતા! ખભા પર્યંત ખુલ્લા ગોળ કોમળ બાહુ મત્ત પ્રેમી જનોને દૂર રાખવા સ્તન રૂપી સૈનિકોના સુંદર આયુધો જેવા શોભતા હતા અને એ આયુધો સામે ટક્કર ઝીલ્યા પછી જ સ્તનો જિતાશે, એવો રસિક સંકેત જાણે સ્રષ્ટાએ યોજ્યો હતો! હોઠો ઉપર પ્રમાણસરની 'લીપસ્ટીક' અને ગાલ ઉપર આછો 'રુજ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકર્ષણમાં મદદરૂપ હતાં. આવી મનોરમ મેના ડૉક્ટરને આકર્ષતી છટાથી વાતો કરતી હતી.

"ડૉક્ટર જુઓ, તમારા માનમાં આ ટેબલ શણગાર્યું છે, કેમ ગમ્યું ?"

"હં! હા, હા, of course ઘણું જ સુંદર છે અને......................." એક ક્ષણ તે ખચકાયો અને મેનાને ખૂબ જ ધારીને જોતો જોતો ધીરેથી બોલ્યો:

"તમે ખરેખર બહુ જ સારાં દેખાઓ છો. શું સુંદર સાડી અને શું સુંદર વાદળી બ્લાઉઝ, અને વાળ ઓળવાની કેવી સરસ આવડત!" એટલું બોલી અટક્યો અને આંખોના રસિક મર્મથી કંઈક કહેતો પણ વાણી થંભી ગઈ એટલે ચબરાક મેનાએ ઉપાડયું.

"અને.............." એટલું બોલી આંખોમાં નમણો ભાવ લાવી હોઠો ઉપર માદક સ્મિત કર્યું.

"અને ભલભલા ઋષિમુનિને ચળાવી નાખે તેવી તમારી આકૃતિ ઉપર હું ક્ષુદ્ર માનવ મુગ્ધ છું. મેના, ખરેખર તમે ઘણાં 'ડેન્જરસ' છો."

"Poor Doctor, my poor poor boy! You are so complimenting" કરી છાતી સહેજ આગળ કાઢી, છાતી પરથી ખસી ગયેલો છેડો એમનો એમ રહેવા દીધો અને આંખો નચાવી, ડોકી સહેજ પાછળ નાખી, મેનાએ આક્રમણ શરૂ કર્યું. Poor શબ્દ બોલતાં કંઠની બધી જ રસિકતા મેનાએ ઠાલવી. આગળ ફેંકેલી સુંદર છાતી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોમળ ડોક ઉપરનું મદઝરતું મોં એ બધાના ભાવોની એક-રૂપતાથી અનેક સ્ત્રીઓનો અનુભવી ડૉક્ટર વિવશ બની ગયો અને વિહ્વલતાથી શૂન્ય જેવો ઊભો રહ્યો. છેવટે અનુભવે વિહ્વલતાને ભગાડી દીધી અને વર્ષોનો મહાવરો ચબરાક ડૉક્ટરની વહારે ધાયો.

"Charming madam, charming. My ravishingly charming lady, I greet you." એટલું બોલી ડૉક્ટરે મેનાનો નમણો હાથ પકડીને ચૂમી લીધો. તીરછી આંખે તેણે મેનાને નિહાળી તો તે પ્રસન્ન જણાઈ અને ડૉક્ટરે સમય સાચવી લાભ લઈ મેનાના સુંદર બાહુ ઉપર ચુંબન કર્યું.

"ડૉક્ટર, ડૉક્ટર, યુરોપ હજી પણ નથી વીસરાતું !" મેનાએ મશ્કરી કરી.

ઉત્સાહમાં આવેલા ડૉક્ટરે મેનાની નમણી ડોકી જોત-જોતામાં ચૂમી લીધી. લુચ્ચી મેનાએ હોઠ સંકોચી નાક અને હોઠ ઉપર આંગળી મૂકી ડચકારો કરી ડૉક્ટરને ધીરેથી 'naughty naughty' કહી જાણે કશું જ નથી બન્યું એમ ડૉક્ટરના કૉલર સાથે રમત શરૂ કરી. ડૉક્ટરના ખિસ્સાનો રૂમાલ તેણે સમાર્યો અને તીરછી આંખે કંઈક ગૂઢ સંદેશો મોકલ્યો જે ડૉક્ટરને સમજવો કઠિન નહોતો. આ સ્થિતિમાં બંને હતાં અને ડૉક્ટરનો વારો હતો ત્યાં બારણે ઘંટડી વાગી તેના રણકારે રમતમાં ભંગાણ પાડ્યું. કોઈ ખાસ હતું નહિ અને નોકર આવ્યો તે નોકરે બારણું ઉઘાડ્યું અને વાસ્યું. મેનાને સ્વસ્થ બની બીજો હુમલો કરવાની તક મળી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ડૉક્ટર! તમે જમ્યા પહેલાં શું લેશો? વ્હીસ્કી, શેરી, કૉકટેલ..............." મેનાએ રમત શરૂ કરી.

"વ્હીસ્કી, અને તે પણ ડબલ." ડૉક્ટરે સ્વસ્થતાથી કહ્યું.

"બેશક તમારે તેની જરૂર છે." મેનાએ ડૉક્ટરને એક ક્ષણ તો મૂગો જ કરી નાખ્યો.

"પ્રભુ તમને રક્ષે." ડૉક્ટરે સામો ધસારો કર્યો. મેના વાગ્‌યુદ્ધમાં પરાજય પામવાની અણિ ઉપર હતી એટલે સ્ત્રીસુલભ ચાળાથી બોલી:

"બહુ ડંફાસ ન મારીએ ડૉક્ટર!" એટલું બોલી તેણે ડૉક્ટરને વ્હીસ્કી આપી અને પોતે શેરી લીધી. ડૉક્ટરે સિગારેટ કેસ કહાડીને મેનાને ધરી. મેનાએ ના પાડી એટલે ડૉક્ટરે સામો હલ્લો કર્યો.

"લો, લો. તમારે એની જરૂર છે." મેના હારી ગઈ અને હસી પડી. મેનાને ગરમ થવા માટે સિગારેટ જેવી નજીવી ચીજ જ બહુ છે એ મર્મ ચાલાક મેનાને પકડવો મુશ્કેલ નહોતો. હસતી મેનાએ ડૉક્ટરના હાથમાં પોતાનો હાથ પરોવી દીધો અને "તમને ખુશ કરવા લઈશ" એમ કહી એક સિગારેટ લીધી. સિગારેટ સળગાવવા ડૉક્ટરે લાઇટર કાઢ્યું અને મેનાના સિગારેટવાળા મોં ઉપર લાઇટરનું તેજ પડતાં તેની તોફાની આંખોનો ભારોભાર ઇશ્ક ડૉક્ટરે પારખ્યો. સિગારેટ સળગાવવાને બદલે આસ્તેથી મેનાના મોંમાંથી ડૉક્ટરે સિગારેટ ખેંચી લીધી. અનુભવીની અદ્‌ભુત છટાથી ગંભીર છતાં ભાવવાહી રીતે મેના તરફ તે ક્ષણેક જોઈ રહ્યો અને સિફતથી નજીક ખેંચી લઈને માતેલી પ્રૌઢ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રસિકાને ગાઢ આશ્લેષ દીધો. ડોક્ટરના આશ્લેષમાં પડેલી મેનાએ દીર્ઘ પ્રશ્વાસ મૂક્યો અને શ્વાસ રોક્યો તેટલી ક્ષણો અદ્‌ભુત રતિરસનાં આસ્વાદને અંતરમાં મૂર્ત કરવા નેત્રો મીંચી દીધાં. અસહાય પડેલી મેનાના બ્લાઉઝની અંદર સંતાતા સ્તનો ઉપર ડોક્ટરની કેફી આંખ પહોંચી અને વિશાળ હાથેળીમાં મૃદુ છતાં કઠણ એવા મેનાના ભરચક સ્તનો ક્ષણ બે ક્ષણ પંપાળાયા, ચોળાયા, દબાયા, ચૂંથાયા. અલૌકિક સ્પર્શજન્ય સુખ પછી ડોક્ટરના તરસ્યા હોઠોએ સ્તનોમાંથી નિર્ઝરતો સૂક્ષ્મ મદનરસ પિવાય તેટલો પીધો.

"છોડો" એટલું બોલી મેના ડોક્ટરના આશ્લેષમાંથી છટકવા ગઈ એટલામાં તો ડોક્ટરનો કેળવાયેલો હાથ મેનાના અંગેઅંગ ફરી વળ્યો. જ્યારે મેના છૂટી થઈ, ત્યારે ડોક્ટરની સામે ક્ષણ બે ક્ષણ જોઈ ન શકી.

જમવાનું તૈયાર છે એવી ખબર મળતાં બંને ઊભાં થયાં.

"ચાલો જમવા જઈશું, ડોક્ટર!"

"હા ચાલો."

બંને જણાં જમવા સારુ ટેબલ આગળ ગોઠવાયાં અને પ્રૌઢોને સુલભ સ્વસ્થતાથી વાર્તાલાપ શરૂ થયો.

"ડોક્ટર તમે કુંવારા છો કે પરણેલા? માફ કરજો હોં, લગાર અંગત સવાલ છે."

"અત્યારે તો કુંવારો છું. વિલાયતમાં એક વાર પરણેલો અને એક વાર છૂટાછેડા થઈ ગયેલા." હસતે હસતે ડોક્ટર બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે સુખી ન થયા?"

"ના, સુખ લેનારમાં કંઈક ખામી હતી."

"અંગ્રેજ સ્ત્રી કે?"

"હા."

"લગ્ન કેટલું ટકેલું?"

"બાર મહિનામાં કંઈક ઓછું."

"છૂટાછેડા કોણે લીધા?"

"મેં."

"ત્યારે તમારો વાંક નહિ હોય."

"પરણ્યો એટલો જ."

"પરણ્યા પહેલાં પ્રેમ તો હશે જ ને?"

"જુઓને મેના, પ્રેમની વ્યાખ્યા પહેલેથી બાંધીને પછીથી પ્રેમનો નિશ્ચય કરીએ, તો જ પ્રેમમાં છું અને પ્રેમમાં નથી એ બોલવું સહેલું છે."

"ત્યારે ડૉકટર! પ્રેમ શું હશે?"

"પાછી વ્યાખ્યા જ આપવાની! મારો અંગત અનુભવ પ્રેમ શબ્દનો સ્વીકાર કરીને તેની પાછળ નથી ઘસડાતો."

"અંગત અનુભવ કંઈ વર્ણવો તો ખરા!"

"કોની આગળ?"

"મારી આગળ વળી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેના, તમે જ પ્રેમનું મૂર્ત સ્વરૂપ નથી શું? જેમાં હું પ્રેમ અનુભવી શકું છું, બલકે આનંદ લૂંટું છું તેની આગળ પ્રેમનો નીરસ વાર્તાલાપ શો?" એટલું બોલી ડૉક્ટરે મેનાના નાજુક હાથને પંપાળ્યો અને મેનાને જોઈ રહ્યો.

"ડૉક્ટર, ડૉક્ટર, તમે પણ ખૂબ કરી. પણ એ તો આકર્ષણ જ ગણાય, ક્ષણિક આકર્ષણ જ." મેનાએ હસતાં હસતાં કહ્યું.

"શબ્દોની ગુલામી, મેના! શબ્દોની ગુલામી. આકર્ષણને પ્રેમ કહો તો શો વાંધો છે? અને મેના! ક્ષણિક શું નથી? પા કલાક ઉપરનો તમારી સાથેનો મારો અનુભવ અત્યારે ભલે ક્ષણિક ગણાય, પણ તે વખતે તો મન્વંતર જેવડો લાગતો. મને તે વખતે સમયનું ભાન નહોતું, સમયનો વિચાર પણ નહોતો. મેના! સમયના ભાને બધું ક્ષણિક, સમયના અભાને બધું શાશ્વત." ડૉક્ટરની આંખો ઊંડાણમાં કંઈ જોતી હોય તેવો ભાસ થતો. મોં ઉપર એકાગ્રતા હતી અને મેનાના હાથ ઉપર પોતાનો હાથ પડ્યો હતો. ડૉક્ટરના મોં તરફ મેના જોઈ રહી હતી અને નીકળતા શબ્દો મોંના ભાવ સાથે ભળી જવાથી એકંદર અસર ચમત્કારિક બનતી.

"ડૉક્ટર, તમે બોલો છો ત્યારે કેટલા સોહામણા લાગો છો! વારુ ત્યારે એવો અર્થ થયો કે જે ક્ષણે એકાગ્રતા અને એકરૂપતા તે ક્ષણે પ્રેમનો અનુભવ." ભાવથી મેના બોલી.

"હા, હા, તેમ જ, અને તે જ માટે પ્રેમ વસ્તુમાં નથી, પણ વૃત્તિમાં છે. તમે સમજ્યાં?" ડૉક્ટરે મેનાનો હાથ પ્રેમથી ખૂબ દબાવ્યો. મેનાને ડૉક્ટર ઉપર મમત્વ વધ્યું અને એટલા જ વેગથી ડૉક્ટરનો હાથ પણ તેણે દબાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોઈ પણ વસ્તુમાં આપણે એકાગ્ર થઈએ તો એ જ પરિણામ આવે ને?" મેનાએ પૂછ્યું.

"હા, પણ અમુકમાં જ એકાગ્ર થવાય છે તે કેમ ભૂલ્યાં? પુરુષ જેમાં એકાગ્ર થઈ શકે છે, તેમાં સ્ત્રી મુખ્ય છે, અને તેમાં પણ અમુક સ્ત્રી. હું તમારામાં એકાગ્ર થઈ શકું છું, અને જેટલો વધારે એકાગ્ર થઈ શકું, તેટલું વધારે સુખ."

"યોગીઓ અને મહાપુરુષોનું શું?"

"આલંબનમાં ફેર, બીજું શું? યોગીની એકાગ્રતા જે વિષયમાં હોય છે, તે ઇન્દ્રિયોનો વિષય નહિ હોવાથી નાશને પામતો નથી. વળી એ આલંબનમાં બીજા ઉપર આધાર નથી એટલે એ સુખ શાશ્વત ગણાય છે. તેમાં વિયોગનું દુઃખ નથી."

"તો પછી દુઃખ ન સંભવે એવું સુખ કેમ ન મેળવવું?" મેનાએ પૂછ્યું.

"મેળવો. પણ એ વૃત્તિ દરેકને થતી નથી. હજારોમાં કોકને થાય છે. એટલે વૃત્તિની પરીક્ષા કર્યા વગર એવું કરીએ, તો આત્મસુખ તો મળે નહિ તે નહિ, અને વિષયસુખ પણ ગુમાવીએ."

"ડોક્ટર, તમે અદ્ભુત છો. તમારા ઉપર હું વારી છું. તમે વસ્તુ બરાબર સમજાવો છો. હું તો એ બધું પૂરું નથી સમજતી પણ મને એટલું જ લાગે છે કે પ્રેમ એકાગ્રતા છે, એકરૂપતા છે, અને એ પાપ કે પુણ્યનો વિષય નથી."

"પાપ કે પુણ્યના વિષય કયા છે અને કયા નથી, મેના? જાતીય આકર્ષણો અને કામવૃત્તિના વિષયમાં જ પાપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા પુણ્ય જોનારા લોકોની મને દયા આવે છે. વસ્તુનું સ્વરૂપ વિચારતાં પાપ અને પુણ્યની સીમાઓ જ જણાતી નથી."

"પણ ડૉક્ટર! આ બધાં સામાજિક બંધનોની પાછળ નીતિ અનીતિ ક્યાંથી આવ્યાં?"

"સમાજ પોતાનું રક્ષણ ચાહે છે. પોતાનો બચાવ કરવા તે નિયમો અને કાયદા ઘડે છે, તે નીતિ ગણાય છે. વ્યક્તિના વિકાસક્રમમાં સમાજ જ્યારે ઉપકારક ન થતાં વિઘ્નકર્તા થાય છે, ત્યારે એ બધા નિયમો અને કાયદાઓ નિરર્થક બને છે. નીતિના કૃત્રિમ નિયમોના રક્ષણમાં વ્યક્તિ અને સમાજનો વિકાસ અટકે છે."

"ડૉકટર, એમ નથી લાગતું કે સમાજ સ્વાર્થી છે, એકલપેટો છે? એના કૃત્રિમ નિયમો વ્યક્તિના બૌદ્ધિક વિકાસના અને જીવનના આનંદના વિરોધી છે?"

"સમાજનો એ સ્વભાવ છે અને વ્યક્તિઓ એનો વિરોધ પણ કરવાની. નિયમો પણ જાહેર કે છૂપી રીતે તૂટવાના. એમાં બળવાન પક્ષ હોય તે નીતિ, ઓછો બળવાન, તે અનીતિ."

"સત્ય વાત છે ડૉકટર, કે નીતિ અનીતિનાં ચોકઠાં કરતાં મનુષ્યનો એકંદર વિકાસ મહત્ત્વની વસ્તુ છે."

"બેશક. સમાજના વિકાસક્રમમાં નીતિ વગેરે સાધન છે. એ સાધન વિકાસને ઉપકારક થવાને બદલે રોધતું જણાય, તો નિરુપયોગી છે. લગ્નની સંસ્થાનું પણ એ જ થશે. તે સંસ્થા યુરોપમાં તો મૃતપ્રાય જેવી થઈ ગઈ છે. આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીતિના નામે સંસ્થાનું રક્ષણ ક્યાં સુધી કરવાના હતા? જેના રક્ષણ માટે નીતિ ઘડાઈ છે, તે જ મૃતપ્રાય સંસ્થા નીતિને શી રીતે રક્ષવાની છે? રક્ષવા નીકળે, તો પણ બેહૂદું લાગે."

"ડૉકટર, મનુષ્ય પોતાની જાતને, પોતાના ભાવોને, પોતાની અક્કલને, પોતાના અનુભવને વફાદાર રહે તો જ સાચી શાંતિ અનુભવે. ખરું ને?"

"હા, પોતાનું શું એ બાબતમાં ખાતરી હોવી જોઈએ. એ ન સમજીએ, ત્યારે જ કૃત્રિમ ભાવોને, કૃત્રિમ આવેશોને, પોતાના માની અજાણતાં આપણી જાતને છેતરીએ છીએ. જે મનુષ્ય એકલા મગજથી જ વિચાર કરે છે, તે વારંવાર છેતરાય છે. હૃદયથી અને શરીરથી પણ વસ્તુનો વિચાર કરવો જોઈએ."

"ડૉકટર, એનો અર્થ એટલો જ કે બુદ્ધિથી આપણે એટલું જ વિચારવું કે આ લાગણીઓ, આ ઇચ્છાઓ, આ ભાવો, મારા શરીરમાંથી ઉદ્ભવેલા સ્વતંત્ર છે કે મગજમાં ભરાઈ પડેલા પરાયા છે. કેમ ખરું ને?"

"મેના, તમે ગહન વાત કેવી સરળ રીતે મૂકો છો! તમે બરાબર સમજ્યાં છો. શાબાશ." એમ કહી ડૉકટરે મેનાના હાથ ઉપર પોતાનો હાથ ધીરે ધીરે ફેરવવા માંડ્યો. મેનાને સ્પર્શનું સુખ થયું તે તેણે આંખોમાં વ્યક્ત કર્યું.

જમી રહ્યા પછી બંને ડ્રૉઈંગરૂમમાં બેઠાં. ડૉકટરે સિગારેટ કેસ કાઢી મેનાને ધરી. મેનાએ એક સિગારેટ લીધી. ડૉકટરે ચેતાવવા લાઇટર કાઢ્યું, પણ મસ્તીમાં આવી જઈ મેનાએ કહ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના સાહેબ, હું મારી સિગારેટ સળગાવી લઈશ." એટલું બોલીને તે ડૉક્ટર સામે લુચ્ચું હસી.

"ત્યારે તમે મારી સળગાવો." ડૉક્ટરે એટલી જ લુચ્ચાઈથી કહ્યું.

મેનાએ ડૉક્ટરની સિગારેટ સળગાવવા લાઇટર લીધું. લાઇટરનો પ્રકાશ મોં ઉપર પડતાં ડૉક્ટરના મોહક ચહેરા ઉપરના રસિક ભાવ દીપી ઊઠ્યા. પણ મેનાને સિગારેટ કાઢવાનો અવસર ચબરાક ડૉક્ટરે ના આપ્યો. પોતે જ ઝટપટ સળગાવીને મોં ફેરવી દીધું. આ મૂક અભિનયમાં મેનાનું મધુર સ્મિત વધુ મધુર બન્યું અને ડૉક્ટરની આંખોમાં પણ તોફાનની રેલમછેલ થઈ. બંનેએ એક એક સિગારેટ પીધી. પછી મેનાએ 'ચેરીબ્રેન્ડી'ની એક પ્યાલી ડૉક્ટરને આપી અને બીજી પોતે લીધી. બંનેએ ગ્લાસ ખખડાવ્યા, ઘૂંટડા પીધા, અને વાતાવરણમાં માદક મૌન પ્રસર્યું. સિગારેટનો ધુમાડો જ વાતાવરણમાં ગતિ સંચરતો હતો.

"મેના!" ડૉક્ટરે મૌન તોડ્યું. મેનાએ ડૉક્ટરની સામે જોયું. મોં ઉપર ઘેન હતું.

"મેના, મારું મન તમને કચડી નાખવાનું કહે છે." ડૉક્ટર ધીમેથી બોલ્યો.

"બુદ્ધિ શું કહે છે?" મેનાએ ટોળ કર્યો.

"મનને વશ થા." ડૉક્ટરે જવાબ આપ્યો. મેના મોહક રીતે હસી અને ડૉક્ટર તરફ હાથ લંબાવી સહાનુભૂતિ દર્શાવી. ડૉક્ટરે મેનાનો હાથ પકડ્યો, ચૂમ્યો, અને પોતાના ગાલ ઉપર દબાવ્યો, અને પછી સાચવીને પોતાના ખોળામાં મૂકચો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેરીબ્રેન્ડી પૂરી થઈ અને મેનાએ બેનીડીક્ટીન ભરી. ફરી પ્યાલા આથડ્યા, સિગારેટો સળગી અને માદક વાતાવરણમાં નિર્ભય શાંતિ વ્યાપી. પાંચેક મિનિટ સુધી બંને એકબીજાની સામે ટગર ટગર જોઈ રહ્યાં. પાંચની પંદર થઈ, પંદરની પચીસ થઈ, પ્યાલીઓ ખાલી થઈ. મેનાએ બંને પ્યાલીઓ ગ્રીનશાત્રોસથી ભરી, સિગારેટો સળગી, અને વાતાવરણમાં નીરવ અને નિર્ભય શાંતિ વ્યાપી. ડૉક્ટરે મેનાના હાથમાં હાથ આપ્યો. મેનાએ તે રમાડ્યો. ડૉક્ટરે તે મેનાનાં સ્તનો ઉપર મૂક્યો. મેનાએ તે દબાવ્યો. ડૉક્ટરે મેનાનાં પેટ અને પેઢુ પર તે ફેરવ્યો, મૂક્યો, ફેરવ્યો, અને મેનાનું માંસ દબાતું ગયું. અગિયારના ટકોરાએ શાંતિમાં ભંગ કર્યો. પ્યાલીઓ ખાલી થઈ અને ફરી ભરાઈ. સિગારેટો સળગી અને ઘોર શાંતિ વ્યાપી હતી, તેમાં ડૉક્ટરના ઘેરા અવાજે રણકાર કર્યો :

"મેના, તું મોહક છે."

મેનાએ ફરી હાથ લંબાવ્યો. આ વખતે તેના મોં ઉપર અસહાયતા હતી, આંખોમાં ખૂબ જ ઇશ્ક હતો. ડૉક્ટરે મેનાને પાસે ખેંચી, સફાઈથી ઉપાડી અને ખોળામાં લીધી. મદમસ્ત નિતંબિનીને એક ક્ષણ એમ રાખી, ખૂબ દબાવી અને ચૂમી લીધી. મેનાએ કોમળ હાથ ડૉક્ટરના ગળે વીંટાળી, ડૉક્ટરના વિશાળ વક્ષઃસ્થળ ઉપર નમણી ડોક કરી માથું ટેકવ્યું. ડૉક્ટરનું શરીર ઘણું જ ગરમ હતું, અંગો તંગ હતાં, અને મદનની મહાચૂડમાં બંને આવી ગયાં હતાં. બારના ટકોરા થયા, બહાર અંધારાં થયાં, મેનાને વિશાળ સોફા ઉપર મૂકી ડૉક્ટરે બારણા આગળનો પડદો પાડી દીધો, અને પછી સોફા આગળ આવીને વિવશ નેત્રે મેનાને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈ રહ્યો. મેનાએ ઇશારાથી સૂચવ્યું કે બારણું ખુલ્લું છે. ડૉકટરે બારણું વાસ્યું. સ્પર્શનું સુખ મેળવતો મેળવતો ડૉકટરનો હાથ મેનાના અંગાંગ ઉપર ફરી વળ્યો. મેનામાં ડૉકટરે આદ્યશક્તિની પ્રચુર મોહિની નિહાળી અને અસાધારણ એકાગ્રતાથી મહાશક્તિની વૃત્તિને અનુકૂળ ઉપાસના કરી. ઉપાસના લાંબી ચાલી અને એકનો ટકોરો થયો ત્યારે હર–ગૌરી સમાં શોભતાં બે સપ્રમાણ શરીરો એકમેકને વીંટાયેલાં ગાઢ સમાધિમાં હતાં.

—

64 ग / २५

२५१८६

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું -- 'યમુના, સુધીર, અને પદ્મા'

યમુનાનું કૉલેજ જીવન ભાવનાશાળી હતું. તેનું વાચન ઘણું હતું અને બુદ્ધિ ઊંચા પ્રકારની હતી. યમુનાના ઘડતરમાં મેનાનો ફાળો નાનોસૂનો નહોતો, પણ તે વાતનો સ્વીકાર યમુનાનું મગરૂર મન કરતું નહોતું. દેખાવે તે ઊંચી, સુંદર અને શ્યામ હતી. મુખાકૃતિ મેનાને મળતી હતી, પણ સ્વભાવ ઘણો તેજ હતો. વ્યક્તિત્વના અસાધારણ આત્મભાનના પરિણામે યુવાન વિદ્યાર્થીઓને માટે યમુના એક દુર્ભેદ્ય કિલ્લા સમી હતી. જાતીય આકર્ષણ તેને થતું, પણ પોતે ઘણી જ મગરૂર હતી અને અન્ય પુરુષ પોતાની નિકટ આવવા નાલાયક છે એવા હઠીલા આગ્રહને પરિણામે, સામે જોયું ન જોયું કરી, આશાભર્યા અનેક યુવાનોને નિસ્તેજ કરવા સફળ થતી. કેટલાક એના જેવા જ મગરૂર અને વ્યક્તિત્વવાળા હતા, તે તેની સામે જોવાની જાણે પરવા પણ નહોતા કરતા.

આ બધા જ યુવાનોમાં સુધીર તરફ યમુનાનું ખૂબ જ આકર્ષણ હતું. સુધીર મગરૂર છતાં નમ્ર, આનંદી છતાં ગંભીર, હોશિયાર, ચાલાક, અને બધામાં જુદો પડી આવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવો હતો. દેખાવે તે ઊંચો, પાતળો અને સારો ગણી શકાય તેવો હતો. તેની આંખો ઊંડી અને ભાવનાઓથી ભરપૂર હતી અને અવાજ ઘેરો અને સત્તાના પ્રભાવવાળો હતો. સુધીર મગરૂર યમુનાના સામે પણ ખાસ નહોતો જોતો અને યમુનાના નાકનું ટેરવું સુધીરને જોતાં ઊંચું થઈ જતું. યમુના સુધીરને ગુમાની ગણી પોતાની બહેનપણીઓમાં તેને ઉતારી પાડવાનો દેખાવ કરતી અને મોં મચકોડતી. યમુનાના નામનો ઉલ્લેખ પોતાના મિત્રમંડળમાં થતો, ત્યારે સુધીર કંઈ જ બોલતો નહિ, પણ મૌનથી અણગમો બતાવતો. યમુનાની હાજરીમાં કાં તો તે જાણે ગેરહાજર હોય તેવી રીતે વર્તતો, કે કાં તો અતિશય ઠંડો અને કૃત્રિમ વિવેક કરતો. આ અસહ્ય શિક્ષાથી યમુના ખૂબ જ છેડાતી અને સુધીરની હાજરીમાં જ આડકતરા કટાક્ષો કરતી. એક દિવસ વિદ્યાર્થીઓની એક નાની સરખી મંડળીમાં યમુના અને સુધીરને લગાર ચકમક ઝરી. વિષય પુરુષોનો હતો.

"મને તો પુરુષો, અને ખાસ કરીને 'વેઇન' પુરુષો દીઠાયે નથી ગમતા." યમુનાએ તીર છોડયું. તેણે ધાર્યું કે સુધીર એ તીરથી ભેદાશે, પણ સુધીર ઠંડે કલેજે સાંભળી રહ્યો અને એક મિત્ર વિદ્યાર્થિનીને ઉદ્દેશીને કાનમાં બોલ્યો :

"આ છોકરી 'ઓરીજીનલ' થવાનાં ફાંફાં છોડી દે, તો બહુ આકર્ષક થાય. લગાર જણાવજે કે માથું ઘણું નાનું છે અને દેખાવ સારો છે, એટલે એને 'ચાન્સીઝ' સારા છે."

"એવો સંદેશો હું એને આપીશ, તો તારું આવી બનશે હોં." પદ્માએ સુધીરને કહ્યું.

"આપજે ને, હું તો અજગર છું. એટલું લાંબું ન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં એટલું જ કહેજે કે 'you are delightfully stupid' એવું સુધીર કહેતો હતો."

"સારું હોં. ઠીક લગાર જામે તો." પદ્માએ કબૂલ કર્યું.

સુધીર અને પદ્મા મિત્ર હતાં. પદ્મા સુધીર પાછળ અંતરથી મુગ્ધ હતી અને એ ભલી, નમ્ર, વહાલસોઈ છોકરી સુધીરને ગમતી. ગૌર વર્ણની નાજુક પદ્માને મન સુધીરની આગળ બીજા વિસાતમાં નહોતા. લખોપતિની એ પુત્રી સાથે સુધીરને ખૂબ બનતું. સાથે ફરતાં, બેસતાં એટલે કોલેજમાં બધાંએ એમને 'લયલા–મજનુ,' 'ચાંદ–ચકોરી,' 'મેના–પોપટ' 'શિવ–પાર્વતી,' એવાં નામો અર્પણ કરેલાં. કેટલાક તોફાની અને મશ્કરા વિદ્યાર્થીઓ તો એમની 'જય' પણ બોલાવતાં. સુધીર અને પદ્મા આવા આવા પ્રસંગોથી ફક્ત હસતાં. આ તોફાનમાંથી યમુના તદ્દન અલગ રહેતી.

સુધીર અને પદ્માની ગુપચુપ વાતો સાંભળી યમુના લગાર ઇંતેજાર થઈ અને બધા વીખરાયા એટલે પદ્માને તેણે પૂછ્યું:

"પેલો શું મારી ટીકા કરતો હતો?"

"હા. અને એક સંદેશો છે."

"ઓહો! બાયલો, મને કહેતાં શું થયું?"

"બધાની વચમાં તારી મશ્કરી કરે તેવો સુધીર નથી, એટલા પૂરતો એ બાયલો ખરો." પદ્માએ સુધીરનો બચાવ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વાહ રે મર્દ સુધીરનાં શાણાં સખી! બોલો તમારા મર્દે શા સંદેશા કહાવ્યા છે?"

"યમુના, તું વાહિયાત છે. બોલવામાં આટઆટલી કરડાકી શી?"

"સંદેશો કહે, ડાહિલી."

"એ કે તું 'delightfully stupid' છે." પદ્માએ હસતાં હસતાં કહ્યું.

યમુનાની ભ્રૂકુટી ચઢી, નાક લાલ થઈ ગયું, મુઠ્ઠીઓ વળી ગઈ, અને પોતાની હાંસી કરનારને જાણે એક તમાચો ચોઢી કાઢું, એવો આવેશ મોં ઉપર વ્યક્ત કર્યો. ક્ષણ બે ક્ષણ આમ થતાં પાસેથી જ સુધીરને ધીરે પગલે પસાર થતો જોયો અને પદ્માને ઉદ્દેશીને તેને બોલતો સાંભળ્યો.

"પદ્મા! ઑક્ટોબરનો પેસેજ મળ્યો. લંડન યુનિવર્સિટીએ દાખલ પણ કર્યો. Aren't you glad?"

સુધીરની પરીક્ષાનું પરીણામ આવ્યું નહોતું, પણ ફર્સ્ટ કલાસ ચોક્કસ હતો. પદ્મા એક વર્ષ પાછળ હતી અને યમુના સુધીરની સાથે હતી. એક ક્ષણ પદ્મા સ્થિર થઈ ગઈ. એ ક્ષણમાં તેને અનેક વિચારો આવ્યા—'સુધીર જશે, પોતે તેને ખોશે. ફરી ક્યારે ક્યાં મળશે? એના વગર અકારું લાગશે, હર વિનાની ગૌરી અને કૃષ્ણ વિનાની રાધા ટળવળશે. સુધીર પોતાની સાથે વિવાહ કરીને કેમ ન જાય? મને મૂકીને તે જશે? ના, નહિ જાય. જશે? પોતે તેની પાછળ જશે.'

"Yes, I am. Congratulations. કેટલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નસીબદાર!" પદ્મા અચકાતે અચકાતે બોલી. તેના અંતરની મૂંઝવણ સમજનાર કોઈ નહોતું. ઈંગ્લંડ જવાની હોંશમાં આવેલો સુધીર નાજુક હૃદયની પદ્માના હૃદયના મર્મને સમજવાની તકલીફમાં ન પડ્યો. હોશમાં આવીને વાત ધપાવવા પદ્માએ પાછું ચલાવ્યું:

"ક્યારે ખબર મળી?"

"હમણાં જ." ઉત્સાહથી સુધીરે કહ્યું.

"એકાદ ક્ષણ પછી સુધીરે યમુના તરફ જોયું અને તેના મોં ઉપર કોઈ અવનવો ભાવ તેણે નિહાળ્યો. યમુનાની આંખોમાં ઈંતેજારી હતી, વિરોધ શમી ગયો હતો, અને સુધીર પોતાની સાથે કંઈ બોલે, એવું કંઈ સૂચન હતું.

"માફ કરજો યમુના, તમને કંટાળો તો નથી આપી રહ્યો ને! લગાર 'વેઇન' પણ લાગ્યો હોઈશ." સુધીરે ધીરે રહીને ટકોર કરી અને સહેજ હસ્યો.

યમુના ટકોર સમજી ગઈ, સહેજ શરમાઈ અને હસી.

"નારે ના. Congratulations."

"Thank you." કહી સુધીર ધીરેથી સરકી ગયો.

સુધીરના ગયા પછી યમુના અને પદ્મા ફંટાયાં. પદ્મા જાણે વિચારોના સાગરમાં ડૂબતી હોય, તેમ સરતી, યમુના જાણે વિચારોના આકાશમાં ઊડતી હોય, તેમ વિહરતી. બંનેના ભિન્ન મનોભાવોનું દર્શન બંનેની ભિન્ન ચાલમાં સ્પષ્ટ થતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫ મું - - - પદ્માની ખાતરી

સુધીરનું વિલાયત જવાનું સાંભળી પદ્મા ઘેર આવી, ત્યારે એના હૃદયમાં આનંદ અને શોક બંને ભરેલાં હતાં. જે પ્રિય વ્યક્તિને ત્રણચાર વર્ષથી હૃદયમાં સ્થાન મળ્યું હતું, જેની સાથે હૃદયના એકાંતમાં કલ્લોલ કર્યા હતા, અને જેણે પોતા તરફ પ્રેમ અને લાગણી છે એવા સ્પષ્ટ નહિ, તો આડકતરાં સૂચનો કર્યાં હતાં, તે પ્રિયતમ મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા દૂર દેશ જાય તેમાં આનંદ તો ખરો જ, અને એ આનંદમાં પોતે મમત્વ ભેળવીને અભિમાન લેતી. પણ સુધીર વગર પોતે એકલી શી રીતે રહી શકશે? સુધીરની સાથે યમુના જો જવાની હશે, તો સુધીરની ઉપર તેની નજર પણ રહ્યાં કરશે, તેનું શું? એ બંને ગાઢાં મિત્ર બની જશે, તેનું શું? આશાના તંતુના હીંચકા ઉપર ઝૂલતી ભાવનાશીલ યુવતીને લાગ્યું કે એ હીંચકો જો સહસા તૂટી પડશે, તો શું? એનાં તંતુઓ શું મજબૂત હશે? બીચારી પદ્મા આવા વિચારોએ ગમગીન બનતી અને નિરાશાના ધુમ્મસમાંથી એનું મગજ માર્ગ શોધવા માટે તળેઉપર થઈ જતું. 'સુધીરને સ્પષ્ટ વાત કરું? એના ઉપર મારા હૃદયનો ભાર ઠાલવું? એને જણાવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે મારા હૃદયનો એ સૂત્રધાર છે, એના ઉપર બીજા કોઈનો હક્ક નથી, એ મારો છે.' આવા આવા વિચારો કરતી, હૃદયથી સુધીરને વરી ચૂકેલી પદ્મા મોટરમાં ભારે હૈયે ઘેર આવી. સાંજે સુધીરને મળવાનું નક્કી કરી વાળ્યું અને તે પ્રમાણે સુધીરને ફોન કરી સમય ખુટાડવા ચોપડી લઈને બેઠી.

સુધીર પદ્મા તરફની પોતાની લાગણીનું પૃથક્કરણ કંઈક આમ કરતો. પદ્મા તેને પોતાની જ લાગતી, પણ માલિકીની એ વાસના એણે દાબીને છુપાવી હતી. પોતે કોઈના પ્રેમમાં હોય, તેના કરતાં પોતાના પ્રેમમાં કોઈ હોય, એ તેના માનસને વધારે રુચતું. આવી વિલક્ષણ વૃત્તિના પરિણામે એણે મન સાથે નક્કી કર્યું કે પોતે કોઈના પ્રેમમાં નથી. સુધીર તેથી ઘણી વાર બેપરવા, અતડો અને ઠંડો જણાતો. કોઈના પ્રેમમાં પડવું, એમાં એને માનસિક નબળાઈ લાગતી. જો કે પોતા તરફ મમત્વ ધરાવનારની ખાતર તે લાગણી રાખતો, ભાવ રાખતો, અને એ મમત્વ જો અસાધારણ બની પ્રેમનું સ્વરૂપ પકડે, તો તેવી વ્યક્તિને પોતાનામાં સમાવવા તે તૈયાર હતો. એમાં જ એને યથાર્થ પુરુષત્વ લાગતું. કૃષ્ણમાં ગોપી લીન થાય, પણ યોગીશ્વર કૃષ્ણ કંઈ ગોપીમાં લીન થાય? ઉપરછલી રીતે જોતાં આમાં અકડાઈ અને અભિમાન લાગતાં, પણ સૂક્ષ્મતાથી જોતાં એમાં આકર્ષક રુષત્વનો ભાસ થતો, અને સમજાતું કે એ પુરુષત્વ, વિકાસની પ્રૌઢ કક્ષાએ પહોંચતાં અકડાઈમાં આત્મનિગ્રહ અને અભિમાનમાં આત્મગૌરવનું દર્શન કરાવશે. સુધીરના સુંદર દેખાવ કરતાં પણ એના ગૌરવથી અને ટટારીથી કોલેજની કન્યાઓ તેના તરફ આકર્ષાતી અને પ્રેમ થતા પહેલાં માન થતું. એ આકર્ષણ છુપાવવા તેઓ સુધીરને અભિમાની, ગુમાની વગેરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોકળ શબ્દોથી નવાજતી, પણ એ પોકળ શબ્દોની ભીતરમાં પ્રેમની અસહાયતા જ હતી.

સુધીર રાહ જોતો બારી આગળ ઊભો હતો, એટલામાં જ પદ્મા મોટરમાંથી ઊતરી. દૂરથી સુંદર સાડીમાં શોભતી પદ્માને સુધીરે જોઈ. સામાન્ય ઊંચાઈની, મધ્યમ કદની, ગૌર રંગની પદ્માનું શરીર દૂરથી એને અપ્સરા જેવું લાગ્યું. સેંડલથી એની ઊંચાઈમાં વધારો થતો અને ચાલતી, ત્યારે જાણે ચપલા લાગતી. થોડી વારે તે ઉપર આવી.

"કેમ, મોડી આવી?" સુધીરે ભાવથી પદ્માનો હાથ પકડીને પૂછ્યું.

"ક્યાં મોડી છું?" હસીને પદ્માએ કહ્યું.

"તારી રાહ જોતો હતો, એટલે કદાચ એમ ભ્રાંતિ થઈ!"

"બેપાંચ મિનિટની રાહ જોતાં આટલી બેચેની થાય, તો પછી બેપાંચ વરસની રાહ જોનારને બેચેની કેટલી થાય!" પદ્માએ છટાથી કહ્યું. સુધીર જોઈ જ રહ્યો! પદ્માએ કેટલી ચાલાકીથી એ કહ્યું હતું!

"ચાલ." કહી સુધીર પદ્માને પોતાના અભ્યાસખંડમાં લઈ ગયો.

"કેમ, તું આજે આટલી સરસ લાગે છે?" પદ્માના શરીર તરફ જોઈ સુધીરે ચલાવ્યું.

"અમે તો સરસ જ છીએ."

"હા, પણ આજે કંઈ ખાસ લાગો છો, પદ્માવતિ!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપને નવી દૃષ્ટિ આવી હશે."

"પદ્મા! આપણે કેવાં મિત્ર છીએ!"

"મારા તરફથી મૈત્રી જોખમમાં નહિ પડે." પદ્માએ સિફતથી કહ્યું.

"તું આજે બહુ ચબરાક લાગે છે!"

"ચબરાકીનો જમાનો છે."

"એમ જ લાગે છે. જો ને આ બોલી તે."

"તને ચબરાકી પસંદ નથી?"

"મને તો તું પસંદ છે." સુધીરે ગંભીરાઈથી કહ્યું. પદ્માનું મોં મલકાયું.

"આવું કેટલીને કહે છે?"

"પદ્માઓ કેટલી છે?"

"એ તો તું જાણે."

"એક જ છે." એટલું બોલીને સુધીરે પદ્માના હાથ ખભા આગળથી પકડ્યા. આવી રીતે તેણે પદ્માને ભાગ્યે જ પહેલાં પકડી હશે. એ હાથ એણે જોરથી દબાવ્યા. પદ્માને અવનવું સ્પર્શસુખ થયું. સુધીરના મોં ઉપર આવેશ છલકાયો.

"અરે ભાઈસાબ! દુઃખે છે!" પદ્માના શબ્દોમાં સત્ય નહોતું.

"છો દુઃખે!" એમ કહી સુધીરે પોતાના હાથ પદ્માના બરડે પ્રસાર્યા. પદ્માને લાગ્યું કે સુધીર હવે એને કચડી નાખશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ સુધીરે હાથ એમ જ રહેવા દઈને પદ્માને ધારીને જોયા કર્યું.

"પદ્મા, તારી સાથેનું એકાંત કેટલું પ્રિય છે!"

"એમ કે!" પદ્માએ મશ્કરીમાં કહ્યું.

"હા. તું અને હું એ એકાંતમાં ઓતપ્રોત થઈ જઈએ છીએ." સુધીરના શબ્દોમાં ગાંભીર્ય હતું.

"એટલે?"

"બીજી સ્ત્રીઓ સાથે એકાંત ખાવા ધાય, જ્યારે તારી સાથેનું એકાંત સૌમ્ય અને શાંતિદાયી લાગે છે."

"કેટલી સ્ત્રીઓ સાથે એકાંતનો અનુભવ કર્યો?" પદ્માએ ઠેકડી કરવા માંડી.

"એ અનુભવ બિનજરૂરી છે. બીક લાગે છે."

"આ એકાંતમાં આત્મસંયમ ગુમાવશો નહિ."

"એ સવાલ જ નથી, કેમકે હું તારામાં આત્મરૂપે જ પ્રસરી જાઉં છું."

"આપ શું વદી રહ્યા છો?" પદ્મા હસતી હતી.

"પદ્મા, તું મારા ભાવોની જાણે અધિષ્ઠાત્રી ન હોય! મારાથી અભિન્ન એવી મારી નિયામક શક્તિ ન હોય!" સુધીરની આંખોમાં ભાવનાનાં પૂર હતાં.

"બીજું શું શું?" પદ્માએ ટીખળ ચાલુ રાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારા હૃદયમાં રહેલો મહા આનંદ, મહા શોક, મહા ઉન્માદ, મહા વિષાદઃ એ તમામનું તું મૂર્ત સ્વરૂપ છે:" સુધીરની આંખોમાં આ પૃથ્વી ઉપરના મનુષ્યની આંખમાં ન સંભવે એવું અલૌકિક તેજ પદ્માએ જોયું. એ તેજથી પદ્મા સ્તબ્ધ થઈ ગઈ, એ સુધીરને જાણે જોતી જ નહોતી. કોઈ ફિરસ્તો એને દેખાતો. દેહનું ભાન આવતાં એને સુધીરથી પોતે ભિન્ન છે એ સમજાયું. એ ભાન થતાં એમાં એને એકલવાયી અસહાયતા લાગી અને પ્રેમપ્રચુર તરુણી સહસા સુધીરની કોટે વળગી પડી, અને સુધીરના વિરાટ આત્મામાં સમાઈ જવા પોતે જાણે તરફડતી હોય તેમ તે સુધીરને ભેટી રહી. સુધીરે પદ્માંને આશ્લેષ દીધો. થોડી વારે ઉભય સ્વસ્થ થયાં અને જે આવેશથી ભેટ્યાં હતાં, તે આવેશ શમી જતો હતો એટલે માત્ર સ્થૂલ શરીરોને આશ્લેષમાં રાખવાની ઇચ્છા રહી નહિ. કેટલીકવાર મૌન પ્રસર્યું અને પછી પદ્માએ સુધીરને ઉદ્દેશી નીચે પ્રમાણે ચલાવ્યું.

"સુધીર, મને તારા વગર બિલકુલ નહિ ગમે."

"એક વરસ પછી તું પણ ત્યાં આવીશ, એટલે ગમશે."

"પણ એક વરસનું શું ?"

"કાગળો લખીશું એટલે વીતી જશે." સુધીર હસ્યો.

"તને તો મારા વગર ગમશે, કેમ ?" પદ્માએ કટાક્ષ કર્યો.

"ગમાડવું જ પડશે ને !" નહિ જેવું હસતાં સુધીર બોલ્યો. પદ્માને આ જવાબ પસંદ ન પડ્યો. જેણે બે ક્ષણ પહેલાં પોતાને આશ્લેષમાં લીધી હતી, એના તરફથી આવો જવાબ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ગમાડી શકાય તો સારી વાત છે. હું ઇચ્છું કે મને પણ એવું આવડે." ચિડાઈને તે બોલી.

"વખત બધું શીખવે છે." સુધીરના ઠંડા જવાબથી પદ્માનું અંતર ધ્રૂજી ઊઠ્યું.

"તારા ભાવો અને તારી લાગણીઓ તને છેતરતી તો નથી ને?" પદ્માએ કટાક્ષ કર્યો.

"મારાં કહું, તો મને છેતરે છે. તટસ્થ રીતે જોતાં હું નથી માનતો કે છેતરી શકે." સુધીર આસ્તેથી બોલ્યો.

"હમણાં થોડી વાર ઉપર બોલ્યો હતો, તે તટસ્થ રીતે બોલ્યો હતો કે?" પદ્માએ ચિડાઈને સવાલ કર્યો.

"તે ક્ષણની વાત તે ક્ષણે." સુધીરે પતાવ્યું. પદ્માનું હૃદય ઘવાયું. હૈયું ભરાઈ આવ્યું, અંતરમાં વિષાદ વ્યાપી ગયો અને આંખોમાંથી ડબક ડબક આંસુ સરી પડ્યાં. સુધીરે આ દૃષ્ય જોયું અને પદ્માના ખભે હાથ મૂક્યો.

"પદ્મા, તું રડે છે! તે મારાથી નથી ખમાતું."

"તો આવું ન બોલીએ." રડતે રડતે તે બોલી.

"પદ્મા! તારા તરફ લાગણી છે એટલે જ કહું છું. લાગણી ન હોત, તો હું જૂઠું બોલત."

"ક્ષણે ક્ષણે બદલાતા માણસને સાચું જૂઠું ક્યાંથી સમજાતું હશે?" પદ્માએ ટકોર કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“હું બદલાતો નથી, ક્ષણો બદલાય છે.” સુધીરે ફિલસૂફી કરી.

“હું તારી ક્ષણોમાં જ તને ઓળખી શકું. ક્ષણો બહાર તું કોણ છે ને કોણ નહિ, તે મારે સમજવું મુશ્કેલ છે.” પદ્માએ સચોટ જવાબ આપ્યો.

“પદ્મા, હું દિલગીર છું કે તું મને ઓળખતી નથી.” સુધીરે હતાશ થઈ કહ્યું.

“હું ઇચ્છું છું કે તું જ તને બરાબર ઓળખે.”

“પદ્મા, હું પ્રયત્ન કરી રહ્યો છું અને કરીશ.” એટલું બોલીને આંખો લૂછતી પદ્માને તે ધારીને જોઈ રહ્યો. તે વખતે તેને સમજાયું કે પદ્માના સુંદર મોં ઉપર પ્રેમની સૌરભ ફેલાતી હતી.

“તું કેટલી પ્રિય છે!” એટલું બોલીને તે પદ્માની પાસે ગયો. તેના માથાને તેણે છાતી સરસું ચાંપ્યું, અને “લાગણી ન હોય, તો આ સંભવે?” એમ કહી પદ્માને રીઝવવા માંડી.

“હા, લાગણી પણ જો પ્રયત્નથી બતાવાય, તો ખબર પડે.” પદ્માએ આવેશથી કહ્યું. એટલું કહી તેણે આંખો લૂછી અને સ્વસ્થતાથી સુધીર તરફ જોયું.

“મારા ઉપર દયા ખાવાની લાગણીની મારે જરૂર નથી.” સુધીર તરફ સ્થિર દૃષ્ટિ ફેંકીને તે બોલી. આ વાક્યથી સુધીરને કંઈક ખરાબ લાગ્યું.

“મારી પાસે કેવી જાતની લાગણી છે, તે હું જ સમજતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી." આવેશથી તે બોલ્યો. બોલીને તે પદ્માથી કંઈક દૂર ગયો. વાતાવરણમાં જાણે ગાઢ નિરાશા અને ગમગીની પ્રસરતાં હતાં. પદ્માનું હૈયું ખૂબ જ ભારે હતું. પોતાનો પ્રિયતમ આવો વિચિત્ર હશે! એને હૃદય, પ્રેમ, લાગણી વગેરેની કંઈ બૂઝ હશે કે નહિ? પ્રિયતમ પ્રિયતમાની આગળ ગાંડુઘેલું બોલવાને બદલે શું આવું ઝીણું કાંતતો હશે? આમાં પ્રિયતમાની પણ કંઈ જવાબદારી હશે?

"લગાર સમજતો થાય તો ઠીક, સુધીર! તું વિચિત્ર છે. તું તારી જાતને જ નથી ઓળખતો?" પદ્માએ કંઈક હસીને કહ્યું.

"તું મને શિક્ષણ આપ." સુધીર હસ્યો.

"તું પ્રેમ ક્યાંથી કરે છે? હૃદયથી કે મસ્તકથી?" પદ્માએ મશ્કરી કરીને હસવા માંડ્યું.

"હૃદય અને મસ્તક જુદાં શું કામ માનવાં?" સુધીરે સામું હસવા માંડ્યું.

"માથું ફોડવા. ઝીણું કાંતતાં મને આવડતું નથી." પદ્મા ચિડાઈને બોલી.

"ત્યારે હૃદયથી કે મસ્તકથી એવો સવાલ તેં કેમ પૂછ્યો?" ચિડાયેલીને વધારે ચીડવવા સુધીર બોલ્યો.

"તું લાગણી અનુભવ્યા પછી લાગણીની તપાસ કરવા નીકળી પડે છે, અને જાતને તટસ્થ કલ્પી લે છે." પદ્માએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે શું કરવું, તે કહે."

"લાગણીને અનુભવીને, લાગણીને પવિત્ર ગણીને તે ઉપર વિસ્મૃતિની ચાદર ઓઢાડી દેવી." પદ્માએ બોધ કર્યો.

"લાગણીની વિસ્મૃતિ કોનાથી ખમાય ?"

"લાગણીની ઊલટ તપાસ કરતાં, લાગણીની વિસ્મૃતિ વધારે યોગ્ય."

"વિસ્મૃતિમાં ક્રૂરતા નથી ?" સુધીરે પૂછ્યું.

"ઊલટ તપાસમાં ખૂન નથી ?" પદ્માએ સામું પૂછ્યું.

"જા, આજથી વિસ્મૃતિ કરવાનો પ્રયત્ન કરીશ." એમ કહી સુધીરે પદ્માની નજીક આવી, તેના બંને હાથ પકડ્યા. પદ્મા હસું હસું થઈ રહી હતી અને સુધીરની કોમળતા જોઈ તે હસી પડી અને હાથ ખેંચી લઈ સુધીરના ગાલે ટપલી મારી.

"મીસ્ટર ! તમારામાં લાગણી છે તે કેમ છે, શી છે એ બધી ભાંજગડમાં ઊતર્યા વગર સીધું નથી વર્તાતું ?"

"વર્તાય છે." એમ બોલી સુધીર બેસી ગયો અને પદ્માને પોતાના ખોળામાં બેસાડી. પદ્માને પ્રિયતમના શરીર સંપર્કથી સુખ થયું, તે તેણે નેત્રોમાં વ્યક્ત કર્યું. કુસુમ કરતાં પણ અધિક સુકુમાર યુવતીનું પ્રત્યેક અંગ સુધીરે કોમળતાથી સ્પર્શ્યું. પદ્માની છાતી ગરમ હતી અને એના નાજુક હોઠ ભાવાવેશથી ખૂલી ગયા. સુધીરે પદ્માના સામું હેતથી જોયા કર્યું. પદ્માની આંખો મીંચાઈ ગઈ હતી, હોઠ સહેજ ખુલ્લા હતા, નમણા નાકમાંથી શ્વાસ કંઈક વધારે ગતિથી ચાલતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો, અને સુકોમળ ગાલ ઉપર જાણે ગુલાબની કૂંળી કૂંળી પાંખડીઓ પથરાઈ ગઈ હતી. સુધીરે પદ્માના હોઠ ઉપર પોતાના હોઠ મૂક્યા અને પ્રિયતમાનું ચુંબન શું ચીજ છે, તે વીસ વરસના યુવાને પહેલીવાર અનુભવ્યું. અનુભવથી ઘેન ચઢ્યું અને સુધીરે પદ્માને છાતી સરસી ચાંપી દીધી. મન એકાગ્ર થયું અને બુદ્ધિની ડખલગીરી નાબૂદ થતાં ઘેલા સુધીરે પ્રિયાને માર્દવ અને સુકુમારતાના રસાસ્વાદનું ભાન કરાવ્યું.

પદ્મા જ્યારે ઘેર ગઈ, ત્યારે તેને લાગ્યું કે પોતાનો ફેરો નિષ્ફળ નહોતો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠું - - - 'યમુનાની પાર્ટી'

બી. એ. નું પરિણામ આવ્યું. સુધીર પહેલા વર્ગમાં હતો, યમુના બીજા વર્ગમાં હતી. યમુના છેલ્લા ઘણા દિવસોથી સુધીરને મળવા તલસતી હતી. તેની તરફનું આકર્ષણ છેલ્લા મેળાપ પછી વધ્યું હતું અને સુધીરની શાંત ગૌરવશીલ બેપરવાઈથી તે મહાત થઈ હતી, એવું તેને લાગતું હતું. એ મેળાપને દિવસો થઈ ગયા હતા અને પરિણામ જણાયું, ત્યારે યમુનાનો હર્ષ બેવડો હતો. પોતે અને સુધીર બંને ઊંચા વર્ગમાં હતાં અને છતાં સુધીરથી નીચા વર્ગમાં પોતે હતી. તેમાં તેને કુદરતનો ન્યાય લાગતો. વળી સુધીર પોતાથી ઊંચા વર્ગમાં હતો, તેથી યમુનાનું સ્ત્રૈણ ઊંડો સંતોષ પામ્યું.

તે દિવસની વાત પછી લક્ષાધિપતિની એકની એક પુત્રી યમુનાએ ઇંગ્લેંડ ઊપડવાનો નિશ્ચય કરી જ નાખ્યો હતો અને પોતાની માને તે વાત જણાવી હતી. આત્મમગ્ન મેના પુત્રીની મહત્ત્વાકાંક્ષાનો વિરોધ કરે તેમ નહોતું, એટલે તેણે સહાનુભૂતિ દર્શાવી. માદીકરી મિત્ર હતાં, જેટલાં નિકટ હતાં, તેટલાં જ દૂર હતાં એટલે મૈત્રી સારી જામી હતી. યમુના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની બુદ્ધિથી માને આંજવાનો પ્રયત્ન કરતી ન હતી અને મેના પુત્રીની સ્વતંત્રતા ઉપર કદી તરાપ મારતી ન હતી. યમુનાને માના જીવનની કેટલીક બાબતો પસંદ નહોતી અને પોતા તરફ ધ્યાન આપવા માતા મિત્રોમાંથી નવરી જ નહોતી પડતી, એ વાત તેને ખૂંચતી, પણ મગરૂર અને આત્મમગ્ન છોકરી એ વિષયમાં ઇશારો પણ નહોતી કરતી. તેને માની ઘેલછા, જીવનનો અફીણી જેવો કેફ, પુરુષોની પાછળ ભટકવું, યથેચ્છા વિહાર વગેરેમાં સ્ત્રીત્વના ગૌરવનું ખૂન થતું જણાતું. માને યમુનામાં બુદ્ધિશાળી બૈરાઓનું નીરસ અને નિર્જીવ ગુમાન જણાતું. વ્યક્તિત્વ અને સ્ત્રીત્વ વિષે બંનેની માનસિક ભૂમિકાઓ જુદી હતી. મેના માનતી કે પુરુષને નચાવવો, ખીલવવો અને પછી તેનો શિકાર કરી, તેનો ઉપભોગ લઈ, તેને દરેક રીતે અનુભવી લેવો તેમાં જ સ્ત્રીની શક્તિ છે. યમુના માનતી કે પુરુષને પોતાના હૃદયરૂપી દુર્ભેદ્ય કિલ્લામાં પેસતા પહેલાં ખૂબ હંફાવવો, તેની સામે સ્ત્રીએ પોતાની શક્તિથી મોરચો માંડવો, અને એ શિકારીને વશ ન થતાં એને જ પીંખી નાખી, નિસ્તેજ અને નિર્વીર્ય કરી નાખવો, અને જો જીતે, તો જ સ્વાર્પણ કરવું, એમાં જ સ્ત્રીની શક્તિ છે. આમ મેના આક્રમણની ફિલસૂફીમાં માનતી, અને યમુના પ્રતીકારની ફિલસૂફીમાં માનતી. પરંતુ બંનેને પુરુષ પ્રિય તો હતો જ.

ડૉક્ટર કલ્યાણ સાથેની મેનાની મૈત્રી યમુનાને નહોતી પ્રિય કે નહોતી અપ્રિય. એ મૈત્રીના પરિણામે માતા પોતાનું ગૌરવ ના ગુમાવતાં અભેદ્ય બની રહે અને ડૉક્ટર થાકી જાય, હાંફી જાય અને પોતે હાર્યો કબૂલ કરે, તો જ માની કિંમત સ્ત્રી તરીકે તે ઊંચી આંકે, એવું એ માનતી. કલ્યાણ તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગમતો અને ગૌરવથી તેની સાથે તે વર્તતી. આમ છતાં પણ એકવીસ વર્ષની જવાન છોકરીને બિનઅનુભવથી એમ લાગતું કે પ્રૌઢ માતાને ડૉકટર સાથે બુદ્ધિની મૈત્રી સિવાય બીજી કોઈ મૈત્રી સંભવી શકે જ નહિ. એ બાબતમાં તે તદ્દન ચોક્કસ હતી. પોતાની દૃષ્ટિથી તે એમ માનતી કે શારીરિક સંબંધની સાચી પરવા, પુરુષ વિજેતા થાય નહિ, ત્યાં સુધી, સ્ત્રીને સંભવે જ નહિ, અને સ્ત્રી જ્યારે પુરુષ ઉપર આક્રમણ કરે, ત્યારે તે આક્રમણ પાછળનો હેતુ શારીરિક નહિ, પરંતુ માનસિક સંતોષ મેળવવાનો જ હોય.

યમુનાને ઇંગ્લંડ જવાનો પેસેજ મહા પ્રયાસે મળ્યો. સુધીર જે બોટમાં જવાનો હતો, તેમાં જ તે જનાર હતી. બોટમાં યમુના ફર્સ્ટ કલાસમાં હતી અને સુધીર તેનાથી ઊતરતા કલાસમાં હતો એટલે પરીક્ષાના કલાસનું સાટું વળી ગયું! યમુનાએ પોતાના જવાની વાત સુધીરને કહી. પ્રસંગ ઊજવવા યમુનાએ એક પાર્ટી આપી અને એ પાર્ટીમાં પોતાની બહેનપણીઓ અને મિત્રો ઉપરાંત સુધીરને પણ સ્થાન મળ્યું હતું. પદ્મા અંદરથી છંછેડાતી પણ બહારથી મશ્કરી કરતી કે 'યમુનાના સુધીર માટેના અભિપ્રાયોનું આયુષ્ય ઘણું ટૂંકું નીવડ્યું, થૂંક્યું ગળ્યું.' આ પાર્ટીમાં મેના પણ હતી. મેના જવાનિયાઓમાં હસતી, ઘૂમતી, વાતો કરતી અને સુધીર તરફ ખાસ લક્ષ આપતી. વીસ વર્ષના સુધીરમાં મેનાને કામદેવનાં દર્શન થયાં, એપોલો પણ જણાયો, અને પુત્ર વગરની મેનાને થઈ આવ્યું કે આ સુંદર છોકરાને લાવ ભાવથી દબાવું, એના વાંકડિયા વાળ લાવ પસારું, એના ગાલ પર લાવ વહાલથી બચ્ચી કરું! સુધીર નમ્રતા અને વિવેકથી મેના સાથે વાતો કરતો. મેના તેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક બાજુએ બેઠી હતી, જ્યારે બીજી બાજુએ પદ્મા હતી.

"તમે કેમ ઇંગ્લેંડ જાઓ છો?" મેનાએ સુધીરને પૂછ્યું.

"ઇકોનોમીક્સ શીખવા. અને બને તો સિવિલ સર્વીસ સારુ." સુધીરે અચકાતાં કહ્યું.

"તમે યમુનાની દેખરેખ રાખશો ને?"

"યમુનાને વાંધો નહિ હોય તો." સુધીરે હસીને કહ્યું. મેના પણ હસી. પદ્માને આ જવાબ અસહ્ય લાગ્યો અને તેના મોં ઉપર ઉદાસી છવાઈ. યમુના આ ભાવ જોઈ ગઈ, અને અડધું આવેશથી અને અડધું શાંતિથી તે બોલી ઊઠી :

"મમી, મારી દેખરેખ હું રાખી શકું તેમ છું. ત્યાં તો પુરુષોને દેખરેખની વધારે અગત્ય છે, અને મારે કોઈ પુરુષની દેખરેખ રાખવાની જવાબદારી નથી."

આ જવાબથી પદ્મા સમજી ગઈ કે યમુનાએ પોતાને ઉત્તર આપી દીધો છે. મેનાને થયું કે પોતાની પુત્રી ઘણી જ મગરૂર છે કેમકે તેને તેની શક્તિનો વધારે પડતો ઊંચો ખ્યાલ છે અને બિન અનુભવનું આ બોલવું છે. આ વિચારથી તે લગાર હસી.

"ચાલ, સમાધાન કરીએ. તમે એકમેકની સંભાળ લેજો." મેનાએ યમુનાને કહ્યું.

પદ્માથી આ સહન ન થયું. તે ઊઠીને બારી બહાર ડોકિયું કરતી ઊભી. યમુનાએ આ જોયું અને બહાનું કાઢી તે બારી આગળ ગઈ. પદ્માની આંખોમાંથી આંસુની ધારાઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહેતી હતી. ઉદાર મનની ચબરાક યમુના પદ્માને ઇશારો કરી બહાર ગઈ ગઈ.

"પદ્મા, આ શું?"

"કંઈ નહિ." આંસુ લૂછતી પદ્મા બોલી.

"પદ્મા, મારામાં વિશ્વાસ રાખજે."

"શેનો વિશ્વાસ?"

"હું બધું સમજું છું."

"ત્યારે વચન આપ કે તું દૂર રહીશ."

"તું એના પ્રેમમાં છે, પણ એનું શું?"

"હું મારા પ્રેમની જ ફિકરમાં છું. તું વચ્ચે ન પડતી." પદ્માએ યમુના પાસે માગણી કરી.

"પદ્મા, તું લાગણીપ્રધાન મૂર્ખ છે. હું એટલું વચન આપું છું કે હું હલ્લો નહિ કરું પણ...સુધીર મને બોલાવશે, તો બોલીશ. મારા હૃદયનો અભેદ્ય કિલ્લો જો એ સર કરશે, તો મારી જવાબદારી નહિ. હું એને સર કરવા નહિ જાઉં."

"એ ચર્ચામાં હું ઊતરતી નથી. તું સુધીરને મનમાંથી કાઢી નાખે, એટલું જ વચન જોઈએ."

"મારા મનમાં કોઇ પુરુષ જ નથી, પદ્મા!"

"મને દગો ન દઈશ." પદ્માએ યમુનાને સાંભળ્યા વગર ચલાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું કોઈને દગો દઉં, એવી નથી. તારા સુધીરને આ બધો બોધ આપજે ભલી!" યમુનાએ વાત સંકેલી, અને એકમેકનો હાથ પકડી બંને અંદર આવ્યાં, અને મનોરાજ્યમાં વિહરતી બે જવાન છોકરીઓના મનોરમ હાસ્યથી ઓરડો જીવંત બની ગયો.

સુધીર તરફ મેના જોયા કરતી, તે યમુનાને કે પદ્માને કોઈને નહોતું ગમતું, પણ ચાળીસ વર્ષની પ્રૌઢ સ્ત્રીના અંતર્ભાવ સમજવાની માનસિક તાકાત હજી અધકચરાં જવાનિયાંઓમાં હતી નહિ. મેના સુધીરને જોતી તેમાં અસાધારણ મમત્વ હતું, માતૃત્વ હતું. જીવનમાં પહેલી જ વખત માતૃત્વની ભાવનાની આવી ઊંડી લહરી મેનાના વિશાળ હૃદયમાં ઊઠી. યમુના તરફ એને આવી ભાવના કદી થઈ નહોતી. ભાવોનાં ઊંડાણ તપાસતાં પ્રેમનાં જુદાં જુદાં સ્વરૂપો એને ઉપરછલ્લાં જણાયાં અને ભીતરની અનુભૂતિથી એને સ્પષ્ટ થયું કે સમાજની બંધાઈ ગયેલી માન્યતાઓ સરી જતી રેતીના ઢગલા છે. એને સમજાયું કે પ્રેમના વિભાગીકરણમાં નહિ, પરંતુ એકીકરણમાં સત્ય રહેલું છે.

સુધીર મિત્રો સાથે વાતો કરતો, પદ્મા સાથે ટોળ કરતો અને યમુનાની સાથે ટીખળ કરતો, છતાં એના મનમાં મેનાને સમજવા મંથન ચાલતું. પહેલી જ વાર વીસ વરસના જવાનિયાને સમજાયું કે પ્રૌઢ ઉમ્મરની સ્ત્રીનું આકર્ષણ શું હોઈ શકે. મેના—એની મા જેવડી મેના—પોતાની પ્રિયતમા હોય તો કેવું સારું! આવો વિચાર આવતાં તે પોતે પોતાની મશ્કરી કરતો અને એ મશ્કરીના દબાણથી ભીતરની લાગણી દબાવતો. મેનાને જાણે ખૂબ દબાવવાનું મન એને થતું. એને એમ પણ થતું કે આ પ્રૌઢ સ્ત્રી જો પોતાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતા હોત, તો પોતાને જરૂર ગોદમાં લેત, બચ્ચી કરત, એના સ્તનો ઉપર પોતાનું માથું દબાવી દેત અને ઊના પ્રેમથી મા–દીકરો એકબીજાને ભેટત. સુધીરને બચપણમાં ગુજરી ગયેલી પોતાની મા યાદ આવી. ઘડીક એને એમ પણ થતું કે આ મનોહર સ્ત્રીની સાથે ગેલ કરું, બચકાં ભરું......આ સ્ત્રી પ્રત્યે સુધીરને અવનવા ભાવો થયા અને એમ પણ લાગ્યું કે જીવનના ઊંડાણમાં ન જોયેલા રંગો છે, અને ભાવ તથા લાગણી કે જેનો સંબંધ માંસ અને મજ્જાતંતુ સાથે જ છે, તેનો પ્રદેશ ઘણો વિશાળ છે અને બુદ્ધિ તો માત્ર ઉપલું અસ્તર જ જોઈ શકે છે. આવા વિચારોમાં મગ્ન થયેલો સુધીર જ્યારે હોશમાં આવ્યો, ત્યારે તેણે જોયું કે મેના તેના તરફ અસાધારણ મમત્વથી જોઈ રહી હતી.

“કેમ વિચારમગ્ન થઈ ગયા છો?” આજુબાજુનાં કંઈક આઘાંપાછાં થયાં, એટલે મેનાએ સુધીરને પૂછ્યું.

“કોણ જાણે!”

“બહુ વિચારો ન કરવા.” મેનાએ હસીને કહ્યું.

“સારું, નહિ કરું.” સુધીર અકસ્માત્ બાળકની માફક અર્થસૂચક વાક્ય બોલ્યો. આંખોમાં ભાવ હતો.

થોડી વારે એક પછી એક બધાંએ જવા માંડ્યું. છેવટના મહેમાનોની સાથે પદ્મા પણ ગઈ અને યમુના બધાને વળાવવા ગઈ. મેના અને સુધીર એકલાં પડ્યાં.

“તમારા વિચાર કરતો હતો.” સુધીર બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શા ?"

"તમે મને બહુ ગમો છો."

સુધીરના જવાબથી મેના હસી અને સુધીરની ટાઈની ગાંઠ સમારી ઊભી થઈ. ઊભી થઈને સુધીરના માથાને ભાવથી ચૂમ્યું અને ગાલ ઉપર ટપલી મારી.

"તું બહુ જ વહાલો છોકરો છે. લે મારા ગાલે બચી કર."

સુધીરની લાગણીઓ ઘણી જ ઉશ્કેરાઈ ગઈ હતી અને લાગણીના ઘોડાપૂરમાં તણાતા જવાને પ્રૌઢ મેનાને બાથમાં લઈ દબાવી દીધી અને મોં ઊંચું કરી, ગાલ ઉપર ગાલ મૂક્યો. એકાદ ક્ષણ આ સ્થિતિ રહી અને સુધીરને મેનાએ લગાર હડસેલ્યો અને પોતે કપડાં તથા દેખાવ ઠીક કરવા બાજુએ ચાલી ગઈ. અવાક્, શૂન્ય, હાંફતો સુધીર મીંચાયેલી આંખે સોફા ઉપર પડ્યો અને યમુના અંદર ક્યારે દાખલ થઈ, એનું ભાન એને થયું નહિ. આ રીતે પડેલા સુધીરની સુંદર મુખાકૃતિને, તેને સૂતેલો કલ્પીને, યમુના એકી ટસે જોઈ રહી. સુધીરના વીખરાયેલા વાળની અસાધારણ મોહિનીને વશ થઈ યમુનાને તેના ઉપર આસ્તેથી હાથ ફેરવવાનું મન થયું, પણ પોતાનું મન સ્વસ્થ કરીને તેણે મોં ફેરવી નાખ્યું. થોડીવારે સુધીર સ્વસ્થ થયો અને યમુનાને જોઈ.

"મારે હવે જવું જોઈએ. બહુ મોડું થયું." સુધીરે સફાળા ઊભા થઈને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ, બેસો ને! બહુ અસ્વસ્થ જણાઓ છો! કંઈ લેશો?"

"ના, ના, મારે હવે જવું જોઈએ." બાઘાચકવાની પેઠે સુધીર બોલ્યો. એની આંખો ચારે તરફ ઘૂમતી હતી અને જાણે કંઈ શોધતી હતી.

યમુનાને ઘણું આશ્ચર્ય થયું. કંઈ સમજાયું નહિ. કંઈ પૂછવાનો પ્રયત્ન કરવા જતી હતી, તેવામાં મેના દાખલ થઈ. મેનાને જોતાં સુધીર દિઙ્મૂઢ બની ગયો. મેના તદ્દન સ્વસ્થ હતી.

"યમુના, તારા મિત્રને જો ઠીક ન હોય, તો કૉફી પીવડાવને!" મેનાએ યમુનાને સૂચવ્યું.

"ના, ના, હવે હું જાઉં. મારે જવું જોઈએ." સુધીર અસ્વસ્થતાથી બોલ્યો.

"યમુના! એમને આપણી કારમાં મૂકી આવ. હું તો હવે આજ થાકી ગઈ છું, એટલે સૂવા જાઉં છું. માફ કરજો હોં."

સુધીરનું માથું ભમતું હતું. વધારે વાતચીત કર્યા વગર 'થેંક્યુ' અને 'ગુડ બાય' કરી એ ચાલ્યો ગયો. યમુના જોઈ જ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭ મું - - - 'બાપ-દીકરો'

એ બાકળો સુધીર ઘેર આવ્યો, ત્યારે શૂન્ય જેવો હતો. પોતે જે અનુભવ્યું હતું, તેનું ઘેન ઊતર્યું નહોતું. સુધીરની માતા વર્ષો પહેલાં ગુજરી ગઈ હતી અને બાપની પ્રેમછાયા હેઠળ તે મોટો થયો હતો. એકનો એક છોકરો હતો. બાપ બૅરિસ્ટર હતો અને સારા ધારાશાસ્ત્રીઓમાં તેની ગણના થતી હતી. પુત્ર પણ બૅરિસ્ટર બને અને પોતાને પગલે ચાલે, અગર સિવિલ સર્વીસમાં આવે, એવી વાસના પિતા સેવતો. બાપના લાડકવાયા દીકરાને વિલાયતનો સંકલ્પ તો જાણે વારસામાંજ સાંપડયો હતો.

સુધીરે તે રાતે પદ્મા, યમુના અને મેના એ ત્રણેના વિચારો કર્યા. પદ્મા તેને ખૂબ ગમતી, યમુનાથી તે આકર્ષાયો હતો, પણ મેનાના અકર્ષણની આગળ એ એનાં આકર્ષણો ઘણાં કમજોર લાગ્યાં. મેના તેના મનમાંથી ખસતી જ નહિ, પોચા ઓશીકાને મેનાનો ખોળો કલ્પી, ચઢતા લોહીનો બિન અનુભવી ભાવનાશાળી છોકરો ઊંઘી ગયો. સ્વપ્નમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ તેણે મેના જ જોઈ. પદ્મા અને યમુનાને સ્વપ્નમાં સ્થાન ન મળ્યું.

"સુધીર, કાલે ક્યાં ગયો હતો, ભાઈ!" સવારે ઊઠ્યો ત્યારે બાપે પૂછ્યું.

"પપ્પા, યમુનાને ત્યાં પાર્ટીમાં."

"મજા આવી હશે."

"હા. યમુના પણ ઇંગ્લંડ જવાની છે. સારી જ બોટમાં."

ચતુર પિતાએ સુધીરની તરફ સહેજ જોઈ લીધું, પણ મનુષ્યોના અઠંગ અનુભવી બેરિસ્ટરને પુત્રનો ભાવ સમજાયો નહિ.

"પદ્માની બહેનપણી ને? તું કહેતો હતો તે?"

"હા, તે જ એણે બહુ મોડું નક્કી કર્યું. નસીબદાર કે પેસેજ મળી ગયો."

બુદ્ધિજીવી બેરિસ્ટર પુત્રનું બોલવું સાંભળી લગાર મૂંગો રહ્યો અને શબ્દોની પાછળ કંઈ અવ્યક્ત રહ્યું છે કે કેમ, તેના વિચારમાં પડી ગયો. પછી તેણે તરત વાત ઉપાડી.

"પદ્માની બહેનપણી એટલે પદ્માને તો એના જવાની વહેલી ખબર પડી હશે." વાતનો મર્મ જાણવા પિતાએ સિફતથી પૂછ્યું.

"ના, એને પણ નહોતી." પિતાના પ્રશ્નના હેતુથી અજ્ઞાત સુધીરે સાચી વાત કહી.

"કેવડી છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારા કરતાં વરસ મોટી."

"પદ્મા પણ એકાદ વરસ પછી આવી પહોંચશે, કેમ ખરું ને?" પિતાએ સૂચક સવાલ પૂછ્યો.

"કોણ જાણે?" સુધીર કંઈ સમજ્યો નહિ અને બાપ અમસ્તા જ સવાલો પૂછે છે એમ માની કંઈક બેદરકારીથી બોલ્યો.

"કોણ તે તું. મિત્રોની વાત મિત્રો જાણે. તારી જગાએ હું હોઉં, તો જાણતો હોઉં." પિતાએ કહ્યું. બાપના સવાલોથી મુંઝાતો અને મેનાના વિચારમાં પડેલો સુધીર શો જવાબ આપવો, તે સમજ્યો નહિ. મેનાની વાતથી અજ્ઞાત પિતાને સુધીરની વિહ્વલતા સમજાઈ નહિ.

અદાલતની વર્ષોની ટેવના પરિણામે સુધીરના પિતાને સીધા પ્રશ્નો પૂછવાની ટેવ નહોતી. અદાલતની બહાર પણ આ જ નિયમ તે રાખતો. ચાર પાંચ આડાઅવળા સવાલો પૂછી, એકાદ સૂચક સવાલ પૂછી લેતો, અને એ બધાને પછી ઘટાવીને—સાંધીને—સાર કાઢી લેતો. આજની પ્રશ્નોત્તરીથી એણે સાર કાઢી લીધો કે સુધીર પદ્માના પ્રેમમાં નથી અને યમુનાના જવાની વાત પદ્માએ સુધીરને કહી નહિ, તેથી પદ્માને એ વાત પસંદ નહિ હોય, અને પદ્મા સુધીરના પ્રેમમાં હતી.

પિતાને ઉમેદ હતી કે પુત્ર સારા કુટુંબની છોકરી પસંદ કરે. પદ્મા એમને મન આદર્શ હતી. યમુનાની માને તે ફક્ત નામથી ઓળખતા, પણ સંબંધ સીધો ન હતો. યમુનાનો બાપ હયાત હતો, ત્યારે તેને ધંધાને અંગે સાધારણ ઓળખાણ થયેલું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સુધીર ! સિવિલ સર્વીસમાં અવાય તો ખોટું નહિ, પણ તું બેરિસ્ટર થાય એમ હું ઇચ્છું છું."

"પપ્પા ! બેરિસ્ટર એટલે દસેક વરસની બેકારી, પત્તાં, ક્લબ, રેઈસ, સારાં કપડાં, ડ્રીંક્સ, Smart Society." સુધીર બોલ્યો.

બેરિસ્ટર એટલે તારો બાપ એ રહી ગયું." પિતાએ ટોળ કર્યો.

"હા. પણ મારે મારા બાપના દીકરા તરીકે જ નથી જીવવું, પપા ! તમારા પૈસા અને તમારી લાગવગથી મુસ્કેલી તો ન પડે, પણ મને નથી લાગતું કે એ મારી લાઇન હોય."

"હશે, હશે, પણ બેરિસ્ટર એટલે સખત મહેનત, પરિશ્રમ, ઊંડો અભ્યાસ, વિશાળ વાંચન, અને બુદ્ધિશાળીઓ સાથેનો સહવાસ: એવું જો હોત, તો તું બેરિસ્ટર બનવાની ઉમેદ રાખત; કેમ ખરું ને ?" પુત્રને મશ્કરીમાં ઉડાવતો પિતા બોલ્યો. સુધીર ખચકાયો, અને તેને લાગ્યું કે પોતે પકડાઈ ગયો હતો અને નાઠાબારી રહી નહોતી.

"પણ મારી શક્તિ બદ્દલ મને શંકા છે."

"તારી શંકાઓ અસ્થાને ન હોય, તો પછી તારે બેરિસ્ટર ન થવું." પિતાએ પુત્રને ટકોર કરી, અને પુત્રના જ શબ્દોથી પુત્રની લાયકાતનું સર્ટિફિકેટ આપ્યું. થોડીવાર બાપદીકરો મૂગા રહ્યા અને પછી વાત ચાલી.

"પપા, તમે ઈંગ્લંડમાં હતા, ત્યારે કેટલો ખર્ચ આવતો ?" સુધીરે વાત બદલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહિને પચીસેક પાઉન્ડ. ફી, ચોપડીઓ, એ વગેરે જુદું ન ગણતાં બધું ત્રીસેકમાં સમાવી શકાય."

"તમને પૈસાની તાણ પડતી?"

"ના, પણ મારા બાપને પડતી." પિતાએ મજાક કરી.

"દાદાજી પાસે પૈસા ખરા?"

"હતા, પણ મારી પાછળ ખર્ચ્યા પછી નહિ જેવા."

"પપા, તમારા અનુભવો તો કહો."

"તું પાછો ફરીશ અને તારા અનુભવો કહીશ, તો હું મારા પણ કહીશ, જા." ઉસ્તાદ બાપ બોલ્યો.

"A gentleman should have no secret, Papa." સુધીરે મલકાઈને કહ્યું.

"We can wait till you become a gentleman, my boy." પિતાએ વીજળીના ચમકારાની માફક ઉત્તર વાળ્યો. ઉત્તરમાં અડધી મશ્કરી હતી, અડધી ગંભીરાઈ હતી. સુધીર મૂંગો થઈ ગયો.

થોડી વાર મૌન પ્રસર્યું. પછી સુધીરને કંઈ સાંભરી આવ્યું, એટલે વાત ધપાવી.

"પપા, તમારી વર્ષગાંઠે તમે નોકરોને ઓછી બક્ષિસ આપો છો એમ મને લાગે છે."

"લાગે. લાગવાનું કંઈ કારણ?"

"હમણાં જ મારી વર્ષગાંઠે નોકરોને તમે વધારે બક્ષિસ આપી હતી. પપા, તમે પણ હસવા જેવું નથી કરતા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના તારો બાપ મારા બાપ કરતાં પૈસે વધારે સુખી, એમાં હસવા જેવું શું છે!"

"ત્યારે હું પણ તમારા કરતાં ઇંગ્લંડમાં બેવડું ખર્ચ કરીશ, જોઈ લેજો."

"No, you are no good, my boy. તને ખરચ કરતાં આવડે જ નહિ ને! આવડતું હોય, તો પદ્મા ને યમુના કે એવી કોઈ તારી મિત્રોને દર અઠવાડિયે 'એન્ટરટેન' ના કરે? તેમને અવારનવાર સારી ભેટો ના આપે? No, no you are no good, my boy. મારું રળ્યું ધૂળ છે. જો ને કપડાં પણ કેવાં ચિંગૂસાઈથી વાપરે છે! તું બાપ ઉપર પડવાને બદલે મા ઉપર વધારે પડ્યો છે."

એટલું બોલી રહ્યા પછી વ્યવહારુ અને પીઢ બૅરિસ્ટર કંઈક ઉદાસ જણાયો. પોતાની પ્રિય પત્નીના એકના એક પુત્રને માતાનો ઉલ્લેખ થતાં ગમગીન જોયો. વહાલથી પિતાએ પુત્રને થાબડ્યો અને અણધારી રીતે વિનોદમાં વિષાદ ભળતાં બંનેના હૃદયમાં ગમગીની વ્યાપી ગઈ. પિતાએ પુત્રને તરત વાતમાં વાળી લીધો અને હસતે મોંએ પૂછ્યું :

"સુધીર, ઇંગ્લંડમાં કેટલાં વર્ષ ગાળવાં નક્કી કર્યાં છે?"

"કેમ પપા, કેટલાં ગાળી શકાય?" સુધીરે મજાક કરતાં પૂછ્યું.

"અરે! આખી જિંદગી ગળાય. પણ ભાઈ, બાપને ભૂલીશ નહિ."

"એમ તે કંઈ બને, પપા?" એમ કહી સુધીર પિતાને ભેટી પડ્યો. પિતાએ પુત્રને માથે હેતથી હાથ મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પપા, તમે દર ઉનાળામાં ત્યાં ન આવો ? તમને તો ઇંગ્લંડ ઘણું ગમે છે."

"I would be a disturbing element to you. વળી હવે એ મારું ઇંગ્લંડ નહિ હોય !" પ્રૌઢ બૅરિસ્ટરની આંખો સમય વટાવતી ભૂતકાળના પડછાયા જોતી હોય, તેમ ઊંડી ઊતરતી જણાઈ. જે મનુષ્યો અને જે મીઠી યાદગીરીઓ ભૂતકાળની રાખ બની ગયાં હતાં અને યુવાનીનાં ભરપૂર સંસ્મરણો જે મુલકના નામમાત્રથી તાજાં થતાં, એ બધાનો વિચાર કરતી આંખો ક્ષણ બે ક્ષણ મીંચાઈ ગઈ. સ્મૃતિપટ ઉપર અનેક ચિત્રો ખડાં થયાં અને એમાંનાં એકાદ બે ચિત્રોમાં પ્રૌઢ બૅરિસ્ટર લીન થઈ ગયો.

"પપા, તમારાં ઓળખાણ તાજાં રહ્યાં છે ?"

"વીસેક વરસથી ખાસ નહિ, ઘણાં ઘરડાં થઈ ગયાં હશે, ઘણાં મરી ગયાં હશે."

"તમે પરણીને ગયેલા ?" સુધીરે એકદમ પૂછ્યું. બૅરિસ્ટર મૂંઝાયો કે આવો સવાલ કેમ પૂછતો હશે ?

"હા."

"મમી અને તમે ખૂબ પ્રેમમાં હશો." ગભરાતાં ગભરાતાં સુધીર બોલ્યો.

"હા, અમારાં મન મળી ગયાં હતાં. જો કે તારી માનો સ્વભાવ લગાર આકરો ખરો."

"તમારે સ્ત્રી મિત્રો ખરી...વિલાયતમાં ?" પૂછતાં પુછાઈ ગયું, પણ પછી સુધીર ગભરાયો.. બાપે એક બે ક્ષણ ઉત્તર ન આપ્યો, પણ પછી ધીરેથી નીચે પ્રમાણે બોલ્યો :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું ઇંગ્લંડ ગયો, ત્યારે તારા કરતાં ખાસ મોટો નહોતો. ત્યાં પાંચેક વરસ ગાળેલાં." બાપે વ્યંજના કરી.

સુધીરે જાણ્યું કે પિતાની સાથે આ વિષયમાં આથી વધારે નજીક આવી શકાય તેમ નહોતું. અડધોએક કલાક આમ પિતા-પુત્ર વચ્ચે વાતો ચાલી હશે, ત્યાં ટેલિફોનની ઘંટડી વાગી. સુધીરે રિસીવર ઊંચકયું.

"Yes, speaking. કોણ યમુના? Good morning. Yes, yes, હા, જરૂર. તમારા 'મધર'ને નમસ્કાર. O, pleasure, pleasure. જરૂર. પરમ દિવસે સાંજે, ખરું ને? Alright, thank you, good bye."

"પપા, યમુનાનાં માએ મને પરમ દિવસે જમવા બોલાવ્યો છે, અને મેં હા કહી છે."

"તારે પણ એ લોકોને બોલાવવાં જોઈએ. તને કંઈ જ ભાન નથી, સુધીર!"

"કાલે બોલાવું?"

"તારી મરજી."

સુધીરે ફોન કર્યો. ફોન ઉપર મેના આવી. સુધીર ગભરાયો, શબ્દો તૂટવા લાગ્યા. તે નીચે મુજબ કહેતો સંભળાયો:

"હાજી. આપ જરૂર કાલે અમારે જમવા—અમારે ત્યાં આપ કાલે—કાલે આપ જરૂર અમારે—મારા 'ફાધર' તથા હું આપને જમવા કાલે—હા, તે દિવસ! માફ કરજો હાં......હેં......હા......"

ચબરાક પિતા પુત્રની મુંઝારીથી કંઈક હસતો, કંઈક કુતૂહલથી વિચારતો ખુરશીમાં પડ્યો પડ્યો સાંભળતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીરનું અસ્પષ્ટ બોલવું પાછું નીચે મુજબ સંભળાયું.

"કાલે નિમંત્રણ આપું છું—આપીએ છીએ—ના, ના, જરૂર—પપાને ખોટું લાગશે—મને!—મને જરૂર—કાલે તમે બંને—આવજો હોં—જરૂર આવજો—હં—લગાર—માફ કરજો—સંયમ ગૂમા—જરૂર—માફ કરજો." રિસીવર મૂકી દીધું. પરસેવો થયો હતો તે લૂછ્યો.

"સુધીર, તારા મિત્રો ન આવત, તેમાં મને ખોટું ન લાગત. પણ તું મને તો નિમંત્રણ નથી આપતો, તેથી જરૂર ખોટું લાગે છે."

"Papa, you are cordially invited."

"તમારી યુવાન 'કંપની'માં હું નહિ શોભું."

"યમુનાનાં મમી આવશે." સુધીરે કહ્યું. બાપ હસ્યો.

"ફોન પર કોણ ... ?"

"યમુનાનાં મમી."

"એમાં આટલો શરમાતો હતો ?"

"ના ના. તમને એવું લાગ્યું ?"

"ના ના શું ? કપાળ! પરસેવો થઈ ગયો, તત-ફફ થઈ ગયું! મેં તો માન્યું કે યમુના હશે અને તારી મશ્કરી કરતી હશે!"

થોડી વાર બંને શાંત રહ્યા પછી નોકરે રાબેતા પ્રમાણે છાપાં મૂક્યાં. બ્રેકફાસ્ટ લઈ બાપ-દીકરો છૂટા પડ્યા. સુધીરના ગયા પછી શ્યામલાલ કંઈ ઊંડા વિચારમાં પડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયો. "છોકરો ફોન ઉપર યમુનાને બોલાવતો પણ નથી! બારોબાર યમુનાની માને જ કહે છે! હોય, હજી ઘડાયો નથી. આટલો 'નર્વસ' કેમ? કોઈની સાથે એ આટલો 'નર્વસ' નથી. હોય, યમુનાની માને સાસુ કલ્પી હશે! ના, પણ મને અંતરની વાત કહ્યા વગર રહે નહિ! હં, હોય. પણ કંઈક વિચિત્રતા હતી! 'સંયમ—ગૂ......' O dash it. Young boys are always like that! હશે."

વિચાર છોડી દઈ છાપામાં ચિત્ત પરોવ્યું. થોડું વાંચ્યું પણ પાછો વિચાર ધસી આવ્યો. "આ મેના કેવી હશે? ધીરજની સ્ત્રી?" વર્ષો પહેલાં ધીરજને મળેલો પણ મેનાની મુલાકાત નહિ થયેલી, એટલે શ્યામલાલને મળવાની ઉત્કંઠા હતી. "હશે. છકેલી, આળસુ, પૈસાદાર વિધવા, બીજું શું? હં! પણ સુધીરની સાથે કંઈ માયાથી વાત કરતી હતી! હં! સુધીરના શબ્દો કંઈ વિચિત્ર હતા! 'લગાર માફ કરજે સંયમ ગૂ...' હં! કંઈ વિચિત્ર હતું." શ્યામલાલની એક આંખ ઝીણી થઈ. વિચાર કર્યો. સફાળો ઊભો થયો. ફોન ઉપર જઈ રિસીવર લીધું.

"હલો, ગોવિંદ! પેલી કઈ સ્ત્રી? કેમ, તું મને કહેતો હતો તે ને? પેલા ડૉક્ટરવાળી......હા.......એમ? એ જ ધીરજલાલની વિધવા કે? ઠીક ઠીક. ઓળખી, ઓળખી. હા, હા, અગાઉ પેલા જવાન લેફ્ટેનંટ સાથે ફરતી'તી તે જ. ઠીક, ઠીક. એટલું જ."

બૅરિસ્ટરની આંખ ઝીણી થઈ અને હોઠનો એક ખૂણો સહેજ લંબાયો. તેમણે સ્વસ્થતાથી છાપું વાંચવું શરૂ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮ મું - - - 'સુધીરને ત્યાં'

નિમંત્રણ પ્રમાણે મેના અને યમુના સુધીરના પિતાને ત્યાં સાંજે જમવા આવ્યાં. સુધીર રાહ જોઈને બેઠો હતો. શ્યામલાલ હજી કલબમાંથી આવ્યા નહોતા. વખત થતાં મેના અને યમુના આવી પહોંચ્યાં. સુધીર સામો લેવા ગયો. યમુના અને મેના અંદર આવ્યાં ને બેઠાં.

"કેમ સુધીર, મોડાં તો નથી ને?" મેનાએ પૂછ્યું.

"ના ના."

"તમારું નિમંત્રણ મને તો મમી મારફતે મળ્યું. છતાં આભાર માનું છું." યમુનાએ કટાક્ષ કર્યો.

"માફ કરજો, મને એનો ખ્યાલ ન રહ્યો, માટે બહુ દિલગીર છું. તમે મારો ભાવ સમજીને આવ્યાં, તેથી આભારી છું."

ડ્રોઈંગરૂમમાં બેઠેલી મેનાની ચબરાક આંખ ચારે તરફ ફરી વળી. શું શું સુંદર હતું અને શું શું કઢંગું હતું, એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિર્ણય કરતી ગઈ. ફરતાં ફરતાં આંખ સુધીરના પિતાની છબી ઉપર પડી. એકાદ મિનિટ સુધી તે જોઈ રહી. કંઈ પરિચિત જણાયું, છતાં વ્યક્તિને કોઈ દહાડો જોયેલી યાદ ન આવી. થોડીવાર પછી શ્યામલાલ આવી પહોંચ્યા. સુધીરે પિતાનું ઓળખાણ કરાવ્યું, પિતાને મહેમાનો ઓળખાવ્યાં. નમસ્કારવિધિ થઈ ગયો એટલે શ્યામલાલ વિવેક કરી બોલ્યા :

"માફ કરજો હોં, મારાથી મોડું થઈ ગયું છે."

"આપની રાહ જ જોતાં હતાં." યમુનાએ ઉચ્ચાર્યું.

શ્યામલાલે સોફા ઉપર બેસી સિગારેટ ચેતાવી. મેના શ્યામલાલને ધારીને જોઈ રહી હતી, આ કોણ હતો ? કદી જોયેલો નહોતો, છતાં કંઈ પરિચિત હતું. એક બે મિનિટમાં સ્થિર થઈ શ્યામલાલે મેના તરફ જોયું. બંનેની આંખો મળી. બંનેએ કંઈક જોયું, જે બંનેને પરિચિત હતું છતાં બંને એકમેકને સ્વપ્ને પણ ઓળખતાં નહોતાં.

"યમુના, કેમ તૈયારી થઈ ગઈ ?" સુધીરે પૂછ્યું.

"શેની વારુ ? ભૂલી, ઈંગ્લંડની ને ! થોડી થઈ છે, હજી ઘણી ખરીદીઓ બાકી છે." યમુનાએ કહ્યું.

"પછી શું નક્કી કર્યું ? 'ઇકોનૉમીક્સ' કે બીજું કંઈ ?" સુધીરે પૂછ્યું.

"ઇકોનૉમીક્સ ઠીક પડશે. તમારી મદદ પણ મળે." યમુનાએ ટોળ કર્યો.

સુધીર ધીરે રહીને યમુનાની પાસે બેસી ગયો. બંનેની જોડી વાતે વળગી. મેના સીલીંગ તરફ ન જુએ, ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામલાલ તરફ, અને શ્યામલાલ તરફ ન જુએ, ત્યારે સીલીંગ તરફ એમ વ્યવસાયમાં હતી. શ્યામલાલ સ્વસ્થતાથી મેના તરફ જોતો અને જ્યારે મેના તેના તરફ જોતી, ત્યારે તે સિગારેટની ધુમાડી જોતો, એમ વ્યવસાયમાં હતો. થોડી વારે મેનાએ પોતાની બેગમાંથી સિગારેટ કેસ કાઢી. તે સિગારેટ કાઢવા જતી હતી, તે શ્યામલાલે જોયું. એક ક્ષણ તે થંભી ગયો, પણ પછી મનને સ્વસ્થ કરી દઈ પોતાની સિગારેટ કેસ ધરી.

"માફ કરજો, ભૂલી ગયો. A bit unused to modern ways."

"થેંક્યુ." કહીને મેનાએ શ્યામલાલ પાસેથી સિગારેટ લીધી. શ્યામલાલે મેનાની સિગારેટ સળગાવવાનો વિવેક ન કર્યો અને એ રીતે ઠંડો વિરોધ બતાવ્યો.

"સ્ત્રીઓ 'સ્મોક' કરે તેમાં આપને ખાસ વાંધો નહિ હોય, એમ માનું છું. મેનાએ ચલાવ્યું.

"આપ 'સ્મોક' કરો, તેમાં મને વાંધો નથી." શ્યામલાલે 'આપ' શબ્દ ઉપર નહિ જેવો ભાર મૂકી ઘણું કહી નાખ્યું. મેના કળી ગઈ કે શ્યામલાલે પોતાને બહુ વિસાતમાં ન ગણી. વાર્તાલાપ કંઈક અટક્યો, તે શ્યામલાલે શરૂ કર્યો.

"આપના પતિને હું ઓળખતો હતો."

"એમ ! કેટલું વિચિત્ર કે આપણે કદી નહિ મળેલાં !"

"ધંધાને અંગે મળવું થયેલું. બીજો ખાસ સંબંધ હતો નહિ, એટલે વિચિત્ર નથી કહેતો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપ શું કરો છો ?" જાણતી હતી, છતાં મેનાએ પૂછ્યું.

"કાયદાના ધંધામાં છું." આસ્તેથી શ્યામલાલે કહ્યું.

"કેટલું interesting ! અનેક જાતનાં માણસોના પરિચયમાં અવાય, અનેક જાતના અનુભવ જાણવામાં આવે." છટાથી મેનાએ ઉચ્ચાર્યું.

"હા, અમારા ધંધામાં માણસો ઓળખવાનો મહાવરો વધારે." શ્યામલાલે શાંતિથી કહ્યું.

"છતાં કોઈકવાર ભૂલચૂક પણ થતી હશે." મેનાએ સામો પ્રહાર કરવાના ઇરાદાથી ઉમેર્યું.

"ભાગ્યે જ." ભારોભાર આત્મવિશ્વાસથી શ્યામલાલ બોલ્યો. મેના નિરુત્તર થઈ ગઈ. થોડી વાર બંને એકબીજા તરફ જોઈ રહ્યાં. એકમેકનો મૂગો અણગમો હતો, છતાં એક જાતનું અકથ્ય આકર્ષણ હતું. એકબીજાને ઓળખવાનો બંને પ્રયત્ન કરી રહ્યાં હતાં.

"પપા, યમુના પણ 'ઇકોનોમીક્સ' લેશે." સુધીરે મેના તથા શ્યામલાલનું ધ્યાન દોર્યું.

"ઇકોનોમીક્સ કેટલી અમલમાં મૂકશે ?" શ્યામલાલે ટોળ કર્યો. બધાં હસ્યાં. પાછું મૌન પ્રસર્યું.

"સુધીર તરફ તમે બંને ભાવ રાખો છો, તે સારું કહેવાય." વાત ચાલુ રાખવા શ્યામલાલે શરૂ કર્યું.

"હા, મને તો સુધીર બહુ ગમે છે. જો કે કોલેજમાં તો અમે એક બીજાના સામું પણ નહોતાં જોતાં અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભીંજાયેલાં રહેતાં. મમીને પણ સુધીર બહુ ગમે છે. ખરું ને મમી?"

"હા, 'ચાર્મીંગ' છે, વિવેકી પણ ઘણા." મેનાએ છેલ્લું વાક્ય બોલી શ્યામલાલ તરફ દૃષ્ટિ ફેંકી. આત્મવિશ્વાસની મૂર્ત્તિ સમો બુધ્ધિમાન બેરિસ્ટર મેનાનો કટાક્ષ સમજી ગયો.

"He cannot thank his father for that." સચોટ પ્રત્યુત્તરમાં પાવરધો બેરિસ્ટર દ્વિઅર્થી બોલ્યો. 'cannot' ઉપરના સૂચક ભાવે મેનાને છિન્નભિન્ન કરી નાખી. એક ક્ષણ મેના એક અર્થ સમજી, બીજી ક્ષણ બીજો અર્થ સમજી. મેના સમજી કે સુધીરનો વિવેક અસ્થાને છે એવી સૂક્ષ્મ ટકોર પાછળ શ્યામલાલે પોતાને ઘણું કહી નાખ્યું. ચતુર મેનાએ મોરચો એકદમ બદલ્યો.

"એમ કેમ કહેવાય? આપે જ અમને નિમંત્રણ આપ્યું છે." મેનાએ બગડી બાજી સુધારવા કહ્યું.

"હું આજે સુધીરનો મહેમાન છું. પૂછો એને." શ્યામલાલે એટલી જ નરમાશથી સુલેહ સ્વીકારી.

જમવાનો વખત થયો અને શ્યામલાલે પોતાની રોજના નિયમની 'વ્હીસ્કી' મંગાવી.

"તમારે માટે કંઈ lady's drink મંગાવું કે પછી વ્હીસ્કી જ?" મેનાને ઉદ્દેશી તે ઠંડે કલેજે બોલ્યો. મશ્કરીમાં વ્યંગ હતો. મેનાએ જોયું કે શ્યામલાલ આજે એને નહિ છોડે.

"ના કશું જ નહિ, થેંક્યું"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ તે હોય? ન પીઓ તે કેમ માનું?"

"આપ બૅરિસ્ટરને શોધતાં શી વાર?"

"માટે જ કહું છું. લો 'પોર્ટ' મંગાવું." એમ કહી તેણે 'પોર્ટ' મંગાવ્યો અને મેનાએ તે સ્વીકાર્યો. શ્યામલાલે ગ્લાસ ન ઊંચક્યો. મૂગો અણગમો ચાલુ રહ્યો.

જમતાં જમતાં શ્યામલાલે મેનાને ધારી ધારીને નિહાળી. કંઈક આપવા મેનાએ સુધીર તરફ હાથ લંબાવ્યો. શ્યામલાલની સૂક્ષ્મ અવલોકન શક્તિએ અંગનો મરોડ જોયો, અને હોઠના મરોડે એની શંકાઓ દૃઢ બનતી ગઈ. કંઈક વાનગી બતાવવા મેનાએ શ્યામલાલ તરફ હાથ લંબાવ્યો. શ્યામલાલે મેનાની હથેળી જોઈ અને મેના તરફ એક સચોટ દૃષ્ટિ ફેંકી. દૃષ્ટિમાં નહોતો તિરસ્કાર, નહોતો અનુરાગ. માત્ર કુતૂહલ હતું. દૃષ્ટિ કંઈ શોધવા મથી રહી હતી. મેના પણ સમજી ન શકી. એક ક્ષણ વિચાર કરીને શ્યામલાલ પાછો સ્વસ્થ થઈ ગયો.

"આપને હું શું કહીને બોલાવું?" મેનાએ શ્યામલાલને પૂછ્યું.

"શ્યામલાલ."

"એ તો તોછડું લાગે. મિ. શ્યામલાલ નથી કહેવું. શ્યામલાલભાઈ કહું, તો છૂટ છે?" તે ભાવથી બોલી.

"જરૂર મેનાબહેન." તે એટલા જ ભાવથી બોલ્યો.

બંનેની સુલેહ સંપૂર્ણ બની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમી રહ્યા પછી બધાં ઊઠયાં. મેના પહેલી ઊઠી ને ચાલી, તે વખતે શ્યામલાલ એકાગ્રતાથી જોઈ રહ્યો. શંકાઓ મજબૂત બનતી હતી. બધાં બેઠાં પછી કંઈ કામના બહાને શ્યામલાલ પોતાના ઑફિસરૂમમાં ગયો. કંઈક પુસ્તક જેવું ઉપાડયું, વાંચ્યું, ફરી વાંચ્યું. આંખ મીંચી દીધી. એક ખાનામાંથી એક જૂની છબી કાઢી. છબી કોઈ સ્ત્રીની હતી. ધ્યાનથી તેણે તે જોયા કરી. પછી હતી તેમ મૂકી દીધી, અને બહાર આવીને વાતો કરતો બેઠો. પરચૂરણ વાતો થતી હતી ત્યાં મેનાની પાસે આવી શ્યામલાલ ગોઠવાયો અને આડીઅવળી વાતો કરવા લાગ્યો. મેના શ્યામલાલને ત્યાં ટાંગેલાં ચિત્રો જોતી હતી. પછી કુટુંબનું આલ્બમ જોવા મંડી. તે જોતી હતી તે તકનો લાભ લઈ શ્યામલાલે ધારીને મેનાના કાનનો પાછળનો ભાગ જોઈ લીધો. બરાબર ખાતરી થાય તે માટે પાછળનો દીવો કર્યો. ખાતરી બરાબર છે.

મેનાને જોઇ સુધીર ખૂબ જ ઉમંગમાં હતો અને મેનાની હાજરીમાં તે પ્રફુલ્લ લાગતો. મેનાને સુધીરને જોઈ ભારોભાર હેત ઊભરાતું પણ તે દબાવવા આજે તે તનતોડ પ્રયત્ન કરતી. યમુના અને સુધીર આજના મેળાપ પછી મિત્ર બની ગયાં. યમુનાનો કૃત્રિમ વિરોધ શમી ગયો અને સુધીરને પણ યમુના જુદે સ્વરૂપે જણાઈ. બંને ગુપચુપ વાતો કરતાં ખૂણામાં બેઠાં હતાં. મેના આલ્બમ જોતી હતી અને શ્યામલાલ તેને પૂછે, તે કહેતો હતો. શ્યામલાલનું મન જે વિચારો કરતું, તે વિચારો કળી શકવાને કોઈ સમર્થ નહોતું. મેનાને એમ લાગતું કે શ્યામલાલ પોતાને ધારીને જુએ છે, તેમાં પોતાની ટેવ જ કારણભૂત હશે. ધારાશાસ્ત્રીને આખું જગત્ સાક્ષીના પીંજરામાં લાગે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દસેક વાગ્યાનો સુમાર થયો એટલે મેના બોલી:

"હવે અમારે જવું જોઈએ."

"બેસો ને, શી ઉતાવળ છે?" શ્યામલાલે કહ્યું.

"તમારો વખત બગડે ને!" મેનાએ કારણ આપ્યું.

"બગડશે તો કહીશું, બોલો પછી?" સુધીરે મેનાને ઉદ્દેશીને કહ્યું.

"મમી, થાય છે ત્યારે." યમુનાએ કહ્યું.

"આજે હું તો મોડો સૂનાર છું, મેનાબહેન!" શ્યામલાલે કહ્યું. ઊઠવાની વાત આમ મુલતવી રહી.

"શ્યામલાલભાઈ! તમારી દેખરેખ કોણ રાખે છે?" મેનાએ પૂછ્યું.

"હું પોતે."

"હું હવે અઠવાડિયે પંદરે તમારી દેખરેખ રાખવાની છું." મેનાએ ભાવથી કહ્યું.

મેના અને શ્યામલાલ સાથે હસ્યાં, તે દૃશ્ય યમુના અને સુધીર જોઈ રહ્યાં. બંનેને આશ્ચર્ય લાગ્યું. બંને ચકિત થયાં. બંનેએ કંઈ વિચિત્ર જોયું. સુધીર અને યમુનાએ શ્યામલાલ અને મેનાને વધારે બારીકાઈથી જોવા માંડ્યાં. થોડીક વાર પછી સિગારેટની ધુમાડી નિહાળતા પીઢ બૅરિસ્ટરે શરૂ કર્યું:

"મેનાબહેન! તમારું પિયર ક્યાં છે?"

"કાઠિયાવાડના એક નાના સરખા ગામડામાં."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"માબાપ હયાત છે?"

"ઘણા વખતથી ગુજરી ગયાં છે." મેનાને આ સવાલથી નવાઈ લાગી.

"પ્રશ્નો અંગત હોય, તો માફ કરજો હોં."

"ના ના, એમાં શું છે?" મેના વિનયથી બોલી.

"પિતા કોણ હતા?"

"તદ્દન ગરીબ માબાપ હતાં. પરચૂરણ ચીજોની કંઈ દુકાન જેવું બાપને પહેલાં હશે, પછી તો વૃદ્ધાવસ્થામાં એમને હું ઘરમાં જ જોતી."

"તમે પરણ્યાં ત્યારે તમારી ઉમ્મર કેટલી હશે?" શ્યામલાલના સવાલથી મેનાને આશ્ચર્ય થયું. તે લગાર થંભી ગઈ.

"ચૌદેક વર્ષની હશે."

"માબાપની કેટલી હશે?"

"એ તો ખબર નથી, પણ બહુ ઘરડાં હતાં. બાપ સિત્તેરેકના હશે." મેનાને શ્યામલાલના વિચિત્ર સવાલોનો હેતુ સમજાયો નહિ.

"અને મા?" શ્યામલાલે સવાલો ચાલુ રાખ્યા. મેનાને લાગ્યું કે પોતે જાણે સાક્ષીના પીંજરામાં હતી.

"લગભગ એટલાં જ કે પાંચેક વરસ નાનાં હશે." મેનાએ કહ્યું. તેને ખ્યાલ નહોતો કે શ્યામલાલ શું સમજવા માગે છે.

"તમે એકનું એક ફરજંદ?"

"હા." મેનાથી કંઈ કળાતું નહોતું.

"તમને નથી લાગતું કે તમારાં માને પહેલું સંતાન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણી મોટી ઉમ્મરે થયું ગણાય? ન માની શકાય તેટલી ઉમ્મરે?" શ્યામલાલે ઠસાવ્યું.

"એટલે?......હા, એમ તો ખરું. કેટલું વિચિત્ર! મને એ વિચાર જ નથી આવ્યો!" આશ્ચર્યથી મેના બોલી, અને સ્તબ્ધ થઈ ગઈ. બૅરિસ્ટર કેમ આટલી ઊલટતપાસ કરે છે?

"તમે પરણ્યાં ત્યારે તમે ચૌદનાં હો અને તમારાં મા જો સિત્તેરનાં હોય, તો છપ્પનમે વર્ષે તેમણે તમને જન્મ આપ્યો. જો પાંસઠનાં હોય, તો એકાવનમે વર્ષે." શ્યામલાલે સ્પષ્ટ કર્યું. મેનાને લાગ્યું કે બૅરિસ્ટર કંઈ સમજવા પ્રયત્ન કરે છે.

"શ્યામલાલભાઈ! મને કંઈ યાદ આવે છે. બાપને એક ભાઈ હતા જે બે વરસ નાના હતા. તે મારા લગ્ન પહેલાં એક વરસે ગુજરી ગયા ત્યારે બધા કહેતા કે સિત્તેર વરસે ગયા, એટલે મારા લગ્ન વખતે મારા બાપ તોતેરના ખરા. વળી મા કહેતી કે એ બંને એટલે મારાં બાપ અને મા ઘોડિયામાં જ પરણ્યાં હતાં; એટલે મા બાપ કરતાં બે ત્રણ વરસથી વધુ નાની નહિ હોય." મેનાએ પ્રકાશ નાખ્યો.

"ત્યારે મેનાબહેન, છપ્પન વર્ષે હિંદુસ્તાનમાં કોઈ માતા જન્મ આપતી આજે સાંભળી?" શ્યામલાલે વધારે સ્પષ્ટ કર્યું.

મેના ચકિત થઈને શ્યામલાલ તરફ જોઈ રહી. આ વિચિત્ર વસ્તુ પોતાને કેમ ન સમજાઈ અને શ્યામલાલને ક્યાંથી સ્ફૂરી?

"શ્યામલાલભાઈ, લગાર વિચિત્ર તો લાગે છે." મેનાએ ધીરેથી અને વિચારપૂર્વક કહ્યું અને આશ્ચર્યમાં ડૂબતી જણાઈ.

"એ ઉપર આપણે વળી નિરાંતે વિચાર કરીશું." શ્યામલાલે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોડું થઈ ગયું હતું. બધાં ઊઠયાં અને મેનાએ આવતી કાલે સાંજે સુધીર સાથે શ્યામલાલને પણ જમવા આવવાનું નિમંત્રણ આપ્યું, જે શ્યામલાલે સાભાર સ્વીકાર્યું. મેનાને જતી જોઈ સુધીરને જે ભાવ થયો, તેનાથી જુદો જ ભાવ શ્યામલાલને થયો. શ્યામલાલ મેનાને જોવામાં તલ્લીન થઈ ગયો. તે ક્ષણે સુધીરે મેનાની પાસે જઈ કાનમાં કહ્યું :

"તે દિવસની મારી વર્તણૂક માફ કરજો."

"ગાંડા રે, ગાંડા. મા ઉપર દીકરાને વહાલ આવે એમાં શું ?"

"પણ તમે કયાં મારી મા છો ?"

"તારે મા નથી એટલે હું તારી મા થઈ છું. જા, બસ ?" મેનાએ સુધીરનો ખભો થાબડતાં કહ્યું.

યમુના આઘી હતી. તેને આ કંઈ સમજાયું નહિ. આગળ જઈ તે મોટરમાં બેસી ગઈ. શ્યામલાલ મેનાને જોતો દ્વારમાં ઊભો જ રહ્યો. મોટર આગળ જઈ સુધીરે યમુનાને 'આવજો' કર્યું. હાથ પકડી વિવેક કર્યો. મેનાને એ પ્રમાણે કરવા ગયો, પણ મેનાએ તેને પાસે ખેંચીને તેના માથા ઉપર ચુંબન કર્યું, અને બોલી, "જો હું તારી મમી છું કે નહિ ? આવજે." શ્યામલાલે દૃષ્ય જોયું. સુધીર પ્રફુલ્લિત હતો, પણ મેનામાં એને તો પ્રિયતમાનું જ દર્શન થતું. કાચા અનુભવનો, ઊછળતા લોહીનો છોકરો 'મમી'ના વિચારમાં મગ્ન થઈ ગયો. મેનાને સવારે ઊઠીને ફોન ઉપર કયારે 'મમી' કહીને બોલાવું ? 'મમી' કેટલી વહાલી છે ? કેટલી સરસ છે ? પ્રિયતમા કંઈ 'મમી'ની તોલે આવે ? ના, મારે તો મમીની ખોટ હતી. મારી 'મમી' મને હવે મળી છે અને હવે હું એને ખૂબ વહાલ કરીશ, હા—શ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯ મું - - - - " મા–દીકરી "

મેના અને યમુના શ્યામલાલ અને સુધીરને ત્યાંથી છૂટાં પડી તે રાત્રે પોતાને ઘેર આવ્યાં. રસ્તામાં મેના શ્યામલાલનો જ વિચાર કરતી હતી. શ્યામલાલ કેવા સરસ હતા, કેટલા હોશિયાર હતા! એમણે કેવી અજાયબી ભરેલી વાત કરી? મારાં માબાપ બાબત એમને આટલી પૂછપરછ કરવાનું શું કારણ હશે? શ્યામલાલમાં કંઈક અજબ આકર્ષણ હતું! એમની આંખોમાં સખ્તાઈ છતાં ભાવ હતો. એમની સખ્તાઈ મને કેમ પ્રિય લાગે છે? એમના તરફ મને કેમ ભાવ આવે છે?

યમુના વિચાર કરતી કે સુધીર ખરેખર કેટલો માયાળુ છે? પ્રેમની વાત તો કોણ જાણે, પણ સુધીર મને બહુ ગમે છે. પ્રેમ તો ગમતાં ગમતાં જ થાય ને!

" મમી, શ્યામલાલભાઈ, તને કેવા લાગ્યા? "

" કડક લાગ્યા, છતાં બહુ ભાવવાળા લાગ્યા. "

" તમારા બંનેમાં કંઈક સરખાપણું લાગતું. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઘણી વાર એવું બને છે."

"શરૂઆતમાં તારી સાથે લગાર સખત લાગ્યા."

"હોય. ઉમ્મરે મોટા. વળી હું સિગાર પીવા બેઠી તે એમને ન ગમ્યું. કેટલાક મનુષ્યો અમુક બાબતોમાં મક્કમ વિચાર ધરાવનારા હોય છે, છતાં એમનો ખાસ વિરોધ ન લાગ્યો."

"મમી, તું સિગારેટ ન પીએ, તો ન ચાલે? તું જાણે છે કે આપણા સમાજમાં સ્ત્રી સિગારેટ પીએ, તે તરફ એક જાતની ઘૃણા છે."

"ચા તરફ નથી, પાન તરફ નથી, તમાકુ સૂંઘે તે તરફ નથી, પણ તમાકુ સળગાવીને પીએ તે તરફ છે! હોય! એમ દરેક બાબતમાં સમાજને પોપલાવીએ, તો સમાજ ચડી વાગે. સમાજનું અંગ ભલે બનીએ, પણ ગુલામ ન થવાય."

"મમી, તારી વાત સાચી છે, પણ એવી એક નજીવી બાબત સારુ આપણે સમાજની સામે થવામાં આપણી શક્તિ વેડફી નથી નાખતાં?"

"યમુના, સમાજ વિચિત્ર વસ્તુ છે. એની સામે થનારને એ પીંખી નાખવા તૈયાર થાય છે, અને એનું અંગ બની એને સહકાર આપનારની એને પરવા પણ નથી." મેનાએ ધીમેથી કહ્યું અને પછી વધારે ધીમેથી ઉમેર્યું: "સમાજ જ્યારે વ્યક્તિના સ્વાતંત્ર્યનો વિરોધ કરવામાં જ પોતાને સાર્થક માને, ત્યારે વ્યક્તિ પોતાની અસ્મિતા બેવડા જોરથી દાખવે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ એમ તો વ્યક્તિવાદના અતિશયથી અરાજકતા પણ આવે." યમુનાએ શંકા કરી.

"પાન ખાવાથી, ચા પીવાથી, તમાકુ સૂંઘવાથી કે ખાવાથી અરાજકતા ન આવી, સમાજ છિન્નભિન્ન ન થઈ ગયો તે તમાકુ પીવાથી થઈ જશે! શરૂઆતમાં એમ લાગે, પણ સમાજ પછી ધીમે ધીમે ટેવાઈ જાય, 'ખરાબ' ખરાબ મટી જાય."

"મમી, તારી એક સિગારેટ મને આપ." યમુના હસતી હસતી બોલી.

"ના."

"કેમ?"

"સિગારેટ ખાતર તું સિગારેટ પીવા નથી માગતી. સિગારેટ પીને સમાજનો વિરોધ કરવા માગે છે. મારું કહેવું એમ છે કે આપણને સિગારેટનો શોખ હોય અને સમાજ તેનો વિરોધ કરે, તો ન ગણકારવો."

"મમી, તું બહુ ચતુર છે."

"કૉલેજમાં ન જવાથી ગેરફાયદાઓ તો જે થયા હોય તે, પણ એક ફાયદો એ થયો છે કે વસ્તુને હું સ્વતંત્ર રીતે, મગજની ચોખવટથી વિચારી શકું છું. તમે લોકો વિચારોના વમળોમાં પડો, અનેક તર્કો કરો, એમાં અર્થશાસ્ત્ર, સમાજ-શાસ્ત્ર, તર્કશાસ્ત્ર, ઇતિહાસ, ફલાણો લેખક, ઢીંકણો લેખક એ બધાં જ ઊભરાય અને બુદ્ધિનું સ્વતંત્ર ઝરણું ડહોળાઈ જાય." એટલું બોલી મેના હસી.

મોટર અટકી. ઘર આવ્યું. બંને ઊતર્યાં. ઘરમાં આવીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંનેએ કપડાં બદલ્યાં અને સૂવાનાં કપડાં ચડાવ્યાં. બંનેની ઊંચાઈ સરખી હતી. મેના લાલ સ્લીપીંગ સૂટમાં અને યમુના લીલા સ્લીપીંગ સૂટમાં વાળ ઓળતાં ઓળતાં સાથે ઊભાં રહ્યાં. બંનેની સરખી ઊંચાઈને લીધે દૂરથી જોનારને બે બહેનો જ લાગે. યમુનાની ચામડી કંઈક વધારે શ્યામ હતી, નાક વધારે ટૂંકું હતું અને વાળ વધારે કાળા હતા.

વાળ ઓળી, સમારી, યમુના અને મેના મેનાના સૂવાના ઓરડામાં ગયાં. મેનાએ નોકર બાઈને કૉફી લાવવા કહ્યું. યમુનાએ પણ કૉફીની હા કહી. મેનાએ પછી નાના ગ્લાસમાં થોડી 'ચેરી બ્રેન્ડી' કાઢી અને સિગારેટ સળગાવી. યમુના માની પથારીમાં લાંબી થઈને પડી અને મેના યમુનાને અઢેલીને પથારીમાં બેઠી, અને 'ચેરી બ્રેન્ડી'નો ઘૂંટડો ભર્યો.

"મમી, તને કયું ડ્રીન્ક વધારે ગમે છે?"

"કલેરે. શેંપેન કરતાં પણ મને કેટલેક અંશે એ વધારે પસંદ છે."

"પપાને તેનો શોખ ઘણો હતો, કેમ?"

"હા. એમનામાં જેને 'wine sense' કહીએ તે હતી. શંપેન 'મોએ' કે 'પોમરી'નો હોય તો જ તે તેને અડે. બર્ગન્ડીના પણ ઘણા શોખીન અને તેમાંયે 'રોમાની,' 'હોક' તથા 'મોસેલ' વગર શનિવારે જમતા નહિ. ફ્રાન્સમાં અમે હતાં ત્યારે શરાબની લિજ્જત માણવા એમણે રાઈ અને તીખા સરકા છોડી દીધેલા. ઘણા ફ્રેંચોને મન પણ એ શરાબના 'Connoisseur' યાને 'મર્મજ્ઞ' હતા." ચેરી બ્રેન્ડી પીતી મેના બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મમી, આપણે ત્યાં શરાબ તરફની જે ઘૃણા છે, તેનું શું કારણ હશે?"

"તું ભણેલી છે, તું જાણે." એટલું બોલીને મેના અટકી ગઈ. પછી પાછું શરૂ કર્યું: "ઘણી જ ગરીબાઈને લીધે ઊંચા શરાબ મળે નહિ અને ખરાબ અને નીચી કોટિનાં પીણાં શરાબને નામે ઓળખાય. બાકી આપણા દેશમાં પણ ઊંચી કોટિના શરાબો બનતા." પછી પાછી અટકી ગઈ અને 'ચેરી બ્રેન્ડી'નો ઘૂંટડો ગળી બોલી, "યમુના! સદ્‌ગુણ એકલી નિષેધાત્મક નીતિ બની જાય, ત્યારે પ્રજા જડ, અરસિક અને પ્રાણ વગરની બની જાય છે."

"આપણા મૌર્યો, આપણા ગુપ્તો, ગ્રીક લોકો, રોમન લોકો એ બધા એકલી નિષેધાત્મક નીતિમાં નહોતા માનતા. પાંડવોનો જ યુગ લે." યમુના બોલી.

"હા, પણ હમણાં તો નીતિ 'નકાર'માં જ સમાઈ છે. 'હકાર' એટલે અનીતિ!"

"અતિશયો બધા જ ખરાબ. હકારાત્મક અતિશયે યાદવો ગયા, રોમનો પાયમાલ થયા, યુરોપમાં પણ એવું જ લાગે છે." યમુના બોલી.

"યુરોપ કરતાં આપણી પાયમાલી ઓછી છે કે વધારે તે તો તમારાં જેવાં ભણેલાં જાણે. પણ નકારાત્મક અતિશયે આપણી પ્રજા નિસ્તેજ, નીરસ, શૂન્ય અને ઉદાસ જણાય છે. આપણે નકારાત્મક ફિશિયારીઓથી શી નૈતિક ધાડ મારી છે, એ મારી અક્કલમાં ઊતરતું નથી. આપણો સમાજ જાણે કચકચિયણ ડોશીઓનો લાગે છે!" મેનાએ ઘૂંટડો પીધો અને સિગારેટની એક ફૂંક મારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને લાગે છે કે આ વિષયોમાં આપણા લોકોની માનસિક તૈયારી નથી. એ તૈયારીના અભાવે લોકો નિંદા કરે, દ્રોહ કરે, ટીકાઓ કરે એ સ્વાભાવિક છે."

"એમ કહો તો એમ, અગર એમ પણ હોય કે મનુષ્ય-સ્વભાવમાં ઊંડાં દ્વેષ હોય છે. પોતાથી ન ખમાય, ન વિચારી શકાય, ન બની શકે એ બધું દ્વેષની દૃષ્ટિથી નિહાળે છે. એ પ્રેદ્વેષ છુપાવવા તેઓ નીતિ અને રીતિના રક્ષકો બને છે."

નોકર બાઈ કોફી લાવી. મા દીકરીએ કોફી લીધી. પછી યમુનાએ શરૂ કર્યું.

"મમી, તારું કહેવું તદ્દન બરાબર નથી. જે લોકો જીવનથી કેવળ તટસ્થ છે, જેમને રાગદ્વેષ નથી, એમના અભિપ્રાયોનું શું?"

"બહેન, આ દુનિયામાં સંપૂર્ણ તટસ્થ કોઈ નથી. છતાં એવા હશે એમ માની લઈએ, તો તેઓ તો એમના માનેલા રસ્તે જીવન ગુજારે જ છે. તેઓ વ્યકિતના દોષ તરફ દુર્લક્ષ સેવે છે, ગુણની પ્રશંસા કરે છે."

"મમી, પપા બહુ ઉદાર મતના હતા કેમ?"

"હા. જો કે હું તારા પિતા સાથે પ્રેમમાં તો નહોતી, પણ એ માણસનું હૃદય ઉદાર હતું. કોઈના દોષ તરફ એ લક્ષ આપતા નહિ. મને એમના તરફ માન હતું."

"તું કેમ પ્રેમમાં નહોતી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પ્રેમમાં જે અમુક આકર્ષણનું તત્ત્વ છે, તેની ગેરહાજરી હતી. માન હતું, મૈત્રી હતી. વળી એમનામાં જીવન તરફ ઉદારતા હતી, તેના પ્રમાણમાં ઊંડાણ નહોતું."

"મમી, તું ડૉક્ટરના પ્રેમમાં છે?"

"ડૉક્ટર તરફ મને આકર્ષણ છે."

"શું?"

"ડૉક્ટરના સ્વભાવમાં પૂર્વગ્રહો નથી. એના હૃદયમાં ઔદાર્ય અને ઊંડાણ બંને છે."

"ડૉક્ટર વાતો કરે છે, ત્યારે મને સાંભળવી ગમે છે. એ કંઈક ફિલસૂફ છે."

"હા. ફિલસૂફ છે, માટે તટસ્થ છે."

"અને તટસ્થ છે, માટે આકર્ષે છે. ખરુંને મમી?"

"તટસ્થ છે, પણ જીવનથી તટસ્થ નથી એટલે રસિક છે, અને રસિક છે માટે આકર્ષે છે."

"મમી, તને વસ્તુની પકડ બરાબર છે. પુસ્તકોના અભ્યાસથી ધૂળેય ઊંડાણ આવતું નથી." યમુનાએ માનો હાથ પંપાળતાં કહ્યું.

"જીવનના અનુભવો દરેક દૃષ્ટિથી અવલોકવા ખાતર વાચન ઠીક છે. બાકી અનુભવ વગરનું બધું નકામું." મેનાએ યમુનાને માથે હાથ મૂકી કહ્યું.

"મમી, હું ઈંગ્લંડ જાઉં છું, તો તારી શું સલાહ છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઓહોહો! મમીનાં ઊવળ્યાં કે તેં મને બુદ્ધિવાળી માની. જોયું ને? મેં તને સ્વતંત્રતા આપી તો તારું વ્યક્તિત્વ દબાયું નહિ, અને મારામાં બુદ્ધિ છે એવું પણ તને હવે લાગ્યું. જેમ જેમ સ્વતંત્રતા મળે, તેમ તેમ બુદ્ધિ પગભર થાય છે, તટસ્થ બને છે, કોઈની દોરવાઈ નહિ, પણ પોતાની દોરવાઈ ચાલી પોતાના નિર્ણયો કરે છે." એટલું બોલી મેનાએ યમુના તરફ જોયું. યમુનાને માતા તરફ પ્રેમ હતો, તેમાં માન ભળતાં યમુનાની આંખમાં ભક્તિ જણાઈ. થોડી વાર માતા પુત્રીની સામે જોઈ રહી. પછી ચલાવ્યું.

"જીવનની સામે ન થતી. ભૂલો થાય, તો ગભરાતી નહિ. સ્વતંત્રતાની ભૂલો ગુલામીની હેશિયારી કરતાં વધારે ઇચ્છવા યોગ્ય છે. હોશિયાર ગુલામ કરતાં મૂર્ખ માલિક હોવું વધારે સારું." એટલું બોલી મેના શાંત રહી.

યમુનાને સમજાયું કે માને ભલે મોટાં મોટાં શાસ્ત્રો કે 'ઇઝમ્સ'નો અભ્યાસ ન હોય, પણ મા બુદ્ધિશાળી અને પ્રમાણિક હતી. જીવનની એની સમજ ઊંડી હતી. એની સ્વતંત્રતા જીવન સાથેની નિખાલસ મૈત્રી હતી. જે જે નિખાલસ છે, જે જે પ્રમાણિક છે, તે તે ખરાબ કેમ ગણાય? 'જીવનની સામે ન થતી' એ એની ફિલસૂફી હતી. જીવનની સામે થવાનું જો સમાજ કહે, તો સમાજની તેને પરવા નહોતી.

"મમી, ખરેખર આપણી જિંદગીની સરી જતી રેતીમાં કંઈયે અમૂલ્ય કણો પણ વહી જતાં હશે! આપણે સાવધ ન રહીએ, તો એ છૂટાંછવાયાં અમૂલ્ય કણો પણ રેતી ભેગાં સરી જાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા. પછી રેતીના ઢગલે ઢગલા. વાતમાં બીજો કંઈ માલ જ નથી. જાતને કદી છેતરવી નહિ. જાતને છેતરનાર પોતાના જીવનની ધૂળમાં છેવટે દટાય છે."

મેનાએ એટલું કહી 'કોશી' પૂરી કરી. પુત્રીના માથે પછી પ્રેમથી ચુંબન કર્યું અને બંને સૂવા ગયાં. મધરાતના બારના ટકોરા થયા અને પૃથ્વી ઉપર ગાઢ અંધકારનો પડદો પડ્યો. સ્વપ્નસૃષ્ટિના પડદા ઊપડ્યા અને નવાં નાટકો શરૂ થયાં. મા અને દીકરી ઊંઘી ગયાં અને બંને પોતપોતાની નિરાળી સૃષ્ટિઓમાં વિચરવા લાગ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૦મું - - - - - - " મેનાને ત્યાં "

સુધીર બીજે દિવસે બરાબર ચાર વાગ્યે યમુનાને ત્યાં આવ્યો. મેના નાની સરખી લાયબ્રેરીમાં બેઠી બેઠી કાંઈક અંગ્રેજી માસિક વાંચતી હતી અને યમુના એની પાસે બેસીને કંઈક લખી રહી હતી. સુધીર સીધો જ તે ઓરડામાં આવ્યો.

" ઓહો ને કેમ સુધીર! ચાનો જ વખત છે એટલે ઠીક પડશે ચાલ." એમ કહી મેનાએ સુધીરને ભાવથી બોલાવ્યો અને પોતાની સાથેની ખુરસીમાં બેસાડ્યો.

" પપા તો છ વાગ્યે આવશે. મને થયું કે લાવ વહેલો જાઉં. વળી તમે ફાવે ત્યારે આવવા કહેલું." સુધીર બેઠો. બેસીને મેના તરફ જોઈને હસ્યો.

" હાસ્તો." તને તે વળી આમંત્રણ હોય? ફાવે ત્યારે આવવાનું." મેનાએ હસીને કહ્યું.

"કેમ મહેરબાન, કેમ છો?" યમુના બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શું લખ્ લખ કરો છો? બહુ લખ્યું હવે." સુધીરે યમુનાને કહ્યું.

"ના રે. ખાસ તો કંઈ નહિ. લાસ્કીનું 'ગ્રામર ઑફ પૉલિટીક્સ' વાંચતી હતી. પછી થયું કે લાવ કંઈ 'નોટ્સ' લખી લઉં."

"હવે મૂકો ને માથાકૂટ. વિલાયતમાં કરજો ને મજૂરી." સુધીરે કહ્યું.

"મને તો ચોપડી જ વાંચવી ગમતી નથી." મેનાએ ઉમેર્યું.

"આ બધી લાયબ્રેરી ત્યારે અકસ્માત્ થઈ?"

"ના, પહેલાં ઘણો શોખ હતો. યમુનાના પપ્પાને પણ ચોપડીઓ મંગાવવાનો ઘણો શોખ, પછી જો કે પ્રસ્તાવના કે એકાદ પ્રકરણ વાંચીને તેને વાંચી ગણી લેતા."

"મમી, તને શોખ લગાડનાર પપ્પા." યમુના બોલી.

"એટલે જ હું પણ પ્રસ્તાવનાઓ અને એકાદ બે પ્રકરણો જરૂર વાંચતી. ચાર પાંચ ચોપડીઓ, સિવાય કે નવલકથાઓ, ભાગ્યે જ મેં પૂરી વાંચી હશે." મેના હસી.

"પૂરી ચોપડીઓ વાંચવાથી આપણો કેટલો અમૂલ્ય વખત બગડે છે? નાલાયક લેખકો આપણી ગાળો ખાય તે જુદી." સુધીરે હસીને કહ્યું.

વિલાયતમાં અભ્યાસની ચોપડીઓ પૂરી વાંચજો, એટલું ઇચ્છું છું." યમુનાએ મશ્કરી કરી.

"પણ વાંચવા કરતાં અનુભવને વધારે ઉપયોગી માનીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અનુભવમાં બહુ ઊંડા ન ઊતરી પડાય, એટલું સંભાળવાનું." યમુનાએ મશ્કરી ચાલુ રાખી.

"એવું બને, તો તમે ખેંચી કાઢજો." સુધીરે વિનોદ કર્યો. મેના યમુના તરફ જોઈને હસી. યમુના કંઈક ગંભીર બની ગઈ. પછી મોં ઉપર સ્મિત ફરી વળ્યું.

"હું જ જો ઊંડી ઊતરી ગઈ હોઈશ તો?"

"ચોપડીઓ વેચી નાખીશું. બીજું શું?" સુધીર બોલ્યો અને બધાં હસી પડ્યાં.

ચા આવી.

"યમુના, તું અને સુધીર લાંબા 'ડ્રાઈવ' ઉપર જઈ શકો છો. હું આજે બહાર નથી જવાની કેમકે કલાકેક પછી શ્યામલાલભાઈ આવવાના છે." ચા પીતી યમુનાને ઉદ્દેશીને મેનાએ કહ્યું.

"હા, સુધીર! જઈશું?" યમુનાએ સુધીર તરફ જોયું.

"આપણે તૈયાર છીએ." સુધીર બોલ્યો.

"ચાલો ત્યારે હું તૈયાર થાઉં." એટલું કહી યમુના ઊઠી અને તૈયાર થવા ગઈ.

મેના થોડી વાર સુધીર તરફ જોઈ રહી. સુધીર યમુનાનું લખાણ વાંચતો હતો. મેનાને સુધીર તરફના ભાવની હવે પકડ આવતી હતી. તેને સમજાતું ગયું કે સુધીર તરફ પોતાનું હેત એના મૌલિક સ્વરૂપમાં તો આકર્ષણ જ હતું, પરંતુ બુદ્ધિએ તે પ્રેમમાં વાત્સલ્યનો અધ્યારોપ કર્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિની આ ડખલગીરી ક્યાંથી અને કેમ આવી, એના વિચારમાં મેના પડી ગઈ. એને સમજાયું કે લાગણીના દરેક વિષયમાં અજાણતાં પણ બુદ્ધિની દરમ્યાનગીરી હોય છે. બુદ્ધિ, સંયોગો, પરિસ્થિતિ વગેરેની અસર નીચે હોય છે અને એમ જોતાં લાગણીને સંયોગો અને પરિસ્થિતિ સાથે ઘર્ષણ ન થાય તેની ચોકીદારી બુદ્ધિ કરે છે! કેટલું વિચિત્ર! આપણા અજાણતાં પણ આ ઘર્ષણો કેવાં થયાં કરે છે? આ ઘર્ષણોની ખબર પણ આપણને બુદ્ધિ જ આપે છે! આ દૃષ્ટિથી બુદ્ધિ શું જીવનની રક્ષક નથી? મનુષ્ય જ્યાં સુધી સામાજિક સ્થિતિમાં હોય, ત્યાં સુધી શું બુદ્ધિ વગર નભી શકે? તદ્દન કુદરતી સ્થિતિમાં બુદ્ધિ હશે જ નહિ, કેમકે ત્યારે બુદ્ધિ બિનજરૂરી થઈ પડે છે. ત્યારે બુદ્ધિ શું એક ઐતિહાસિક ઘટના નથી? સંજોગો અને પરિસ્થિતિઓ બદલાતાં શું એ બદલાતી નહિ હોય? આવા આવા વિચાર-વમળમાં તે પડી ગઈ હતી અને સુધીર એના તરફ જોઈ રહ્યો હતો, તેનો ખ્યાલ એને રહ્યો નહોતો. સુધીર વિચાર કરતો હતો કે મેના તરફનું પોતાનું આકર્ષણ એકલું શારીરિક નહોતું. મેનાનો અવાજ, એનું વર્તન વગેરેમાં એને આકર્ષણ હતું. લગાર ઊંડા ઊતરતાં એને સમજાયું કે પોતે પોતાની જાતને મનના ઊંડાણમાં મેનાનો રક્ષક માનતો. મેના એનું રક્ષણ સ્વીકારે તેમાં એને એમ લાગતું કે પોતે મેનાની ખાતર આત્મત્યાગ કર્યો છે. એ આત્મત્યાગના આવેશમાં એને એમ જણાતું કે મેનાના જીવનના ખૂણેખાંચરે પોતે, એટલે કે સુધીર, પ્રસરી જવો જોઈએ. યુવકનો આવો ઊંડો અહંભાવ સચેતન ભૂમિકામાં પ્રેમનું સ્વરૂપ પકડતો. માલિકીની વૃત્તિ કરતાં પોતાના વ્યક્તિત્વનો પ્રભાવ પાડવાની વૃત્તિ સુધીરના પ્રેમમાં વધારે પ્રબળ હતી અને એટલે જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ઊછળતા વ્યક્તિત્વને ઝીલનાર સહૃદય મેના તરફ એને આકર્ષણ હતું.

"કેમ શા વિચાર કરી રહ્યાં છો?" સુધીરે મેનાને પૂછ્યું.

"તારો."

"શો?" સુધીરે મલકાઈને પૂછ્યું.

"તું કેમ વહાલો લાગે છે?"

"તમારા હૃદયમાં વહાલ ભરેલું છે તેથી."

"તારા તરફ ખાસ આવે છે."

"તમારા તરફ મને છે તેથી."

"તને મારા તરફ શું છે એની તને જ ખબર નથી."

"કેમ વળી, વહાલ, પ્રેમ; લાગણી, હેત."

"કેવી જાતનાં!" મેનાએ મલકાતાં પૂછ્યું.

"જાણે તમને હું બધું આપું, પણ તમારી પાસેથી કંઈ ન લઉં." સુધીરના શબ્દોની પાછળ આત્મત્યાગની ધગશ હતી.

"તું કેવો સરસ છે?" મેના સુધીરને થાબડતી બોલી.

"તમારે શેની જરૂર છે?" સુધીરે ઉત્સાહથી પૂછ્યું.

"તું જે આપે તેની." મેનાની આંખોમાં મૃદુતા હતી.

"મારી પાસે શું છે એની જ મને ખબર નથી." સુધીરે મેનાને કહ્યું અને મેનાનો હાથ પંપાળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જ્યારે ખબર પડે ત્યારે આપજે." લાડથી મેનાએ સુધીરને કહ્યું. સુધીરે મેનાના મોં ઉપર હાથ ફેરવ્યો, અને આંખો, નાક, કાન બધાંનો સ્પર્શ કર્યો. પછી મેનાના સુંદર વાળ પંપાળ્યા અને મેનાના હાથ દબાવ્યા.

"અત્યારે તો એમ થાય છે કે તમને મારું." સુધીર બોલ્યો. મેના ચકિત થઈ જોઈ રહી. સુધીરની આંખોમાં આવેશવાળી એકાગ્રતા હતી.

"સુધીર, મને વાગે!" મેના કોમળ અવાજે બોલી.

"તમને રુદન કરતાં જોવાં છે." સુધીર સહેજ હસીને બોલ્યો.

"મમી ઉપર આવો જ ભાવ ને" એમ બોલીને મેનાએ સુધીરનો ? હાથ ગાલે અડાડ્યો.

"ભાવ છે માટે જ કહું છું." સુધીર બોલ્યો.

"પણ મને વાગે અને હું રહું, તો તને દુઃખ ન થાય?" મેના બોલી.

"દુઃખ થાય, પણ દુઃખ મેં આપ્યું તેથી આત્મસંતોષ થાય." સુધીર બોલ્યો. મેના સુધીરને જોઈ જ રહી. એની મોહક મુખમુદ્રા આવેશથી વધુ મોહક બની. એના સુંદર વાંકડિયા વાળમાં સૂર્યનાં આથમતાં કિરણો ખેલી રહ્યાં હતાં. મેનાને માતૃત્વનો અસાધારણ ઉછાળો આવ્યો. તેણે સુધીરને પાસે ખેંચ્યો, ગોદમાં લીધો, અને એના માથા ઉપર પોતાના ગાલ ટેકવ્યા.

"મમ્મીને મરાય બેટા? જો તું મમ્મીને કેટલો વહાલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે ?" સુધીરના ગાલ મેનાની છાતી ઉપર દબાયા. સુધીર મેનાને ખૂબ ભાવથી વળગી પડ્યો અને પછી સ્વસ્થ થઈને ઊભો થયો.

"જા જલદી તૈયાર થઈ જા ને, નીકર વખતસર પાછું નહિ અવાય." મેનાએ ભાવથી કહ્યું.

સુધીર અંદર તૈયાર થવા ગયો. એને જતો જોઈ મેનાની છાતીમાં પ્રેમ ઊછળ્યો. 'એને સ્તનપાન કરાવું' એવો વિચાર સ્ફૂર્યો.

થોડી વારે યમુના તૈયાર થઈને આવી, અને સુધીર પણ આવી ગયો. બંને થોડી વાર બેઠા પછી ઊભાં થયાં.

"છોકરાંઓ, વહેલાં આવજો હોં." મેનાએ કહ્યું.

"સારુ મમ્મી." યમુનાએ કહ્યું.

મેના, સુધીર અને યમુનાને જતાં જોઈ રહી. એ કોણ હતાં? દીકરી અને જમાઈ? ભાઈ અને બહેન? દીકરો અને વહુ? મેનાએ ત્રણે વિચાર કરી જોયા અને ત્રણે વિચારની અસર હૃદય ઉપર અનુભવી.

સુધીર અને યમુનાના ગયા પછી મેના પોતાની જાતની ટાપટીપમાં પડી. સાદાં અને શોભતાં કપડાં પહેર્યાં અને 'આજે નથી પીવી સિગારેટ, નથી લેવું ડ્રીંક' એવો મનસૂબો કરી નાખ્યો. શ્યામલાલને રાજી કરવાની બધી જ તૈયારીઓમાં મેના પડી ગઈ અને અડધાએક કલાકમાં તૈયાર થઈ ગઈ અને છના ટકોરા થયા, ત્યારે મેના ડ્રોઇંગ રૂમમાં આવીને બેઠી. પાંચ મિનિટ પછી શ્યામલાલના આગમનની ઘંટડી વાગી. મેનાના હૃદયમાં ઉમંગ હતો. શ્યામલાલ બારણામાં દાખલ થયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧મું. 'મેના અને શ્યામલાલ'

શ્યામલાલને મેનાએ તો સૂટમાં કલ્પેલા પણ શ્યામલાલે તો ધોતિયું અને લાંબો કોટ પહેરેલો. માથે સુરતી પાઘડી હતી. શ્યામલાલની ઊંચાઈ, ભરાવદાર શરીર, અને પ્રમાણસરની વાળેલી મૂછો: એ બધાથી તેમનું વ્યક્તિત્વ દીપી ઊઠતું અને પચાસેક વર્ષના પ્રૌઢ શ્યામલાલ ધોતિયું, કોટ અને પાઘડીમાં દબદબા ભરેલા લાગતા. જેવા તે દાખલ થયા, તેવી મેના બે ઘડી તો આ મોહક વ્યક્તિને જોઈ જ રહી. શ્યામલાલના બોલવામાં, ચાલવામાં, દેખાવમાં અને પહેરવેશમાં મેનાને પુરુષત્વનું પ્રચંડ મોજું ઊછળતું જણાયું.

"શ્યામલાલભાઈ, તમારી જ રાહ જોતી હતી." મેનાએ શ્યામલાલને હસીને સત્કાર્યા.

"કેમ મેનાબહેન, મોડો પડ્યો?" એમ બોલી શ્યામલાલે ઘડિયાળ તરફ જોયું. પછી ઉમેર્યું: "પાંચ મિનિટ મોડું ખરું. જાઓ પાંચ મિનિટ વધારે બેસીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે મોડું નથી કર્યું, પણ હું તમારી રાહ જોતી હતી, અને જવા બાબતમાં તો હું જવા દઉં, ત્યારે ને!" મેનાએ હસીને કહ્યું.

"તમારું ઘર ઘણું સરસ છે! વળી ટેકરી ઉપર એટલે પવન પણ કેટલો સરસ!" શ્યામલાલ બેસતાં બેસતાં બોલ્યા.

"તમને ગમ્યું? કેમ તમે આ તરફ નથી આવતા?"

"મારે શું બહેન! સ્ત્રી વગરના જીવનમાં જ્યાં પડ્યા ત્યાં સરખું. સુધીર આવશે, પરણશે ત્યારે વાત." શ્યામલાલે કહ્યું. મેના શ્યામલાલ તરફ જોઈ રહી. સ્ત્રી વગરનો આ માણસ તેનાથી કલ્પી શકાતો નહોતો.

"સ્ત્રી વગર રહેવાનું શું કરવા પસંદ કર્યું?"

"ચાળીસેકના અરસામાં સ્ત્રી જાય, પછી તે ક્યાં પાછા ઘોડે ચડીએ?" શ્યામલાલની વાણીમાં વિનોદ અને ઉદાસીનતાનું મિશ્રણ હતું. મેનાને આ વ્યક્તિ સમજાતી નહિ.

"ચાળીસ તે કંઈ બહુ કહેવાય?"

"પુરુષોને માટે ઓછાં નહિ." શ્યામલાલે ટકોર કરી.

"હું તો એમ માનું છું કે પુરુષોની ઉમ્મર જ ચાળીસે શરૂ થાય છે, અને સ્ત્રીઓ પણ ત્રીસ પછી જ ઉમ્મરે આવે છે." મેના હસીને બોલી.

"મારો જમાનો તો દસેક વરસ પહેલાંનો ને? એટલે એટલી બાદબાકી કરવી પડે." શ્યામલાલે મશ્કરી કરી. મેનાએ મશ્કરી ન ગણકારતાં હસીને ચલાવ્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મશ્કરી કરો તો જુદી વાત છે, બાકી આપણે ત્યાં મનુષ્યો શરીર કરતાં મગજથી વહેલાં ઘરડાં બની જાય છે."

"હશે, પણ હું તો શરીરથી જ ઘરડો છું. સારા નસીબે મગજ હજી ઘડપણથી પીડાતું નથી." શ્યામલાલે હસીને ટોળ કર્યો.

"દેખાતા તો લગારે નથી. મનથી માની લો, તો જુદી વાત છે."

શ્યામલાલને કોટ કાઢીને બેસવાની ટેવ હતી એટલે તેમણે મેનાને પૂછ્યું :

"કોટ કાઢીને બેસું, તો વાંધો છે?"

"ના. જરૂર, જેમ ફાવે તેમ."

શ્યામલાલે કોટ કાઢ્યો. તેમનું સુંદર, પાતળું રેશમી પહેરણ મેના જોઈ રહી. શ્યામલાલની છાતી પહોળી હતી અને મેનાને લાગ્યું કે તે રૂવાંટાંથી ભરેલી હશે, કેમકે ગળાની નીચેથી જ કાળી રૂવાંટી શરૂ થતી હતી. એના ખભા પહોળા હતા અને હાથ સ્નાયુબદ્ધ હતા. માથું ગોળ હતું અને બુદ્ધિની તીવ્રતા પ્રદર્શિત કરતું કપાળ, વાળના બે તરફ ખૂણાઓ પડી જવાથી આકર્ષક લાગતું. શ્યામલાલના પહેરણની બાંયો ઊંચી હતી અને હાથ ઉપર પણ સુંદર રૂવાંટી શોભતી હતી. એના હાથના પંજા વિશાળ હતા. શરીરના પ્રમાણમાં પેટ બિલકુલ આગળ નહોતું અને પગ મજબૂત લાગતા. મૂછોના આંકડા તાણીને વાળેલા હતા અને આંખોમાં ચપળતા અને તેજ હતાં. નાક સુંદર હતું અને કંઈક તીણું હતું. નીચલો હોઠ કંઈક ભરાવદાર હતો અને હોઠના વળાંકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામલાલનું વ્યક્તિત્વ છુપાતું દેખાતું. મુખમુદ્રા એકંદરે પ્રસન્ન છતાં અભિમાની લાગતી. એ ક્ષણમાં મેનાને સમજાયું કે પ્રૌઢ ઉમ્મરનો આ પુરુષ ઘણો મોહક હતો. થોડી વાર મૌન ચાલ્યું.

"ત્યારે હવે હું શરૂ કરું ?" શ્યામલાલે મૌન તોડ્યું.

"કરો."

"તમારા પિયરમાં તપાસ કરાવવી ?"

"શેની ? કોની ?" મેનાએ આશ્ચર્યથી પૂછ્યું.

"તમારાં માબાપને લગતી."

"મને નથી લાગતું કે એથી કંઈ પ્રકાશ પડે. વળી મારાં માબાપ એ ન હોય. તો બીજાં કોણ હોઈ શકે ?" મેના બેદરકારીથી બોલી.

"માબાપ તમારાં, પણ રસ હું ધરાવું છું."

"આટલો રસ કેમ ધરાવો છો ?"

"તમારામાં મને રસ છે એટલે."

"તો મારામાં જ લો ને. મરેલાં મડદાં તે શીદ ચૂંથવાં ?" મેનાએ શ્યામલાલ તરફ મૃદુતાથી જોયું.

"મેનાબહેન, કારણ વગર હું પંચાત કરું ખરો ?" શ્યામલાલે મેના તરફ સ્થિર દૃષ્ટિ ફેંકી. મેના જોઈ રહી.

"તમારી મરજી વિરુદ્ધ મારે કંઈ કહેવાનું હોય નહિ." મેનાએ હારીને કહ્યું. પછી મોં ઉપર નમણો ભાવ લાવી તે મૂંગી બેસી રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારા પિયરના ગામે હું મારો માણસ મોકલીશ. તમે ઠામઠેકાણું આપજો. એ વિશ્વાસુ માણસ છે. ચારેક દિવસમાં પાછો ફરશે અને એની વિગતો જાણ્યા પછી હું અને તમે કંઈક સમજી શકીશું."

"તમને આમાં એવું શું રહસ્ય લાગે છે?"

"લાગ્યું, એટલે જ આ ભાંજગડ કરું છું."

"તમને શંકાઓ કેમ ઉપજે?" મેનાએ પૂછ્યું.

"ધંધામાં મગજ એ રીતે ટેવાઈ ગયું."

"આ ધંધાની મુલાકાત તો નથી ને?" મેનાએ હસીને પૂછ્યું.

"છે, પણ કેસ મારો પોતાનો છે એટલે કમનસીબે ફી મળવાની નથી."

"તમે એવા ઉસ્તાદ છો કે કંઈ જ કહેતા નથી."

"આટલું કહ્યું તેથી વધારે કહેવાનું હાલ છે નહિ." શ્યામલાલે પતાવ્યું. પછી તે ઊભા થયા, અને બોલ્યા: "લગાર મકાન તો ફેરવીને બતાવો?"

"જરૂર ચાલો." એમ કહી મેના ઊઠી અને બંનેએ ચાલવા માંડ્યું. બધા જ ઓરડાઓમાં બંને ફર્યાં. પરચૂરણ પૂછપરછો થઈ. ચોપડીઓ જોઈ શ્યામલાલને કંઈ કહેવાનું મન થયું.

"તમે પણ વિદુષી લાગો છો!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઝૂંપડીઓમાં શું છે, એ ન પૂછો ત્યાં સુધી." મેનાએ હસીને પતાવ્યું.

"પૂછવા જેટલું મારું જ્ઞાન નથી એટલે તમે વિદુષી જ રહ્યાં." શ્યામલાલે ટોળ કર્યો.

ફરતાં ફરતાં બંને જણાં પાછાં ડ્રોઇંગ રૂમ આગળ આવ્યાં. રૂમની બહાર મોટો આયનો હતો. બંનેની નજર તેમાં પડી અને ઘડી તે જોઈ રહ્યાં. પછી એકમેકના સામું જોયું. બંનેએ કંઈક જોયું.

વાતો કરતાં કરતાં બંને અંદર ગયાં અને બેઠાં એટલામાં ભૂખરા સૂટમાં અને લાલ ચેરી ટાઈમાં ડોક્ટર કલ્યાણ આવી ચડ્યો. મેનાને ખૂબ આશ્ચર્ય થયું. ડોક્ટર તો બહારગામથી અઠવાડિયા પછી આવવાના હતા, અને અત્યારે ક્યાંથી?

"ઓહો ડોક્ટર, તમે પણ એક મોટું આશ્ચર્ય છો?" એટલું બોલીને મેના હસતી હસતી કલ્યાણ તરફ જોઈ રહી.

"એકાએક અહીંથી તાર આવ્યો કે અગત્યનું કામ છે એટલે સ્ટેશનેથી સીધો અહીં જ આવું છું. હવે ફ્લેટ ઉપર જઈ, તૈયાર થઈ હોસ્પિટલે જઈશ." કલ્યાણ થાકેલો જણાતો હતો.

"ચા બનાવરાવું?" મેના ડોક્ટર તરફ આકસ્મિક રીતે જોઈ રહી.

"Please give me some whisky." કલ્યાણે કહ્યું. મેના લગાર વિચારમાં પડી ગઈ અને શ્યામલાલ તરફ જોયું. પછી સ્વસ્થ બની બોલી:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" જરૂર. શ્યામલાલભાઈ! તમે પણ લેશો ને ? મેં તમને પહેલું ના પૂછ્યું માટે માફ કરશો. "

" જરૂર. " શ્યામલાલે વિનયથી કહ્યું.

મેનાએ બંનેને એક બીજાની ઓળખાણ કરાવી.

" આપને મળીને ઘણો આનંદ થયો." કલ્યાણે વિવેક કર્યો.

" મારો આનંદ એટલો જ છે. " શ્યામલાલે સામો વિવેક કર્યો.

" લગાર ગરમી છે કેમ ? " કલ્યાણે ચલાવ્યું.

" હિંદુસ્તાનની ઋતુઓ છે તેની તે. " શ્યામલાલે મશ્કરી કરી.

" માફ કરજો, મને તેનો ખ્યાલ ન રહ્યો. " કલ્યાણ હસ્યો. હાસ્યમાં સામી ટકોર હતી.

" તમારા ખ્યાલને માફ કરું છું. " વીજળીની માફક જવાબ આવ્યો. જવાબે કલ્યાણની પૂરેપૂરી ખબર લઈ નાખી. ખ્યાલને માફી અપાઈ, ખ્યાલ કરનારને નહિ. કલ્યાણ સમજી ગયો. શબ્દોની રમતમાં શ્યામલાલની સામે ઊતરવાનું મનને પસંદ ન પડ્યું. શ્યામલાલ ચિત્તાની માફક કલ્યાણને તાકી રહ્યો હતો. ક્યારે બોલે અને એની ખબર લઈ નાખું ! દૃષ્ટિ બીજી તરફ રાખીને કલ્યાણ બેસી રહ્યો. એને તરત સમજાયું કે પોતે કરડાકી નહોતી કરવી જોઈતી. ન કરી હોત, તો શ્યામલાલના જવાબથી નિસ્તેજ થવાનો વખત ન આવત. સમયસૂચકતા વાપરી એણે સિગારેટની પેટી કાઢી અને વિનયથી શ્યામલાલને ધરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"થેંક્યુ." શ્યામલાલે કડક રીતે વિનય કરીને સિગારેટ લીધી. પછી તાકીને કલ્યાણ સામે જોયું. એ દૃષ્ટિમાં કલ્યાણને સ્પષ્ટ સૂચન હતું કે 'બોલો, અટકી શું ગયા ?'

મૌન ચાલુ રહ્યું. મેનાને થયું કે કલ્યાણ જો હવે કંઈ પણ બોલશે, તો શ્યામલાલના સપાટામાં આવી જશે, તેથી વાતાવરણમાં અનુકૂળતા આણવા તેણે પ્રયત્ન કર્યો.

"શ્યામલાલભાઈ, ડૉકટર કલ્યાણ પાંચેક વરસથી અહીં પ્રેકટીસ કરે છે."

"પહેલાં જોયેલા યાદ નથી." બેપરવાઈથી શ્યામલાલે કહ્યું.

કલ્યાણ એકદમ વ્હીસ્કી ગટગટાવી ગયો અને મેના તરફ જોઈ બોલ્યો :

"હું હવે જઈ શકું ? પછી ફોન કરીશ."

"કેમ એકદમ ? હા, સમજી. ઉતાવળનું કામ હશે. શ્યામલાલભાઈ, હું ડૉકટરને વળાવી આવું હોં. માફ કરજો." એટલું બોલી મેના ઊઠી.

"ગુડ બાય." એટલું કહી કલ્યાણે શ્યામલાલ તરફ નમ્રતાથી હાથ લંબાવ્યો.

"ગુડ બાય." ઠંડી રીતે હસીને શ્યામલાલે કલ્યાણનો હાથ પકડ્યો. પછી ઉમેર્યું : "ફરી મળીએ એમ ઇચ્છું છું."

મેના અને કલ્યાણ બહાર આવ્યાં.

"ઘણો ચબરાક માણસ છે. તમારી મૈત્રી મારાથી છૂપી રાખીને !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હાસ્તો. બધું કંઈ તમને કહેવાય?" એટલું બોલી મેનાએ કલ્યાણની ટાઈ સાથે રમત શરૂ કરી. પછી ઉમેર્યું: "દસ વાગ્યે ફોન કરજો હોં, નિકર હું નહિ બોલું."

"જરૂર." એટલું કહી કલ્યાણે ચારે તરફ નજર કરી અને મેનાનો ગાલ પંપાળી તે જલદી ચાલ્યો ગયો. મેના અંદર આવી.

"શ્યામલાલભાઈ, ડૉકટરથી કંઈ અવિનય થયો હોય, તો માફી માગું છું, હોં."

"તમારે માફી માગવાની હોય નહિ. એણે પણ કંઈ એવો ગુનો કર્યો નથી. એટલું જ કે આજકાલના વિલાયતથી પાછા ફરેલાઓને ખોટા ધખારા બહુ હોય છે. અલ્યા, હિંદુસ્તાનની ઋતુઓ એકધારી, આબોહવા પણ એકધારી, એમાં તે વળી 'O, isn't it warm? O, isn't it cold?' વગેરેનાં ભાષાંતરની ફિશિયારી શી?"

"પણ એ બધું હંમેશાં કાંઈ જાણી બૂઝીને નથી હોતું. ટેવનું પરિણામ પણ શું ન હોઈ શકે?"

"ટેવ ન સુધારવી, તે જાણીબૂઝીને જ ને?"

"હા, પણ ગુનો કંઈક ઓછો."

"ફાંસી ન દેવાય." શ્યામલાલે હસીને કહ્યું.

"તમારા શબ્દોના સકંજા કરતાં ફાંસી વધારે સારી." મેનાએ હસીને પતાવ્યું અને બંને હસતાં હસતાં થોડીવાર મૂંગાં રહ્યાં.

"આ તમારો મિત્ર છે?" શ્યામલાલે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા." મેનાએ ટૂંકો જવાબ આપ્યો. શ્યામલાલે વધારે ન પૂછ્યું. મેનાને લાગ્યું કે પૂછશે, પણ પોતે મનમાં ચાટ પડી. પછી પોતે જ પાછું ઉપાડ્યું :

"મને એ ગમે છે."

"ગમે એવો છે."

"સાત આઠ વરસ વિલાયતમાં ગાળ્યાં છે."

"બાપનાં દોઢિયાં ઠીક હશે."

"તમે કેટલાં ગાળેલાં, શ્યામલાલભાઈ?"

"પાંચ."

"ઓછાં નહિ."

"વધારે પણ નહિ."

"જરૂર પૂરતાં, કેમ?"

"કેટલીક જરૂર કરતાં વધારે, કેટલીક જરૂર કરતાં ઓછાં."

"કઈ જરૂર કરતાં ઓછાં?"

"અનુભવની."

"કઈ જરૂર કરતાં વધારે?"

"અભ્યાસની."

"ત્યારે કઈ જરૂર માટે પૂરતાં?" મેનાએ ટીખળ ચાલુ રાખ્યું.

"હિંદુસ્તાન પાછા ફરવાની." શ્યામલાલે હસીને પતાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સુધીરને કેટલું રાખશો ?"

"સુધીરને જરૂર લાગે તેટલું."

"જિંદગી જેટલી લાગશે તો શું કરશો ?" મેનાએ હસીને ચલાવ્યું.

"જિંદગી એની છે."

"પૈસા તમારા છે ને !"

"ખરચવાના એને છે ને !"

"તમને ઘણું એકલું લાગશે."

"યમુના વગર તમને લાગશે તેટલું."

"હું તમારી ખબર રાખીશ." મેનાએ ભાવથી કહ્યું.

"હું તમારો આભાર માનીશ.'' શ્યામલાલે પણ ભાવથી કહ્યું.

ઘડિયાળમાં આઠના ટકોરા થયા.

"સુધીર અને યમુના કેમ હજી આવ્યાં નહિ ?" મેના બોલી.

"ક્યાં ગયાં છે ?"

"ડ્રાઈવ ઉપર."

શ્યામલાલને સુધીર સાથેની વાત યાદ આવી. પદ્મા અને યમુનાના વિચારમાં શ્યામલાલ પડી ગયો. યમુના અને સુધીરની જોડી એનું મન સ્વીકારી શકતું નહોતું.

"એ એને બને છે ?" ચતુર શ્યામલાલે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, હમણાં તો સારું બને છે." મેનાએ શ્યામલાલ તરફ હસીને જવાબ આપ્યો.

"પદ્મા પણ યમુનાની દોસ્ત, કેમ?" શબ્દોની અસર માપવા શ્યામલાલ મેના તરફ જોઈ રહ્યો.

"શ્યામલાલભાઈ, એ બધાં કાચી ઉંમરનાંના ગમા-અણગમા પણ કેવા ચંચળ! આજે યમુના અને સુધીર જાણે શાંયે હેત વરસી જતાં હોય એમ વર્તે છે!" મેનાએ સૂક્ષ્મ ઇચ્છા સૂક્ષ્મ રીતે દર્શાવી.

"મગજની ચંચળતા." એટલું બોલી શ્યામલાલ મેના તરફ જોઈ રહ્યો.

શ્યામલાલના મોં ઉપરનો ભાવ પારખી, મેનાને એટલો સ્પષ્ટ નિશ્ચય થયો કે યમુના અને સુધીરના સંબંધની બાબતમાં શ્યામલાલને ઉત્સાહ નહોતો. કેમ એમ હશે?

એટલામાં સુધીર અને યમુના આવ્યાં. બંને જણાં આનંદમાં લાગતાં હતાં. મેના અને શ્યામલાલ એ બંનેને ધારીને જોઈ રહ્યાં. પછી મેનાએ બંનેને ઉદ્દેશીને કહ્યું:

"ચાલો, જલદી તૈયાર થાઓ. જમવાનો વખત થયો છે."

"મમી, આજે અમે ઘણે લાંબે ફરવા ગયાં હતાં." યમુનાએ ઉમંગથી કહ્યું.

"વાર થઈ એટલે લાગ્યું ખરું." મેનાએ પતાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨ મું - - 'દ્વિતીય રતિરહસ્ય'

ડૉક્ટર કલ્યાણ મેના અને શ્યામલાલ પાસેથી છૂટો પડીને દરદીને તપાસીને પોતાને ઘેર આવ્યો, અને નાહી પરવારી છાપું ઉઘાડીને વાંચવા બેઠો. ડૉક્ટરનો ફ્લૅટ સાદો છતાં સરસ હતો. એને શણગારવામાં મેનાનો ફાળો મહત્ત્વનો હતો. ડૉક્ટરનો રાંધનારો ગોવાનો એક ખ્રિસ્તી હતો અને કામ કરનારો એક મુસલમાન હતો. નાના સરખા ફ્લૅટમાં આ બે નોકરો અને એક સ્પેનીશ કૂતરો, એમ ત્રણ જીવ અને ચોથો ડૉક્ટર પોતે: એટલી વસ્તી હતી. ઉપરાંત, મેના તો નહિ છતાં હતી જ. નોકરો એને શેઠાણીની માફક માન આપતા અને "મેમ સાબ" થી સંબોધતા. મેના કોઈકવાર આખી રાત પણ ફ્લૅટમાં રહેતી અને બારણાં બંધ થતાં ત્યારે નોકરો એકબીજાને આંખ મારતા. કૂતરો પણ જાણે આ મશ્કરીમાં ભાગ લેતો ન હોય, તેમ પૂંછડી હલાવતો અને ખ્રિસ્તી નોકરની સાથે ગેલ કરવા મચી પડતો.

નવેક વાગ્યે થોડું જમી લઈ ડૉક્ટરે મેનાને ફોન કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેના ફોન ઉપર આવી. બંનેએ નક્કી કર્યું કે સાડા દસ વાગ્યે ડૉક્ટરના ફ્લૅટ ઉપર મળવું.

મેના તરફનું ડૉક્ટરનું આકર્ષણ અકથ્ય હતું. યુરોપી સ્ત્રીજગતમાં વસેલા અને ઘડાયેલા ડૉક્ટરને મેનામાં થયેલું આકર્ષણ સમજાતું નહોતું. એ બધીના મુકાબલે મેના કેવી હતી, તે પ્રશ્ન ડૉક્ટરની બુદ્ધિને મૂંઝવતો. મેનાનો દેખાવ સારો હતો, બુદ્ધિ પણ હતી, રસિકતા ઊંડી હતી, અને તે જેટલી ભાવનાશીલ હતી, તેટલી જ લંપટ હતી. આવી સ્ત્રી ડૉક્ટરના જિગરમાં સ્પર્શ કરી શકે, તે સ્વાભાવિક હતું અને જો કે તે અંતરમાં કબૂલ નહોતો કરતો, તો પણ સ્પષ્ટ જ હતું કે કલ્યાણ મેનાના પ્રેમમાં હતો. શરૂઆતમાં તેને એવી ભ્રાંતિ હતી કે પોતે મેનાને ખિલાવે છે, નચાવે છે, ચગાવે છે; પણ જેમ જેમ સંબંધ વધતો ગયો, દિવસો જતા ગયા, તેમ તેમ એના પ્રમાણિક હૃદયે સ્વીકારવા માંડ્યું કે આ સ્ત્રી તરફ પોતે ખૂબ જ આકર્ષાયેલો છે અને આ સ્ત્રી એક ખાલી ભેજાની, રખડેલ, આદર્શહીન, પૈસાદાર પ્રૌઢા નહોતી, પણ બુદ્ધિશાળી, ભાવનાશીલ, રસિક લલના હતી. મેનાની કોમળતાએ ડૉક્ટરનું હૃદય કબજે કર્યું અને ડૉક્ટરની નિખાલસતાએ અને પુરૂષત્વે મેનાને જીતી લીધી.

સાડા દસે મેના આવી. કલ્યાણે હસીને મેનાને આવકારી અને પ્રેમાળ મેનાએ પ્રિયતમનો હાથ જોરથી દબાવ્યો. યુગલ નિરાંતે બેઠું અને મેનાએ પ્રેમથી ડૉક્ટરને પૂછવું શરૂ કર્યું :

“ કલ્યાણ, કેમ એકદમ આવવું થયું ? ”

“ એકાએક કેસ આવી ચડ્યો. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને કેમ ટ્રંક કૉલ ન કર્યો?"

"ન કર્યો." બેપરવાઈથી હસીને કલ્યાણ બોલ્યો.

"ખબર આપ્યા વગર ઝડતી લેવા, ખરું ને?"

"એમ પણ હોય." કલ્યાણે હસીને કહ્યું.

"વિશ્વાસ ઓછો એટલે." મેનાએ કટાક્ષ કર્યો.

"એમ તો નહિ."

"ત્યારે?"

"મારો પ્રેમ બતાવવા."

"પ્રેમ બતાવવા અવિશ્વાસ બતાવવો, એમ?"

"હા. તે વગર તમને સ્ત્રીઓને પ્રેમની ખાતરી થતી નથી." કલ્યાણ અને મેના હસી પડયાં. કલ્યાણે મેનાને સોડમાં લીધી અને ગળા ઉપર ચુંબન કર્યું.

"ધારો કે હું બીજા માણસ સાથે બેઠી હોત, અગર બહાર ગઈ હોત તો?"

"એવી શંકા હોત, તો હું ખબર આપીને જ આવત." કલ્યાણ અને મેના હસી પડયાં. હસીને મૂંગાં થઈ ગયાં. મૌન દરમ્યાન બંનેએ સ્પર્શસુખ અનુભવ્યું.

"મેના, કેમ છો? શા વિચારમાં છો?"

"કલ્યાણ, જે ક્ષણે આત્મા આનંદ અનુભવે છે, તે ક્ષણ મહાન છે. તે ક્ષણનો વિલાસ જીવનનું અમૃત છે. એ અમૃતનો અસ્વીકાર કોણ કરે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોઈ નહિ. મેના, તમારી હાજરીમાં હું અસહાય બની જાઉં છું!"

"મારી તો તમે જ સહાય છો." મૃદુ હાસ્ય હોઠો ઉપર ફરકાવી મેના બોલી.

"મેના, તમે અને હું વિષયમુગ્ધ છીએ, પણ બુદ્ધિથી છીએ, એકલી લાગણીથી નથી. આપણે જે અનુભવીએ છીએ, તે બુદ્ધિથી આંકીને—બીજી રીતે નહિ."

"એ તો કોણ જાણે કલ્યાણ! પણ મને જે સંદેશો મળે છે, તે શરીરથી મળે છે. તમારી ભારેલી આંખો જ્યારે સળગી ઊઠે છે, ત્યારે મારા દિલમાં ઇશ્ક પ્રજળે છે અને મારું હૈયું ઊછળી આવે છે." મેના કલ્યાણને ધારીને જોઈ રહી અને મૃદુ હસી.

"અને મેના! તમારા હોઠ જ્યારે હસે છે, ત્યારે તેમને મળવા હું તલસું છું. શાંત રસિકતા ઉન્મત્ત લંપટતામાં પરિણામ પામે છે અને ઉન્મત્તતાના ઉછાળામાંથી તદ્રૂપતા જન્મે છે. મેના! ત્યારે બુદ્ધિની ડખલગીરી નથી ખમાતી." એટલું બોલી કલ્યાણ મેના તરફ જોઈ રહ્યો. બંનેએ આંખોથી કંઈક વ્યક્ત કર્યું.

"ડૉક્ટર! હાડ, માંસ, ત્વચા અને રુધિરનું લાસ્ય જ્યારે અનુભવીએ છીએ, ત્યારે બુદ્ધિ બુદ્ધિને ઠેકાણે રહે છે."

શિવ અને શક્તિના એકાદ કલાકના સાહચર્ય પછી અદ્વૈતમાંથી દ્વૈત પ્રકટ્યું અને શક્તિએ શિવને સંબોધી ઉચ્ચાર્યું:

"કલ્યાણ, શરીર સાથે અમુક દુઃખ તો સંકળાયેલું જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. શું નીતિમાન કે શું અનીતિમાન! બંને દુ:ખ તો અનુભવે જ છે."

"બરાબર છે."

"તો પછી જ્યાં અને જ્યારે શક્ય હોય, ત્યાં અને ત્યારે એ શરીરમાંથી આનંદ કેમ ન મેળવવો? આનંદની રડીખડી ક્ષણો અને વિસ્મૃતિની અલૌકિક મોજ, જિંદગીના એકંદર દુ:ખ અને વિષાદના રણમાં છૂટાંછવાયાં ઝાડ નથી શું?"

"હા, મેના હા. શરીરનો કંઈ ભરોસો નથી, અને હુંપણું કેટલું પરાધીન છે?"

"આપણે તે સમજીએ, છતાં આપણું ઘડતર, આપણી કેળવણી, એ બધું શારીરિક આનંદનાં જાણે કેવાં વિરોધી છે?"

"આપણું ઘડતર, આપણી કેળવણી આપણને શરીરના વિરોધીઓ બનાવે છે, તરંગી વિચારકો બનાવે છે, અને હાડમાંસને અવગણવામાં મહત્તા મનાવે છે."

"ડૉક્ટર, શરીર દેવ છે, એ પૂજનીય છે. આ હોઠ, આ વિશાળ બાહુ, અને એના સ્પર્શથી સાંપડતી નિદ્રાના પ્રભાવે તમારા વિશાળ સ્કંધ ઉપર મારું માથું ઢળવું એ બધાં સત્ય છે, અને એનો આનંદ પણ સત્ય છે. એ સત્ય છે, માટે નિર્દોષ છે, સંતોષજનક છે."

"મેના, એક વ્યક્તિ સાથેનો પ્રેમ બીજી વ્યક્તિ સાથેના પ્રેમથી કેવો જુદો છે, તે મેં અનુભવ્યું છે. બીથોવનનું સંગીત બાખના સંગીતથી નિરાળું છે, અને એ બંનેના સંગીતથી નિરાળું વાગ્નરનું સંગીત છે. પ્રેમીજન તો રેક્ત વાદ્ય છે. એ વાદ્યને વગાડો તેમ વાગે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે ઘણાં વાદ્ય વગાડ્યાં એટલે એ બધું સમજો. મેં તો સાધારણ તંતુ જ હલાવ્યાં છે; સંવાદી સૂરો તો તમારા વાદ્યમાંથી જ કાઢી શકી." મેના હસી.

"જેણે એક જ વ્યક્તિનો પ્રેમ અનુભવ્યો છે, તેણે જાણે એક જ જાતનું સંગીત સાંભળ્યું છે." કલ્યાણે હસીને સૂત્ર ઉચ્ચાર્યું.

"એકનો રસાસ્વાદ પૂરો કરીએ, તો જ ઘણું છે, કલ્યાણ! અનેકમાં વિસ્તારેલા પ્રેમ કરતાં એકમાં પચાવેલો પ્રેમ અધિક આનંદ આપે છે, એટલું ન જાણતા હો, તો હવે જાણો." એમ કહી મેનાએ કલ્યાણના વાળ ખેંચ્યા.

"આપ સાચાં, હું ખોટો. છોડો હવે." એમ કહી કલ્યાણે વાળ છોડાવ્યા.

રાત્રે બે વાગ્યાના સુમારે મેના ઘેર આવી, ત્યારે યમુના જાગતી હતી.

"મમી, તું બહુ મોડી આવી."

"હા. લગાર ડૉકટરને ત્યાં હતી."

"રાત્રે સાડા અગિયારના સુમારે શ્યામલાલભાઈનો ફોન હતો. મેં કહ્યું કે તું બહાર ગઈ છે. તેમને લગાર આશ્ચર્ય થયું."

"કેમ ફોન હતો?"

"જણાવવા કે આવતી કાલે તેમનો માણસ તને કહ્યા પ્રમાણે તપાસ કરવા જશે."

"ઠીક. બીજું કંઈ કહ્યું હતું?"

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના, પણ તું ક્યાં ગઈ છે, તે પૂછ્યું. મેં કહ્યું કે ડૉક્ટરને ત્યાં કે તેમની સાથે કંઈ હશે."

"બહાર ગઈ છે એટલું જ કહ્યું હોત, તો ચાલત."

"પણ મને ખબર હતી કે તું ડૉક્ટરને ત્યાં છે એટલે મેં કહ્યું." યમુનાએ સ્પષ્ટ કર્યું. મેનાને લગાર સંકોચ થયો. પછી યમુના તરફ ફરીને તેણે ધીરેથી કહ્યું:

"યમુના, તું જાણે છે કે હું અને ડૉક્ટર પ્રેમમાં છીએ?"

"હા, જો કે તેં મને કહ્યું નહોતું."

"પણ હવે હું કહું છું."

"તારી અને ડૉક્ટરની ઉમ્મરે પ્રેમ શું હશે, તે હું નથી સમજતી." યમુના લગાર હસી.

"અમારી ઉમ્મરની થઈશ, ત્યારે સમજીશ."

"મમી, મને હસવું આવે છે. સ્ત્રીને જે ઉમ્મરે ઓટ આવે, તે ઉમ્મરે તું ભરતી અનુભવે છે!"

મેનાએ યમુનાના ગાલે ચીમટો ભર્યો અને સહેજ હસી લઈ, મા અને દીકરી સૂઈ ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩ મું - - - - - - - - 'ચંદન'

પન્નાનાં માબાપ મરજાદી વૈષ્ણવ હતાં. ઠાકોરજીમાં રચ્યાપચ્યા રહેતા પન્નાના બાપ ઠાકોરલાલ પચાસેકની ઉમ્મરના હતા, રૂના મોટા વેપારી હતા અને પાસે લાખ્ખોનો જીવ હતો. પરોઢમાં નાહીધોઈ તૈયાર થઈ મંદિરમાં પેસી જતા અને ઠાકોરજીને જગાડતા. ઠાકોરજીને પણ આંખ ચોળીને જાગવું પડતું, વહેલું નાહવું પડતું. ઠાકોરજીને નવડાવતી વખતે અને વાઘા પહેરાવતી વખતે ઠાકોરદાસ મોઢું આડું કરી દેતા. પોતે ગોપી હતા એટલે ઠાકોરજીથી શરમાવું પડે ને! પછી "નંદ ઘેર આનંદ ભયો, જે કનૈયાલાલકી"ની ધૂન મચાવીને ખૂબ ભાવથી કરગરતા, કાલાવાલા કરતા. ત્રણેક કલાક આમ ઠાકોરજીની ધોવીછળ, વાઘા, શણગાર, ધૂન અને કાલાવાલામાં પસાર થઈ જતા. પછી ઠાકોરદાસ જંપતા અને ઠાકોરજીને જંપવા દેતા. રાતે ઝાંઝો વગાડતા, કરતાળ કૂટતા અને "થેઈ થેઈ થેઈ થેઈ, થાથા થાથા થેઈ થેઈ" કરતા ઠાકોરજી આગળ નાચતા. ઠાકોરદાસ આખા દિવસમાં પાંચ છ કલાક આમ ગાળતા, બે કલાક ભાગવત વાંચતા, અને બાકીનો વખત વેપાર કરવામાં ગાળી, થાકીને ઊંઘી જતા. છેલ્લાં દસેક વર્ષથી ઠાકોરદાસને ખાતરી થઈ ગઈ હતી કે પોતે ગોપી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઠાકોરદાસની પત્નીનું નામ ચંદન હતું. ચંદન પણ ભાવિક હતી. દેખાવે ભરાવદાર અને સશક્ત હતી અને ઊમ્મરે ચાળીસ વર્ષની હતી. પતિ સાથેના વર્ષોના સૂક્ષ્મ સંબંધથી (ગોપી થયા પછી ઠાકોરદાસ સ્થૂળ સંબંધમાં માનતા નહિ) ચંદનની ઊંડી રસિકતા કૃષ્ણની ભક્તિમાં પરિણમી છે અને તેણે સ્થૂલ સંબંધ ત્યજી કૃષ્ણ સાથેનો સૂક્ષ્મ સંબંધ વધાર્યો છે એવી ઠાકોરદાસની દૃઢ માન્યતા હતી. ચંદન સવારે મંદિરોમાં ઘૂમતી, મુખિયાજીઓને મળતી, અને ઠાકોરજીનાં જુદે જુદે વખતે જુદાં જુદાં દર્શન કરી કૃતકૃત્ય થતી. કૃષ્ણની આ પરમ ભક્તાણી કૃષ્ણની ભક્તિમાં લીન થતી ત્યારે પોતે રાધા છે એમ માનતી. પીતાંબરધારી પુરુષોત્તમ, જ્યારે તે ભાવસમાધિમાં હોય ત્યારે, એને આવીને ભેટતા, એની સાથે કેલી કરતા, અને સંતૃપ્તિના ઘેનમાં આવેલી ચંદન લવતી કે, "નાથ, તમારી મધુર મુરલી કયાં વિસરી ગયા ?" આજુબાજુનાં લોકો ચકિત થતાં. ઠાકોરદાસ હુડહુડ કરતા ઊભા થતા, પગે તોડા બાંધતા અને "થેઈ થેઈ થેઈ, થાથા થેઈ થેઈ થેઈ" શરૂ થતું. "રાધેશ્યામ"ની ધૂન શરૂ થતી. કોઈકવાર ચંદન કહેતી કે "આજે નાથ મને આવીને ભેટ્યા, મને ચગદી નાખી, અધરરસ પાયો અને મુરલી મારા હોઠે અડાડી." થઈ રહ્યું. ઠાકોરદાસ કેસરપુષ્પની માફક ઊભા થઈ જતા અને "દ્વારકાધીશ કી જે" નો હર્ષનાદ કરી હાથમાં ઝાંઝો પકડી લેતા અને "નંદ ઘેર આનંદ ભયો જે કનૈયાલાલકી"ની ધરખમ ધૂન થતી, અને "થાથા થેઈ" શરૂ થતું. પ્રોષિતભર્તૃકા નવોઢા વિરહિણીના માફક ચોધાર આંસુએ ઠાકોરજીની આગળ રુદન કરતા, ચત્તાપાટ અને ઊંધા પડી જતા. પછી ચંદન ભજન ગાતી અને દાસ પાછા ભાનમાં આવી જતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદનની સાથે તેની એક બહેન રહેતી. તેનું નામ શ્યામા હતું. શ્યામા રંગે શ્યામ હતી. મુખાકૃતિ ઘાટીલી અને મનોરંજક હતી. ભરાવદાર છતાં ઊંચી અને પાતળી હતી. ઉમ્મરે ચંદનથી બે વરસ નાની હતી. તીરછી નજરે જોતી, ત્યારે વશીકરણ કરતી. ચાળા રસિક હતા. તે જ્યારે ત્રીસ વરસની થઈ, ત્યારે તેનો રોગી ધણી ગુજરી ગયો. આડત્રીસ વર્ષની આ આકર્ષક વિધવા સ્વભાવે રમૂજી હતી, વૈષ્ણવ હતી, અને રસાસ્વાદની શોખીન હતી. વિધવા થયા પછી શ્યામા ચંદનની સાથે વરસમાં છ માસ ગાળતી. સાસરું સુખી હતું અને પૈસેટકે સુખ હતું. શ્યામાએ ધણીનું સુખ જોયું જ નહોતું. ધણી માંદલો, સળેકડી જેવો, અને નકામો હતો. સસરાની પાસે સારા પૈસા હતા અને તેમને છોકરો એકનો એક હતો એટલે શ્યામાને સાસરામાં સગાં-વહાલાંની ખટખટ નહોતી. સસરો ખર્યું પાન જેવો હજી હયાત હતો અને સાત્ત્વિક વૃત્તિનો હતો.

ઠાકોરદાસના ઘરમાં તેમનો ચાળીસેક વર્ષની ઉમ્મરનો નંદલાલ નામનો કારભારી હતો. પંદરેક વરસથી તે ઠાકોર-દાસને ત્યાં નોકરીમાં હતો. તદ્દન સામાન્ય સ્થિતિનો એક ચોપડા લખનારો છોકરો, ચાલાકી, હોશિયારી અને કુનેહથી ઠાકોરદાસની નોકરીમાં આવી, ઠાકોરદાસનો જમણો હાથ બની ગયો હતો. ઘરમાં અને બહાર નંદલાલનું કહ્યું થતું અને શેઠશેઠાણી ઉપરાંત શ્યામાના નંદલાલ ઉપર ચારે હાથના પરિણામે નંદલાલનું દબાઈ ગયેલું વ્યક્તિત્વ અને છુપાઈ રહેલો આત્મવિશ્વાસ અદમ્ય બની બહાર આવ્યાં. તે ઘરમાં અને બહાર ‘ નંદલાલભાઈ, નંદલાલભાઈ’ થઈ રહ્યો. નંદલાલમાં સાચા મહત્ત્વાકાંક્ષી મનુષ્યોની મદદે હોય છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો એક અસામાન્ય ગુણ હતો. તે તેની પ્રમાણિકતા. એ અસાધારણ પ્રમાણિકતાએ ઠાકોરદાસનો વિશ્વાસ એણે પ્રાપ્ત કર્યો અને એ સંબંધમાં એની સામે કોઈ ઊંચી આંખ કરી શકતું નહિ.

નંદલાલ રંગે શ્યામ હતો, ખાસ ઊંચો નહોતો, ભરાવદાર હતો અને ધારીને જોનારને લાગતું કે દુનિયાની સારી સારી ચીજોનો એને શોખ હશે. નંદલાલ ઠાકોરદાસને "દેવ" કહેતો, ચંદનને "દેવી" કહેતો, શ્યામાને "બહેન" કહેતો. નંદલાલની ઊંડી રસિકતા "દેવી"ને તથા "બહેન" ને આકર્ષતી. નોકરીની શરૂઆતમાં તે સારાં સારાં ગાયનો ધીરે સાદે લલકારતો, દેવીને સારુ કંઈ કંઈ સારી ચીજો બજારમાંથી લાવીને બતાવતો અને 'દેવીને આમ અને દેવીને તેમ' કરતો કરતો દેવીભક્તિમાં રાચતો. દેવીને ત્યાં દેવીની બહેન રોજ આવતી તેને જોઈ "બહેન" "બહેન" કરતો મોંમાં જીભ ઘાલતો નહિ અને "બહેન"ની પ્રગલ્ભ રસિકતાએ નંદલાલને એકાદ વરસની અંદર તો બહેનનો જ કરી મૂક્યો.

નંદલાલના આવ્યા પછી શેઠનો વેપાર ખૂબ વધ્યો અને ઉત્તમ વ્યવસ્થાના પરિણામે ઠાકોરદાસની જાહોજલાલી વધી. દેવી અને બહેન કૃષ્ણભક્ત ઠાકોરદાસને કહેતાં કે "નંદલાલનાં પગલાં કેટલાં સારાં છે!" ઠાકોરદાસ નંદલાલ ઉપર ખુશખુશાલ હતા. ઠાકોરદાસ ધીરે ધીરે કૃષ્ણભક્તિમાં વધારે રોકાયેલા રહેવા લાગ્યા, અને તે બાબતમાં દેવીએ પતિને નંદલાલના અનુમોદનથી સાથ આપ્યો.

નંદલાલ શ્યામાને ત્યાં જતો, તેનું તમામ પરચૂરણ કામકાજ પણ કરતો, અને રોગી, નિર્માલ્ય વરની પણ બને તેટલી સેવા ઉઠાવતો. શ્યામા નંદલાલને જમાડતી, ચા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાતી, કોઈક વખત તેને 'લાલજી' કહી સંબોધતી, અને કંઈક રસિક ચાળો પણ કરી નાખતી. લાલજી, "બહેન હું તમને મારીશ" કહી હસતો હસતો ધોલ મારવા હાથ ઉગામતો અને બહેન, "ના ના ના, લાલજીને વાગે" એમ બોલી વારવા જતાં.

નંદલાલ શેઠના ઘરમાં આવ્યો, ત્યારે શેઠને પ્રજામાં પદ્મા એકની એક દીકરી હતી. શેઠ અને શેઠાણીના કોઈ અકસ્માત ક્ષણના સંબંધનું એ પરિણામ હતું. શેઠના શરીરની સ્થૂલતા ધીરે ધીરે વધતી ગઈ અને સ્થૂલ સંબંધની નહિ જેવી વાસના પણ શેઠના ગોપીભાવ પામ્યા પછી તદ્દન ક્ષીણ થઈ ગઈ હતી તેથી, વંશવૃદ્ધિ ત્યાંથી જ અટકી પડી હતી. શેઠને અને ચંદનને કદી કદી પુત્રની ઇચ્છા થતી ખરી, પણ ચંદનની સાથે એકાંતમાં થોડીવાર રહેતા એટલે શેઠને ગોપીભાવ જાગૃત થઈ આવતો અને ભાવાવેશમાં આવી જઈ તે ચંદનને ભૂલી જતા, અને "ચિત્ત મારું ચોરે રે વ્રજરાજ, હું તો બીજું કાંઈયે ન માગું મહારાજ" એવું લલકારતા.

નંદલાલને આવ્યે બે ત્રણ વર્ષ થયાં હશે, ત્યારે શેઠના ઘરમાં આવી સ્થિતિ હતી. નંદલાલ રસિક હતો, એટલો જ ચતુર હતો.

"આપને ત્યાં પુત્રની પધરામણી થાય, એટલી ભગવાનને પ્રાર્થના" એવું શેઠ અને ચંદનની હાજરીમાં મીઠું છતાં માર્મિક બોલતો, ચંદન તરફ તીરછી નજર નાખતો, અને ચંદનનો ભાવ વાંચતો. ચંદનની આંખમાં ભારોભાર ઇચ્છા જણાતી. શેઠજી આંખો બંધ કરી દઈ કૃષ્ણનાં બેચાર નામો ઉચ્ચારતા.

એક દિવસ નંદલાલ અને ચંદન એકલાં બેઠાં હતાં. નંદલાલને મોકો મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ચંદનબહેન ! આજથી મેં નક્કી કર્યું છે કે આપને મારે 'દેવી' કહી સંબોધવાં અને શેઠને 'દેવ' કહેવા." નંદલાલે કહ્યું. ચંદન હસી પડી.

"નંદલાલ, તમારી દેવી ઘણી ખુશી છે."

"દેવનું શું ?"

"એ કેમ ખુશી ન હોય ? એમના તો તમારી ઉપર ચાર હાથ છે. ચાર હાથવાળો તમારો રક્ષક છે."

"અને દેવી મારું સ્મરણ નહિ કરે ? દેવિ ! કઈ ઉપાસનાથી આપનો દાસ આપની સેવા કરે ?" નંદલાલના મોં ઉપર કંઈક આવેશ હતો, કંઈક વિનોદ હતો, કંઈક ગાંભીર્ય હતું. ચંદનને થયું કે ધારી અસર થઈ છે.

"એ તો બરાબર છે. શક્તિની ઉપાસના વગર કંઈ શિવ પ્રસન્ન થાય ? દેવીની ઉપાસના વગર કંઈ દેવ પ્રસન્ન થાય ? પણ કેવી રીતે ઉપાસના કરવી એ તો ભકતજને જ નક્કી કરવું પડે." ચંદન હસી. હાસ્યમાં રાગ હતો.

નંદલાલ થંભી ગયો, જોઈ રહ્યો, અને ક્ષણમાં હીંચકે બેઠેલી ચંદનનો હાથ પકડી "દેવિ ! દેવિ ! મારાં દેવિ" એમ આવેશથી બોલીને, બે હાથથી ચંદનનું માથું પકડી લીધું. ચંદન નંદલાલ તરફ જોઈ રહી. નંદલાલને લાગ્યું કે તે દૃષ્ટિમાં મમત્વ હતું, રાગ હતો, મસ્તી હતી.

"દેવિ ! કાલથી હું આપની પાસે જ રહું, આપને ત્યાં જ રહું, એવી વ્યવસ્થા કરો. તમને દૃષ્ટિમાં રાખી હું કૃતકૃત્ય થઈશ. તમારાં દર્શનનો વિયોગ નથી સહેવાતો." નંદલાલે પ્યાદું બેસ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નંદલાલ, હું એમને કહેવાની જ હતી કે એકલવાયા નંદલાલને આપણે ત્યાં જ રાખો. પણ તમે પોતે જ મને કહ્યું, એટલે હું આજે જ એમને કહીશ. નંદલાલ, તમે તો અમારા કુટુંબી જેવા છો. તમારે જુદું રહેવાનું ન હોય. બહુ એકલું લાગતું હશે, કેમ?" ચંદને સરળ રસ્તો વધારે સરળ કર્યો, અને મધુરું હસી.

"હા. જીવનમાં કંઈ જ ચેન પડતું નથી. તમને જોઉં છું, અને આ ઘરમાં હોઉં છું, ત્યારે લાગે છે કે મારે કંઈ જીવન છે. દેવિ! તમે કેટલાં અલૌકિક, કેટલાં વહાલસોયાં, કેટલાં મમતાળુ છો! મારાં દેવિ!" એમ કહી ચંદનના હાથ પોતે આંખે અડકાડ્યા, હૃદયે દાબ્યા.

બીજા દિવસથી નંદલાલ સરસામાન સાથે શેઠને ઘેર આવ્યો. શેઠ અને શેઠાણી ખુશી હતાં. સેવાના ઓરડાની એટલે કે મંદિરની બાજુનો ઓરડો નંદલાલને મળ્યો. ઠાકોરજીની પૂજા અને દેવીની આરાધના સાથે સાથે થશે એવો અદૃષ્ટ સંકેત નંદલાલને સમજાયો.

નંદલાલ શેઠને ઘેર આવ્યો ત્યારથી શેઠના ઘરનું સૂત્ર ધીરે ધીરે એના હાથમાં આવ્યું. ધીમે ધીમે નંદલાલનો પડછાયો આખા ઘરમાં પ્રસર્યો અને ચંદનનો પ્રિય અને શેઠનો વિશ્વાસુ નંદલાલ ઘરનું મુખ્ય અંગ થઈ પડ્યો. 'નંદલાલ' મટી તે 'નંદલાલભાઈ' થયો. શેઠનો વેપાર, શેઠનું ઘર, શેઠની સ્ત્રી, શેઠની સાળી, બધું નંદલાલના હાથમાં આવતું ગયું.

નંદલાલને આવ્યે કેટલોક વખત થયો એટલે ચંદને વાત કાઢી.

"નંદલાલ! ગમે છે ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દેવિ, હજી સ્વર્ગનાં દ્વાર આગળ છું." નંદલાલે માર્મિક વિનોદ કર્યો.

"કેમ! દ્વાર ખુલ્લાં નથી?" ચંદને પ્રશ્ન કર્યો.

"સ્વર્ગ સુધી આવનાર કંઈ અંદર ગયા વગર રહેવાનો છે? અને સ્વર્ગની દેવીને પૂછ્યા વગર કંઈ અંદર ધસાય છે?" નંદલાલે આંખ મિચકારીને ચંદન તરફ જોયું.

"દેવીને અટકાવવા હોત, તો દ્વારથી જ બહાર કાઢત." ચંદને ભ્રૂકટાક્ષથી કહ્યું.

"કબૂલ. પણ દાસ તો દેવી જેમ દોરે તેમ દોરવાય. દાસને દેવી દર્શન દે અને દાસને સ્વીકારે, તો દાસ વધારે કૃતકૃત્ય થાય. દાસ તો દેવીની સેવામાં મંદિરની બાજુમાં જ પડ્યો છે ને?"

"દેવીની ઉપાસના બરાબર કરનાર ઉપર દેવી જરૂર પ્રસન્ન થાય જ."

"દાસ તો અઠવાડિયાથી ઊંઘતો નથી અને પડ્યો પડ્યો દેવીને તલસે છે. એને વિશ્વાસ છે કે દેવી પ્રસન્ન થશે જ." ધૃષ્ટ નંદલાલે પૂરું કર્યું.

સત્તાવીસ અઠ્ઠાવીસ વરસની યુવાન ચંદન માથાની વેણી સમારતી, આંખો નચાવતી ઊભી. સ્તન ઉપરનો છેડો ખસી ગયો તે ઢાંક્યા વગર તેમનો તેમ રાખી તેણે તે તરફ નંદલાલની દૃષ્ટિ આકર્ષી. નંદલાલ સમજી ગયો. ચંદને ભ્રૂકટાક્ષ કરી ચાલવા માંડ્યું. ત્રણેક ડગલાં આગળ ભરી સહેજ પાછળ જોયું. પછી ચાલી ગઈ.

તે રાત્રે બે વાગ્યાના સુમારે નંદલાલના બારણા ઉપર ટકોરો થયો. નંદલાલે ઝબકીને બારણું ઉઘાડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અહો, દેવિ!" નંદલાલથી સાનંદાશ્ચર્ય બોલાયું.

"કેમ, દેવીની આરાધના કેવી ચાલે છે? હું લગાર જોવા આવી છું કે આરાધના કરતા હતા કે ઊંઘતા હતા?"

"દેવિ! જગદંબે! આ દાસની આવી ક્રૂર મશ્કરી! દેવીની આરાધના શ્વાસપ્રશ્વાસે થઈ રહી છે. દાસને ખાતરી જ હતી કે દેવી આજે પ્રસન્ન થશે. પધારો, રંકની સેવા સ્વીકારો, અને મારા રંકનું આપ ધન બનો." નંદલાલે આત્મવિશ્વાસથી કહ્યું.

ચંદન અંદર દાખલ થઈ. અંબોડાને સંકોરવા હાથ ઊંચો કર્યો અને સ્તન ઉપરથી ખસેલા છેડા તરફ દૃષ્ટિ નાખી. છેડો ઢાંક્યો નહિ. ક્ષણ એમ જ ઊભી રહી. નંદલાલ પણ એમ જ ઊભો રહ્યો. અનંગના આવેશથી બંને અવાક્ હતાં, એટલામાં નંદલાલનો માર્ગ સીધો કરવા ચંદને મસ્તીથી ઉચ્ચાર્યું:

"કેમ, તમારી દેવી હવે અંતર્ધાન થાય ને?"

નંદલાલે એકદમ દ્વાર બંધ કરી દીધું અને મસ્તીમાં બોલ્યો:

"દેવીને જવાનો માર્ગ હોય તો. પરંતુ હૃદયમાં પુરાયેલી દેવી ક્યાંથી જશે?" એટલું કહી નંદલાલે ચંદનને બે હાથે વીંટી લીધી.

"દેવિ! દાસથી આટલું અંતર?"

"દાસે ધૈર્ય કેળવવું ઘટે. ધીરજનાં ફળ મીઠાં."

ચંદનની સુંદર છાતી વિષયમુગ્ધ નંદલાલે જોયા કરી. ચંદને નંદલાલને ગાલે ચીમટો દીધો. નંદલાલે ચંદનના હોઠે દાંત મારવા યત્ન કર્યો એટલે ચંદને તેને વાર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દેવીને ઈજા થાય અને દાસ ઉપર દેવીના દેવ કોપે" એટલું તે બોલી ન બોલી, તે પહેલાં તો દાંત બેસવાથી હોઠની લાલી દીપી ઊઠી.

મન્મથના અદમ્ય આવેગને કશું અણમાનીતું નથી. હસતી, ખેલતી, લાડતી ચંદન નંદલાલની સોડમાં બે કલાક પડી રહી. પરોઢના ચારેકના સુમારે બાજુના મંદિરમાં ઠાકોરદાસ પૂજા કરવા આવ્યા. દેવને નવરાવી રહ્યા એટલે ચંદન ખોળવા ગયા, કેમકે દેવને ચંદન લગાડવાનું હતું. ચંદન નહોતું. શું થાય? ઊંઘતી ભાર્યાને કંઈ ઊઠાડાય? સાળી પણ ઊંઘતી હશે. દેવનું શું થશે? પછી શેઠને તરત વિચાર આવ્યો. 'હા, બરાબર. નંદલાલ બાજુમાં જ છે અને વહેલો ઊઠનારો છે. જાગ્યો હશે. લાવ ઘાંટો પાડું.'

"નંદલાલ!" શેઠે ધીમો સાદ કર્યો.

"જી." નંદલાલે ધીમેથી ઉત્તર વાળ્યો. આશ્લેષમાં પડેલી ચંદન સ્થિર થઈ ગઈ. બંનેના શ્વાસ ઘડી બંધ પડ્યા.

"તમારા ઓરડામાં ચંદન છે?" ઠાકોરદાસે પૂછ્યું. બે ક્ષણ નંદલાલ અને ચંદન વિચારમાં પડી ગયાં. ચંદન ગભરાઈ, પણ તરત સમજી ગઈ કે શેઠને શું જોઈએ છે. નંદલાલને તેણે કાનમાં કહ્યું કે દેવનેં લગાડવાનું ચંદન જોઈએ છે એટલે હા કહો. નંદલાલનો શ્વાસ નીચે બેઠો.

"હાજી, કેમ વારુ?"

"અહીં ચંદન નથી. લગાર આપી જાઓ ને?"

"હાજી આપી જાઉં છું."

"લગાર જલદી કરજો. ઠાકોરજી ટાઢે મરે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હમણાં જ."

પાંચેક મિનિટ પછી ઠાકોરદાસે ફરી પાછો સાદ કર્યો :

"નંદલાલ!"

"જી."

"તૈયાર!"

"ના જી."

"જલદી કરો ભાઈ, જલદી."

"હા જી."

"ઠાકોરજી ટાઢે ઠૂંઠવાય છે."

ઠાકોરજીને તો બીજી પાંચેક મિનિટ ઠૂંઠવાવું પડ્યું. નંદલાલ ઠાકોરજી માટેનું ચંદન શેઠને આપવા ગયો, ત્યારે શેઠે ઠાકોરજીને પોતાની ગરમ શાલ ઓઢાડી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪ મું - - - - - - - 'શ્યામા'

નંદલાલને ઠાકોરદાસને ત્યાં રહે એકાદ વર્ષ વીત્યું તે દરમિયાન શ્યામાની સાથે નંદલાલને ઠીક બેસતું આવી ગયું. ચંદનની સાથે નિકટ સંબંધ પછીથી થયો. શ્યામા ચંદનને ત્યાં રોજ આવતી જતી અને બે બહેનોને ઘણું જ સારું બનતું.

શ્યામાએ ધણીની સાથે કદી સંબંધ સેવ્યો જ નહોતો અને સાસરામાં તેને ખાસ રસ રહ્યો જ નહોતો. ધણી દમિયલ અને નમાલો હતો પણ પૈસેટકે સુખી હતો એટલે માબાપે શ્યામાને તેને પરણાવવામાં વાંધો ન જોયો. વળી સાસુ કે નણંદો નહોતી અને સસરો એકલો હતો, એટલે દીકરી સુખી થશે, એમ પણ ધારેલું. પરણાવાને પંદર સોળ વર્ષની શ્યામાને સાસરે વળાવી. ધણીની સાથે મેળ ખાય તેમ હતું જ નહિ, છતાં એકાદ બે વરસ શ્યામાએ સાસરે ગાળ્યાં. પછી એકાદ વરસ પિયર રહી. વળી પાછી ધણીની ધમકીઓથી માબાપે સાસરે મોકલી અને બે વરસ રહી, ત્યાં ધણીને દમનો રોગ વધતો ગયો, અને જીર્ણ તાવ પણ લાગુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડ્યો. ઘણી સારવારે અને ઘણા ખરચે શ્યામાના વરને કંઈક સારું થયું અને એકાદ વરસ હવાફેર કરાવી. આમ ને આમ શ્યામાની ઉમ્મર વીસ એકવીસ વર્ષની થઈ.

દેખાવડી શ્યામાને આ જ ઉમ્મરના અરસાના એક યુવાનની સાથે ઓળખાણ થયું. શ્યામાના મકાનની બાજુમાં જ એક કુટુંબ રહેવા આવ્યું. કુટુંબનો વડો, જે એક વેપારી હતો તે, તેની સ્ત્રી, અને એક બાવીસેક વરસનો છોકરો એટલાં હતાં. આ કુટુંબને અને શ્યામાના કુટુંબને દિવસે દિવસે પરિચય વધ્યો. એકબીજાને ત્યાં વાનગીઓની આપલે થતી, અને કોઈક વાર મળવાનું પણ થતું.

પેલો યુવાન શ્યામાથી એકાદ બે વરસ મોટો હતો અને મેડીકલ કૉલેજમાં ભણતો હતો. સ્વભાવે તે ગંભીર, વિનયી અને નમ્ર દેખાતો. આ યુવાન ઉપર શ્યામા મોહી પડી. રોજ બારીએથી તે યુવાનને તે જોતી, હાથ ઊંચા કરીને અંબોડો ઠીક કરતી, અને એક હાથ ઊંચો રાખી, બારી ઉપરની ઈસ પકડી, બીજો હાથ કમર ઉપર ટેકવતી. સાડીનો છેડો કદી છાતી ઉપર રહેતો નહિ. યુવાન પોતાના અભ્યાસ-ખંડમાંથી આ દૃશ્ય જોતો અને અભ્યાસમાં ચિત્ત રાખવાનું એને માટે મુશ્કેલ બનતું. શ્યામાના ચેનચાળાની અસર પોતાના ઉપર નથી થઈ એમ બતાવી યુવાન ચોપડીમાં મોં ઘાલી દેતો, પણ ચિત્ત ચોંટતું નહિ. રોજ નિયત સમયે શ્યામા બારીએ આવતી, હાથ ઊંચા રાખી ઊભી રહેતી, અંબોડો બાંધેલો છોડતી, છોડેલો બાંધતી, તંગ ચોળી પહેરતી અને છેડો છાતીએ રહેવા નહોતી દેતી. બારી પાસે પાંજરામાં એક સુંદર પોપટ પાળ્યો હતો. તેને હોઠથી ચુંબનોનો સંકેત કરતી અને બચકારા બોલાવતી. પછી બે હાથ એકમેકમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂંથી, પેટ ઉપર લબડતા રાખતી. અને છેવટે એક હાથે છાતી સહેજ વલૂરી ન વલૂરી કરી યુવાન તરફ દૃષ્ટિનો કટાક્ષ ફેંકી સરી જતી.

ઘણો વખત આમ ચાલ્યું. યુવાન વિહ્વલ થતો જતો હતો. એક દિવસ શ્યામા બારી આગળ આવી. શ્યામા ઊભી રહી તે તરફ યુવાને દૃષ્ટિ ફેંકી. શ્યામાએ ચાળો કર્યો અને પોપટને બચ્ચી કર્યાનો બચકારો બોલાવ્યો. પછી યુવાનને હસીને ઇંગિત કર્યું. યુવાને તે જોયું. ચોપડી ચોપડીને ઠેકાણે રહી અને તે શ્યામાના ઘર પ્રતિ ચાલ્યો. નોકરે બારણું ઉઘાડ્યું અને યુવાને પૂછ્યું કે શેઠાણી ક્યાં છે? નોકર શેઠાણીને ખબર આપે તે પહેલાં તો શેઠાણી નીચે આવી જ ગયાં હતાં. શ્યામાને જોઈને યુવાન સહેજ ખચકાયો, અને કંઈ ન સૂઝ્યું એટલે નીચે પ્રમાણે બોલ્યો :

"આપનો પોપટ છે, એવો પોપટ અમારે જોઈએ છે. આપ ક્યાંથી લાવ્યાં?"

શ્યામા સમજી ગઈ કે પાસા પોબાર છે.

"આવો ને! કંઈ ઊભે ઊભે વાત થાય?" શ્યામાએ હસીને વિવેક કર્યો.

યુવાન અંદર આવ્યો. સસરો અને વર બહાર ગયા હતા. લાગ ઠીક હતો. બેસવાના ઓરડામાં બેસાડી, થોડી વાર આંખો નચાવી, શ્યામા યુવાનને પોપટવાળા ખંડમાં લઈ ગઈ. બંને થોડું હસ્યાં.

"તમે મને બહુ ગમો છો." યુવાનથી લાંબુ ન રહેવાયું એટલે એણે શ્યામાને ઉદ્દેશીને શરૂ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાક ઉપર આંગળી મૂકી શ્યામાએ ઝીણી સિસોટી વગાડી.

“ પરણેલી છું મહેરબાન! મારો ધણી મારી નાખે.” એટલું કહી શ્યામાએ યુવાનના ગાલ ઉપર ધીરી ટપલી મારી. યુવાને શ્યામાને છાતી સરસી ચાંપી દીધી અને ચાર નેત્રોએ મૈત્રી સ્વીકારી.

“ સાંજે મળીશું ?” યુવાને પૂછ્યું.

“ ક્યાં ?” અસહાય યુવતીએ સામું પૂછ્યું.

“ ક્યાં ?” યુવકે પ્રતિઘોષ કર્યો.

“ ઉં–ઉં–ઉં—ક્યાં ?” વિરહિણીના આર્દ્ર સ્વરે યુવતીએ નિરાશા વ્યક્ત કરી, અને યુવાનનું માથું ખંજવાળ્યું.

છેવટે નક્કી થયું કે યુવાન જ્યારે ઇશારો કરે, ત્યારે યુવતીએ બહાર આવવું. હાંફતો હાંફતો યુવાન નીચે ઊતરી ગયો. શ્યામાનો આનંદ માતો નહોતો.

બીજે દિવસે યુવાને બારી આગળ શ્યામાની રાહ જોઈ. થોડી વારે ઉત્કંઠિતા યુવતી બારીએ આવી. યુવાનો ઇશારો કર્યો અને બહાર વાટ જોતો આઘે ઊભો. શ્યામા આવી. યુવાને અને એણે નક્કી કર્યું કે રાત્રે નવેક વાગ્યે રસ્તામાં મળવું. બંને છૂટાં પડ્યાં.

યુવાને માતાપિતાને કહ્યું કે પોતે રાત્રે મિત્રને ત્યાં વાંચવા જવાનો છે. શ્યામાએ પિયરનું બહાનું કાઢ્યું. સંકેત પ્રમાણે બંને મળ્યાં. યુવાને પોતાની મોટર શહેરની બહાર ઘણે દૂર એકાંત જગાએ મારી મૂકી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે કેમ આટલા વહાલા લાગો છો?" શ્યામાએ પૂછ્યું.

"તમે જાણો." યુવકે કહ્યું.

"આટલા માટે." એમ કહી શ્યામાએ યુવકને ચુંબન કર્યું.

અગિયાર વાગ્યે બંને પાછાં ફર્યાં. બીજે અઠવાડિયે પાછાં એ જ વખતે મળવાનાં હતાં.

તે રાત્રે શ્યામા વારંવાર પાસાં ફેરવ્યા વગર ઘસઘસાટ ઊંઘી શકી, અને યુવક પણ ખૂબ જ ઘસઘસાટ ઊંઘ્યો. બીજે દિવસે સવારે એનું મન અભ્યાસમાં બરાબર ચોંટયું; શ્યામા પણ બારીએ ન આવી.

આ સંબંધ એકાદ વરસ ચાલ્યો. શ્યામા યુવાનમાં તદ્દન મુગ્ધ હતી. યુવાનને મન શ્યામા પોતાનું સર્વસ્વ હતું. બંનેને સમજાતું નહોતું કે આ સંબંધને કાયદેસર શી રીતે કરવો.

"તારા વગર કેમ રહેવાશે?"

"હું તને છોડું તો ને!"

"છોડેલી જ છે ને. ક્યાં તારી છું?" શ્યામાએ યુવકને ગાલે ધીમો તમાચો મારી કહ્યું.

"ત્યારે કોની છે, કમબખ્ત?" યુવકે શ્યામાનાં ઝુલ્ફાં પકડ્યાં.

"પેલાની વળી. કંઈ ના કહેવાશે?" રોતે અવાજે શ્યામા બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને પાસ થઈ જવા દે. ત્યાં સુધીમાં તારો 'પેલો' ગુજરી નહિ ગયો હોય, તો હું તને લઈને નાસી જઈશ." યુવકે બહાદુરીથી કહ્યું.

"બીચારો! એને એ જોવું પડે એના કરતાં એના સદ્‌ભાગ્યે હું વિધવા થાઉં, તો સારું." શ્યામા હસી.

લગભગ દર વખત આવા તેવા ગાંડાઘેલા અને ઉન્મત્ત વાર્તાલાપ થતા, અને એકબીજાને ખૂબ વહાલ થતાં.

યુવક પરીક્ષામાં સારી રીતે પસાર થયો અને તેને ઇંગ્લંડ જવાનું નક્કી થયું. યુવકને જવાનો હર્ષ હતો, તેથી વિશેષ શ્યામાને છોડવાનો શોક હતો.

"મને વચન પ્રમાણે હવે લઈને નાસી જા શ્યામાએ ટકોર કરી.

"તું કહે તો હું ન જાઉં. પણ હું તને વિલાયત શી રીતે લઈ જાઉં? મારી સાથે તું શી રીતે આવી શકશે?" યુવકે નિઃશ્વાસ મૂકચો.

"કંઈ નહિ, મારું નસીબ. તું આવીશ ત્યાં લગી રાહ જોઈશ; તું જરૂર જા." શ્યામાએ મૃદુતાથી કહ્યું.

"પેલાના ગુજરી ગયાનો તાર કરવો ભૂલતી નહિ હોં!" યુવકને છાજે તેવી નાદાન મજાકથી તે બોલ્યો.

યુવકે તે રીતે શ્યામાને ખૂબખૂબ પ્રેમ કર્યો.

છેવટે યુવક વિલાયત ઊપડચો. સંકેત પ્રમાણે કાગળો લખવાનું વચન હતું અને એક મિત્રની મારફતે શ્યામાને કાગળો મળવાના હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુવકે એક કાગળ એડનથી લખ્યો. તેમાં "મારી વહાલી અધીરી પ્રિયતમા" અને "તારો જ, તારો જ, તારો જ સદાનો ગુલામ" એ બે વચ્ચે બસોત્રણસો લીટીઓમાં અનેક ઊભરા હતા.

બીજો કાગળ પોર્ટસૈડથી હતો. તેમાં "મારી જ હમેશાંની હૃદયેશ્વરીને" "તારા જ પ્રેમભૂખ્યા પ્રિયતમે" સો લીટીનું ઊર્મિકાવ્ય અડધું ગદ્યમાં ને અડધું પદ્યમાં મોકલ્યું હતું.

ત્રીજો કાગળ માર્સાઇથી હતો. તેમાં "તારા" એ "મારી" ને ત્રીસ લીટીમાં સંભારી હતી.

છેલ્લો કાગળ લંડનથી હતો. તેમાં લખ્યું હતું કે "હું આવી પહોંચ્યો છું અને એકાદ અઠવાડિયામાં નિરાંતે તને લાંબો કાગળ લખીશ. અધીરી ન થતી."

શ્યામાએ ચાતકની માફક કાગળની રાહ જોયે રાખી, પણ કાગળ ન આવ્યો. અઠવાડિયું થયું, મહિનો થયો, બે મહિના થયા, ત્રણ થયા. શ્યામાએ દસેક કાગળો લખ્યા. છ મહિના થયા. શ્યામાનું અખૂટ ધૈર્ય એમ ખૂટે તેમ નહોતું. શ્યામાએ બીજા દશ કાગળો લખ્યા. બાર મહિના થયા. શ્યામાનું ધૈર્ય ખૂટ્યું. તે ખૂબ જ રડી, છાતીફાટ રડી, મુક્કીઓ વાળી.

"સાળા, ધુતારા, નિર્લજ્જ, જૂઠા!" અસહાય વેદનાથી તે બબડી. પછી ખડખડાટ હસી પડી. બહેનને ત્યાં ગઈ. હૃદય ખાલી કર્યું. બહેને અશ્વાસન આપ્યું. વાત ખાનગી રાખી. બે બહેનો બે માસ સાથે રહી. આ વખતે બહેનના વરનો મુનીમ નંદલાલ તાજો તાજો નોકરીમાં આવ્યો હતો.

તે બે મહિનામાં શ્યામાએ પેલા યુવાનને અંતરમાંથી ઝૂડીઝાપટીને સાફ કરી નાખી ભૂતકાળના કચરામાં ફેંકી દીધો.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫મું 'લાલજી, દેવી અને બહેન'

નંદલાલને ધીમે ધીમે દેવીની કૃપા તો સાંપડતી ગઈ. દેવીની આરાધના યુવાન અને શોખીન નંદલાલ નિયમિત કરતો અને યથેચ્છ સંતોષ મેળવતો. દેવી પણ સંતુષ્ટ રહેવા લાગી અને વૈષયિક તૃપ્તિએ અને કૃષ્ણભક્તિએ ચંદનના શુષ્ક અને નીરસ જીવનમાં રસ અને રસિકતા આણ્યાં.

શ્યામાનું મગજ ધીરે ધીરે સ્થિર થતું ગયું, યુવક ભુલાતો ગયો, અને એકાદ વરસમાં તો સુંદર શ્યામાની આંખો રસભૂખી, મદનતરસી, ચારે તરફ ફરવા લાગી. મદોન્મત્તા તરુણી રસિક લંપટા હતી. એને જીવન જીવવું હતું, જીવનની ભૂખ હતી, અને એનું મનોહર સ્ત્રૈણ સંતૃપ્તિ શોધતું હતું. પતિ તો રોગી, દમિયલ, નકામો હતો, જ્યારે શ્યામાનું તારુણ્ય પૂરબહારમાં ખીલેલું હતું, શરીર તૂટું તૂટું થતું હતું, અને રાત્રે અંગેઅંગમાં મન્મથ ચૂંટીઓ ખણતો. સશક્ત, મદમસ્ત શ્યામાને જીવન છૂંદીને તેના નૈરાશ્યમાંથી ભાવનાની ઇમારત નહોતી રચવી. એના સ્વભાવની ઊંડી રસિકતા અતૃપ્તિમાં સંતોષ સ્વીકારે તેવી નહોતી, પરંતુ સંતૃપ્તિના ઘેનમાં મસ્ત રહેવાનું પસંદ કરતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાની મોટી બહેનને ત્યાં શ્યામાની બેઠક રોજ હતી. બંને બહેનો સ્વભાવે જુદી છતાં બંનેને એકમેક ઉપર લાગણી હતી. ચંદન ઠરેલ, ડાહી, શાણી અને રસિક હતી. શ્યામા મત્ત, મશ્કરીખોર, ટીખળી અને રસિક હતી. નંદલાલ બંને બહેનોને રીઝવતો, બંનેનો થઈ રહેવા પ્રયત્ન કરતો. ચંદન નંદલાલ સાથે સંબંધ રાખતી, પરંતુ શ્યામા તો સંબંધ અને ગાઢ મૈત્રી બંને રાખતી. શ્યામા નંદલાલની અને નંદલાલ શ્યામાની વધારે અને વધારે નિકટ આવતાં ગયાં.

નંદલાલ નોકરીએ ચઢ્યો ત્યારે શ્યામાને, આપણે જોઈ ગયા તેમ, પ્રેમનો આઘાત થઈ ચૂક્યો હતો. આઘાતને પરિણામે અને પરિણિત જીવનની કરુણતાએ શ્યામાની મૌલિક રસિકતામાં એક જાતની બેપરવાઈ, બેફિકર અને લંપટતા આણ્યાં હતાં. એની મશ્કરીઓ, ટોળ, પ્રસન્નતા અને પ્રગલ્ભની પાછળ અસહાયતા અને નિરાશા સ્પષ્ટ હતાં. રસિક નંદલાલ શ્યામાને ગમતો. બંને વચ્ચે ઠઠ્ઠા મશ્કરી થતી, અટકચાળાં થતાં. નંદલાલ દેવીને અને બહેનને બને તેટલું રીઝવતો. બંનેનાં કપડાંની ખરીદી વખતે નંદલાલ, દાગીનાની ખરીદી વખતે નંદલાલ, બંનેની સાથે મોટરમાં ફરવા જવા વખતે પણ નંદલાલ. આમ ઘરમાં અને બહાર નંદલાલ બંનેનો થતો ગયો, થઈ રહ્યો.

છએક માસના પરિચય પછીની વાત છે. શ્યામાને ત્યાં નંદલાલ અને શ્યામા એકલાં બેઠાં હતાં.

"લાલજી, અહીં જ જમજો. જુઓ આજે મેં સરસ શાક બનાવ્યું છે. ના પાડશો ?" શ્યામાએ લટકો કરી પૂછ્યું.

"દેવી મારી રાહ જોતાં હશે." તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દેવી પણ મારી જ બ્હેન છે. તમારા ઉપર તેમના કરતાં મારો હક કંઈ ઓછો છે?" મોં મચકોડતી, એક આંખ સહેજ નચાવતી, નંદલાલને પાણી પાણી કરી નાખતી તે બોલી.

"જરૂર. દેવીનાં બ્હેનને રીઝવ્યા વગર દેવી ન જ રીઝે." નંદલાલે રસિકતાથી ઉચ્ચાર્યું.

"હવે સમજ્યા તે સવાવીસ. અમે તો 'લાલજી લાલજી' કરતાં મોંમાં જીભ નથી ઘાલતાં પણ અમારા લાલજીને અમારી ક્યાં પડી છે?" શ્યામા માથાની વેણી સમારતી ભ્રૂકટાક્ષથી બોલી.

માંદા વરને તથા વૃદ્ધ સસરાને રસોઈઓ ઉપર જમાડી આવ્યો. શ્યામા અને નંદલાલની જોડી રસોડા આગળ બેઠી બેઠી વાતોમાં મશગૂલ હતી. નંદલાલ ગામગપાટા કહેતો તે શ્યામા સાંભળતી, હસતી, ખીલતી. વચ્ચે વચ્ચે બંને એકમેકની સામું જોઈ રહેતાં.

"લાલજી! કેટલાં થયાં?"

"છવ્વીસ."

"હાય હાય! હવે ક્યાં સુધી વાંઢા રહેશો?"

"વાંઢાને શું દુઃખ છે?"

"એ તો તમે જાણો." એટલું કહી લુચ્ચી નજરે શ્યામાએ નંદલાલ તરફ જોઈ મોં મચકોડ્યું અને હસી.

"ઘેર બૈરું હોત, તો દેવીની કે તમારી પાસે બેસીને આ નિરાંતે વાત થાય છે, તે ન થાત. પ્રભુ! મને વાંઢો જ રાખજે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી પાસે તો કંઈયે બેસતા નથી. લાલજી, તમે જૂઠડા છો. તમારાં દેવીની પાસે તમે ગમે તેટલું બેસતા હશો, એમાં મને વચ્ચે ના લાવશો." ડોકી વાળી, એક હાથનો ચાળો કરી શ્યામા બોલી.

"દેવી અને તમે મારા શ્વાસપ્રાણ છો. તમને મળ્યા વગર એકકે સાંજ ખાલી ગઈ છે? બોલો ને! હું છો રહ્યો જૂઠો." નંદલાલના હોઠો પર હાસ્ય હતું, આંખોમાં ઇશ્ક હતો.

"લાલજી રે લાલજી! શું કહો છો? વાહ રે અમારા લાલજી, અમે બે બહેનોનાં શાં ઊઘડી ગયાં! શબ્દો તો સારા સારા બોલો છો, મીઠા મીઠા બોલો છો."

એક દિવસ શ્યામાને મનમાં થયું કે નંદલાલને આજે રોકી પાડવો. રોજ દેવીનો ભક્ત વહેલો વહેલો જતો રહે છે! બંનેની મૈત્રી વધતી જતી હતી અને એકબીજા તરફનું જાતીય આકર્ષણ અણદમ બન્યે જતું હતું.

"લાલજી, કાલે રાતે તો હું બહુ જ બીની. ડોસા સૂએ છે એની ઉપરની અને 'એ' સૂએ છે, એની બાજૂની ઓરડીમાં જાણે ભૂતાવળ નાચતી હોય એવો અવાજ મધરાત પછી મેં સાંભળ્યો. 'એ' તો ઊંઘતા હતા, પણ મેં તે મારે કાને સાંભળ્યો." શ્યામાએ પોતે અને નંદલાલ જમી રહ્યાં એટલે કહ્યું.

"શું કહો છો? કેવી વિચિત્ર વાત!" નંદલાલે આશ્ચર્ય દર્શાવ્યું.

"મને તો આજે એ જ વિચાર આવે છે કે કોને સૂવાનું કહું? તમને તો જાણે કહેવાય નહિ. તમે રહ્યા મોંઘા માણસ! પાછાં 'દેવી' ચિડાય, વગેરે તમારાં કારણો તો હશે જ." શ્યામાએ ટકોર કરી મોં મરડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દેવીની બ્હેનની ખાતર દેવી ન ચિડાય." નંદલાલે ચતુરાઇથી મૂક્યું.

"દેવીને મારું પણ લાગેસ્તો." શ્યામાએ મર્મ સમજીને યોગ્ય ઉત્તર આપ્યો.

"દેવીમાં સહૃદયતા ઘણી છે."

"દેવી મારી બ્હેન છે, સુખદુઃખની ભાગિયણ છે."

"હું ક્યાં ના પાડું છું? દેવી અને તમે મારે મન અભિન્ન છો."

"વાહરે વાહ, મહેરબાન! શું તમારી બોલવાની રસિક છટા! અમને અભણને તો આવું સારું બોલતાંય ન આવડે બળ્યું! લાલજી, તમે પહેરવે અને બોલવે બહુ વરણાગિયા છો હોં!" એટલું બોલી શ્યામાએ લટકો કર્યો. પછી "આવો રે લાલ વરણાગિયા જી રે! ઓરા આવોને લાલ! રાતાં રાતાં લોચન દીસે રે રસીલાં......" એટલી દયારામની ગરબી બોલીને અટકી અને નંદલાલની સામું જોયું. નંદલાલની આંખ નાચી રહી હતી.

"પૂરું કરો ને!"

"જાઓ, તદ્દન નઠારા છો." શ્યામાએ મચકો કર્યો.

"માનીતિ! કઠણ વચન કેમ બોલો, અંતરની વાત કદાપિ ન ખોલો" એમ બોલી નંદલાલે ઉમેર્યું કે "મને પણ દયારામ પ્રિય છે."

"કેમ ન હોય? તમે ક્યાં રસિકતામાં જાઓ એવા છો?" એટલું કહી શ્યામાએ અંબોડો સંકોરવા હાથ ઊંચા કર્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોબનથી નીતરતી સપ્રમાણ સુંદર છાતીએ નંદલાલના હૃદયમાં તરવરાટ ઉપજાવ્યો. તે ઉત્સાહમાં અને રંગમાં આવી ગયો. તેણે ચલાવ્યું :

"મર્મનાં વચન શાને બોલે હો માનુનિ !
તું મર્મનાં વચન શાને બોલે!
મારે તો આ ગોકુલિયામાં કોઈ નથી તારી તોલે,
હો માનુનિ !
મર્મનાં વચન શાને બોલે."

નંદલાલની આંખોમાં ભારોભાર ઇશ્ક ઊભરાઈ રહ્યો હતો.

"વાહ રે નંદલાલજી, વાહ ! તમારી રસિકતા સૌને ઘેલાં કરે એવી છે હોં" શ્યામા બોલી, અને છાતી ઉપરનો છેડો ન ઢાંક્યો, અને લલકાર્યું :

"પ્રીતડીની રીત અતિ અટપટી ઓધવજી !
છે પ્રીતડીની રીત અતિ અટપટી."

એટલું ગાઈને શ્યામા રંગમાં આવી ગઈ અને બોલી :

"ઐસી બાત હૈ નંદલાલા !"

"સાચી વાત કરી તમે" એમ બોલીને નંદલાલે શ્યામાને તાળી આપવા હાથ લંબાવ્યો. શ્યામાએ પોતાનો હાથ ધર્યો, તાળી અપાઈ, હથેલીઓ ચોંટી રહી. બંનેએ મૌન રાખ્યું, આંગળીઓમાં આંગળીઓ પરોવાઈ ગઈ અને બંને થોડી વાર આંગળીઓમાં એકાગ્ર બની બેસી રહ્યાં. નંદલાલની નજર શ્યામાની છાતી ઉપર પડી. ત્યાં એક લીલું મનોહર છૂંદણું હતું. નંદલાલની નજર છૂંદણામાં ગૂંથાયેલી હતી તે વખતે શ્યામાની આંખ નંદલાલની ભરાવદાર ગરદન અને છાતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિહાળી રહી હતી. પહેરણને વીંધીને છાતીના સૂક્ષ્મ વાળ બહાર દેખાતા તથા નંદલાલના હાથ ઉપર શ્યામ રૂવાંટી, ભરચક મૂછો, શ્યામાનાં અંગોમાં વિહ્વળતા ઉપજાવી રહ્યાં હતાં અને નંદલાલની છાતી કેવી હશે, પેટ કેવું હશે, સાથળ કેવા હશે, આ મત્ત વૃષભના આશ્લેષની ભીંસ કેવી હશે! કેટલો બધો વિષય, એનાં રૂવાંટાંમાંથી, એની ગરદનમાંથી, એની રોમભરપૂર છાતીમાંથી, એના જાડા હોઠમાંથી, એની રસિક આંખોમાંથી, ઝરી રહ્યો છે! મારાં અંગો જાણે ચૂંથાવા માગે છે. ચૂંથાયા વગર એ કેવાં નિશ્ચેષ્ટ બની ગયાં છે? ચૂંથાયાથી, દબાયાથી, ગદડાવ્યાથી જ એમાં પ્રાણસંચાર થશે એવો સંદેશો આ કોણ આપી રહ્યું છે? આ જ શું કામવૃત્તિ, વિષયવાસના, રતિલાલસા? જ્ઞાનતંતુઓનું આ અસહ્ય ખેંચાણ શું? એ ખેંચાણથી મન એકાગ્ર થઈ ગયું છે; બીજે જતું જ નથી, પણ હોઠ, છાતી અને ઉદરને જાણે સાંધી રહ્યું છે! વગેરે પૃથક્કરણમાં તેનું ચિત્ત પરોવાયું.

"આ શું?" નંદલાલે છૂંદણું જોઈ પૂછ્યું.

"કેવા નઠારા છો! નજર ક્યાં પહોંચે છે!"

"છૂંદણું જોવા માટે જ છે ને!"

"તમારે જોવાનું નથી." શ્યામાએ ખોટા ગાંભીર્યથી કહ્યું.

"લો ઢાંકી દઉં, પછી નહિ દેખું." એમ કહી નંદલાલે પોતાના હાથથી છૂંદણું ઢાંક્યું."

"લાલજી, તમે તો બળ્યું લાજ લૂંટો એવા છો!" શ્યામાએ નંદલાલનો હાથ ઉઠાવવા પ્રયત્ન કર્યો. નંદલાલે આંગળીઓ નહિ જેવી દબાવી હાથ લઈ લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે આજે કેટલા વાગ્યે સૂવા આવું ?"

"અત્યારે હવે અહીં જ ચોંટી રહો ને ! મારી બહેનને ટેલિફોનથી જણાવી દો. એમાં તે શી આટલી પંચાત લાલજી !"

"ના, ના, એમાં પંચાતની વાત જ નથી. ટેલિફોન કર્યા કરતાં રૂબરૂમાં કહેવું ઠીક, એટલે હમણાં આવ્યો જાણો."

"ત્યારે પધારો, પાછા ભૂલશો નહિ. નીકર આજ તો ભૂતડાં મને ફોલી ખાશે અને નિરાંતે ઊંઘવા નહિ દે."

"જરૂર. આજે તમે નિરાંતે ઊંઘશો, જાઓ." એટલું કહી નંદલાલ ગયો.

ચંદનને વાત કરી. ચંદનને લગાર નવાઈ તો લાગી, પણ આશ્ચર્ય દાબી દેવા જેટલું ડહાપણ હતું એટલે બોલી નહિ. નંદલાલને જતી વખતે એણે એટલી ટકોર કરી કે :

"ભૂતડાંને બરાબર હાંકી કાઢજો અને જો જો કે ફરી ન આવે, અને...... " એટલું બોલી સહેજ અટકી ગઈ અને પછી જલદી પૂરું કર્યું : "અને આવે, તો વારંવાર ન આવે."

નંદલાલ મૂછમાં હસ્યો. હસીને ચાલતો થયો. નંદલાલ આવ્યો, ત્યારે શ્યામા પાન ચાવતી સોફા ઉપર આડી પડી હતી અને એક છૂટા હાથે સાથળ ઉપર ધીમી ધીમી થાપટો મારતી હતી.

"લાલજી, આવ્યા તો ખરા."

"ભૂતડાં કાઢવા." નંદલાલ નફટાઈથી હસ્યો.

"તમારાં દેવીનાં સંતર્પણ કર્યાં ?" શ્યામાએ મશ્કરી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા. એમણે કહ્યું કે બરાબર હાંકી કાઢજો, અને તે પણ ફરી ન આવે એવી રીતે." નંદલાલે હસીને કહ્યું.

"એ તો જેવાં ભૂત અને જેવા કાઢનાર." નિતંબ ઉપર થાપટ મારતી શ્યામા બોલી. બોલીને નંદલાલ તરફ જોઈ રહી. સહેજ સાથળ વલૂર્યો.

"કેમ મસ્ત પડ્યાં છો. ?"

"ત્યારે બીજું શું કરીએ ?" હસતી હસતી શ્યામા બોલી.

"પાનં બાન ખવડાવશો કે નહિ ?"

"હા, જરૂર ખવડાવીશું. લાલજીને ના પડાય ?" શ્યામા હસી અને પડ્યે પડ્યે પાનની પેટીમાંથી પાન કાઢી નંદલાલને ધર્યું. નંદલાલ પાસે આવ્યો અને શ્યામા પડી હતી તે સોફાના ખૂણા પર બેઠો. શ્યામાએ પાન ધર્યું તે તેણે લીધું અને મોમાં મૂક્યું. શ્યામાએ નિતંબ ઉપર ધીરો હસ્તપ્રહાર ચાલુ રાખ્યો. સાડી એવી રીતે દબાઈ ગઈ હતી કે આખી સાથળની અને આખા નિતંબની અણિશુદ્ધ આકૃતિ તરી આવતી હતી. શ્યામાએ લંબાવેલા પગની આંગળીઓ નંદલાલના બરડાની નીચે અડુંઅડું થઈ રહી હતી.

"ક્યારે સૂઓ છો ?" નંદલાલે પૂછ્યું.

"ઊંઘ આવે, ત્યારે."

"તમારા સસરા અને વર ?"

"હવે સૂઈ ગયા હશે."

"મારે ક્યાં સૂવાનું છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ભૂતડાંવાળી ઓરડીમાં. બીક લાગશે ? "

" તમે પાસે હશો, તો નહિ લાગે. "

" હું તમારી પાસે ક્યાંથી હોઉં વળી ? " ખોટા આશ્ચર્યથી શ્યામા બોલી.

" મારી ઓરડીની પાસે. "

" હું અને 'એ' જોડે જ છીએ. "

" તમારા 'એ' ભૂતડાંથી ઝબકી ઊઠશે ? "

" ઊઠે તેમ નથી. "

" ઉઠાડો તો ? "

" તોયે ઊઠે તેમ નથી. "

" ત્યારે એમનાથી ભૂત ન મારી કઢાય ! "

" ના. એમની ઊંઘ બહુ. "

" એવા માણસો ઘરમાં હોય, તોયે નકામા. "

" બિલકુલ નકામા. કોઈ દહાડો ઊઠે જ નહિ. "

" કોઈ દહાડો પણ ? "

" ભાગ્યે જ. ઊઠે, તોયે તરત સૂઈ જાય. "

" ત્યારે તમારે જો નિરાંતે ઊંઘવું હોય, તો ભૂત કાઢવા માટે જાગતો રહે, એવો કાયમનો માણસ રાખવો પડે. "

" ભૂત રોજ આવે, તો તેમ પણ કરવું પડે. "

" તેમ હોય, તો પછી તમારે દેવીને ત્યાં સૂવાનું રાખવું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જોઈએ."

થોડી વાર બંને મૂગાં રહ્યાં. શ્યામા સાથળ ઉપર હાથ રાખી નંદલાલને જોઈ રહી હતી. નંદલાલે ધીરે રહીને પોતાનો હાથ શ્યામાના પગની આંગળીઓ ઉપર મૂક્યો, અને તળિયાં ઉપર ફેરવ્યો.

"તમારા પગ કેમ આટલા ઠંડા?"

"લગાર તળિયાં ઘસી આપો."

નંદલાલે તળિયાં ઘસ્યાં.

"પગ દુઃખતા હોય, તો દબાવું સપાકું નહિ ચડે."

"સપાકું ન ચડે, તો ધીમે ધીમે દબાવો."

નંદલાલે ધીમે ધીમે ઢીંચણ સુધીના પગ દબાવ્યે રાખ્યા.

"તમારી ચામડી બહુ જ સુંવાળી છે હોં! રૂવાંટીનું તો નામ નહિ."

"મારા શરીરે રૂવાંટી જ નથી."

"ત્યારે તો તમે પદ્મિની."

"પદ્મિની કોને કહેવાય?"

"શરીરે રૂવાંટી ન હોય અને બીજાં અમુક ચિહ્નો હોય, તો."

"કેવાં ચિહ્નો?"

"એ ચિહ્નો સાથળ ઉપર જ હોય છે અને જોનાર જ તે જોઈ શકે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ ?" સહેજ આશ્ચર્યથી, સહેજ મશ્કરીમાં શ્યામા બોલી.

"હા."

"જોતાં ક્યારે શીખ્યા ?"

"દેવીની કૃપાથી કંઈક જાણું છું."

"દેવી પદ્મિની છે કે ?"

"ના, ચિત્રિણી."

"ત્યારે હું શું હોઈશ ?"

"શી ખબર પડે ?"

ચાર આંખો એકમેકને જોઈ રહી. માદક મૌન પ્રસર્યું.

"સૂઈ જઈશું ?" શ્યામા બોલી.

"હા, સૂઈ શકાય તો."

"ચાલો તમારો ખંડ બતાવું." એમ કહી શ્યામા નંદલાલને ઉપર લઈ ગઈ. જોડેનો ઓરડો બતાવ્યો.

"ભૂત ક્યારે આવે છે ?"

"એને મન થાય ત્યારે."

"ઊંઘ આવી ગઈ હોય તો ?"

"ઊઠવું પડે."

"લગાર બેસો તો જાગવામાં મદદ થાય."

"સારું, લો." એમ કહી શ્યામા બેઠી. થોડી જ વાર બેઠી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પછી બગાસું ખાધું અને પછી નંદલાલની પથારીમાં સહેજ આડી પડી. વળી બીજું બગાસું ખાધું અને પથારીમાં આખી સૂઈ ગઈ. નંદલાલ એને જોઈ રહ્યો. શ્યામાએ આંખો ઉઘાડી, પાછી તુરત મીંચી દીધી.

"એમ તે ઊંઘ આવે?" નંદલાલે પાસે આવીને કહ્યું. શ્યામાએ આંખો ઉઘાડી, પાછી તરત મીંચી દીધી.

એકાદ કલાક પસાર થઈ ગયો. શ્યામાનો વર કંચનલાલ બાજુના ઓરડામાં અડધો ઊંઘમાં, અડધો જાગતો પડ્યો હતો. પત્નીને પથારીમાં ન જોઈ એટલે બીમાર કંચને બૂમ પાડી.

"તમે ક્યાં છો?"

"બાજુના ઓરડામાં."

"કેમ ત્યાં?"

"મને વહેમ છે કે અહીં ભૂત આવે છે, તેથી આજે ઘીનો દીવો કરી માળા કરું છું. નંદલાલભાઈને પણ બોલાવ્યા છે. એ બારી આગળ બેઠા છે. તમે સૂઈ જાઓ. પાણીબાણી જોઈએ છે?"

"હું તો સૂતેલો જ છું ને?" કંચનલાલ રોતડા અવાજે બોલ્યો.

"હવે વાતો કર્યા વગર ઈશ્વરનું નામ દઈને સૂઈ જાઓ."

"ત્યારે તમારી માળા પતે એટલે આવજો."

"ઠીક, હોં. સૂઈ જાઓ."

"કંચનલાલભાઈ, સૂઈ જાઓ." નંદલાલે ઉમેર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોણ નંદલાલ ? ઠીક થયું કે તમે આવ્યા. એ તો કાલે બીનાં ! શેનાં ભૂત ! એ તો બધા વહેમ છે." કંચનલાલે ચલાવ્યું.

"એમને વહેમ હોય, તો આપ શું કરી શકો ? આ જુઓને મારે સૂવા આવવું પડયું."

"હા ભાઈ હા, બીજું શું થઈ શકે ? ચાલો તમે આવ્યા એટલે મને નિરાંત થઈ."

"માંદા શરીરથી કંઈ ઊઠવું બને ?" નંદલાલે સહાનુભૂતિ પ્રદર્શિત કરી.

"ના રે." કંચનલાલ બોલ્યો.

"કંઈ નહિ. ચાલો જય શ્રીહરિ."

"જય શ્રીહરિ." કંચનલાલ બગાસું ખાઈ સૂઈ ગયો, અને લાલજીએ ભૂત હાંકવા માંડ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬ મું - - - 'નંદલાલની મદદ'

પ્રતિદિન, પ્રતિમાસ, પ્રતિવર્ષ, નંદલાલે શ્યામાને ત્યાં ભૂત કાઢયે રાખ્યાં અને દેવીની આરાધના પણ અવિછિન્ન ચાલુ રાખી. ત્રણેક વર્ષમાં કંચનલાલે આ ફાની દુનિયાનો ત્યાગ કર્યો.

સમય પસાર થતો ગયો. શ્યામા યૌવન વટાવી પ્રૌઢત્વને ઊંબરે આવી ઊભી. યૌવનની મસ્તી અને પ્રૌઢત્વનો પ્રગલ્ભ એ બેનું સંમિશ્રણ થતાં શ્યામાનું આકર્ષણ અત્યંત વધી ગયું. પાંત્રીસ વટાવી ચાળીસ તરફ જ્યારે તે વળી, ત્યારે શ્યામા સર્વાંગસંપૂર્ણ માનિની બની ગઈ. નંદલાલની શ્યામા નંદલાલની હૃદયરાજ્ઞી બની ગઈ.

ચંદનનું આકર્ષણ શ્યામા કરતાં ઊતરતું હતું. યૌવનની પરિસમાપ્તિએ અને પ્રૌઢત્વના પ્રવેશ સમયે શ્યામામાં જેમ આકર્ષણ વધ્યું હતું, તેમ ચંદનમાં ખાસ બન્યું નહિ. એના શરીરમાં કંઈક સ્થૂલતા વધી અને મેદનું સામ્રાજ્ય વ્યાપતાં એનું આકર્ષણ ઘટયું. તેમ છતાં, ચાળીસની નજીકમાં આવી પહોંચી તોપણ, તેનામાં આકર્ષણની સંપૂર્ણ ઓટ આવી નહોતી. નંદલાલને મન 'દેવી' તો દેવી જ રહી અને શ્યામા હૃદયેશ્વરી બની.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદલાલની ચાલાકી, મીઠી જીભ, પ્રમાણિકતા, અને રસિકતાએ ઠાકોરદાસને, ચંદનને, શ્યામાને, અને પદ્માને જીતી લીધાં.

પદ્મા ઉંમરે વધતી ગઈ. નંદલાલ તેના ઉપર પુત્રી જેવો ભાવ રાખતો. પદ્મા દેખાવે સુંદર હતી અને ભણવામાં ખંતીલી અને હોશિયાર હતી. જ્યારે તે મેટ્રિક પાસ થઈ, ત્યારે મા, માસી અને નંદલાલના હર્ષનો પાર ન રહ્યો. ઠાકોરદાસે પણ ઠાકોરજીમાંથી વખત કાઢી મિજબાનીનો આનંદ માણ્યો.

"એને હવે કૉલેજમાં જવું છે." ચંદને નંદલાલને કહ્યું.

પદ્માને કૉલેજમાં મોકલવાનો ચંદનનો ખાસ આગ્રહ નહોતો. શ્યામા તો તે તરફ બેદરકાર હતી અને છોકરીને પરણાવીને નિરાંત વાળવામાં માનતી. લખોપતિ ઠાકોરદાસની એકની એક પુત્રી ભણીગણીને સારી રીતે હોશિયાર થાય, એવી ભાવના નંદલાલને હતી. એના મનમાં એમ હતું કે લાખ્ખોની માલિક થનાર આ છોકરીની તમામ આશાઓ પોતે પૂરી પાડે, તો ભવિષ્યમાં તે છોકરી પોતા તરફ માનની અને આભારની દૃષ્ટિથી જોતી થાય. વળી વહેલી પરણાવી દીધા કરતાં તેને આગળ ભણવા દેવી અને મનપસંદ વરને પરણવાની અનુકૂળતા કરી આપવી, એમાં એને પોતાનું હિત પણ સમજાતું. નંદલાલ તરફ પદ્માને શરૂઆતમાં કંઈક ઘૃણા હતી, પણ તે ધીમે ધીમે દૂર થતી ગઈ. એ ઘૃણાનું કારણ, પદ્મા જેમ જેમ ઉંમરમાં આવતી ગઈ તેમ તેમ, એને નંદલાલ અને પોતાની મા તથા માસીના સંબંધનું થયેલું જ્ઞાન હતું. ચાલાક અને બુદ્ધિશાળી નંદલાલે પદ્માની આ ઘૃણા ધીમે ધીમે અને સફળતાથી દૂર કરી. પદ્માને દરેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે તે અનુકૂળ થવા યત્ન કરતો. તેનું ઉપરાણું લઈ ચંદનની તથા શ્યામાની પણ ખફા મરજી વહોરવા તે તૈયાર થઈ જતો. પદ્માના અભ્યાસમાં, તેની પ્રવૃત્તિઓમાં, વગેરે તમામમાં તે રસ લેતો અને તેની સહૃદયતા અને લાગણીથી પદ્માનો નંદલાલ તરફનો અણગમો દૂર થવા લાગ્યો. ધીમે ધીમે બંને નિખાલસ મિત્ર બની ગયાં. પદ્માને નંદલાલ પ્રેમથી 'તું' કહી સંબોધતો થયો. પદ્માને તે ગમતું.

"પદ્માને કૉલેજમાં જવાની ઇચ્છા છે, તો તે જરૂર જાય, એમાં આપણને શો વાંધો હોય!" નંદલાલે કહ્યું.

"બળ્યાં પણ ભણીને શું કરવાં છે?" ચંદન બોલી.

"દેવિ! પ્રભુએ અનુકૂળતા આપી છે અને પદ્માને સરસ્વતી તરફ પ્રીતિ છે, તો આપણે એના ઉત્સાહને અનુમોદન આપવું ઘટે. ભણ્યાથી બુદ્ધિનો વિકાસ થશે."

"થયા વિકાસ! શું ધૂળ થવાના છે? મૂઈ ભણેલીઓને તો કશીયે ગતાગમ હોતી નથી અને નરી ચાંપલીઓ થઈ જાય છે."

"દેવીની વાત બરાબર છે. ભણતરથી બુદ્ધિના વિકાસની સાથે જો સારાખોટાનો વિવેક ન આવે, તો ભણ્યું નકામું છે. પણ દેવિ, વિવેકની ખોટ તો ભણેલામાં તથા વગર ભણેલામાં સરખી જ સાલવાની. એટલે વિદ્યાની સાથે જો વિવેક હોય, તો સોનામાં સુગંધ માનવી." નંદલાલે હોશિયારીથી ચલાવ્યું.

"કૉલેજમાં જઈને તો છોકરીઓ વહી જાય છે. વિદ્યા તો ઘેર પણ મળશે. ડીગ્રાં લીધે જ કંઈ વિદ્યા આવવાની છે?" ચંદને સામી દલીલ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દેવીનું કહેવું બરાબર છે. પણ આપણી પદ્મા ઠરેલ, ડાહી અને શાણી છે. વળી એની બહેનપણીઓ કૉલેજમાં જાય, એટલે એને પણ સ્વાભાવિક મન થાય. દેવિ! પદ્માના આગ્રહને આપણે સમજીને અનુકૂળ થવું." નંદલાલે કોમળતાથી કહ્યું અને ચંદનનો હાથ પ્રેમથી પકડ્યો. એટલામાં પદ્મા આવી.

"લાલજી, હું તો કૉલેજમાં પણ જવાની અને વિલાયત પણ જવાની." પદ્માએ નંદલાલનો હાથ પકડીને કહ્યું.

"બહેન, તારી ધગશને હું અભિનંદન આપું છું. જરૂર."

"લો છે? પાછાં વિલાયત ટળવાં છે!" ચંદન બોલી. એટલામાં ઠાકોરદાસ આવ્યા.

"બાપાજી! કૉલેજમાં જઈશ." પદ્માએ બાપને કહ્યું.

"અરે દીકરી! મેલ ને ખ્યાલ. બહુ ભણ્યાં. એ તે શી મગજમારી? એટલી વાર ઠાકોરજીનું ભજન કરીએ, તો સુખી થઈએ." ઠાકોરલાલે અભિપ્રાય આપ્યો.

"એને વળી ક્યાં તમારે અત્યારથી ભક્તાણી કરવી છે? જો આવ્યા!" ચંદને શેઠને હુરકિયું કર્યું.

"અરે ના રે ના. તમે એ શું બોલ્યાં? એને અને તમને ફાવે તેમ કરો ભાઈ! મને ભગતને ઠાકોરજીના ભજન વગર બીજી વાતની શી ગમ! જય શ્રીકૃષ્ણ." ઠાકોરદાસ બોલ્યા અને બોલીને મંદિરમાં જતા રહ્યા.

આખરે પદ્મા કૉલેજમાં ગઈ. કૉલેજમાં એને સુધીર સાથે મૈત્રી થઈ. ઘેર આવીને રોજ આનંદથી પદ્મા નંદલાલને કૉલેજનાં તોફાન–મસ્તી વગેરેની તથા ભણતરની વાતો કરતી. નંદલાલ બધું રસથી સાંભળતો. ધીરે ધીરે સુધીરની અને પદ્માની મૈત્રીની વાત ઘરમાં પ્રસરી. મૈત્રી બધાંને ગમતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૭ મું - - - 'પદ્માની હૂંફ'

પદ્માનાં કૉલેજનાં વર્ષો ધીમે ધીમે પસાર થતાં ગયાં. એનો અભ્યાસ સારો હતો. અંગ્રેજી ભાષા અને સાહિત્યના વિશેષ અભ્યાસથી એની વિચારપદ્ધતિમાં ફેરફારો થતા ગયા. પ્રાચીનથી માંડીને છેક અર્વાચીન સાહિત્યના પરિચયથી તેની વિચારસૃષ્ટિમાં અનેક વૈવિધ્ય આવ્યાં. સંસ્કૃત સાહિત્યની સૌરભે અને અંગ્રેજી સાહિત્યની સજીવતાએ એના માર્ગને અપૂર્વ સંસ્કાર આપ્યા. આ વાંચન અને અભ્યાસથી એની બુદ્ધિ વસ્તુની અનેક બાજુઓ જુદી જુદી રીતે જોતી થઈ અને પૂર્વગ્રહોનું શમન, જે સંસ્કારિતાનું પ્રથમ લક્ષણ છે, તે ધીમે ધીમે સિદ્ધ થયું ગયું.

"લાલજી, વસ્તુને આપણે અનેક રીતે જોઈએ, તો આપણા આગ્રહો છૂટી જાય છે. અભ્યાસ અને મનન વગર વસ્તુને આપણે અનેક રીતે જોઈ શકતા જ નથી. કૉલેજના અભ્યાસથી મને ફાયદો જરૂર થયો છે." પદ્માએ એક સાંજે નંદલાલને વાતવાતમાં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બહેન! તારું કહેવું સાચું છે. મારું દુર્ભાગ્ય કે વિશેષ અભ્યાસ અને વાંચન હું કરી શક્યો નહિ. મારા સંજોગો મારી સામે હતા." નંદલાલે મિઠાશથી કહ્યું.

"લાલજી, અભ્યાસની ખોટ તમે અનુભવથી પૂરી." પદ્માએ વિવરણ કર્યું.

"ના અનુભવને સમજવામાં, તેને પકડવામાં, અભ્યાસ ઉપયોગી છે. તેથી જ છેલ્લાં બે વર્ષથી મેં તારી સાથે અભ્યાસ શરૂ કર્યો છે." નંદલાલ હસીને બોલ્યો.

પદ્માના કૉલેજમાં ગયા પછી તેની સાથેની વાતોમાં રસ લેવા નંદલાલે પણ પોતાનો અભ્યાસ વધારવા માંડ્યો. અંગ્રેજી ભાષાનો તેનો પરિચય જૂજ હતો, પણ ધીમે ધીમે તેણે વાંચન વધાર્યું. શરૂઆતમાં પદ્માની સાથે તે વાંચતો અને હસતી, તોફાન કરતી પદ્માના હાસ્ય અને તોફાનની વચમાં નંદલાલે પોતાનો અભ્યાસ ચાલુ રાખ્યો. ધીમે ધીમે પદ્માની ગેરહાજરીમાં તે સ્વતંત્ર અભ્યાસ કરવા લાગ્યો.

"લાલજી, તમે પણ કમાલ છો! તમે શું વાંચો છો?" પદ્માએ નંદલાલને મજાકમાં કહ્યું.

"મારા પ્રમાણમાં બહેન! હમણાં જ મેં મને મૅટ્રિકમાં પાસ કર્યો." હસીને નંદલાલ બોલ્યો.

"વાહ વાહ! તમે પણ ઠીક હસાવો છો. તમે જ વિદ્યાર્થી અને તમે જ પરીક્ષક!" પદ્મા હસીને બોલી.

"બહેન! તું ભલે હસે, પણ આપણી જાતના ખરેખરા પરીક્ષક આપણે પોતે જ છીએ. તમારી પરીક્ષાઓ તમે બીજાની પાસે કરાવો તેના કરતાં તમે પોતે જ કરવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવરો રાખો, તો વિશેષ પ્રગતિ કરી શકો. આ હિસાબે મને હવે લાગ્યું છે કે હું મેટ્રિક પાસ છું." નંદલાલે કહ્યું.

"હું તમારી પરીક્ષા લઈશ."

"લે અને મેં મને ખોટો ચઢાવ્યો હોય, તો તું ઉતારી પાડજે." હસીને નંદલાલે કહ્યું.

પછી વાતચીત ઉપરથી પદ્માને સમજાયું કે નંદલાલ મશ્કરી નહોતો કરતો. પ્રાચીન અને અર્વાચીન સાહિત્યમાંથી તેણે ઘણું વાંચ્યું હતું અને ઘણું સમજ્યો હતો.

"વાહ લાલજી, તમે ખરેખર અભ્યાસ કર્યો છે! પણ મહેરબાન, ગણિત અને સાયન્સનું શું?"

"મારી વિદ્યાપીઠમાં એ બે વિષય શીખવવામાં આવતા નથી. એને બદલે વેપારનું જ્ઞાન રાખ્યું છે." એટલું બોલી નંદલાલ હસી પડ્યો. પદ્મા પણ હસી પડી અને હસતાં હસતાં બંને છૂટાં પડ્યાં.

પદ્મા જ્યારે ઇન્ટરમાં પાસ થઈ, ત્યારે નંદલાલે જાહેર કર્યું કે પોતે પ્રીવિયસમાં પાસ થયો છે. પદ્મા આ સાંભળીને ખૂબ હસી. નંદલાલનું વાંચન, બેશક, આગળ વધ્યું હતું અને પદ્માની સાથે ચર્ચામાં પોતે ઊતરી શકે, એટલી જ્ઞાનની પૂંજી તેણે એકઠી કરી હતી. નંદલાલના આવા પ્રયત્નોથી પદ્માની તેના તરફ માનબુદ્ધિ વધી અને વાંચન અને મનનના પરિણામે પદ્માની બુદ્ધિમાં જે ઔદાર્ય, સંસ્કારિતા અને સંયમ આવ્યાં હતાં તેને લીધે નંદલાલનો અને પોતાની મા તથા માશી વચ્ચેનો સંબંધ તે ઉપેક્ષાવૃત્તિથી જોતાં શીખી. એને એમ લાગ્યું કે મનુષ્ય પ્રાણી તિરસ્કાર કરતાં દયાને પાત્ર વિશેષ છે. સંયોગોની સામે થવાની અશક્તિમાં દોષ જોવો તેના કરતાં દયા ખાવી, એમાં મનુષ્યત્વનો વિશેષ વિકાસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્માનું દિલ સુધીર તરફ વળ્યું હતું. સુધીરની અને તેની મૈત્રી બે વર્ષમાં તો ખૂબ જામી. દરમિયાન યમુના પણ પદ્માની મિત્ર થઈ.

નંદલાલને આ મૈત્રીનો અણસારો થતાં તેણે એક દિવસ પદ્માને પૂછ્યું :

"સુધીર સારો છોકરો છે, કેમ પદ્મા?"

"હા, મને ગમે છે." કંઈક આશ્ચર્યથી, કંઈક ઉત્સાહથી તે બોલી અને નંદલાલ તરફ જોઈ રહી.

"મને પણ ગમે છે. એના બાપ આપણા કુટુંબને ઓળખે છે. આપણાં કાયદાનાં કામ એમને આપીએ છીએ."

પદ્મા કંઈ બોલી નહિ. એના મોં ઉપરનો ભાવ એના હૃદયની ઊંડી આશા વ્યક્ત કરતો તે નંદલાલને કળવો મુશ્કેલ નહોતો.

નંદલાલે સુધીરની બાબત ધીમે ધીમે શેઠ તથા શેઠાણીને કહી.

"તમને બધાંને ગમ્યું તે ખરું." ઠાકોરદાસ બોલ્યા.

"માગું કરાવીશું લાલજી?" ચંદને પૂછ્યું.

"ના, કંઈ ઉતાવળ નથી." નંદલાલે કહ્યું.

"ઉતાવળ શાને નથી? પદ્માને અઢાર થયાં." શ્યામા બોલી.

"એટલે જ. તે પોતાની મેળે ગોઠવીને આપણને જણાવે પછી." નંદલાલે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લાલજી, તમે તો દહાડે દહાડે સુધરેલા પંથમાં ભળતા જાઓ છો!" ચંદને ટકોર કરી.

"કેમ વળી, પદ્માની પાસે પોતે વિદ્યા સંપાદન કરી રહ્યા છે, તે તમે નથી જાણતાં?" શ્યામાએ ચંદન તરફ હસીને કહ્યું.

"લાલજી, તમે તો ભાઈ નવા વિચારના. અમે તો અભણ, જૂની ઘરેડનાં?" ચંદને મશ્કરીમાં શ્યામાને સાથ આપ્યો.

"દેવીની આરાધનાથી ભક્તને બધું સાંપડે છે." નંદલાલે ચંદનને હસીને કહ્યું.

નંદલાલને ધોલ મારીને ચંદન હસતી હસતી બહાર ગઈ. નંદલાલ અને શ્યામા એકલાં પડ્યાં.

"કેમ દેવીને આટઆટલો મસ્કો મરાય છે? અમે તો તમારી કંઈ ગણતરીમાં પણ નહિ જાણે!" એટલું બોલી શ્યામાએ નંદલાલને ગાલે ચીમટો ભર્યો. શ્યામાની મનોહર મુખાકૃતિ તરફ નંદલાલ જોઈ રહ્યો.

"પ્રિયે!" એટલું જ ધીરેથી ઉચ્ચારી શ્યામાનો હાથ તેણે ભાવથી પકડ્યો. પકડીને હૃદય ઉપર મૂક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૮ મું

‘પદ્માની વ્યથા
અને
નંદલાલનું આત્મમંથન’

યમુનાની પાર્ટીમાંથી પદ્મા જ્યારે ઘેર આવી, ત્યારે એના કોમળ હૃદયમાં ભારે વ્યથા થઈ રહી હતી. તેને પોતાના પગ તળેની જમીન જાણે સરી જતી લાગી. સુધીર શું પોતાના પ્રેમમાં હશે? સુધીર શું યમુનાના પ્રેમમાં હશે? સુધીરને એની મા જેવડી મેનામાં એવું તે શું આકર્ષણ હશે? મેના પણ સુધીર તરફ જાણે કેવી રીતે જોઈ રહેતી?

પદ્માને પોતાની અસહાયતા ખૂબ જ લાગી આવી. શંકાઓનાં ઘોર અંધારાંમાં ભૂલી પડેલી આસક્ત યુવતીનું દ્રવેલું હૃદય આંખોમાં નીતરી ગયું. પોતાના ખંડમાં આવી ભારે હૈયે તે ખુરશીમાં પડી અને હરિણી કરતાંયે અધિક નિર્દોષ એવાં પદ્માનાં નેત્રોમાંથી ઊનાં અશ્રુઓ સરવા માંડ્યાં, ત્યાં નંદલાલ દાખલ થયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પદ્મા, આ શું ?" એટલું બોલીને સહૃદય નંદલાલ પદ્માની પાસે આવ્યો અને ડૂસકાં ખાતી મુગ્ધાને મૃદુતાથી સ્પર્શ કર્યો. નંદલાલની મૃદુ સહૃદયતાની હૂંફાળી હાજરીથી પદ્માને પોતાનો હૃદયભાર ઠાલવવાની તક સાંપડી અને નંદલાલની છાતી ઉપર માથું નાખી દઈ પદ્માએ આંસુના ઊભરા ઠાલવવા માંડ્યા. નંદલાલે મૂંગે મૂંગે પદ્માનો વાંસો થાબડ્યો અને પદ્માને જ્યારે રડી રહ્યા પછી કંઈક શાંતિ થઈ અને હૃદય હલકું થયું, ત્યારે નંદલાલે તેને ધીમેથી કહ્યું :

"બહેન, આત્મશ્રદ્ધા ગુમાવવાથી આત્મસંયમ જાય છે. તું આત્મશ્રદ્ધા ન ગુમાવતી. મને બધું શાંતિથી કહે."

પદ્માએ ધીમે ધીમે પણ સ્પષ્ટતાથી પોતાની વ્યથા નંદલાલને જણાવી. ચતુર નંદલાલ સમજી ગયો કે પદ્મા અને યમુના વચ્ચે પ્રેમની હરીફાઈનો પ્રસંગ ઊભો થવાની શક્યતા હતી.

"બહેન, આપણને આપણી લાગણીઓ અને પ્રેમ ગમે તેટલાં પવિત્ર અને ઉચ્ચ લાગે, પણ એમને નિયમમાં રાખવાની વેળાએ નિયમમાં ન રાખીએ, તો તેની કિંમત બરાબર અંકાતી નથી. ઊલટી હાંસી થાય અને આપણે સસ્તાં થઈએ." નંદલાલે સલાહ આપી.

"લાલજી, લાગણીમાં ગણતરીને સ્થાન હોતું નથી." પદ્માએ આદર્શ મૂક્યો.

"તે જ ભૂલ છે. લાગણી પણ સ્થળ અને સમયના વિચાર વગર બતાવવી, એ વ્યવહારુ નથી. લાગણી ક્યારે બતાવવી અને ક્યારે નહિ, તે એક કળા છે. એ કળા જાણે છે, તે દુઃખી નથી થતું. તમારું પુસ્તકિયા જ્ઞાન ગમે તે કહેતું હોય, પણ અનુભવ મારી તરફેણમાં છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે મારે શું કરવું ?" પદ્મા ગમગીનીથી બોલી.

"કશું જ નહિ. હમણાં થોડો વખત તેને ન મળવું. તે મળવા આવે, તો ખુશીથી હસીને વાત કરવી. પણ ડાહી હોય, તો પ્રેમમાં પણ ગરજ ન બતાવતી. થોડો વખત આમ કરી જો, પછી આપણે એ સંબંધમાં વિચાર કરીશું. તારી પાસેથી મેં પુસ્તકોનું જ્ઞાન મેળવ્યું છે, હવે મારી પાસેથી તું અનુભવનું જ્ઞાન મેળવ."

"લાલજી, તમે મારા મિત્ર છો. તમારા વગર મને કોણ દોરવાનું છે ? હું તમારી અક્કલથી ચાલીશ."

પદ્માનો વાંસો થાબડીને નંદલાલ પોતાના સૂવાના ઓરડામાં ચાલ્યો ગયો, અને જ્યારે તે પથારીમાં પડ્યો, ત્યારે ઘડિયાળમાં અગિયારના ટકોરા થતા હતા. નંદલાલનું ચિત્ત પદ્મા અને સુધીરના વિચારમાં પરોવાયું હતું. ચતુર નંદલાલને સમજાયું કે પદ્માનો સંપૂર્ણ વિશ્વાસ પોતે સંપાદન કર્યો હતો. પદ્માનો હિતૈષી બનવાની પોતાની સાચી ઉમેદ અને ઠાકોરદાસનો જ નહિ, પણ ઠાકોરદાસની વારસ પુત્રીનો પણ સૂત્રધાર પોતે જ રહે, તેવી પ્રચ્છન્ન મહત્ત્વાકાંક્ષા—એમ ઉભય સાથે સચવાયાં હતાં.

પથારીમાં પડ્યે પડ્યે નંદલાલ વિચાર કરવા લાગ્યો કે પોતે પદ્માના હિતમાં પોતાનું હિત જોતો, કે પોતાના હિતમાં પદ્માનું હિત જોતો. પોતે મુનીમ હતો, એ વાત તો પોતે અને શેઠનું આખું ઘર ભૂલી ગયાં હતાં. પોતે શેઠનો કુટુંબીજન હતો, પોતે જ સર્વસ્વ હતો, પોતે જ શેઠના લાખોના વેપારનો અને કુટુંબનો સૂત્રધાર હતો. આમ હોવાથી તેણે કુટુંબનું સુખ, કુટુંબનું દુઃખ, કુટુંબનો હર્ષ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુટુંબનો શોક, પોતાનાં ગણ્યાં અને પોતાને જે માર્ગ યોગ્ય લાગે, તે જ માર્ગ તેણે શેઠના કુટુંબ માટે પણ યોગ્ય ગણ્યો.

વળી પદ્મા કોણ? પોતાની 'દેવી'ની પુત્રી, એટલે પોતાની જ પુત્રી ને? 'દેવી' તો કાયદેસરનો માલિક ભલે પોતાનો શેઠ હોય, પણ ખરો માલિક તો પોતે જ હતો ને? 'દેવી'ની પુત્રીને કેવી રીતે સુખી કરવી? તેને પોતાથી બની શકે તે તમામ અનુકૂળતા કેવી રીતે કરી આપવી? ઠાકોર-દાસને, દેવીને, શ્યામાને, પદ્માને—એ બધાંને પોતાનામાં કેટલો ઊંડો વિશ્વાસ હતો? આ દૃષ્ટિથી પોતે શું એ બધાંનો 'સેવક' નહોતો? એમનો શ્વાસપ્રાણ નહોતો?

આવા એ બધાંના નિખાલસ વિશ્વાસનો બદલો ઈશ્વર પોતાની મારફતે અપાવે, તેવી પ્રાર્થના તે અંતરમાં કરતો બબડ્યો: 'નંદલાલ! આ કુટુંબે તારામાં વિશ્વાસ મૂક્યો, તેથી તું નિઃસ્વાર્થ બન્યો. દેવીએ તને સમર્પણ કર્યું, અને તેં કુટુંબને સમર્પણ કર્યું. સ્થૂલ સ્વાર્થમાંથી સૂક્ષ્મ સ્વાર્થ જન્મ્યો. તારી મહત્ત્વાકાંક્ષામાંથી તું સેવક બન્યો.' નંદલાલની આંખો કંઈક ભીની થઈ. તેણે નક્કી કર્યું કે પોતે સુધીરના પિતાને મળવું અને તેને અનુકૂળ કરી લેવો.

બારના ટકોરા થયા. આંખ મળી, ન મળી, એટલામાં તો નંદલાલના બારણા ઉપર ટકોરા થયા. નંદલાલે બારણું ઉઘાડ્યું. ચંદન હતી.

"દેવી! મેં માન્યું કે તમે સૂઈ ગયાં હશો."

"મેં ધાર્યું કે તમે સૂઈ ગયા નહિ હો, એટલે થયું કે લાવ મળી આવું." અંદર આવીને ચંદન બોલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદલાલ ખાટલામાં પડ્યો. ચંદન ખાટલા ઉપર બાજૂએ બેઠી.

"કેમ ઊંઘ નથી આવતી ?" ચંદને નંદલાલના હાથ ઉપર હાથ મૂકીને પૂછ્યું.

"ના. તમને ?" નંદલાલે ચંદનનો હાથ પકડી ધીમેથી કહ્યું.

"ના." ઘણું જ ધીમેથી ચંદન બોલી.

ક્ષણ બે ક્ષણ યુગલે મૌન ધર્યું.

"દેવિ !" નંદલાલે ચંદનના બંને હાથ પકડી કહ્યું.

"લાલજી !" ચંદને નંદલાલને અઢેલીને પ્રતિશબ્દ કર્યો.

અપૂર્વ આસક્તિથી પ્રૌઢ યુગલ એકમેકને જોઈ રહ્યું. એ દૃષ્ટિમાં પ્રત્યેક તરફની એકાંતિક આસક્તિ સિવાય જગત માત્ર તરફ જાણે સંપૂર્ણ ઉપેક્ષા હતી.

પા કલાકની પ્રેમસમાધિ પછી, ચંદન આવી હતી, તેમ ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯મું ‘નંદલાલ અને શ્યામલાલ’

બીજે દિવસે સાંજે નંદલાલ શ્યામલાલને ત્યાં ગયો. શ્યામલાલ નંદલાલને સારી રીતે ઓળખતો. વેપારને લગતી કાયદાની અનેક ગૂંચો અને તેને લગતાં કામ નંદલાલ શ્યામલાલને આપતો. દસેક મિનિટ રાહ જોવડાવી શ્યામલાલ આવ્યો.

“કેમ નંદલાલ! આપણું છેલ્લું ‘મેટર’ હું જોઈ ગયો. મને લાગે છે કે આપણો કેસ ‘બૅલન્સ’નો છે. બને તેટલો પ્રયત્ન કરીશું.” શ્યામલાલે સિગારેટ સળગાવતાં કહ્યું.

“સાહેબ! આપ કરશો, તે યોગ્ય જ હશે. આપનામાં શેઠ સાહેબને પૂરી શ્રદ્ધા છે.” નંદલાલે વિવેક કર્યો.

“તારી શ્રદ્ધા પણ અધૂરી નથી, એની મારે ખાતરી રાખવી કે નહિ?” શ્યામલાલે ટકોર કરી. નંદલાલને લાગ્યું કે પોતાના વિવેકમાં પણ બૅરિસ્ટરે પોતાને પકડ્યો.

“સાહેબ, મારી નોકરની શ્રદ્ધાઅશ્રદ્ધા આ બાબતમાં લેખામાં નહિ.”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નંદલાલ, તું તો યાર શેઠનોયે શેઠ છે. બિચારા ઠાકોરદાસ તો ભગત છે." આટલું બોલી શ્યામલાલ અટક્યો અને નંદલાલ તરફ કંઈક આંખ મારી. પછી તુરત ચલાવ્યું. "કેમ, શેઠાણી મજામાં છે?"

"દેવી આનંદમાં છે." મૂછમાં હસીને નંદલાલ બોલ્યો.

"માફ કરજે ભાઈ, તારાં દેવી." શ્યામલાલે હસીને સિગારેટ ફૂંકી. પછી નંદલાલને સિગારેટ ધરી. "લે સિગારેટ તો પી."

"સાહેબ! મને રંકને એ શોખ શોભે? વળી આપ સાહેબની સામે મારાથી પિવાયે ખરી?" નંદલાલે નમ્રતાથી કહ્યું.

"પ્રભુએ તને શી જીભ બક્ષી છે?" સિગારેટ કેસ બંધ કરીને શ્યામલાલ બોલ્યો.

"વધારે પડતું બોલાયું હોય, તો માફ કરજો સાહેબ."

"હરામખોર!" એમ કહી હસતાં હસતાં શ્યામલાલે મુક્કી ઉગામી. પછી ઉમેર્યું: "બડો લુચ્ચો છે. કાચાપોચાને તો તું હથેળીમાં રમાડે."

"સાહેબ, આપે તો આપની વિશાળ હથેળીમાં મને મસળી નાખવા માંડ્યો!" નંદલાલે સચોટ અને સૂક્ષ્મ ઉત્તર આપ્યો. શ્યામલાલ આ ચતુર નરને જોઈ રહ્યો. એને સમજાયું કે સચોટ પ્રત્યુત્તરની કલા એકલા ધારાશાસ્ત્રીઓને જ વરી નથી હોતી. એને સમજાયું કે મનુષ્યોને મસળવાની પોતાની આવડત કરતાં મનુષ્યોને રમાડવાની નંદલાલની આવડત ચડિયાતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"નંદલાલ, મસળવાની કળા કરતાં રમાડવાની કળા ઊંચી છે. પણ હવે પાકી કોઠીએ કાના ન ચડે. રમાડવાનું શીખવા જતાં મસળવાનું ભૂલી જવાય. હવે ચલાવ; તારે શું કામ છે, તે કહે."

"લો સાહેબ, આપને તો અમસ્તા વાત કરવા આવીએ, તોયે ન ખમાય! કાયદાના કામે નથી આવ્યો, માટે ભાઈ સાહેબ, પાછા કલાકની દસ વીસ ગીનીઓ જોખાવશો નહિ, મારા બાપ!"

"લુચ્ચો! બીજી વાતોને બહાને અંદર અંદર ધંધાની સલાહ પણ પૂછી લેવી, પાછી બીજી વાતો કરવી, પાછી ધંધાની વાતો ઘુસાડવી! કેટકેટલી વાર તેં મારી સલાહ મફત ઉડાવી લીધી છે! તું બડો ઉસ્તાદ છે!" એમ કહી શ્યામલાલ હસ્યો.

"સાહેબ! આટઆટલી ગીનીઓના ભાર આપ શી રીતે જીરવો છો?"

"આવે તેટલી ખરચીને. ચાલ હવે કહે, કેમ આવવું થયું?"

"ભાઈ વિલાયત જાય છે, એમ સાંભળ્યું." વાત ઉડાવતાં નંદલાલ બોલ્યો.

"કોણ સુધીર? હા."

"પાછા ક્યારે પધારશે?"

"ભણી રહેશે, ત્યારે."

"તોયે ત્રણ ચાર વરસ તો ખરાં, કેમ સાહેબ?" નંદલાલે વાત જારી રાખી. શ્યામલાલ નંદલાલ તરફ જોઈ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, સિવાય કે પૂરું કર્યા વગર વહેલો આવતો રહે. જો કે વિલાયત જનારા સાધારણ રીતે બને તેટલું મોડું આવવાનો પ્રયત્ન કરે છે."

"એમ કેમ કરતા હશે વારુ?"

"ત્યાંની આબોહવા સારી."

"જવાન માણસોને બહુ માફક, કેમ સાહેબ!"

"એવી, કે વૃદ્ધ પણ જવાન થઈ જાય."

"સાહેબ, ભાઈ કંઈ લફરું લઈને આવશે તો!" નંદલાલ બોલ્યો. શ્યામલાલ તેના તરફ ધારીને જોઈ રહ્યો.

"તો હું પણ પાછો વિલાયત જઈશ." બંને હસી પડ્યા. થોડી વાર મૌન પ્રસર્યું. પછી નંદલાલે દાવ ખેલવા માંડ્યો.

"શેઠ સાહેબ પણ પદ્માને મોકલવા વિચાર કરે છે."

"એમ? ક્યારે?"

"આપની સલાહ માગવી છે."

"મારી! હું શી સલાહ આપું?"

"યોગ્ય હોય તે."

"છોકરીની શી મરજી છે?"

"સુધીરભાઈની સાથે જવાની."

શ્યામલાલ થોડીવાર ચૂપ રહ્યો. નંદલાલનો ભાવ તે કળી ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એની મરજીની બાબતમાં મારે શો અભિપ્રાય આપવાનો હોય ?" શ્યામલાલે સાવધાનતાથી કહ્યું અને તાકીને જોઈ રહ્યો.

"સુધીરભાઈની મરજી બાબતમાં તો આપ જ અભિપ્રાય આપી શકો." નંદલાલે સિફતથી મૂક્યું.

"જરૂર. જો એની મરજીની મને ખબર હોય તો." શ્યામલાલે કુનેહથી જવાબ વાળ્યો.

"સાહેબ, આપનાથી તે કંઈ ભાઈની મરજી અજાણી હોય !"

"નંદલાલ, છોકરાંઓ પોતે જ પોતાની મરજીની બાબતમાં ઘણે ભાગે અજાણ્યાં હોય છે. એમની મરજી ક્યારે કઈ છે, તે આપણે ક્યાં જાણતા ફરીએ ? સાચી વાત કહું છું." શ્યામલાલે ધીમેથી મર્મ કર્યો.

"આપ કહો, તે યોગ્ય જ. પણ છોકરાંઓની મરજીની બાબતમાં વડીલોએ તટસ્થ રહ્યા કરતાં એમની મરજીને સમજીને વાળવી એ વડીલોનું કર્તવ્ય છે, એમ મારી સાધારણ સમજ મને કહે છે. નિકર આપણી તટસ્થતા તો ફરજની વિરોધી બને !"

"તમારી વાત ખોટી છે એમ તો હું નથી કહેતો નંદલાલ, પણ મારો સ્વભાવ જ એવો ઘડાઈ ગયો છે."

"સાહેબ, આપની સામે મારે દલીલ કરવી, તે બેઅદબી ગણાય. આપને ફક્ત એટલું જ કહેવાની રજા માગું છું કે સ્વભાવ ઉપર ફરજના અંકુશથી જ વ્યક્તિનો તથા સમાજનો વિકાસ થયો છે. આપના જેવા સમર્થને પણ ફરજના અંકુશની તો જરૂર છે. બહુ બોલાયું હોય, તો માફ કરશો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદલાલે બુદ્ધિપૂર્વક પ્રસ્તાવ કર્યો. શ્યામલાલ આ બુદ્ધિમાન પુરુષને એકીટસે જોઈ રહ્યો. એને સમજાયું કે નંદલાલનું ચાતુર્ય અગાધ હતું અને ક્ષણે ક્ષણે પોતે નંદલાલની ચતુરાઈનો ભોગ બની રહ્યો હતો. નંદલાલના આત્મવિશ્વાસ અને વિવેકી ધૃષ્ટતા ઉપર અંદરથી એ મુગ્ધ હતો. બૅરિસ્ટર કંઈક વિચારમાં પડી ગયો. પોતાની હોશિયારી એને કંઈક ઝાંખી લાગી.

“નંદલાલ, હું વિચાર કરીશ.”

“મને શંકા જ નથી, સાહેબ!” આત્મવિશ્વાસથી છલકાતા નંદલાલે રજા લીધી. શ્યામલાલ એ ચતુર નરને જોતો જ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૦મું --- 'મેનાને પિયર'

શ્યામલાલે પોતાના માણસ ગોવિંદને મેનાના પિયરના ગામમાં તપાસ કરવા મોકલવાનું નક્કી કર્યું હતું તે પ્રમાણે બીજે દિવસે ગોવિંદ તપાસ કરવા વિદાય થયો.

ગોવિંદ શ્યામલાલનો સેક્રેટરી હતો, અને શ્યામલાલનો ગોવિંદ ઉપર પૂરો વિશ્વાસ હતો. શ્યામલાલના ધંધાનું કામકાજ કરવાથી અને શ્યામલાલની તાલીમથી ગોવિંદ પાવરધો અને હોશિયાર થઈ ગયો હતો. શ્યામલાલે ગોવિંદને બધી વાત સમજાવી અને સૂચવ્યું કે મેનાનાં વૃદ્ધ માબાપની તમામ માહિતી બને તેટલી કુનેહથી તેણે એકઠી કરવી.

કાઠિયાવાડના એક નાના સરખા ગામમાં ગોવિંદ અથડાતો અથડાતો આવ્યો. આ ગામ મેનાનું પિયર હતું. ગામ નાનું સરખું હતું અને વસતી ઝાઝી નહોતી. ભાગોળે તેણે કેટલાક માણસોને થોડીઘણી પૂછપરછ કરી. મેનાએ બાપનું નામ ગિરધરલાલ આપેલું એટલે ગોવિંદે તે નામથી તપાસ કરવા માંડી. પૂછતાં પૂછતાં અને ટિચાતાં ટિચાતાં ગોવિંદ એક આધેડ ઉંમરના માણસને મળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ભાઈ! આ ગામમાં કોઈ ગિરધરલાલ હતા? તેમની દીકરી મુંબઈ પરણાવેલી; તેના તરફથી હું આવું છું. આપ એ ગિરધરલાલને ઓળખતા?" ગોવિંદે પૂછ્યું.

"હા, એક ગિરધરલાલ હતો. ગરીબ વેપારી હતો અને તેને એક દીકરી હતી, તે મુંબઈના કોઈ વેપારીને પરણાવેલી. પણ એ વાતને તો વર્ષોનાં વહાણાં વાયાં. આવો ભાઈ, આવો. લો ચાલો ઘેર. બધી વાતો કરીશું. ભૂખ્યાતરસ્યા હશો, માટે પહેલાં એની વાત કરો બાપુ!"

પેલો માણસ ગોવિંદને પોતાના ઘરમાં લઈ ગયો. ગોવિંદે નાહીપરવારીને જમી લીધું અને પેલા માણસ સાથે આડી-અવળી વાતો કરી.

"ગિરધરલાલનાં કોઈ સગાંવહાલાં છે કે?" ગોવિંદે પૂછ્યું.

"સગાંવહાલાં તો જાણ્યામાં નથી. ડોસો અને ડોસી ઘરડાં હતાં અને ફરજંદમાં એક દીકરી હતી, તે મેના. એને મુંબઈના કોઈ સુખી વેપારીને આપી હતી અને તમે જેની તપાસ કરો છો, તે જ તે હશે."

"ડોસાડોસીને મરી ગયે કેટલો વખત થયો હશે વારુ?"

"ઓહો, બધા જુગ થઈ ગયા. દીકરી પરણીને ગઈ, પછી એકાદ વરસમાં બંનેનો કાળ થયો. મેના પરણીને ગઈ પછી તેના ધણીએ મેનાનાં માબાપ સાથેનો સંબંધ ખાસ રાખ્યો નહિ, અને મેના પાસે પણ ખાસ રખાવ્યો નહિ. બેત્રણ વાર કાગળો આવેલા અને દૈવવશાત્ એકાદ વરસમાં જ માબાપનો કાળ થયો. દરમિયાન સમૃદ્ધિની છોળોમાં ઊછળતી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુંબઈમાં વસતી એના માબાપને ભાગ્યે જ યાદ કરતી. મરણના સમાચાર આવ્યા, તે વખતે એને દિલગીરી થયેલી, પણ થોડા વખતમાં શોક વિસરાયો. માબાપની પાછળ પુણ્યદાન કરાવી કૃતકૃત્ય થઈ."

થોડીવારના મૌન પછી પેલા માણસે ચલાવ્યું:

"દીકરીને માઠા સમાચાર મારા વૃદ્ધ પિતાએ આપેલા. માબાપ બેત્રણ અઠવાડિયાને આંતરે ગુજરી ગયેલાં. દીકરીએ બે હજાર રૂપિયા ક્રિયાખરચના મોકલી આપેલા અને તે પ્રમાણે ક્રિયા થયેલી. વધેલાં નાણાંમાંથી ગામમાં એક કૂવો કરાવેલો, તે આ ભાગોળે રહ્યો. દીકરી પોતે મા કે બાપને જોવા પણ નહિ આવેલી. માબાપ ગુજરી ગયા પછી મારા બાપ ઉપર કાગળ આવેલા, તેમાં પોતે આવી શકે તેમ નથી, થવાનું થઈ ગયું છે, માબાપ જવાથી હૂંફ ગઈ છે, વગેરે હતું અને ક્રિયાખરચના રૂપિયા મોકલી આપેલા. મોટું સાસરું અને સુખિયો જીવ: એટલે એ તે કંઈ આવે!" કંઈક બેપરવાઈથી અને કંઈક કટાક્ષથી તે બોલ્યો.

"પણ દીકરીના સંબંધમાં એનાં માબાપ કંઈ વાતચીત કરતાં? કંઈ યાદ આવે, તો જણાવો." ગોવિંદે સવાલ પૂછ્યો. પેલા માણસની આંખ લગાર ઝીણી થઈ. તેને આવી પૂછપરછથી કંઈક નવાઈ લાગી.

"ખાસ તો કશું નહિ, પણ બાપુ! તમે તો બધું જાણતા જ હશો.. દીકરીને ત્યાંથી જ આવો છો ને!"

"જુઓને ભાઈ, જાણતો હોત તો તમને પૂછત શું કરવા? એ ડોસાડોસી તે ખરાં માબાપ, કે ધર્મનાં?" ગોવિંદે વાત રજૂ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેલો માણસ લગાર હસ્યો. પછી ધીમેથી બોલ્યો :

" જેણે પાળીપોષી મોટી કરી, તે ખરાં વળી ! બાકી બીજાં ખરાં તે કોણ જોવા ગયું છે, મારા ભાઈ ! વળી એની તે મને શી ખબર ? કેમ કંઈ આટઆટલી પૂછપરછ ? કંઈ સમજાવો તો ખરા ! " પેલા માણસે કહ્યું.

" પૂછપરછનું કારણ એટલું જ કે મેનાબહેનને પોતાનાં ખરાં માબાપ એ ડોસાડોસી નથી લાગતાં, અને ખરાં માબાપની શોધ મારે કરવી, એવો હુકમ છે. " ગોવિંદે હસીને કહ્યું.

" ધૂળ ને રાખ. આટલે વર્ષે તે વળી એ ક્યાં શોધવા નીકળવું ! ધરમનાં કહો કે ખરાં કહો, જ્યાં ત્યાં એ ડોસાડોસી માબાપ હતાં. " પેલા માણસે પતાવ્યું.

" એમ કહો ને, કે ખરાં માબાપની તમને ખબર નથી અને ડોસાડોસીને જ તમે ખરાં માબાપ માનતા. " ગોવિંદે સિફતથી મૂક્યું.

" ખબર તો બધીયે હતી અને ડોસાડોસીએ કહેલી પણ ખરી, પણ પ્રયોજન વગર કહેવાથી શું ? " પોતે જાણે છે, એવા ગૌરવથી પેલાએ કહ્યું.

" પ્રયોજન લાગે, તો કહો. મેનાબહેન કંઈ જાતે ઓછાં જ પૂછવા આવવાનાં છે ? લખોપતિની બૈરી છે. તમે જે હકીકત આપશો, તે એમને હું જણાવીશ. તમારી ઇચ્છા હોય, તો તમે સાથે આવો. " ગોવિંદે હોશિયારીથી બાજી ખેલી.

" મેનાબહેન ને અમે બધાં તો ભેળાં રમેલાં. એ મોટાં માણસ. હવે શેનાં યાદ કરે ? "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે એમને કેટલાં યાદ કર્યાં, તે તો કહો." ગોવિંદે પ્યાદું ખેલ્યું. પેલા શખ્સની છાતી કંઈક ફૂલી.

"લો, ત્યારે યાદ કરું છું અને કહેજો કે પ્રાણલાલે યાદ કર્યાં છે. રોજ અમે સાથે રમતાં, તે કેમ ભુલાય? એની તબિયત તો સારી છે ના?" પ્રાણલાલે પૂછ્યું.

"સારી છે અને કહ્યું હતું કે મારી સાથે એક છોકરો રમતો હતો, પણ નામ ભૂલી ગઈ છું. કંઈક 'લાલ' કે એવું જ હતું. મળે, તો યાદ કરજો." ગોવિંદે પ્યાદું ખેલ્યું અને પ્રાણલાલની કસો તૂટી.

"લો, પ્રાણલાલનાં ઊઘડી ગયાં! છોકરી બડી ભાગ્યશાળી! લખેશરીને ત્યાં ગઈ! યાદ કરે છે, એટલું સારું. જુઓને ગોવિંદભાઈ! નાનપણથી જ તે તેજસ્વી લાગતી."

"ડોસાડોસીનું તે ફરજંદ નહિ? પ્રાણલાલભાઈ! મેનાબહેન પરણ્યાં, ત્યારે ડોસીની ઉંમર જ સિત્તેરેકની હતી અને મેનાબહેન તો બહુ બહુ તો ચૌદનાં હશે. ભલા, છપ્પને તે કોઈ માએ છોકરું જણ્યું જાણ્યું છે?"

"શું કહ્યું? અરે ડોસી મરી ગયાં, ત્યારે પોણોસોનાં. છપ્પન નહિ, સાઠ વરસ કહો ભલા." પ્રાણલાલે ટેકો આપ્યો.

"લો ત્યારે, સાઠે તે સંભવે? તમે જ કહો ને!" ગોવિંદે પાન ચાવતાં ચાવતાં કહ્યું.

"મારાં માબાપ એમ કહેતાં કે મેના હતી ડોશીના કોઈ સગાની દીકરી. ડોસાડોસી નાશકની જાત્રાએથી પાછાં ફરતાં'તાં, ત્યારે દીકરી કોઈ સગાએ એમને સોંપી. સગો મરવાની અણી ઉપર હતો અને પછી મરી ગયો. કોણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સગો, શું નામ, ક્યાંનો, એની મને મુદ્દલે ખબર નથી." પ્રાણલાલે પ્રકાશ નાખ્યો.

"એમનાં સગાં ક્યાં ક્યાં વારુ?"

"ભૂતભાઈ જાણે. નાશકથી આવતાં, કે નાશકમાં કોઈ સગું હતું, એવી કંઈ વાત હતી. વધારે હું કશું જ જાણતો નથી."

"નાશક તો યાત્રાએ ગયાં હશે, ખરું ને?"

"હાસ્તો."

થોડી વાર ગોવિંદ વિચારમાં પડી ગયો. કંઈ સૂઝ્યું નહિ. પછી તુરત પૂછ્યું:

"ડોસાડોસી છોકરીને લાવ્યાં, ત્યારે તે કેવડીક હશે?"

"ભાગ્યે બે વરસની, એમ મારાં માબાપ કહેતાં." પ્રાણલાલ બોલ્યો. ગોવિંદ વિચારમાં પડી ગયો. કંઈ જ સમજાયું નહિ. પ્રાણલાલે આથી વધારે પ્રકાશ પાડવાની પોતાની અશક્તિ જણાવી. ગોવિંદને કંઈ સૂઝ્યું નહિ. પછી પૂછવાની ખાતર તેણે પૂછ્યું:

"ડોસાડોસીના ઘરનું તથા ઘરવખરીનું શું થયું?"

"ઘર તો પડી ગયું છે. ઘરવખરીમાં ખાસ કંઈ હતું નહિ. વાસણકુસણ દાનમાં આપી દીધેલાં. હા, મારા બાપને ડોસાએ ભાગવતનો દશમસ્કંધ ભેટ આપેલો, તે મારી પાસે છે."

"લગાર જોવા તો દો." ગોવિંદે કહ્યું.

પ્રાણલાલ એક જૂનું પુસ્તક લઈ આવ્યો. ગોવિંદે તે ઉથલાવવા માંડ્યું. ઉથલાવતાં ઉથલાવતાં એની નજર છેલ્લે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાને પડી. એ પાના ઉપર "રામાનંદજી બાવાના ચરણારવિંદમાં" એવું ભાગ્યુંતૂટ્યું લખ્યું હતું. ગોવિંદે પુસ્તક જોઈને પાછું આપી દીધું. થોડી વાર તે કંઈ બોલ્યો નહિ. પછી તેને કંઈક સ્ફુરી આવ્યું.

"આ રામાનંદજી કોણ?" ગોવિંદે પૂછ્યું.

"દૈવ જાણે! ડોસાને નાસિક ત્ર્યંબકમાં કોઈ ગુરુ હતા, એમ મારા ડોસા કહેતા. એટલે કદાચ એ પણ હોય."

આટલી હકીકત મેળવીને ગોવિંદે પ્રાણલાલની રજા લીધી.

"મેનાબહેનને તમારો સંદેશો આપીશ. તમે મુંબઈ આવો, તો ત્યાં જરૂર આવજો." ગોવિંદે કહ્યું અને કહીને સરનામું આપ્યું.

"લો, મારા રામરામ અને મેનાને કહેજો કે કોઈ દહાડો આવે, તો ભાઈનું ઘર પાવન કરે."

"જરૂર." એમ બોલી ગોવિંદે રજા લીધી અને પ્રાણલાલનાં છોકરાંઓના હાથમાં બબ્બે રૂપિયા મૂક્યા.

"ના ના, એ ના હોય." પ્રાણલાલે વિરોધ કર્યો.

"ના ના, પ્રાણલાલભાઈ! મારા સોગન. મને ખોટું લાગશે." ગોવિંદે આગ્રહ કર્યો.

"લો, મેનાને આટલું કપડું આપજો." એમ કહી પ્રાણલાલે ગોવિંદના હાથમાં એકાદ વાર જેટલું કાપડ મૂક્યું. વિદાય લેતાં ગોવિંદ આ ભાવભીના માણસને જોઈ રહ્યો. એ ક્ષણે એને સમજાયું કે મનુષ્યત્વ શું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૧ મું -- 'ગોવિંદનું પાછા ફરવું'

"કેમ ગોવિંદ! બોલ, શું કરી આવ્યો?" શ્યામલાલે પૂછ્યું.

"સાહેબ! હકીકત તો એટલી જ મળી કે મેનાબહેનનાં ખરાં માબાપ કોઈ બીજાં જ હતાં. પેલાં તો ફક્ત ધર્મનાં માબાપ. હકીકત આપનાર એક પ્રાણલાલ નામનો શખ્સ હતો."

ગોવિંદે બધી વાત માંડીને કહી. શ્યામલાલે ખૂબ જ ધ્યાનથી હકીકત સાંભળી.

"ત્યારે એ કોની છોકરી એ બાબત તેં કંઈ માહિતી મેળવી ખરી?" ગોવિંદને અટકેલો જોઈ શ્યામલાલે પૂછ્યું.

"એની ભાળ કંઈ જ ન મળી. ફક્ત એટલું જ એણે કહ્યું કે કોઈ સગાની છોકરી હતી અને ડોસાડોસી નાસિકની યાત્રાએથી પાછાં ફરતાં હતાં, ત્યારે સાથે લાવેલાં. યાત્રાએથી કોઈ સગાને ત્યાં ગયેલાં અને સગું મરણપથારીએ હતું એટલે સુપરત કરેલી, એવી હકીકત તે માણસે કહી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદના શબ્દે શબ્દને ધ્યાનથી સાંભળતો શ્યામલાલ નાસિકની યાત્રાની વાત સાંભળી એકદમ સ્તબ્ધ થઈ ગયો. એના મોં ઉપર કોઈ અપૂર્વ તેજ ચમક્યું. એણે આંખો બંધ કરી અને જાણે વિચારમાં ગરકાવ થઈ ગયો હોય, તેમ શૂન્ય જેવો પડી રહ્યો. ગોવિંદ શ્યામલાલને જોઈ રહ્યો.

"શું કહ્યું, ગોવિંદ! નાસિકની યાત્રાએથી?" શ્યામલાલે આશ્ચર્યથી ભાર દઈ પૂછ્યું.

"જી હા. નાસિકની યાત્રાએથી." ગોવિંદે કહ્યું. શ્યામલાલનું મોં મલકાયું, આંખો ઝીણી થઈ, સફાળો તે ખુરશીમાંથી ઊભો થયો. બારી આગળ ગયો. દૂર ક્ષિતિજ ઉપર આકાશ તરફ નજર ઢાળી. અડધી ક્ષણમાં તો એના મોં ઉપર આનંદની લહરીઓ જાણે ઊભરાવા લાગી. પછી તે એકદમ ગોવિંદની પાસે આવ્યો અને તેણે એના બે ખભા જોરથી પકડ્યા.

"શાબાશ, ગોવિંદ! શાબાશ."

"પણ સાહેબ, એથી વધારે હકીકત મેળવવા મેં ખૂબ પ્રયાસ કર્યો, પણ ન મળી, એટલે લાચાર છું." ગોવિંદના મનમાં થયું કે શ્યામલાલ પોતાને હસીને કરડાકીમાં ઠપકો આપે છે, એટલે તેણે નમ્રતાથી બચાવ કર્યો.

"અરે, જે છે, તે પૂરતી છે, ઘણી છે." શ્યામલાલે ગોવિંદને થાબડીને કહ્યું. ગોવિંદને સમજાયું નહિ, કે આટલી હકીકતમાં પૂરતું શું હતું.

"હા, ભૂલ્યો સાહેબ. એક વાત રહી ગઈ. મેનાબહેનના ધર્મના પિતાએ પેલા પ્રાણલાલના બાપને દશમસ્કંધનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તક આપ્યું હતું. તેમાં પાછલે પાને કોઈ રામાનંદજી બાવાનું નામ હતું. પ્રાણલાલને તે સંબંધમાં પૂછતાં જણાયું કે એ બાવા ઘણું કરીને ડોસાના ગુરુ હતા, અને નાસિક-ત્ર્યંબક તરફના હતા."

"ઘણો આભાર, ગોવિંદ. બસ મારે જોઈતું મળી ગયું છે. તું જઈ શકે છે. બીજું કંઈ?"

"બીજું તો એટલું જ કે પ્રાણલાલે મેનાબહેન સારુ કપડું મોકલ્યું છે અને યાદ કર્યાં છે. અને સાહેબ! મેં પણ ત્યાં લગાર ગપ્પાં માર્યાં છે, તો માફ કરશો."

"શાં ગપ્પાં?" હસતાં હસતાં આશ્ચર્યથી શ્યામલાલે પૂછ્યું.

"કે મેનાબહેનને ત્યાંથી હું આવ્યો છું, મેનાબહેન એમના બાળસ્નેહી પ્રાણલાલને સંભારે છે, અને પ્રાણલાલ મુંબઈ આવે, તો મેનાબહેનને ત્યાં જરૂર આવવાનું, વગેરે." ગોવિંદે બીતાં બીતાં કહ્યું અને પછી ઉમેર્યું: "મેં મેના-બહેનનું સરનામું પણ આપ્યું છે."

"જા, ગપ્પાં માફ છે. પણ હવેથી એવું ન કરતો." હસીને શ્યામલાલે ગોવિંદને ધોલ મારી. ગોવિંદ હસતો હસતો સલામ કરીને ચાલ્યો ગયો, અને શ્યામલાલે નોકરને સિગારની પેટી લાવવા બૂમ પાડી નોકરે પેટી આણી. સૂરજ આથમતો હતો. શ્યામલાલના હૃદયમાં આનંદની છોળો ઊછળતી હતી, સિગાર પીતાં પીતાં શ્યામલાલે ટેલિફોનનું રિસીવર ઉપાડ્યું.

"હલો, કોણ મેનાબહેન?"

"હા, કેમ શ્યામલાલભાઈ?"

"અહીં આવો."

"હુકમ છે?" હસીને મેનાએ પૂછ્યું.

"આજ્ઞા છે." શ્યામલાલે ગંભીરાઈથી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જમીને આવીશ."

"અહીં જમવાનું છે, તમારે તથા યમુનાએ."

"ડૉક્ટર કલ્યાણ મારી સાથે જમનાર છે."

"સાથે લાવજો."

"પણ એ નહિ આવે અને ચિડાશે."

"મારું નામ દેશો એટલે નહિ ચિડાય."

"તો તમે જ એમને કહો. એ અહીં જ છે."

"એ તો ખાતરી જ હતી. ભૂતનું ઠેકાણું આમલી બોલાવો એમને." શ્યામલાલે મજાક કરી. મેનાએ કલ્યાણને રિસીવર આપ્યું.

"હલો ડૉક્ટર! તમે મેનાબહેનની સાથે હમણાં જમવા આવજો. ના પાડવાની જરૂર નથી. જરૂર આવજો."

કલ્યાણને આશ્ચર્ય થયું. વજ્રજેવા કઠોર બૅરિસ્ટરે કેમ આટલો ભાવ બતાવ્યો હશે! પાછી રેવડી તો નહિ કરવી હોય!

"મારે શું કહેવાનું હોય! ઘણો આભારી છું, સાહેબ. આપને ફક્ત એટલું જ જણાવું કે હું ઘણો જ ભૂખ્યો છું." હસીને કલ્યાણે કહ્યું.

"આવી પહોંચો ત્યારે. આખું રસોડું તમારું જ છે." શ્યામલાલે હસીને સત્કાર કર્યો.

"ખુદાની આપ પર રહેમ રહો! આવી પહોંચ્યો જાણો, સાહેબ!" કલ્યાણે મીઠાશથી કહ્યું.

"That's the spirit." એમ કહી શ્યામલાલે રિસીવર મૂકી દીધું.

અડધા એક કલાકમાં મેના, યમુના અને કલ્યાણ આવી પહોચ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૨ મું -- 'શોધનાં મંડાણ'

"જુઓ, તમારી આજ્ઞા કેવી પાળી છે? કોણ જાણે તમારો મારા ઉપર કેમ આટલો બધો કાબૂ હશે?" બારણામાંથી અંદર આવતી મેનાએ શ્યામલાલને કહ્યું.

"સારું ને! એકાદ જણનો કાબૂ તો હોવો જ જોઈએ. મારા કાબૂમાં રહેશો, તો સુખી થશો. તમે ના પાડી હોત, તો મને જરૂર માઠું લાગત. અને યમુના! તને કંઈ નિમંત્રણ હોય? આવો, આવો, બધાં બેસો. સુધીર પણ હમણાં આવી પહોંચશે."

"સુધીર ક્યાં ગયો છે?" મેનાએ પૂછ્યું.

"કોણ જાણે? પદ્માને ત્યાં પણ હોય."

"આપે મને નિમંત્રણ આપ્યું, તે મારું સદ્ભાગ્ય." કલ્યાણે વિવેક કર્યો.

"અને તમે સ્વીકાર્યું, તે મારું સદ્ભાગ્ય." શ્યામલાલે વિનયથી કલ્યાણ તરફ હસીને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શ્યામલાલમામા, શું જમાડશો ?" ચબરાક યમુનાએ પૂછ્યું.

"જા રસોડામાં જઈને તપાસ કરી આવ."

થોડી વાર બધાં શાંત રહ્યાં. પછી ધીમેથી શ્યામલાલે વાત ઉપાડી.

"મેનાબહેન, તપાસ થઈ ગઈ."

"એમ ? કંઈ જાણવા જેવું છે ?"

"એટલું જ કે મારી શંકાઓ સાચી પડી. પણ તે બધી વાત પછી નિરાંતે કરીશું."

એટલામાં સુધીર દાખલ થયો.

"કેમ મહેરબાન ! તમારે ત્યાં આવીએ, અને તમે તો ટહેલતા ફરો !" યમુનાએ સુધીરને ચીમકી આપી.

"તમે લોકો આવવાનાં છો, એની મને ખબર નહોતી એટલે દિલગીર છું."

"એની અમને જ ખબર નહોતી, સુધીર !" મેનાએ સુધીરના સામું હસીને કહ્યું.

"હું તમારે ત્યાં થઈને આવ્યો." સુધીરે કહ્યું. શ્યામલાલ સુધીર તરફ લગાર આશ્ચર્યથી જોઈ રહ્યો.

"તું એમને ત્યાં ગયેલો ?"

"હા, પદ્માને ત્યાંથી." સુધીરે સ્પષ્ટ કર્યું. શ્યામલાલના મોં ઉપર કંઈક સંતોષ જણાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ડૉકટર, આ મારો દીકરો સુધીર. આ ડૉકટર કલ્યાણ.”

“અમે મળ્યા છીએ.” સુધીરે પિતાને કહ્યું.

“ભૂલ્યો. મેનાબહેનના ઓળખીતાઓની ઓળખાણ મારે તને કરાવવાની હોય જ નહિ. કેમ ડૉકટર?”

“બરાબર છે. એમના મિત્રો તે મારા મિત્રો.” કલ્યાણે સિગારેટનો ધુમાડો કાઢતાં કાઢતાં હસીને કહ્યું.

“પણ હું તો એમનો મિત્ર નથી, મોટો ભાઈ છું, ડૉકટર! ત્યારે મારું શું?”

“ત્યારે મારા પણ મોટા ભાઈ, બીજું શું?”

“તો મોટા ભાઈની આજ્ઞા પણ માનવી પડશે હોં.” શ્યામલાલે ડૉકટરને બાંધવા માંડ્યો.

“નાના ભાઈના હક્ક ક્યાં ઓછા છે?” કલ્યાણે તરત જવાબ વાળ્યો. શ્યામલાલે કલ્યાણનો ખભો થાબડ્યો.

“તમે તમારા હક્કો માટે બેફિકર રહો.”

આમ વાર્તાલાપ ચાલતો હતો, ત્યાં નોકર જમવાનું કહેવા આવ્યો. બધાં ઊભાં થયાં અને ટેબલ આગળ ગોઠવાયાં.

“મેનાબહેન! શનિરવિ નાસિક અને ત્ર્યંબક તરફ જવા ધારું છું.” શ્યામલાલે જમતાં જમતાં મેનાને કહ્યું.

મેના લગાર વિચારમાં પડી ગઈ અને આશ્ચર્યથી શ્યામલાલ તરફ જોઈ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ કંઈ યાત્રાનો વિચાર કર્યો?"

"હા, હવે ઉંમર થઈ. જે પુણ્ય કર્યું તે ખરું." શ્યામલાલે હસીને ઉત્તર વાળ્યો.

"તમે કંઈ પુણ્ય કરો તેવા નથી." મેનાએ મશ્કરી કરી.

"હા, લગાર શંકા જેવું તો છે જ. ચાલોને એમ કહું કે પાપ ધોવા. સાક્ષી તરીકે તમે આવશો?" શ્યામલાલે મેના તરફ જોયું. મેનાએ ડૉક્ટર તરફ જોયું ન જોયું કરી શ્યામલાલ તરફ જોયું.

"તમારાં પાપપુણ્યની સાક્ષી તરીકે મારા જેવીને પરમેશ્વર નહિ સ્વીકારે."

"પરમેશ્વરને સમજાવતાં મને આવડશે. તમે ચાલો." એટલું બોલી શ્યામલાલે કલ્યાણ તરફ જોયું. મેનાનો સંકેત તે સમજી ગયો હતો.

"ડૉક્ટર! તમે પણ આવશો તો મજા પડશે."

"મારા જેવા નાસ્તિકના આવવાથી પરમેશ્વર ખીજાશે. વળી તમારે કંઈ અગત્યનું કામ હશે, એટલે મારે સાથે આવવું ઠીક નહિ."

"યાર! બહાનાં ન કાઢો, તો ઠીક. મારે અગત્યનું કામ હોય, તેનો વિચાર ન કરશો. તમારે અગત્યનું કામ હોય, તેનો વિચાર કરો, તો સમજી શકું."

"શ્યામલાલભાઈ! અમે ન આવી શકીએ, તો માફ કરશો?" મેના બોલી. શ્યામલાલ સમજી ગયો કે એ બંનેએ શનિરવિ સાથે ગાળવાનું પસંદ કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દિલગીર છું કે તમે બંને પુણ્ય નથી કરી શકતાં, પણ તમે બંને ઉંમરે મારાથી ઘણાં નાનાં છો, એટલે તમારે ઉતાવળ નથી."

જમી રહ્યા પછી બધાં ઊઠીને બેસવાના ઓરડામાં આવ્યાં.

"હેં શ્યામલાલમામા, પણ તમે એકદમ નાસિક તરફ જવાનું કેમ નક્કી કર્યું? તમે અને મમી વાતો કરતાં હતાં એટલે મેં પૂછ્યું નહિ, પણ હવે અજાયબી દબાવી શકતી નથી."

"એક સાધુને મળવું છે તેથી."

"પપા, તમારામાં વળી આ જિજ્ઞાસા ક્યાંથી?" સુધીરે હસીને પૂછ્યું.

"હરામખોર! તારા બાપની મશ્કરી કરે છે?" સુધીરને બરડે ધપ્પો મારી શ્યામલાલે મજાકમાં કહ્યું.

શ્યામલાલની વાતથી બધાંની કુતૂહલવૃત્તિ ઉત્તેજાઈ. છતાં થોડીવાર સુધી કોઈ કંઈ બોલ્યું નહિ. બધાં ગોઠવાઈને બેઠાં. એક સોફા ઉપર શ્યામલાલ અને મેના હતાં, બીજા ઉપર સુધીર અને યમુના હતાં. કલ્યાણ એક છૂટી ખુરશી ઉપર બેઠો હતો.

"સાધુસંતમાં ક્યારથી પડ્યા?" મેનાએ શરૂ કર્યું.

"ગોવિંદ તમારા પિયરથી આવ્યો, ત્યારથી." શ્યામલાલે સિગાર પીતાં પીતાં કહ્યું.

"વાત તો કહો. કેવા મીઠા છો!" મેનાએ જિજ્ઞાસા દર્શાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારી ધારણા સાચી હતી."

"એટલે ?"

"ડોસાડોસી તમારાં ખરાં માબાપ નહિ, પણ ધર્મનાં."

"એમ હશે, ચાલો. પણ એ શોધ કર્યાથી શું ?" મેના કંઈક ઉદાસીનતાથી, કંઈ બેપરવાઈથી બોલી.

"ખરાં માબાપની શોધ કરવામાં પહેલાં ખોટાં માબાપને શોધવાં પડે."

"ખરાં માબાપ શોધ્યાં ?"

"એક પ્રાણલાલ નામના માણસે જણાવ્યું કે તમારાં ડોસાડોસી નાસિકની યાત્રાએથી આવતાં હતાં, ત્યારે એક ગરીબ સગો મરણપથારીએ હતો તેને મળવા ગયેલાં. સગાએ મરતા પહેલાં તમારી સુપરત તેમને કરી હતી." એટલું બોલી શ્યામલાલ અટકી પડ્યો. પછી મેના સામું જોઈને ચલાવ્યું. "એ પ્રાણલાલ કહેતો હતો કે તમે અને એ નાનાં હતાં, ત્યારે સાથે રમેલાં. એણે યાદ કરીને તમારે માટે કપડું પણ મોકલી આપ્યું છે" શ્યામલાલે મેનાને પેલું કપડું આપ્યું.

"વર્ષોનાં વહાણાં વાયાં. મને તો ખાસ યાદ પણ નથી આવતું. અમે ત્રણ ચાર છોકરાં સાથે રમતાં." એટલું કહી મેનાએ કપડું બાજુ પર મૂક્યું અને પછી શ્યામલાલ તરફ જોઈને પૂછ્યું: "વારુ, પછી ?"

"આ બધું તમારે મન જો ક્ષુદ્ર લાગતું હોય, તો હું દિલગીર છું. તમારા કરતાં ઉંમરે હું દસકો મોટો છતાં મારા બાળ સ્નેહીઓને ભૂલી શકતો નથી." શ્યામલાલે ધીમેથી ટકોર કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"યાદદાસ્તની બાબતમાં તમારી સાથે હરીફાઈમાં હું ઊભી રહી શકું નહિ. ખરેખર, મને કોઈનાં નામ ખબર નથી. એ માણસે મને યાદ કરીને કપડું મોકલ્યું, તે કેવું સરસ કહેવાય!"

શ્યામલાલે એ વાત પડતી મૂકી અને ચલાવ્યું.

"તમારાં ડોસાડોસી તમને કોઈ સગાને ત્યાંથી લાવ્યાં હોય, તેમ હું માનતો નથી."

"ત્યારે શું માનો છો?"

"ડોસાડોસી તમને નાસિક કે ત્ર્યંબકથી લાવ્યાં હશે." શ્યામલાલે શાંતિથી કહ્યું. મેના આશ્ચર્યથી જોઈ રહી.

"શા ઉપરથી?"

"યાત્રાએથી સગાને ત્યાં જાય, સગો મરણપથારીએ હોય, એ સગાને કોઈ દિવસ કોઈએ પહેલાં કદી જોયો કે સાંભળ્યો પણ ના હોય, સગાનાં સગાં કે ડોસાડોસીનાં સગાં તમારા લગ્ન પછી પણ તમારી કને કદી આવ્યાં પણ ન હોય, વગેરે વાતો લગાર વિચિત્ર છે. વળી તમને પરણાવતી વખતે પણ તે સંબંધમાં કંઈ અણસારો ડોસા-ડોસી ન કરે, એ વાત પણ તાજુબીની છે!"

"આ ભેદ તમે શી રીતે ઉકેલશો? નાસિક જઈને શું કરશો? મને તો કંઈ સમજાતું નથી."

"એ ભેદ હું ઉકેલીશ તેવી ખાતરી છે. મારે તમારી જરૂર છે. તમે સાથે આવો, તો ઉકેલાશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેના આશ્ચર્યમાં ગરકાવ થઈ ગઈ. એને વાતમાં ઘણો રસ પડ્યો.

"પણ આપણે ત્યાં જઈ શું કરવાનાં છીએ, તે તો કહો !"

"એક સાધુ જો હયાત હોય, તો તેને મળવા." શ્યામલાલે કહ્યું. પછી ઉમેર્યું: "પહેલો હું એકલો જઈશ. પછી જરૂર હશે, તો આપણે સાથે જઈશું."

"હા, એ વાત બરાબર છે. શ્યામલાલભાઈ, તમે કેમ આટઆટલો રસ આ બાબતમાં લો છો ?"

શ્યામલાલે બોલ્યા વગર સિગારના ધુમાડા કાઢવા માંડ્યા. મેના શ્યામલાલ તરફ ભાવથી જોઈ રહી.

મોડી રાતે મંડળ વીખરાયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૩ મું . . 'નાસિક તરફ'

બીજે દિવસે શનિવાર હતો. વહેલી સવારે શ્યામલાલ પોતાની મોટરમાં નાસિક જવા તૈયાર થયો. ગોવિંદને સાથે લીધો હતો અને પોતાના મિત્રના નાસિક ખાતેના બંગલામાં ઊતરવાનું નક્કી કર્યું હતું. લગભગ ૭ વાગ્યાના શુમારે શ્યામ-લાલ ગોવિંદને અને પોતાના વિશ્વાસુ નોકરને લઈને રવાના થયો. શોફરે મોટર પૂરપાટ મારી દીધી.

દસેક વાગ્યાના શુમારે તેઓ નાસિક આવી પહોંચ્યા. ઉતારે પહોંચીને નાસ્તો કરી લીધો. પછી નોકર શેઠને સારુ તાજી રસોઈની ભાંજગડમાં પડ્યો અને શ્યામલાલ અને ગોવિંદ નાસિકમાં ઘૂમવા નીકળ્યા. મંદિરો અને પંચવટી વગેરે જગાઓમાં ઘૂમી વળ્યા. શ્યામલાલ નાસ્તિક જેવો હોવા છતાં ભાવિક ગૃહસ્થની માફક ફરતો તેથી ગોવિંદને હસવું આવતું.

"કેમ હરામખોર! હસે છે? શું હું નાસ્તિક છું?" શ્યામલાલે ગોવિંદ તરફ જોઈ ટોળ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના રે સાહેબ, તમને કોણ નાસ્તિક કહે? જુઓને આપ કેટલા ભાવથી અને કેટલી એકાગ્રતાથી દર્શન કરો છો?" ગોવિંદે હસીને કહ્યું.

આવા ટોળટપ્પા કરતા તેઓ ફરતા હતા અને વચ્ચે વચ્ચે કોઈ બાવા ગોસાંઈ જણાય, તો નમસ્કાર કરી, આની બે આની આપી, શ્યામલાલ પૂછતો કે રામાનંદજી નામના કોઈ સાધુ છે? પૂછપરછો કરતાં કંઈ પત્તો લાગ્યો નહિ અને લગભગ બારેક વાગ્યા.

"ચાલ ઘેર જઈ જમીને સૂઈ જઈએ. આ જાનવરોથી હું કંટાળી ગયો છું. ચારે તરફ ધર્મ, ધોવીછળ અને ઘેલછા!" શ્યામલાલે ગોવિંદને કહ્યું.

"સાહેબ, ધર્મનાં સ્થાનમાં આવીને આવું બોલાય! અહીં બીજું હોયે શું? ચાલો, તપોવન બાકી છે, ત્યાં જઈએ. કંઈ જાણી શકાશે."

"અરે શું ધૂળ! આ તો બે પગાં જાનવરો છે. ગંધાતા પાણીમાં નાહે છે, ધૂએ છે, અને ગંધાતાં પાણી પીએ છે! એમની ધર્મની ભાવના પ્રેમ કે બુદ્ધિ ઉપર નથી રચાઈ, બીક ઉપર રચાઈ છે. દેશ જંગલી છે, વહેમમાં સંસ્કૃતિ માને છે. ચાલ ઘેર."

"અરે સાહેબ! એમ તે હોય? ચાલો તપોવનમાં જઈ આંટો મારી આવીએ." ગોવિંદે કહ્યું. શ્યામલાલે આનાકાની ન કરી અને બંને મોટરમાં બેઠા. મોટર તપોવન તરફ ઊપડી.

જે સ્થાનોમાં રામ, સીતા, અને લક્ષ્મણની સ્મૃતિઓ હજારો વર્ષથી અવિચ્છિન્ન સચવાઈ હતી, જે સ્થાનો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્મૃતિઓના અવશેષો રૂપે ચિરંજીવ હતાં, જેનું ભવભૂતિના 'ઉત્તરરામ'માં અપૂર્વ કવન હતું, તે સ્થાનના ઐતિહાસિક મહિમાની શ્યામલાલને પડી નહોતી.

"સાહેબ, ભવભૂતિ યાદ છે ?"

"કૉલેજમાં વાંચેલો. અત્યારે તો યાદ નથી, સિવાય કે એકબે શ્લોકો ઉત્તરરામચરિતમાંના."

"સાહેબ, કંઈક સંભળાવો તો ખરા !"

"કેમ, તને વળી શ્લોકોની ધૂન ક્યાંથી ચઢી આવી, મૂરખ ! આ શ્લોકો બોલવાનું સ્થાન છે ?"

"અરે વાહ, સાહેબ ! ઉત્તરરામનું સ્મરણ આ સ્થાને ન થાય, તો ક્યાં થાય ? સાહેબ, આ તપોવન, આ ગોદાવરી, આ પંચવટી, આ જ 'ઉત્તરરામ'ની ભૂમિકા." ગોવિંદે આંખો મીંચી દીધી.

"અલ્યા ગોવિંદ, તું ક્યાં સુધી ભણ્યો છે ?"

"ઇન્ટર સુધી, સાહેબ ! ઇન્ટરમાં ઉત્તરરામચરિત ભણેલો."

"ત્યારે એમ બોલ ને. ખરું કહું ? હું તો બધું ભૂલી ગયો છું. સિવાય કે પેલો શ્લોક."

किमपि किमपि मन्दं मन्दमासक्तियोगा-
दविरलितकपोलं जल्पतोरक्रमेण ।
अशिथिलपरिरम्भव्यापृतैकैकदोष्णो-
रविदितगतयामा रात्रिरेव व्यरंसीत् ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલું બોલી શ્યામલાલે શ્લોક લલકાર્યો. પછી પોતે લહેરમાં આવી ગયો અને બોલ્યો :

" ગોવિંદ ! મારા દિલમાં એ શ્લોકથી પ્રાણસંચાર થાય છે. હુંયે મારી સીતાને જાણે કાળના ખંડેરમાં ઢૂંઢું છું." બૅરિસ્ટર અવાક બની, આંખો ફાડી, જાણે કંઈ જોઈ રહ્યો. એ તકનો લાભ લઈ ગોવિંદે લલકાર્યું :

> स्मरसि सुतनु तस्मिन् पर्वते लक्ष्मणेन
> प्रतिविहितसपर्यासुस्थयोस्तान्यहानि ।
> स्मरसि सरसनीरां तत्र गोदावरीं वा
> स्मरसि च तदुपान्तेष्वावयोर्वर्तनानि ॥

શ્યામલાલ ગોવિંદ તરફ જોઈ રહ્યો. એની સ્મૃતિ સતેજ થઈ. તરત તે બોલ્યો :

" ગોવિંદ ! શું આ જ તે ડુંગરો, આ જ તે ગોદાવરી, આ જ તે સ્થાનો, આ જ રામસીતાની ભૂમિ ! ગોવિંદ, હવે મને યાદ આવે છે. હા, જરૂર હું જ ભવભૂતિ હતો અને મેં જ કવ્યું હતું કે :

> एतानि तानि गिरिनिर्झरिणीतटेषु
> वैखानसाश्रिततरूणि तपोवनानि ।
> येष्वातिथेयपरमा यमिनो भजन्ते
> नीवारमुष्टिपचना गृहिणो गृहाणि ॥

" હા, ગોવિંદ એ જ આ તપોવન ! " શ્યામલાલ ચમક્યો. ગોવિંદને પણ આશ્ચર્ય થયું. કાયદાબાજ બૅરિસ્ટરની રસવૃત્તિ દબાઈ ગઈ હતી, ગૂંગળાઈ ગઈ હતી, પણ હતી તો ખરી જ. તપોવને તે સતેજ કરી. 'ઉત્તરરામ'ના શ્લોકો ઉપર શ્લોકો ચાલ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" સાહેબ, તમે પણ કમાલ કરી! આસ્તિકને હવે ગાળો નહિ દેવાય હોં." ગોવિંદે ટકોર કરી.

" ના ગોવિંદ! હવે કેમ દેવાય? જ્યાં માનવહૃદયનું મહાકાવ્ય છે, જ્યાં તપ અને ભાવનાની પરિસમાપ્તિ છે, તે અદ્વિતીય ભૂમિને મારા જેવા પામર પ્રાણીના સહસ્રવાર સાષ્ટાંગ પ્રણિપાત હો." શ્યામલાલે શિષ્ટ પદ્ધતિથી અભિનય કરી ઉચ્ચાર્યું.

" અરે વાહ સાહેબ, વાહ. આપની વાણી કેવી હૃદયંગમ બની ગઈ છે! આ શો પ્રતાપ!" હસીને ગોવિંદ બોલ્યો.

" અરે તું ભૂલી ગયો? હું જ ભવભૂતિ હતો અને મેં જ કહ્યું હતું કે:

शब्दब्रह्मविदः कवेः परिणतां प्राज्ञस्य वाणीमिमाम्।

યાદ કર યાદ." શ્યામલાલે સુંદર જવાબ વાળ્યો.

" સાહેબ! કાન પકડ્યો. આપને ન ઓળખ્યા, તે બદલ ક્ષમા યાચું છું." ગોવિંદે કાન પકડ્યો. શ્યામલાલ અને ગોવિંદ હસી પડ્યા. ત્યાં તપોવન આગળ મોટર ઊભી રહી.

શ્યામલાલ અને ગોવિંદે ઊતરીને લટાર મારવા માંડી. ચાલતાં ચાલતાં એક બાવાને ઝાડ ઉપર ઝૂલો બાંધ્યો હતો, તે ઉપર હીંચતો જોયો. નજીકમાં તેની મઢૂલી હતી.

" ચાલ, પેલા જાનવરની સાથે વાત કરીએ." શ્યામલાલે ગોવિંદને કહ્યું. બંને તે તરફ ઊપડ્યા.

" જય શ્રીરામજી, બાવાજી!" શ્યામલાલે ભાવિક માણસની છટાથી ઘોષ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જય શ્રીરામજી, આઈએ, ભાઈ." બાવાએ સત્કાર કર્યો.

શ્યામલાલ અને ગોવિંદ પાસે આવ્યા. બાવાની મુખમુદ્રા પ્રશાંત હતી. એની આંખોમાં એકાગ્રતા, બેપરવાઈ અને સ્થિરતા હતાં, વાળ નાગની ફેણ જેવા કાળા હતા અને જટા આકર્ષક હતી. ઉંમર પાંત્રીસેકની જણાતી. સ્થિરતાથી એણે આવનારાઓ તરફ જોયા કર્યું. એકબે ક્ષણ બધા ચૂપ રહ્યા.

"કહાંસે આ રહે હો ?" બાવાએ પૂછ્યું.

"બંબઈસે." શ્યામલાલે કહ્યું.

"અચ્છા. બૈઠીએ." બાવાએ સૂચવ્યું. જમીન ઉપર બેસવા નહિ ટેવાયેલો શ્યામલાલ મૂંઝાયો. બંનેને ઉદ્દેશીને બાવાજીએ કહ્યું : "અચ્છા, આઈએ હમેરી ઝોંપડીમેં." બોલીને તે ઊભો થયો. ત્રણે જણા પર્ણકુટિમાં આવ્યા.

પર્ણકુટિ નાની સરખી અને સુંદર હતી. તે સરસ રીતે અને સફાઈથી લીંપેલી હતી. બાવાના રાચરચીલામાં એક વીંટો, એક ચટાઈ, કેટલાંક વાસણો, એક કમંડલુ : એટલાં હતાં. દૂર ખૂણામાં એક તંબૂર હતો. કુટિની મધ્યમાં બાવાજીનો દેવતા હતો. એક ભક્ત સેવક તેમનું કામકાજ કરતો અને ગાંજાની ચલમ ભરતો. બાવાજી ચલમની ફૂંકો મારી સેવકને આપતા અને ભાવિક સેવક પછી ફૂંકો મારી કૃતકૃત્ય થતો.

"ચોખ્ખાઈ ઘણી છે." શ્યામલાલે ગોવિંદને કહ્યું.

"જુઓને, વાસણો કેટલાં બધાં ચોખ્ખાં છે !" ગોવિંદે ઉમેર્યું.

"ગુજરાતી છો ?" બાવાએ પૂછ્યું.

"જી હા." શ્યામલાલે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મારું શરીર પણ ગુજરાતનું છે." બાવાએ શુદ્ધ ગુજરાતીમાં કહ્યું.

શ્યામલાલને અને ગોવિંદને આ માણસ શાંત, સંસ્કારી અને ઊંડો લાગ્યો. બંનેને કુતૂહલવૃત્તિ ઊપજી.

"આપ કંઈ વહેલી ઉંમરે સાધુ થઈ ગયા લાગો છો?" શ્યામલાલે પૂછવું શરૂ કર્યું.

બાવાજી શાંત રહ્યા. પછી બોલ્યા:

"વહેલુંમોડું તો ઠીક છે. પ્રારબ્ધવશાત્ થાય છે." બાવાએ જણાવ્યું. પછી ધીમેથી ઉમેર્યું: "જન્મજન્માંતરના સંસ્કારો પરિપાક પામ્યા પછી ફળ આપે છે. એ દૃષ્ટિએ કેટલું વહેલું અને કેટલું મોડું, તે કેમ કહી શકાય!" એટલું બોલીને બાવો સ્થિર થઈ ગયો. એની આંખો ઊંડી ઊતરી ગઈ. વાતાવરણમાં અદ્‌ભુત શાંતિ વ્યાપી ગઈ. થોડી વાર પછી તેણે આંખો ઉઘાડી. શ્યામલાલને આ માણસની સૌમ્યતા બહુ પ્રિય થઈ પડી.

"બેઅદબી માફ કરશો, બાવાજી! પણ એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે." શ્યામલાલે મૌન તોડ્યું.

"પૂછો ભાઈ." બાવો બોલ્યો.

"આપે કેટલા સમયથી સંસાર છોડ્યો? આપનો કંઈ પૂર્વવૃત્તાંત જણાવવા કૃપા કરો." શ્યામલાલે વિનંતિ કરી.

"ભાઈ! સાધુને ભૂત, ભાવી અને વર્તમાન પ્રતિબંધો રુચિકર હોતા નથી. અભ્યાસથી એણે કાળના એ પ્રતિબંધો હઠાવ્યા હોય છે, બલ્કે તે પ્રતિબંધો તેનામાં હર્ષ કે શોક ઉપજાવી શકવા સમર્થ થતા નથી. છતાં પ્રસંગે બીજાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુતૂહલવૃત્તિને માન આપી, તેવી વાત તે કરે છે. મારી ઉંમર ચૌદપંદરની થઈ, ત્યારથી જ મેં સંસાર છોડ્યો. પિતા પૈસેટકે સુખી વ્યાપારી હતા. ઉત્તર ગુજરાતના વતની. સંસારની અસારતાનું ભાન દૃઢ થતું ગયું અને જેમાં સુખ મનાતું, તેમાં દુ:ખની દૃઢ પ્રતીતિ થઈ. સંસારમાં કંઈ પ્રયોજન જણાયું નહિ, એટલે ઘર છોડ્યું." સાધુએ શાંતિથી કહ્યું.

"મહારાજ! ત્યારે મનુષ્યના જીવનનું પ્રયોજન શું લાગ્યું?" શ્યામલાલે પ્રશ્ન ઉઠાવ્યો. બાવાજી ક્ષણ મૂગા રહ્યા; પછી શાંતિથી નીચે પ્રમાણે બોલ્યા :

"ભાઈ! સંસારમાં મનુષ્યનું એક જ પ્રયોજન છે. તે પ્રયોજન, તે દુ:ખની નિવૃત્તિ. સંસારી દશામાં કે અસંસારી દશામાં દુ:ખની નિવૃત્તિ એ જ મુખ્ય કર્તવ્ય છે."

"સુખ મેળવવું, એ કર્તવ્ય નહિ?" શ્યામલાલે તર્ક કર્યો. બાવાને પોતાની બુદ્ધિથી હંફાવવાની પણ કંઈક વૃત્તિ ખરી.

"ભાઈ! એ ગૌણ છે. મનુષ્યોને સ્વભાવથી જ સુખ તરફ રાગ કરતાં દુ:ખ તરફ દ્વેષ વધારે હોય છે. પ્રાપ્ત વસ્તુનો અણગમો અને અપ્રાપ્તની ઝંખના : એ અનુભવસિદ્ધ વાત છે." સાધુએ શાંતિથી ઉચ્ચાર્યું.

બે ઘડી શ્યામલાલ આ વિલક્ષણ વ્યક્તિને જોઈ રહ્યો. એને સમજાયું કે આ સાધારણ માણસ નથી. વસ્તુની ઊંડી સમજણ એના ઉદ્ગારોમાં પ્રતીત થતી. શ્યામલાલની બુદ્ધિએ સ્વીકાર્યું કે બાવાજીની આગળ પોતાની સમજણ બહુ વિસાતમાં નહોતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહારાજ, વાત યથાર્થ છે, પણ આવી વૃત્તિ, આવો સ્વભાવ, એનું કારણ શું?" વસ્તુને ચારે તરફથી છણવાની ટેવવાળા બૅરિસ્ટરે પૂછ્યું.

"અવિદ્યા, અજ્ઞાન, જે કહો તે. આ અજ્ઞાનનું સ્વરૂપ એવું છે કે માણસ અનિત્યમાં નિત્ય જુએ છે, દુઃખરૂપ વિષયોમાં સુખ જુએ છે, અને શરીર જેવી અનાત્મ વસ્તુમાં આત્મબુદ્ધિ બાંધે છે."

શ્યામલાલને સમજાયું કે પોતે એક જ્ઞાનીની સાથે વાત કરી રહ્યો હતો. ક્ષણમાં એની બુદ્ધિએ શિષ્યભાવ ધારણ કર્યો.

"મહારાજ! એ અજ્ઞાન કેવી રીતે દૂર થાય?" શ્યામલાલે પરિપ્રશ્ન કર્યો.

"અંતઃકરણની શુદ્ધિથી. તમે વળી પૂછશો કે જ્ઞાન કેવી રીતે થાય? તો તે બાબતમાં એમ છે, કે જ્ઞાન તો સ્વયંસિદ્ધ છે. પણ જેમ સૂર્ય સ્વયંસિદ્ધ છે, છતાં વાદળાં દૂર થયા પછી જ યથાર્થ પ્રકાશે છે, તેમ અજ્ઞાનરૂપી આવરણ દૂર થતાં જ્ઞાનરૂપી સૂર્ય પ્રકાશે છે."

"મહારાજ! હું સમજ્યો કે જ્ઞાન થવા સારુ અંતઃકરણની શુદ્ધિ આવશ્યક છે. પણ અંતઃકરણની શુદ્ધિ એટલે શું?" શ્યામલાલે નમ્રતાથી પૂછ્યું.

બાવાજી થોડી વાર બોલ્યા વગર બેસી રહ્યા. પછી ધીમેથી બોલ્યા:

"અંતઃકરણની શુદ્ધિ ચાર ભાવનાથી થાય છે. તે ચાર ભાવના તે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા. અહીં મૈત્રી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે કોઈનું પણ હિત થાય તેવી વાંછના. કરુણા એટલે પ્રાણીમાત્ર તરફ દયા. મુદિતા એટલે પ્રસન્નવૃત્તિ, અને ઉપેક્ષા એટલે પ્રાણીમાત્રના દોષો તરફ દુર્લક્ષ. આ ચાર વગર ચિત્તની શુદ્ધિ થતી નથી અને શુદ્ધિ વગર જ્ઞાન થતું નથી, પછી ભલે ગમે તેટલી બુદ્ધિ હોય; અને જ્ઞાન વગર દુ:ખની નિવૃત્તિ થતી નથી, બલ્કે નિર્ભય થવાતું નથી, અને તે વગર સુખાનુભવ અગર આત્માનુભવ થતો નથી." બાવાજી આટલું બોલીને ધ્યાનમગ્ન થઈ ગયા.

શ્યામલાલને સમજાયું કે પોતાની બુદ્ધિનો ફાંકો અને બૅરિસ્ટરીનું ગૌરવ આ વિલક્ષણ પુરુષ આગળ ચૂલાની રાખ બરોબર હતાં.

શ્યામલાલને શાંત થયેલો જોઈ બાવાજી પછી નીચે પ્રમાણે બોલ્યા :

"અને ભાઈ! આ ભાવનાઓના અભ્યાસથી હૃદયમાં સત્યનો પ્રકાશ થાય છે અને મન સ્થિર થાય છે. મનની સ્થિરતા થતાં આનંદસ્વરૂપ અંતર્યામીનો, એટલે કે ઈશ્વરનો અનુભવ થાય છે. ભાઈ! હૃદયમાં પરમેશ્વર પોતે જ સર્વત્ર ભરી રહ્યા છે, અને પૃથ્વી, સૂર્ય, ચંદ્ર, તારાગણો, સર્વ દૃશ્ય, અદૃશ્ય તેમાં જ છે." એકાગ્રતાથી યોગી બોલ્યા.

"મહારાજ! મુખ્ય વસ્તુ તો મનનો જય જ લાગે છે."

"હા. મનનો જય થાય છે, ત્યારે ઇન્દ્રિયોનો જય સ્વભાવથી જ થાય છે. મન જ ઇન્દ્રિયોનું ચાલક છે." યોગીએ સમજાવ્યું.

"મનનો જય શી રીતે કરવો ?" શ્યામલાલની જિજ્ઞાસા વધતી જ જતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પ્રણવ મંત્રથી. પ્રણવના અમુક પ્રકારના જપથી પ્રાણનો જય ધીમે ધીમે થાય છે. પ્રાણ સ્વાધીન થતાં મન સ્વાધીન થાય છે." યોગીએ રહસ્ય જણાવ્યું અને પછી તે ધ્યાનસ્થ થઈ ગયા.

યોગીની પ્રશાંત મુખમુદ્રા તરફ શ્યામલાલ ધ્યાનથી જોઈ રહ્યો. એને લાગ્યું કે કોઈ અવર્ણનીય સ્થિર આત્માનંદમાં યોગી મગ્ન હતો. થોડીવાર સુધી મૌન વ્યાપ્યું અને તપોવનની વનરાજીમાંથી વાતી સમીરની શાંત લહરીઓએ ચિત્રવિચિત્ર સુગંધી કુસુમોની સૌગંધથી કુટિરને ભરી દીધી. તપોભૂમિના પ્રશાંત અને મનોરમ વાતાવરણમાં ભગવાન રામચંદ્રજીની પાદુકાનો અવાજ જાણે સંભળાયો. 'આર્યપુત્ર' કહી સંબોધતી તપસ્વિની સીતાના સુમધુર શબ્દોનો જાણે પ્રતિઘોષ અથડાયો. ભૂતકાળનું ધુમ્મસ ધીમેધીમે ખસી ગયું અને શ્યામલાલનાં મનોચક્ષુએ રામ, સીતા, અને લક્ષ્મણને પર્ણકુટિની બહાર ઊભેલાં જોયાં. ત્યાંથી થોડે દૂર એણે મહર્ષિ ગૌતમને સમાધિસ્થ જોયા અને ફરી રામ, સીતા અને લક્ષ્મણ તરફ નજર ગઈ. રામચંદ્રજીની ભવ્ય મુખમુદ્રાના પ્રખર તેજે શ્યામલાલને આંજી દીધો, અને સીતાને જોતાં જ એના અંગપ્રત્યંગમાં અસાધારણ પૂજ્યભાવ ઉત્પન્ન થયો. સીતાનું લાવણ્ય તપસ્વિનીનું સાત્ત્વિક લાવણ્ય હતું અને સતીની અદ્વિતીય મુખમુદ્રા ઉપર ભારતવર્ષના સમગ્ર સતીત્વની જ્વાલાઓની દીપ્તિ જાણે ઝળહળતી. બાજુમાં જ શાંત, ગંભીર, ધીર એવા લક્ષ્મણની મુખમુદ્રા ઉપર ત્યાગ, ભાવના, અને તન્મયતા જાણે ઊભરાતાં.

"પાંડુ, ચા બનાવ." બાવાજીએ પોતાના અંતેવાસીને ચા બનાવવાનું કહ્યું, અને શ્યામલાલ ભાવસમાધિમાંથી જાણે જાગ્યો હોય, તેમ જોઈ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ ભાઈ, શા વિચારમાં હતા?" બાવાજીએ મૃદુ હસીને શ્યામલાલને પૂછ્યું.

"આનંદ, આનંદ, મહારાજ! તપોભૂમિમાં રામ, સીતા અને લક્ષ્મણ જીવંત ફરે છે." શ્યામલાલે પ્રસન્નતાથી કહ્યું.

"ભાઈ! તમે, હું, રામ, સીતા, લક્ષ્મણ, અને આ તપોભૂમિ: એ બધાં છેવટે હૃદયમાં જ છીએ. આ સચરાચર જગત એક સંકલ્પ છે." યોગી પ્રશાંતપણે બોલ્યા.

"મહારાજ! આપ કહો તે સત્ય." શ્યામલાલ બોલ્યો.

થોડીવાર બાવાજીએ મૌન રાખ્યું. પછી પાસેનો તંબૂર લઈ એક ભજન ગાયું. એની અજબ મોહિનીમાં શ્યામલાલ અને ગોવિંદ ગરકાવ થઈ ગયા.

ચા બની ગઈ. બાવાજીએ પહેલાં થોડી ચા અગ્નિમાં નાખી—અગ્નિદેવને આહુતિ તરીકે. પછી બધાએ ચા પીધી.

શ્યામલાલે ઘડિયાળ તરફ નજર નાખી, તો બે વાગ્યા હતા. બે કલાક ક્યાં ગયા, તેની ખબર પણ પડી નહિ.

"કેમ ભાઈ, ઉતાવળ છે?"

"ના મહારાજ, જેટલું બેસીએ તેટલું ઓછું. પણ મધ્યાહ્ન થઈ ગયો છે અને આપને અધિક શ્રમ આપવો યોગ્ય નહિ. એક વાત પૂછવી છે."

"પૂછો."

"કોઈ રામાનંદજી નામના સાધુનું નામ આપે સાંભળ્યું છે? આ તરફના જ છે, કે હતા."

"ગુરુદેવની સ્થિતિ હાલ ત્ર્યંબકમાં છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપના ગુરુ થાય?" આશ્ચર્યથી શ્યામલાલે પૂછ્યું.

"હા. એમનું શરીર હવે ઘણું વૃદ્ધ છે. ઘણાં વર્ષોથી મારે મુલાકાત થઈ નથી, પણ મનથી ક્યાં જુદાઈ છે?"

"ત્ર્યંબકમાં ક્યાં હશે?" શ્યામલાલે પૂછ્યું.

"કોઈ ઠેકાણે હશે. સાધુને શું? એક દિવસ અહીં, તો એક દિવસ ત્યાં. નીલ પર્વત ઉપર કદાચ હશે."

"વારુ મહારાજ! આપને ખૂબ તસ્દી આપી છે. આપનાં દર્શને ફરી જરૂર આવીશ." એટલું બોલી શ્યામલાલે બાવાના પગ આગળ દસ રૂપિયા મૂક્યા અને નમસ્કાર કર્યા.

"ભાઈ! આવવું જવું પ્રારબ્ધાધીન છે. સંકેત પ્રમાણે સંયોગ અને વિયોગ થાય છે. પધારજો ભાઈ, તમે પણ પધારજો." યોગીએ શ્યામલાલ અને ગોવિંદ તરફ જોઈ કહ્યું.

નમસ્કાર કરી બંનેએ ચાલવા માંડ્યું.

"ગોવિંદ!"

"જી."

"મેં કંઈ શોધી કાઢ્યું."

"શું?"

"જાનવર આપણે, એ નહિ."

"સાહેબ, મને એમાંથી બાદ કરો તો કેમ?"

"ભૂલ્યો ભાઈ, જાનવર હું, એ નહિ." શ્યામલાલે ગાંભીર્યથી કહ્યું. ગોવિંદ હસ્યો. શ્યામલાલથી પણ હસી પડાયું.

મોટરમાં બેસી લગભગ અઢી વાગ્યે બંને ઉતારા પર આવ્યા, ત્યારે નોકર બીચારો રાહ જોતો ભૂખ્યો બેઠો હતો.

જમી પરવારી શ્યામલાલ આરામ કરવા પથારીમાં પડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૪ મું. . . . 'ત્ર્યંબક તરફ'

સાડા ત્રણ વાગ્યે શ્યામલાલે શોફરને ત્ર્યંબક તરફ મોટર હંકારવા કહ્યું.

"ગોવિંદ! આ દુનિયા કંઈ જુદી જ છે. મને લાગે છે કે આનંદ અને સુખનો આપણને પૂરો ખ્યાલ જ નથી."

"પૂરો તો નહિ, પણ અધૂરોયે ખ્યાલ નથી, સાહેબ!"

"આપણે જેના ત્યાગમાં દુ:ખ જોઈએ, તેના ત્યાગમાં યોગીઓને સુખ લાગે છે. એક જ ચીજમાં એક જણને સુખ અને બીજાને દુ:ખ! ખરેખર, **સુખદુ:ખ વસ્તુમાં નથી, પણ વૃત્તિમાં છે.**" શ્યામલાલે વિચારપૂર્વક કહ્યું.

"સાહેબ, આપે સવાવીસ વાત કરી! આપણે સુખ અને દુ:ખનાં માત્ર અનુમાન કરીએ છીએ."

"એ માણસમાં કેટલી શાંતિ, કેટલી પ્રસન્નતા, કેટલો અભય હતો! ગોવિંદ, આપણી દુનિયામાં કેટલી અશાંતિ, કેટલી અપ્રસન્નતા, કેટલો ભય છે! છતાં આપણે આપણને ડાહ્યા, શાણા, સુખી, માનીએ છીએ, મનાવીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણાં સુખ પણ કેટલાં અનિત્ય છે! દેખાતાં સુખની પાછળ દુઃખ જ હોય છે, છતાં આપણને કેવી ભ્રાંતિ થાય છે.!" શ્યામલાલની બુદ્ધિ માનવસ્વભાવના પૃથક્કરણમાં પડી.

"સાહેબ, આપની આ બીજી વાત પણ સવાવીસ. 'સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું.' પણ સાહેબ, વિચાર કરવાની પડી છે કોને?"

"બાવાજીએ પેલી મનની વાત કરી, તે મને બહુ જ ઠસી ગઈ છે. મન જ સાજું સાંકડું છે. મન જ સુખદુઃખનું કારણ છે."

"અરે સાહેબ, એ બધું જાણીએ છીએ, સમજીએ છીએ, છતાં પાછા ઠેરના ઠેર."

"ગોવિંદ, સમજવું એક ચીજ છે, અનુભવવું બીજી ચીજ છે."

"બીજી ચીજ જ મુખ્ય છે, સાહેબ."

"ગોવિંદ, થોડા કલાકમાં આપણા માનસમાં કેવો ફેરફાર થયો? આવો સંગ રોજ કરવાથી તો શુંયે થાય!"

"એ તો આપ જેવા બુદ્ધિશાળીને એવો ફાયદો થાય. હજારો માણસો બાવાગોસાંઈ કરે છે, પણ ઓછો જ ફેરફાર થાય છે! વળી આપ જેવાને જ એ લોકો એવી વાત પણ કરે. ગધેડાંને સાકર ન નાખે."

"ગોવિંદ! જ્ઞાનની અપેક્ષા જૂજને જ હોય છે. મને લાગે છે, કે હૃદયમાં ઊંડા સંસ્કાર વગર એવી અપેક્ષા સંભવતી નથી. સંસ્કાર હોય, અને ચેતાવનાર મળે, તો જ સંભવે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હાસ્તો સાહેબ, નિકર કંઈ વરસ દહાડે બેત્રણ લાખની પ્રેક્ટીસવાળા બેરિસ્ટર આવા બાવાફાવાની સાથે વાત પણ કરે?" ગોવિંદે હસીને કહ્યું.

"ગોવિંદ, એક વાત કહું. હું ફ્રીફ વગરનો બેરિસ્ટર હતો, ત્યારે આનંદમાં વધારે રહેતો. શરૂઆતમાં મને એમ લાગતું હતું કે વધારે પૈસાથી મને વધારે આનંદ મળશે, પણ મારા અનુભવથી જ કહું છું કે એ ભ્રાંતિ જ નીવડી છે. પૈસાથી સુંદર મકાન થયું, સુંદર મોટરો આવી, ઊંચા શરાબ આવ્યા, નોકરોની ઠઠ જામી; પણ પૈસાએ મારી પત્નીને મરતી ન રોકી, મારી જતી યુવાનીને ન રોકી, મારી માનસિક અશાંતિ ઓછી ન કરી. અને ગોવિંદ! મારા પૈસાએ બીજી કોઈ પણ જાતની ઉપયોગિતા સાબિત કરી નથી."

"સાહેબ, કંઈ મોડું નથી થયું. પૈસાનો કંઈ એવો ઉપયોગ કરો, કે ચિત્તમાં શાંતિ થાય."

"નસીબ જોઈએ ને!" શ્યામલાલ હસીને બોલ્યો.

ત્ર્યંબક આવ્યું. પંડાઓ એકઠા થઈ ગયા. શ્યામલાલ અને ગોવિંદના મોં ઉપર યાત્રાળુનો ભાવ નહોતો.

"મહારાજ! વખત ન બગાડશો. હું યાત્રાએ નથી આવ્યો." શ્યામલાલ દરેકને કહેતો. પંડાઓને લાગ્યું કે પત્તો ખાય તેમ નથી, એટલે ચાલ્યા ગયા.

"આ લોકો યાત્રીઓને કેટલાયે હેરાન કરતા હશે!" ગોવિંદે શ્યામલાલને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ યાત્રીઓનો એમના વગર છૂટકો ક્યાં ? આપણી પ્રાચીન પદ્ધતિના એ 'થોમસ કૂક' કે 'અમેરિકન એક્સપ્રેસ.' બીજું શુ ?"

બાજુમાં એક માણસ જતો હતો. તેણે ધીમેથી પાસે આવી આ બંને તરફ જોયું.

"ભાઈ, પહેલાં અર્થની પ્રવૃત્તિ ધર્મથી થતી હતી, હવે ધર્મની પ્રવૃત્તિ અર્થથી થાય છે." પેલા માણસે ઉચ્ચાર્યું.

શ્યામલાલ આ માણસને જોઈ રહ્યો. પછી ચાલતાં ચાલતાં વાતો પણ ચાલી.

"આપ અહીંના છો ?" શ્યામલાલે પૂછ્યું.

"હાજી, હું અહીંનો છું. કુટુંબનો ધંધો ગોરપદાનો હતો. મેં તે મૂકી દીધો અને દાણાની દુકાન કાઢી છે."

"ધંધો કેમ મૂકી દીધો ?"

"ધંધામાંથી બ્રાહ્મણત્વ અદૃશ્ય થયું હતું એમ લાગ્યું. યજમાનને બ્રાહ્મણ તરફનો પૂજ્ય ભાવ મટી ગયો અને બ્રાહ્મણની યજમાન તરફની ધાર્મિક ફરજ શિથિલ થઈ ગઈ. ધર્મની ભાવનાની જગાએ વીશી ભાવના દાખલ થઇ. ભાઇ ! જેવા યજમાન, તેવા ગોર. મારી બુદ્ધિએ મને કહ્યું કે આ વાતમાં બહુ માલ નથી. આના કરતાં બીજા ધંધામાં પડવું. એટલે દુકાન કાઢી. મહાદેવજીની કૃપાથી દુઃખ નથી."

શ્યામલાલ અને ગોવિંદ આ માણસને જોઈ રહ્યા. એના મોં ઉપર પ્રમાણિકતા હતી, સાત્ત્વિક વૃત્તિ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારી વાત બરાબર છે, પણ જ્યાં સુધી યાત્રીઓ છે, ત્યાં સુધી પંડાઓની જરૂર ખરી." શ્યામલાલે વાતને ધપાવવા પ્રયત્ન કર્યો.

"એની ના નથી, પણ પછી પંડાઓ પંડાગીરી મૂકી દઈ પ્રમાણિક રીતે હોટેલો કાઢે. વેપારની રીતે વેપાર કરે, અને યાત્રીઓ પણ દક્ષિણા આપવાની જૂઠી વાત પાછળ શઠતા અને કૃપણતા બતાવવા કરતાં હોટેલમાં રહી રીતસર બિલ આપે."

"તમારી વાત સાચી લાગે છે." એટલું બોલી શ્યામલાલ અટક્યો. પછી ઉમેર્યું: "તમે અહીં કોઈ રામાનંદજી નામના સાધુને ઓળખો છો?"

"ના, જી. આપ બાવાઓના અખાડાઓમાં તપાસ કરો, તો કંઈ ભાળ મળશે." એટલું કહી, નમસ્કાર કરી તે ચાલ્યો ગયો. એને જતો જોઈ શ્યામલાલે ગોવિંદ તરફ જોયું.

"ચોખ્ખી પ્રમાણિકતા હતી. સાચો બ્રાહ્મણ."

ત્ર્યંબકની પ્રાચીનતા તેના મંદિરોના સ્થાપત્યમાં, તેના વાતાવરણમાં, અને તેના ડુંગરોમાં પ્રતીત થતી. શ્યામલાલ અને ગોવિંદને ત્ર્યંબકમાં આવ્યા પછી શું કરવું, તે સમજાયું નહિ. થોડી વાર આમતેમ ઘૂમ્યા પછી બંને એક ઠેકાણે ઊભા રહ્યા.

"ગોવિંદ, આપણે અહીં શું કરવા આવ્યા છીએ?"

ગોવિંદ હસ્યો. તેને પણ કંઈ સૂઝતું નહોતું.

"સાહેબ, રામાનંદજીની શોધ કોઈ ભોમિયા વગર નહિ થાય."

"ત્યારે એમ બોલ ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપ મોટરમાં બેસો. હું થોડી પૂછપરછ કરી આવું."

"અરે જા રે! ચાલ આપણે સાથે જઈએ."

શ્યામલાલે એકદમ નક્કી કરી નાખ્યું કે બાવાઓના અખાડાઓમાં ફરી વળવું.

"અલ્યા, કોઈ ભોમિયો તો લેવો પડશે."

આમ વાતો કરતા ચાલતા હતા, ત્યાં પેલા સખસની દુકાન આવી. સખસે બંનેને જોયા અને સાદ કર્યો.

"કેમ ભાઈઓ! કામકાજ કહેજો હોં."

બંનેની દૃષ્ટિ દુકાન તરફ ગઈ. પેલા સખસને જોયો.

"અરે ભાઈ! તમે એકાદ ભોમિયો અપાવો કે જે અમને બાવાઓના અખાડાઓમાં ઘુમાવે." ગોવિંદે વિનંતિ કરી.

"જરૂર સાહેબ, એ શું બોલ્યા!" એટલું કહી તેણે એક યુવાન છોકરાને અંદરથી બોલાવ્યો. "લો સાહેબ, મારા દીકરાને મોકલું છું, તે તમારી સાથે ફરશે અને અખાડાઓ બતાવશે."

"તમારો આભાર." શ્યામલાલે વિવેક કર્યો.

નીલ પર્વત નાનો સરખો ડુંગર છે. ત્યાં બાવાઓના જુદા જુદા પંથના અખાડાઓ છે. ડુંગરની તળેટીમાં પણ ત્રણચાર અખાડાઓ છે.

ડુંગર ઉપર ચઢી ત્રણે જણા નાગા બાવાઓના અખાડામાં આવી પહોંચ્યા. એક બાવો ધ્યાનમાં બેઠો હતો.

"રામાનંદજી બાવા ક્યાં હશે?" ગોવિંદે પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબ ન મળ્યો. થોડી વારે એક બીજો સાધુ અંદરથી આવ્યો.

"રામાનંદજી બાવા યહાં નહીં, વે તો નિરંજની અખાડેમેં હૈ."

"અચ્છા." શ્યામલાલે કહ્યું. બાવાએ બધાને પાણી ધર્યું. પાત્રો તદ્દન શુદ્ધ હતાં. બધાએ પાણી પીધું. શ્યામલાલે મંદિરમાં રૂપિયો મૂકી વિદાય લીધી. પેલો ધ્યાનસ્થ બાવો તો ધ્યાનમાં જ બેઠો રહ્યો.

ત્યાંથી ઊતરીને બધા નિરંજની અખાડામાં આવ્યા, ત્યારે નમતો પહોર થઈ ગયો હતો. અખાડાની પડાળીમાં એકબે બાવાઓ બેઠા હતા.

"જય જય. રામાનંદજી બાવા યહાં હૈ?" શ્યામલાલે પૂછ્યું.

"હાં, ગુરુજી ભીતરમેં ધ્યાનમેં બૈઠે હૈ." એક બાવાએ ઉત્તર આપ્યો.

"અચ્છા. હમ ઠેરેંગે." શ્યામલાલે કહ્યું.

બાવાઓ માયાળુ હતા. શ્યામલાલ વગેરેને પાણી તથા ફળફળાદિ ધર્યાં. અખાડાનું વાતાવરણ શાંત અને સૌમ્ય હતું. બાજુમાં ગાયો ચરતી હતી અને પક્ષીઓના કિલકિલાટથી વાતાવરણમાં નિર્દોષતાનો સંચાર થતો હતો. દસેક મિનિટ પસાર થઈ, ત્યાં એક તેજસ્વી શરીરના વૃદ્ધ સાધુ બહાર આવ્યા. બાવાઓએ ઊભા થઈને ગુરુનો ચરણસ્પર્શ કર્યો.

"જય સચ્ચિદાનંદ." વૃદ્ધે ઉચ્ચાર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામલાલ સાધુ તરફ એકીટસે જોઈ રહ્યો હતો. સાધુનો વર્ણ ગૌર હતો અને સુંદર શ્વેત જટા અને ભરચક દાઢીથી જાણે સાક્ષાત્ ધૂર્જટિ પધાર્યા હોય, એવો ભાસ થતો હતો. શ્યામલાલે અને ગોવિંદે વિનયથી નમસ્કાર કર્યા.

"આપનું નામ શ્રીરામાનંદજી ?" શ્યામલાલે પૂછ્યું.

"હા. આ શરીરનું નામ રામાનંદ. બોલો ભાઈ, આપને શું પ્રયોજન છે ?" સ્પષ્ટ બોલવાની પ્રકૃતિવાળા રામાનંદજીએ પૂછ્યું.

"મહારાજ ! દર્શનાર્થે, અને કંઈક વાતચીત કરવા." શ્યામલાલે વિનયથી જણાવ્યું. વૃદ્ધ સાધુ શાંત રહ્યા. એમની મુખમુદ્રા ઉપર પ્રસન્નતા વ્યાપેલી જ રહી. થોડી વાર કોઈ કંઈ બોલ્યું નહિ.

"શું ઇચ્છા છે, તે જણાવી શકો છો." વૃદ્ધ સાધુએ શ્યામલાલ તરફ કોમળતાથી જોઈ ઉચ્ચાર્યું.

"મહારાજ, એક સાધારણ તપાસ કરવાની છે. આપને જો હરકત ન હોય, તો હું એકાંતમાં વાત કરું."

"જેવી ઇચ્છા." એટલું બોલી વૃદ્ધે શિષ્યોને અંદર જવા સૂચવ્યું. ગોવિંદ અને પેલો સાથી પણ અખાડાની બહાર ચાલ્યા ગયા.

"બોલો ભાઈ!" વૃદ્ધે શ્યામલાલને કહ્યું.

"પાંત્રીસેક વર્ષ પહેલાંની વાત છે." શ્યામલાલે શરૂ કર્યું.

વૃદ્ધ શાંત રહ્યા. શ્યામલાલે ચલાવ્યે રાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપની પાસે કોઈ ગિરધરલાલ નામના વૃદ્ધ એમની વૃદ્ધ સ્ત્રી સાથે આવેલા કે આવતા યાદ હશે. આપ કહી શકશો કે એમને કંઈ પ્રજા હતી?"

વૃદ્ધ સાધુ શાંતિથી સૌમ્ય દૃષ્ટિ રાખી સાંભળી રહ્યા. શ્યામલાલે ચલાવ્યે રાખ્યું:

"આપ આ બાબતમાં કંઈ કહી શકો, તો હું આભારી થઈશ. ગિરધરલાલને પોતાની પ્રજા હતી નહિ, અને એક છોકરીના તે ધર્મના પિતા હતા, એટલી માહિતી છે, પણ એ છોકરીનાં માબાપનો પત્તો મળી શકતો નથી."

વૃદ્ધના મોં ઉપર શાંતિ અને ઉદાસીનતા કાયમ રહ્યાં. શ્યામલાલ મુઝાયો. થોડી વાર મૌન ચાલુ રહ્યું. પછી વૃદ્ધે મૌન તોડયું.

"મનુષ્યોનાં નામ, ધંધા, રહેઠાણ, એ બધું સાધુએ યાદ રાખવાનું ખાસ પ્રયોજન હોતું નથી. બેટા! વિષય-માત્રની અસ્પૃહા થવી, અને થઈને ટકવી, એ વૈરાગ્યનું સ્વરૂપ છે. પ્રાણીપદાર્થનો સંબંધ આગંતુક છે, ક્ષણિક છે, એ નિશ્ચય થયા પછી ઉદાસીનતા પ્રકટે છે. સાધુ અચળ સુખને પસંદ કરે છે અને તેવા સુખની પ્રાપ્તિ સારુ અભ્યાસ અને વૈરાગ્ય સેવે છે, કારણકે ચિત્તવૃત્તિ અંકુશમાં આવ્યા વગર સુખ નથી, અને અભ્યાસ–વૈરાગ્ય વગર ચિત્તવૃત્તિ અંકુશમાં આવતી નથી."

આટલું અર્થગંભીર બોલીને વૃધ્ધે મૌન ધર્યું. શ્યામલાલે વૃદ્ધના શબ્દો ધ્યાનથી સાંભળ્યા. એને સમજાયું કે આ એક મહાપુરુષ હતા અને તેમને સામાન્ય સાક્ષીની માફક પ્રશ્નો પૂછવાથી કંઈ વળે તેમ નહોતું. તેણે મોરચો બદલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" મહારાજ ! આપ સરખા વીતરાગને આ વિષયમાં હું પ્રમાણ ગણું છું અને આપનું કહેવું સર્વથા યથાર્થ છે, એમ સ્વીકારું છું. આપ સ્વેચ્છાથી ભલે કોઈનું ચિંતન ન કરો, પણ આપને એક ખાસ પ્રયોજનથી ભૂતકાળનો બનાવ યાદ કરવા હું નમ્ર વિનંતિ કરું છું."

" તમારું પ્રયોજન, તે મારું પ્રયોજન ન હોઈ શકે. છતાં તમારે ખાસ પ્રયોજન શું છે તે જણાવો, તો સૂતેલી સ્મૃતિ-વૃત્તિ પ્રયત્નથી જાગૃત થશે." મહાત્મા બોલ્યા.

શ્યામલાલને અંતઃકરણમાં ખાતરી થઈ હતી કે પ્રકૃતિમાં તદ્દન લીન થઈ ગયેલા અંતઃકરણવાળા આ ઉચ્ચ ભૂમિકાના મહાત્મા હતા.

" મહારાજ ! બધી વાત વિસ્તારથી કહીને હું આપને કંટાળો નહિ આપું. આપને એટલું જણાવું કે ગિરધરલાલની છોકરી આપે જ તેમને સોંપી હોય તેવી મારી કલ્પના જો સાચી હોય, તો જ તે છોકરીનાં ખરાં માબાપ કોણ, તે પુરાવા સાથે હું સાબિત કરી શકું તેમ છું." ઘણી નમ્રતાથી શ્યામલાલે કહ્યું.

" બેટા ! આ જગતમાં પ્રકૃતિથી પ્રાપ્ત થયેલા તથા અનુભવથી મળેલા પ્રત્યેક સંસ્કાર સદાકાળ એક સરખી રીતે સ્મૃતિરૂપે જાગ્રત હોતા નથી. જો તે પ્રમાણે થાય, તો એ તમામ સંસ્કારોની સદા સરખી સ્મૃતિ રહેવાથી અંતઃકણમાં નિરંતર મોટી અવ્યવસ્થા બની રહે. એટલે નિમિત્તવશાત્ એ સર્વ સંસ્કારોમાંથી કોઈ કોઈ સ્મૃતિ-રૂપે જાગૃત થાય છે. ખાસ પ્રયોજન વગર સાધુ સુષુપ્ત સંસ્કારોને સ્વેચ્છાથી જાગ્રત કરતો નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મહારાજ ! એ છોકરીનાં સાચાં માબાપ શોધવાથી મને અને તેને અત્યંત આનંદ થાય તેમ છે. અને આપ જો એ બાબતમાં કૃપા કરીને કંઈ કહેશો, તો જ હું ખરાં માબાપનો પુરાવો આપી શકીશ. કૃપા કરીને આપ યાદ કરો, તો ભારે ઉપકાર થશે. વધારે શું કહું ?"

વૃદ્ધે શ્યામલાલની તરફ ધારીને જોયું. એમને શ્યામલાલની આંખોમાં આગ્રહ, આર્દ્રતા, અને સાત્ત્વિક આવેશ જણાયાં. તુરત તેમણે પોતાનાં નેત્ર મીંચી દીધાં અને ધ્યાનમાં ઊતરી ગયા. શ્યામલાલ યોગીની સામે જોઈ રહ્યો. યોગી નિશ્ચેષ્ટ લાગ્યા. દસેક મિનિટ પછી યોગીનાં નેત્ર કંઈક ખૂલ્યાં અને શ્યામલાલ તરફ તે જોઈ રહ્યા.

"મેના હાલમાં ક્યાં છે ?" યોગીએ સીધો સવાલ પૂછ્યો.

શ્યામલાલ અવાક થઈ ગયો. વૃદ્ધને મેનાનું નામ ખબર હતું ! અવશ્ય હવે તે બધું જ કહેશે. શ્યામલાલના મોં ઉપર અવર્ણનીય આનંદ છલકાતો હતો.

"મુંબઈમાં છે."

"તમારે મેના સાથે શો સંબંધ થાય ? અહીં કોણે મોકલ્યા ?"

શ્યામલાલે સાધુને તમામ હકીકત કહી. પોતે પોતાની શંકાઓ પણ નિખાલસતાથી જણાવી અને યોગીને સમજાયું કે શ્યામલાલની તપાસ પ્રયોજન વગરની નહોતી. પછી યોગીએ શ્યામલાલને હકીકત કહેવી શરૂ કરી.

"કુંભના મેળાનો પ્રસંગ હતો. બે–અઢી વરસની એક બાળકી નાસિકના એક ઘાટ આગળ એકલી રડતી રડતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊભી હતી. પ્રારબ્ધવશાત્ હું બાજુએથી એક શિષ્ય સાથે ત્ર્યંબક જતો હતો. મેં છોકરી તરફ જોયું. છોકરીએ મને જોઈ ખૂબ જ રડવા માંડ્યું. મેં એની પાસે જઈ માથે હાથ મૂક્યો અને શિષ્યને કહ્યું કે બાળકીને ઉપાડીને લઈ લે. છોકરી આમ ત્ર્યંબકના આશ્રમમાં આવી. ખૂબ રાહ જોઈ, પણ એનું કોઈ વાલીવારસ જણાયું નહિ. મને થયું કે પ્રારબ્ધનો ખેલ છે, પ્રારબ્ધવશાત્ ઉપાધિ આવી છે, તો પ્રસન્નતાથી તે સ્વીકારવી. છોકરી મારા આશ્રમમાં ઊછરવા લાગી. મારી ખૂબ માયા હતી. એનું નામ મેં 'મેના' રાખ્યું હતું. મેના દેખાવે સારી હતી. આમ કેટલોક વખત પસાર થયો. એક વાર હું ધ્યાનમાં ચડી ગયો હતો, ત્યારે ધ્યાનાવસ્થામાં મને સમજાયું કે મેનાને કોઈ ભાવિક ભક્તજનને સોંપી, મારે ઉપાધિમાંથી મુક્ત થઈ જવું. તે વખતે મને ભીતરમાં એમ લાગ્યું કે આ છોકરીનું પ્રારબ્ધબળ એને આશ્રમમાં વધારે રાખશે નહિ. એકાગ્રતાથી ધ્યાન કરતાં મારી દૃષ્ટિ સમીપ એક વૃદ્ધ યુગલ જણાયું. તે યુગલને મારે તે બાલિકા સોંપવી, એવો સ્પષ્ટ સંકેત સમજાયો. ધ્યાનની અત્યંત એકાગ્રતામાં મને તે બાલિકા મોટી અને મોટી થતી લાગી અને કોઈ ધનાઢ્યની સાથે તેનું લગ્ન થતું લાગ્યું. યોગીને આવું જ્ઞાન નિરુપયોગી છે તે સૂત્રનું અંતરમાં સ્ફુરણ થતાં, મેં તે ધ્યાન સંકેલી લીધું, અને ચિત્તવૃત્તિઓને હૃદયમાં એકત્રિત કરી પરમાત્મામાં વાળી. સમાધિમાંથી હું જ્યારે ઊઠ્યો, ત્યારે શિષ્યે મને કહ્યુ કે: 'ગુરુજી, આપ ચૌદ કલાકથી સમાધિમાં બેસી રહ્યા છો. અત્યારે બપોર થઈ ગયા છે. ત્રણેક કલાકથી કોઈ વૃદ્ધ યુગલ આપનાં દર્શન કરતું બેસી રહ્યું છે.' મેં આંખો ઉઘાડી. વૃદ્ધ યુગલે પ્રેમથી નમસ્કાર કરી ચરણસ્પર્શ કર્યો.

'ક્યાંથી આવ્યું?' મેં પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પ્રભુ, કાઠિયાવાડથી." પેલો વૃદ્ધ બોલ્યો.

"ઠીક ભાઈ, ભગવાનનું ભજન કરો." મેં કહ્યું.

"બાપજી! આપ જ ભગવાન છો. દોરશો તેમ દોરાશું." પેલો વૃદ્ધ બોલ્યો.

"શું જોઈએ છે?"

"આપની કૃપા. અમે શું માગીએ? છોકરાંછૈયાં નથી. શરીર પણ હવે વૃદ્ધ થયાં છે." વૃધ્ધે ઇચ્છા દર્શાવી.

"ઠીક, આ છોકરી તમારી છે. એને પાળી–પોષીને મોટી કરજો. એનું લગ્ન કોઈ ધનાઢ્યની સાથે થવાનું નિર્માણ છે. એની ચૌદેકની ઉંમરે એને વર મળશે. જાઓ, એને લઈ જાઓ અને ભગવાનનું ભજન કરો."

"આમ તે વૃદ્ધ યુગલની પાસે છોકરી ગઈ. આશ્રમમાં ત્રણચાર માસ રહી હશે. માયાનો પ્રભાવ મારા હૃદય ઉપર હતો, પણ મારી વૃત્તિને મેં છોકરીના વિચારમાંથી વાળી લીધી. યુગલ બે દિવસ ત્ર્યંબકમાં રહી ચાલ્યું ગયું. મેના પણ ગઈ. વૃદ્ધને જતાં જતાં મેં કહ્યું કે, 'છોકરીને તમારી જ ગણીને વર્તજો. કોઈ પૂછે, તો જણાવજો કે તમારી છે; મારો ઉલ્લેખ ન કરશો.' એમના ગયા પછી મેનાની સ્મૃતિ, સંસ્કારોને દબાવી દીધાથી, દબાઈ ગઈ. તમે એ સંસ્કારો જાગ્રત કરાવ્યા, એટલે પાંત્રીસચાળીસ વર્ષ અગાઉના એ સંસ્કારો મેં જગાડ્યા. હવે વિશેષ પૂછવાનું કંઈ પ્રયોજન નથી. તમે કોણ છો, તે ઉપર મારે ધ્યાન કરીને અપરોક્ષ માહિતી મેળવવી હોય, તો મેળવી શકું તેમ છું, પરંતુ મને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સંબંધમાં સઘળી પ્રવૃત્તિ નિષ્પ્રયોજન લાગે છે. બેટા! તમે હવે જઈ શકો છો. અને મેનાને આશીર્વાદ આપશો."

ઉપરની હકીકત કહી વૃદ્ધ યોગી ઊભા થયા. શ્યામલાલે ભાવથી અને આદરથી નમસ્કાર કરી યોગીના પગ આગળ સો રૂપિયા મૂકયા. યોગીએ રૂપિયા શ્યામલાલને પાછા આપ્યા અને કહ્યું, "બેટા! જા, ગરીબોને અન્ન આપજે."

શ્યામલાલ વૃદ્ધને જોઈ જ રહ્યો. ગોવિંદને બોલાવી તેણે આનંદમાં ચાલવા માંડયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૫ મું - - - - - 'ઘર તરફ'

ભાભિયાને બક્ષિસ આપીને શ્યામલાલ ગોવિંદને લઈને સીધો મોટરમાં બેઠો.

"મોટર હંકાર. સીધા નાસિક જવું છે." શ્યામલાલે શૉફરને કહ્યું.

શ્યામલાલના મોં ઉપર આનંદ હતો, સંતોષ હતો, તૃપ્તિ હતી.

"કેમ સાહેબ, બધું પતી ગયું?" ગોવિંદે પૂછ્યું.

"હા." શ્યામલાલે એક શબ્દથી પતાવ્યું.

ગોવિંદે શ્યામલાલના મોં ઉપર ભારોભાર આનંદ અને પ્રસન્નતા જોયાં.

ત્ર્યંબકથી નાસિક સુધીના આખાયે રસ્તે શ્યામલાલ વિચારમગ્ન રહ્યો. એના અંતરમાં આનંદોત્સવ થતો હતો અને એ આનંદમાં એને જાણે ભાવસમાધિ લાગી, હૃદયમાં અવર્ણનીય સંગીત ગુંજ્યું, અને એના સંગીતમુગ્ધ આત્માને નાસિક ક્યારે આવ્યું, તેની ખબર પણ ન પડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“સાહેબ, નાસિક આવ્યું.” ગોવિંદે શ્યામલાલ સાથે વાત કરવાનો પ્રયત્ન કર્યો, પણ પ્રયત્ન નિષ્ફળ ગયો. ગોવિંદને આખે રસ્તે ખૂબ જ નવાઈ લાગેલી પણ પૂછેલા સવાલોના જવાબ ન મળ્યા, એટલે તેણે કમને મૌન પકડયું હતું.

“સાહેબ!” શ્યામલાલને તેણે લગાર મોટેથી કહ્યું.

“કેમ?” ઝબકી ઊઠયો હોય, તેમ શ્યામલાલ બોલ્યો.

“નાસિક આવી ગયું.”

મોટર બંગલા આગળ આવી ઊભી રહી.

“મેનાબહેનને તાર કર કે દસ વાગ્યે મારે ઘેર આવે.”

ગોવિંદ પાએક કલાકમાં તાર કરીને પાછો ફર્યો.

અડધા કલાકમાં નોકર ચા અને નાસ્તો લાવ્યો. દરમિયાન શ્યામલાલે નાહીધોઈને કપડાં બદલી લીધાં. નાસ્તાથી પરવારી શ્યામલાલે શૉફરને મોટર મુંબઈ તરફ હંકારવા હુકમ કર્યો.

મોટર ચાલી. ગોવિંદનું આશ્ચર્ય દાબ્યું દબાયું નહિ.

“સાહેબ!”

“કેમ?”

“આપ ખૂબ આનંદમાં છો.”

“હા.”

“આપે કોઈ જબરી શોધ કરી છે.”

“હા.”

“[illegible] જેમ, તે [illegible] છે.”

CC-0 In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ખાનગી છે, કેટલુંક."

"જેટલું ખાનગી ન હોય, તેટલું જણાવો."

"મેનાબહેનનાં પેલાં માબાપ ધર્મનાં, એ સાચું."

"એ તો સાહેબ, મેં ખબર મેળવી હતી તે જ."

"અને રામાનંદજીએ તે વૃદ્ધ યુગલને છોકરી સોંપેલી."

ગોવિંદ તાજુબ થઈ ગયો. શ્યામલાલ તરફ તે આશ્ચર્યથી જોઈ રહ્યો. પોતે એક નાની વિગત મેળવેલી તે પોતાના સાહેબને કેટલી ઉપયોગી થઈ પડી!

"સાહેબ, આપની શોધકવૃત્તિ ગજબ છે!"

"તારો આભાર. તેં રામાનંદજીની વાત ન કરી હોત, તો બધું અંધારામાં રહેત."

"મને આનંદ થાય છે સાહેબ, કે હું ઉપયોગી નીવડ્યો."

"તેં તો રંગ રાખ્યો છે."

"પણ સાહેબ, એ બધી વાત તો કરો."

શ્યામલાલે ગોવિંદને રામાનંદજી સાથેની વાત માંડીને કરી ગોવિંદ વાતમાં ગરકાવ થઈ ગયો. એને આખી કહાણીમાં અદ્‌ભુત ચમત્કાર જણાયો.

"પણ સાહેબ, ત્યારે ખરાં માબાપ કોણ?"

શ્યામલાલ ચૂપ રહ્યો. ગોવિંદની ધીરજ ખૂટી.

"હેં સાહેબ, ખરાં માબાપ કોણ?"

શ્યામલાલે જવાબ ન આપ્યો.

पुस्तकालय गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોવિંદને શ્યામલાલનું મૌન સમજાયું નહિ. એને એટલું જ સમજાયું કે સાહેબ વાત ખાનગી રાખવા માગે છે. એણે પણ મૌન સેવ્યું.

રાતે દસના સુમારે મુંબઈ આવ્યું. શ્યામલાલે ગોવિંદને ઘેર જવાની ના કહી, અને પોતાને ત્યાં જમી પરવારીને સૂવાનું કહ્યું. ઘર આવ્યું. શ્યામલાલ અંદર આવ્યો, ત્યારે સુધીર બેઠો હતો.

"મેનાબહેનનો ફોન હતો; તે અને યમુના હમણાં જ, અહીં આવશે." સુધીરે એટલો સંદેશો કહ્યો. પછી ઉમેર્યું, "કેમ પપા, કંઈ આનંદમાં છો?"

"હું આનંદમાં છું; હા, ઘણા જ આનંદમાં છું."

"શું કરી આવ્યા?"

"શોધ કરી આવ્યો."

"પપા, તમે પણ અજબ છો!"

"હું નાહીને લગાર જમી લઉં. મેનાબહેનને બેસાડજે."

શ્યામલાલને નાહવા ગયે પાંચેક મિનિટ થઈ હશે, ત્યાં મેના અને યમુના આવી પહોંચ્યાં. મેનાના મોં ઉપર કંઈ કુતૂહલ, કંઈ અશાંતિ, કંઈ આકાંક્ષા હતાં. સફાઈથી ઓળેલા વાળ અને છટાથી પહેરેલી સાડીમાં મેના જ્યારે આવી, ત્યારે સુધીરનું મન નાચું નાચું થઈ રહ્યું હતું. મેનાને તે ધારીને જોઈ રહ્યો.

"કેમ સુધીર, તારા પપ્પા ક્યાં?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીર મેનાના આવવાથી એટલો ઉમંગમાં હતો અને તેને જોવામાં એટલો મશગૂલ હતો, કે તત્કાળ જવાબ આપવાનું એને સૂઝ્યું નહિ.

"હે !" બેબાકળા સુધીરે ઉચ્ચાર્યું.

મેનાથી હસવું રોકાયું નહિ. યમુનાને પણ હસવું આવ્યું. મેનાએ પાસે આવીને સુધીરના ખભે હાથ મૂક્યો. પછી તેણે એને પોતાની સાથે સોફા ઉપર બેસાડ્યો.

"મૂરખ, બેસવાનું પણ કહેતો નથી ?" મેનાએ સુધીરને ટપલો મારી વહાલથી કહ્યું.

"હવે તો બેઠાં, એટલે આગ્રહ કરવાનો રહેતો નથી." સુધીર હોશમાં આવીને બોલ્યો. મેનાની સોડમાં બેઠેલા સુધીરને પ્રેમની હૂંફ લાગી, અને મેનાનો હાથ તેણે પંપાળવા માંડ્યો. મેનામાં એનું મન એકાગ્ર બન્યું અને ભીતરમાં મમત્વ ઊભરાયું.

એટલામાં શ્યામલાલ દાખલ થયો.

"શ્યામલાલમામા, તમે કેવા છો ? અત્યારે નાહવા ગયા, અને તે પણ અમને બેસાડી મૂકીને !" યમુનાએ હસીને શ્યામલાલને ફરિયાદ કરી.

શ્યામલાલે મેનાને ભાવથી જોઈ—જોયા જ કરી. પાસેનો સુધીર દૃષ્ટિમાં જ ન આવ્યો ! પછી યમુના તરફ જોયું.

"મેં ધારેલું કે તું મોડી જ આવવાની, પણ તેં મને ખોટો પાડ્યો." શ્યામલાલે યમુનાને હસીને જણાવ્યું.

"શ્યામલાલભાઈ, તમે તો હજી જમ્યા પણ નહિ હોય. જમી લો." મેનાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ હા, હા. ચાલો, જમતાં જમતાં વાતો કરીશું.” શ્યામલાલ બોલ્યો, અને બધાં એની સાથે જમવાના ઓરડામાં ગયાં. જમનારમાં શ્યામલાલ અને ગોવિંદ જ હતા.

“ નાસિકમાં શું જોયું ? ” મેનાએ પૂછ્યું.

“ એક તપસ્વી. તપસ્વી કેવો હોય, તેનો ખ્યાલ આવ્યો.”

શ્યામલાલ અને મેનાની આંખો મળી. મેનાએ એ આંખોમાં મમત્વ, સ્નેહ, લાગણી, પારખ્યાં. શ્યામલાલની દૃષ્ટિની સ્થિરતાથી તે લગાર અંજાઈ ગઈ.

“ શું વાત કરો છો ! તપસ્વી જોવા જાણે ગયા હો, તેવી વાત કરો છો ! ” યમુના માનવાને તૈયાર નહોતી.

“ પપા, તમે તો બાબાગોસાંઈઓની મશ્કરી કરનારા ! ” સુધીરે ટાપસી પૂરી.

શ્યામલાલ ચૂપ રહ્યો. પછી સુધીર તરફ જોઈ રહ્યો.

“ સુધીર ! અજ્ઞાન અનંત છે. બુદ્ધિ મર્યાદિત છે.”

“ પછી ? ” યમુનાએ વાત ધપાવવા પૂછ્યું.

“ પછી ત્ર્યંબક ગયા. ત્યાં એક અલૌકિક યોગી મળ્યા. એમની સાથેના પરિચયથી મને લાગ્યું, કે આત્માનું સામર્થ્ય અનવધિ છે.”

“ શ્યામલાલભાઈ, બધી વાત માંડીને કહેવી પડશે. ” મેનાએ ઉત્કંઠાથી કહ્યું.

શ્યામલાલે મેના તરફ જોયું. દૃષ્ટિ તેની તે જ હતી.

શ્યામલાલે વાર્તાનું સ્થૂલ સ્વરૂપ બધાંને માંડીને કહ્યું, પણ મુખ્ય હકીકત એણે ગુપ્ત રાખી. સૌને વાર્તાથી ખૂબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદ થયો. શ્યામલાલની વાત કહેવાની છટા, ગોવિંદની ટાપસી, ઉત્તરરામચરિતના શ્લોકો, ત્ર્યંબકના પંડાઓ, નાસિકનો સૌમ્ય તપસ્વી, ત્ર્યંબકના યોગીરાજનો પ્રભાવ: એ બધું કહેવાયું, અને શ્યામલાલ અને ગોવિંદ જમી રહ્યા. પછી બધાં ઊભાં થયાં.

મેનાને સ્પષ્ટ સમજાયું કે મુખ્ય, મહત્ત્વની, અને જે ખાતર શ્યામલાલે મુસાફરી ખેડી હતી, તે વાત હજી બાકી હતી. તેને એમ પણ સમજાયું કે શ્યામલાલની મુસાફરી નિષ્ફળ નહોતી, સફળ હતી.

બધાં ડ્રૉઇંગરૂમમાં ગોઠવાયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૬ મું --- 'રહસ્યનો સ્ફોટ'

ડ્રોઇંગરૂમમાં બધાં એકઠાં થયાં અને કૉફી આવી. બધાં કૉફી પીતાં હતાં, ત્યારે સૌની નજર શ્યામલાલ તરફ હતી. શ્યામલાલે કૉફીનો ઘૂંટડો પીને શરૂ કર્યું.

"આજે હું તમને એક કહાણી કહેવા માગું છું. મને આશા છે, કે શાંતિથી અને એકચિત્તે તમે તે સાંભળશો."

"હા શ્યામલાલમામા, કહો."

"પપ્પા થવા દો."

મેનાને થયું કે શ્યામલાલ કંઈ રહસ્ય જાહેર કરે છે. શ્યામલાલ તરફ તેણે જોયું અને શ્યામલાલે સૂચવ્યું કે તે પોતાની નજીક આવીને બેસે.

"ગોવિંદ, બેસજે. સવારે જજે." શ્યામલાલે ગોવિંદને સૂચવ્યું કે તે સાંભળી શકે છે.

ઓરડામાં શ્યામલાલ, મેના, યમુના, સુધીર અને ગોવિંદ : એમ પાંચ જણાં રહ્યાં, પાંચે શાંત બેઠા હતાં અને ઘડિયાળમાં અગિયારના ટકોરાએ શાંતિમાં ભંગ કર્યો. ટકોરા વાગી રહ્યા, એટલે શ્યામલાલે વાત શરૂ કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એક સૈકા ઉપરની વાત છે. કૃષ્ણદાસ નામના એક સુરત તરફના કાયસ્થ ગૃહસ્થ હતા. તેમની પત્નીનું નામ પ્રાણકોર. કૃષ્ણદાસ ગરીબ હતા, દસ્તાવેજો લખી ગુજારો ચલાવતા. એમને બે દીકરા હતા. એકનું નામ નાથજી અને બીજાનું નામ બિહારીલાલ. વૈષ્ણવ કુટુંબ. નાથજી નાની ઉમ્મરથી જ વૈરાગ્ય તરફ વળેલા. કહેવાતું કે કૃષ્ણદાસને એક સાધુનો સંગ હતો. તેણે ભાખેલું કે નાથજી સંસાર છોડી ત્યાગી થશે અને બિહારીલાલ રાજ્યમાં મોટે હોદ્દે પહોંચશે. સાધુની આગાહી સાચી પડી. નાથજી પંદરેક વર્ષે વૈરાગી થઈ ગયા. એક રાતે તેમણે ઘર ત્યજ્યું. કૃષ્ણદાસને અને પ્રાણકોરને આઘાત લાગ્યો. સાધુએ સમાધાન કર્યું કે યથા-પ્રારબ્ધ થવાનું હતું, તે થયું; માટે શોક ન કરવો.

"આ બનાવ પછી બે વરસમાં કૃષ્ણદાસ ગુજરી ગયા. એમના પછી એકાદ વરસમાં પ્રાણકોર પણ ગયાં. બીચારા બિહારીલાલ નિરાધાર થયા. તે વખતે તેમની ઉંમર તેર વરસની. કોઈ સગાએ તેમને રાખ્યા. ચૌદ વરસની ઉંમરે લગ્ન થયું. તેમનાં પત્નીનું નામ ગંગા. બિહારીલાલે સરકારી રેવન્યુ ખાતામાં ઉમેદવારી કરી, બે વરસ સુધી કામનો અનુભવ લીધો અને સોળ વરસે કારકુની મળી. બિહારી હોશિયાર હતા, શાંત હતા, મહેનતુ હતા, પ્રમાણિક હતા. કારકુની દરમિયાન અંગ્રેજીનો અભ્યાસ વધાર્યો, ખાતાની પરીક્ષાઓ આપી. ઉપરી અધિકારીઓની પ્રીતિ મેળવી. ત્રીસ વરસની ઉંમરે બિહારીલાલ જ્યારે મામલતદાર થયા, ત્યારે પત્નીના હર્ષનો પાર નહોતો. સગાંવહાલાંઓમાં વાહવાહ થઈ.

"બિહારીલાલ મુત્સદ્દી ગણાતા. અંગ્રેજ અધિકારીઓની એમના ઉપર રહેમ નજર હતી.

"બિહારીલાલની અને એમનાં પત્ની ગંગાની ઉંમરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે બહુ ફેર નહોતો. ગંગા સુંદર હતી, ગૌર હતી, રસિક હતી, વહાલસોઈ હતી. બિહારીલાલ ઊંચા હતા, શ્યામ હતા, ભરાવદાર હતા, માયાળુ હતા.

" આ જોડીને બે સંતાન થયાં. એક દીકરો અને એક દીકરી. દીકરો જન્મ્યો, ત્યારે બિહારીલાલ મામલતદાર હતા. દસ વરસ પછી દીકરી જન્મી, ત્યારે બિહારીલાલ દેશી રાજ્યના દીવાન હતા. દીકરા પછી દીકરી ઘણે વર્ષે જન્મી, એટલે માતાના હર્ષનો પાર નહોતો. માની ઉમ્મર તે વખતે ચાળીસની આસપાસ હતી. "

શ્યામલાલ અટક્યો. દરેકના મોં ઉપર શાંતિ અને તન્મયતા હતી. વાતાવરણ બરાબર જામ્યું હતું. શ્યામલાલની વાત કહેવાની પદ્ધતિ એટલી સરળ, સચોટ અને ધીરી હતી, કે સાંભળનારાં મશગૂલ બની જતાં. શ્યામલાલ અટક્યો, એટલે સૌએ શ્વાસ લીધા. શ્યામલાલે મેના તરફ જોઈ સ્મિત કર્યું. પછી સિગારેટ ચેતાવી અને વૃત્તાંત આગળ ચલાવ્યું.

" દીકરાનું નામ શ્યામલાલ."

યમુના અને મેના અચંબાથી શ્યામલાલને જોઈ રહ્યાં. સુધીરને આટલે સુધીની હકીકતની કંઈક ખબર હતી, એટલે એનો અચંબો પ્રમાણમાં ઓછો હતો.

" અને દીકરીનું નામ રાધા. દીકરો ભણવામાં ઠીક હતો. બાપને ઉમેદ હતી કે તેને વિલાયત મોકલી બૅરિસ્ટર કરવો. બૅરિસ્ટર બને, તો મોભો મળે, હોદ્દો મળે, એવો તે જમાનાનો ખ્યાલ હતો ! તે કાળમાં વિલાયત જનારને દેવ જેવા ગણવામાં આવતા. આજે તો તે મોહ ઓછો થઈ ગયો છે અને બૅરિસ્ટરો બેકાર પડ્યા છે. વારુ. દીકરીની ઉંમર લગભગ બે વર્ષ જેટલી થઈ, એટલે માતાપિતાને યાત્રા કરવાનું મન થયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતા દીવાન એટલે મોભો ઘણો હતો. સારો પગાર, વાહન, મકાન, નોકરો, ચાકરો એ બધું તે કાળમાં તો કુબેરની સંપત્તિ સમાન લેખાતું. સુખમાં વિચરતું આ કાયસ્થ યુગલ યાત્રાએ ક્યાં જવું, એના વિચારમાં ગરકાવ બની બેઠું હતું, ત્યાં પિતાને વિચાર આવ્યો."

શ્યામલાલ અટક્યો, મેના તરફ ફર્યો. મેના ચકિત થઈ ગઈ. સુધીર અને યમુના જોઈ રહ્યાં. મેના શ્યામલાલની સામે મૃદુ હસી, એટલે શ્યામલાલે ચલાવ્યું.

"યુગલે નક્કી કર્યું કે બંને સંતાનો તથા નોકરચાકરો સાથે નાસિક ત્ર્યંબક જવું. તે વખતે કુંભનો મેળો હતો અને અનેક સાધુસંતો ત્યાં એકઠા થવાનો સંભવ હતો. પિતાએ એક માસની નિવૃત્તિ લઈ સહકુટુંબ પ્રયાણ કર્યું. માતાપિતાને હર્ષનો પાર નહોતો. એ દિવસ મને ઝાંખો ઝાંખો યાદ છે."

શ્યામલાલ અટક્યો. મેનાના મોં ઉપર અવર્ણનીય આશ્ચર્ય હતું. યમુના અને સુધીર એકીટસે સાંભળી રહ્યાં હતાં. વાતના વહેણનો ખ્યાલ દરેકને આવી ગયો હતો અને નવી સૃષ્ટિ ઊભી થતી હતી, અગર કહીએ કે નષ્ટ સૃષ્ટિ પુનર્જીવન પામતી હતી, તેનો ખ્યાલ દરેકના મગજમાં આવી ગયો હતો. શ્યામલાલે વાત આગળ ધપાવી.

"નાસિકથી યુગલ ત્ર્યંબક ગયું અને ત્ર્યંબકમાં ત્રણ દિવસ રોકાઈ પાછું નાસિક આવ્યું. નાસિકમાં એકબે દિવસ ગાળ્યા. યાત્રીઓની ભીડ તો ચીકાર હતી અને સાધુસંતોની તથા બાવાગોસાંઈઓની ઠઠ પણ સારી જામી હતી. નાસિકમાં આ યુગલ ભાવથી દર્શન કરતું, સ્નાન કરતું, ઘૂમતું હતું. આખી યાત્રા આમ સુખેથી સમાપ્ત થવા આવી, ત્યાં એક હૃદયદ્રાવક બનાવ બન્યો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામલાલના મોં ઉપર વિષાદની છાયા ફરી વળી. મેના તરફ એણે દૃષ્ટિ કરી. મેનાને લાગ્યું કે વાતનું પાત્ર પોતે થવાની હતી. યમુના અને સુધીર નિશ્ચેષ્ટ બેસી રહ્યાં. એમની સૃષ્ટિ સંકેલાતી જતી હતી.

"હા, એક અતિશય હૃદયદ્રાવક બનાવ બન્યો. યુગલ નાહતું હતું અને નોકર કિનારે અમને છોકરાંઓને રમાડતો હતો, ત્યાં એકાએક આંધી ચઢી અને નોકરની આંખોમાં રેતી ભરાઈ ગઈ. રાધા ઘણી જ ચાલાક, ચપળ અને હોશિયાર હતી. બે વરસની હતી, પણ દોડાદોડ કરતી. આંધી તો ઘણી ચઢી હતી અને વંટોળ તો કહે હું ઘણો! ધૂળ ને રેતના ગોટા ગગને ઘૂમતા! નોકર રાધાને ઉપાડવા જાય, પણ રાધા દેખાય નહિ. એટલામાં પાછળથી એક નિરંકુશ ગાયે નોકરને શીંગડું માર્યું અને નોકર મૂર્છિત થઈ નીચે પડ્યો. હું દૂર રમતો હતો અને આંધીથી ગભરાઈ ગયો હતો. રાધા તરફ મારું લક્ષ નહોતું. નોકર બેભાન થઈ નીચે પડ્યો, તે તરફ મારું લક્ષ ગયું. પાંચેક મિનિટ થઈ, પાંચની દસ થઈ, દસની પંદર થઈ! હું બેબાકળો બની ગયો. માબાપ ગોદાવરીમાં સ્નાન કરતાં હતાં પણ ક્યાં હતાં, તેની મને ખબર નહિ. બેભાન નોકરને જોઈ મેં રડવા માંડ્યું. બેબાકળાં માબાપ પાએક કલાક પછી હાંફતાં હાંફતાં નદીમાંથી બહાર આવ્યાં. આંધી કંઈક ઓછી થઈ હતી. ત્યાં માએ અને બાપે દૃશ્ય જોયું. નોકર બેભાન, હું રડતો. માએ ધબકતે હૈયે મને પૂછ્યું કે રાધા ક્યાં? મારું રડવું માય નહિ! માએ મને ગોદમાં લીધો. બાપે નોકરને ઢંઢોળ્યો. પણ રાધા ક્યાં! નોકરને શુદ્ધિ આવી. આંધી ઊતરતી ગઈ. અડધોએક કલાક થયો હશે. માએ ફાટે અવાજે પૂછ્યું: 'રાધા ક્યાં? મારી રાધા ક્યાં! હેં, હેં, હેં, રાધા ક્યાં ગઈ?' બાપ ચારે તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધવા નીકળ્યા. નોકર બીચારો મરણતોલ થઈ ગયો. એની બુદ્ધિ હરાઈ ગઈ! 'અલ્યા ! મારી રાધા ક્યાં ?' માએ કલ્પાંત કર્યે રાખ્યું. બધાં ચારે તરફ ઘૂમ્યાં, આથડ્યાં, રખડ્યાં. પિતાએ અનેક માણસોને પૂછ્યું. કોઈએ એક કહ્યું, કોઈએ બીજું કહ્યું. એકે વળી એમ કહ્યું કે એક નાનું સરખું બાળક નદીમાં પડતું દેખાયું હતું ! થઈ રહ્યું. માએ માની લીધું કે રાધા નદીમાં પડી ને ડૂબી ગઈ! પિતાએ પણ માનવા માંડયું. આખું નાસિક બે દિવસ સુધી ઘૂમવામાં આવ્યું. તમામ રસ્તાઓ, મંદિરો, બજારો બધે માણસો ફેરવ્યાં પણ રાધા ન મળી. ક્યાંથી મળે! 'એ તો ગઈ નદીને તળિયે !' માબાપ કહેતાં. માએ રડારોળ કરી. પિતા દિગ્મૂઢ બની ગયા. નોકર મડદા જેવો થઈ ગયો; ન ખાય, ન પીએ. માતાએ અન્નજળનો ત્યાગ કર્યો. પણ તે ક્યાં સુધી ? પોલીસમાં ખબર અપાઈ, પોલીસે ખૂબ ખૂબ તપાસ કરી, પણ આખાયે નાસિકમાં રાધા દેખાઈ નહિ. પિતાએ હૈયું કઠણ કર્યું. માતાને ખૂબ સમજાવી. 'પ્રારબ્ધ બળવાન છે. ઈશ્વરનો સંકેત હશે કે યાત્રામાં આપણે એને ગુમાવીશું.' પિતાએ કહ્યું. ચાર દિવસમાં માના માથાના વાળ સફેદ થઈ ગયા, ગાલમાં ખાડા પડ્યા, અને ચાલવાની શકિત રહી નહિ. પિતાની ઉમ્મરમાં ચાર દિવસમાં ચૌદ વરસ ઉમેરાઈ ગયાં ! રોતાં, કકળતાં, કલ્પાંત કરતાં અમે નાસિક છોડ્યું."

શ્યામલાલ અટક્યો એની આંખો ભીની હતી. યમુનાની આંખોમાં અશ્રુની યમુના ઊભરાઈ હતી. સુધીર ખિન્ન અને શાંત હતો. મેનાના ગાલ ઉપર આંસુની ધારાઓ વહેતી હતી. શ્યામલાલે મેનાને વાંસે પ્રેમથી હાથ ફેરવ્યો. મેનાએ પોતાનું માથું શ્યામલાલની સોડમાં નાખ્યું, ત્યારે યમુના અને સુધીરને લાગ્યું કે એ બંને કંઈ સમજ્યાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" પિતા ડાયરી રાખતા. ડાયરીમાં નોંધ્યું કે રાધા કુંભના મેળામાં ગૂમ થઈ ગઈ. રાધાનું વર્ણન હતું કે હથેળીમાં એક તલ અને કાનની પાછળ લાખું હતાં."

શ્યામલાલ અટક્યો. તેણે મેનાનો હાથ પકડ્યો અને હથેળી જોઈ. ત્યારે યમુના અને સુધીરને સ્પષ્ટ સમજાયું કે પોતે મામાફોઈનાં છોકરાં હતાં.

" આ રહ્યો એ તલ, અને આ રહ્યું એ લાખું."

શ્યામલાલે એ બંને ચિહ્નો બતાવ્યાં. પછી આગળ ચલાવ્યું:

" યમુના, તારી મમીને મેં પહેલવહેલી જોઈ, ત્યારે જ મને એના હલનચલનમાં મારી માનો પડછાયો લાગેલો. ગુમ થયેલી રાધા યાદ આવી. જમતી વખતે હથેળીનો તલ જોયો અને જમ્યા પછી કાન પાછળનું લાખું જોયું. પિતાની ડાયરી પ્રમાણે બધું મળતું આવ્યું. માબાપ વિષે પૂછપરછ કરતાં એ સાચાં માબાપ નહિ, તેવી ખાતરી થઈ. હકીકત વધારે ચોખ્ખી કરવા ગોવિંદને એના કહેવાતા પિયરની તપાસ સારુ મોકલ્યો. ગોવિંદ હકીકત લાવ્યો કે મારી શંકાઓ સાચી હતી. એ ફક્ત એનાં ધર્મનાં માબાપ હતાં. વધુમાં એ એક માહિતી એ પણ લાવ્યો કે નાસિક-ત્ર્યંબકની યાત્રામાંથી એ છોકરી ડોસાડોસી લાવ્યાં હતાં. સગાની નિરાધાર છોકરી હતી એમ કહેલું, પણ એ વાત ગળે ઊતરે તેવી નહોતી. ડોસાડોસીને ત્ર્યંબકમાં કોઈ રામાનંદ નામના સાધુની ઓળખાણ થયેલી અને તે સાધુનું નામ ભાગવતના એક પુસ્તકમાં હસ્તાક્ષરે સ્પષ્ટ લખેલું. રામાનંદના નામની હકીકત મને ગોવિંદે આપી, એટલે મારી શંકાઓ મજબૂત બની. વધુમાં ગોવિંદ તરફથી જાણ્યું કે આ રામાનંદ ડોસાડોસીના નાસિકમાં કોઈ ગુરુ હતા. હું નાસિક ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યાંથી પત્તો મળ્યો કે રામાનંદજી ત્ર્યંબકમાં હતા. ત્ર્યંબક ગયો. તપાસ કરતાં રામાનંદજીનો પત્તો ખાધો."

શ્યામલાલ અટક્યો. એના ખમીસ ઉપર મેનાનાં આંસુ નિરંકુશ વહ્યે જતાં હતાં. શ્યામલાલે મેનાનું માથું પંપાળ્યું અને કપાળે અને વાંસે સ્નેહથી હાથ ફેરવ્યો.

"રામાનંદજી તરફથી જણાયું કે એક બાલિકા નાસિકના એક ઘાટ ઉપર રડતી ઊભી હતી, ત્યારે પોતે એક શિષ્યની સાથે ત્યાંથી ત્ર્યંબક જવા પસાર થતા હતા. બાલિકાનું આક્રંદ સાંભળી સાધુની દૃષ્ટિ તેના ઉપર પડી. બાલિકાએ સાધુને જોઈ ખૂબ જ રડવા માંડ્યું. વીતરાગ સાધુનું હૈયું બાલિકાના આક્રંદથી પીગળ્યું અને નિરાધાર છોકરીને ઉપાડી લેવા તેમણે શિષ્યને આજ્ઞા કરી. છોકરી ત્ર્યંબકના આશ્રમમાં આવી અને રામાનંદજીની માયા વધતી ગઈ. એક વાર સમાધિમાં રામાનંદજીને છોકરીનું ભાવિ જણાયું. એક સંતાન વગરનું વૃદ્ધ યુગલ પણ દેખાયું. યુગલને છોકરી સોંપવાની વૃત્તિ યોગીને સ્ફુરી. છોકરીનો ધનાઢ્ય ભાવિ પતિ પણ સ્પષ્ટ દેખાયો. યોગીએ વૃત્તિ હૃદયમાં સંકેલી અને તેના ભાવિનું કે ભૂતકાળનું ધ્યાન ત્યજી દીધું. સમાધિમાંથી ઉત્થાન થતાં શિષ્યે જણાવ્યું કે ચૌદ કલાકથી પોતે સમાધિમાં હતા, અને ત્રણેક કલાકથી એક વૃદ્ધ યુગલ પાસે આવીને બેઠું હતું. યોગીને સ્પષ્ટ સમજાયું કે એ યુગલ તે જ સમાધિમાં દેખાયેલું યુગલ. છોકરી તેમણે તે દંપતીને સોંપી અને માબાપ તરીકે ઉભયને જવાબદાર ગણ્યાં. છોકરીનું ભાવિ ત્યારથી તે યુગલના હાથમાં આવ્યું અને રામાનંદજીએ એ વાતનું વિસ્મરણ કરી નાખ્યું. છોકરીનું નામ રામાનંદજીએ 'મેના' રાખ્યું હતું."

શ્યામલાલે વાત અટકાવી. પછી તે મેનાની સામે જોઈ રહ્યો·

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"રાધા, તું મારી વાત આગળ ચલાવ."

મેનાની આંખમાં આંસુ માતાં નહોતાં. વાત કહેવાની એને પરવા નહોતી. તેણે શ્યામલાલ તરફ જોયું.

"ભાઈ!" એટલું જ તે બોલી શકી.

સુધીરના પગ તળેથી જાણે પૃથ્વી સરી જતી હતી. હૃદયમાં સ્થાપેલી પ્રિયતમા ફોઈ નીકળી! એનું હૈયું હચમચી ગયું. પ્રેમનો એનો હક્ક એક રીતે એકદમ વધી પડ્યો, બીજી રીતે એકદમ ઘટી ગયો. તેના હૃદયમાં સાચવી રાખેલી પ્રિયતમાનું જાણે કરપીણ ખૂન થયું હોય, તેવો ભાસ તેને થયો.

યમુનાને આનંદ હતો, છતાં વિષાદ પણ હતો. મામા મળ્યા, પણ સુધીર ગુમાવ્યો. એના ચિત્તમાં અનેક વિચાર-ચિત્રો ખડાં થયાં. અનેક ભાવો જાગ્રત થયા.

"રાધા, તમે બંને આજે અહીં જ સૂઈ જાઓ." શ્યામલાલે કહ્યું.

"હા મામી. હવે કોણ ઘેર જાય! મોડું થઈ ગયું છે." યમુનાએ મામાના વિચારને અનુમોદન આપ્યું.

મેના કશું જ બોલી નહિ. એણે આંસુ લૂછ્યાં. યમુના અને સુધીર સૂઈ ગયાં. તેમના સૂઈ ગયા બાદ ભાઈબહેને કલાક સુધી વાતો કરી. સૂતા પહેલાં મેનાને સુધીર યાદ આવ્યો.

"સુધીર!" એટલી બૂમ પાડી, તે સુધીરના ઓરડામાં ગઈ.

પથારીમાં પડ્યો પડ્યો સુધીર ચોધાર આંસુએ રડતો હતો. મેનાએ તેને ગોદમાં લીધો.

પણ સુધીરને મેનાની હૂંફમાં હવે પ્રિયતમાની ગરમ હૂંફ નહિ, પણ ફોઈની શીતળ હૂંફ લાગી.

પ્રથમ ખંડ પૂરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૨ જો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧ લું - - - - - - - પશ્ચિમને પંથે

ત્રેવીસ વરસના યુવાનનું નામ કલ્યાણ હતું. સ્ટીમરમાં પહેલા ચાર દિવસ સુધી એણે કેબિનમાં ખૂબ કલ્પાંત કર્યું. તે શ્યામાનો વિચાર કરતો, દૂર દૂર પાણીની પેલી પાર ક્ષિતિજ ઉપર શ્યામાનું ધ્યાન કરતો, શ્યામાની છબી તરફ જોતો, રડતો, ચૂમતો, અને રોજ કાગળ લખ્યે રાખતો. લખતાં લખતાં, વિચાર કરતાં કરતાં, રડતાં રડતાં, ચૂમતાં ચૂમતાં, એડન આવ્યું. પ્યારીનો પત્ર બિડાઈ ગયો. સ્ટીમર ચાલી. એની સાથે ચારપાંચ બીજા વિદ્યાર્થીઓ હતા. બધા ધીમે ધીમે ભળવા માંડ્યા. અરબી સમુદ્ર ગયો અને રાતો સમુદ્ર શરૂ થયો, પણ શ્યામાનું રટણ ચાલુ હતું, અને એ સમુદ્રમાં પોતાના જીવનનું પહેલું અને છેલ્લું કાવ્ય કલ્યાણે કર્યું. પ્રિયાવિરહનું કાવ્ય પ્રાસમાં ન પકડાતાં ગદ્યમાં પરિણમ્યું. લખલખ કરીને એની આંગળીએ આંટણ પડી ગયાં.

એની સાથે એક વિદ્યાર્થી હતો. તે રજાઓ ગાળી પાછો વિલાયત જતો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ શું લખલખ કરો છો, યાર ! ”

“ કાગળ લખી રહ્યો છું. ”

“ એ તો જોઈ શકું છું, પણ આટલો લાંબોચોડો કેમ ? પિતાને રૂપિયા મોકલવા લખો છો ? તો તો ઠીક. ”

“ નહિ ભાઈ, નહિ. મારી પ્રિયતમાને લખું છું. ”

“ લખો ભાઈ, લખો. તેર દહાડામાં જેટલું લખાય તેટલું ખરું. પછી લખવું બંધ થઈ જશે. ”

“ જાઓ, જાઓ. ” હસતાં હસતાં કલ્યાણ બોલ્યો.

“ હા, વિલાયત પહોંચતાં સુધી બધા એમ જ કરે છે. ”

“ જાઓ, જાઓ. ” કાગળમાં મસ્ત કલ્યાણે ફરી હસીને કહ્યું.

“ વારુ, પરણેલા છો ? ”

“ ના. ”

“ ભાવિ પત્નીને લખો છો ? ”

“ ના. ”

“ ત્યારે બીજા કોઈની બૈરીને લખતા હશો, એમ માનું છું. ”

“ હા. ” કલ્યાણે બેપરવાઈથી પતાવ્યું.

“ મારી બૈરી નહિ હોય, એમ ધારું છું. ” પેલાએ મશ્ક રી ચાલુ રાખી.

“ એમેય હોય ! ” કલ્યાણે સામો ટોળ કર્યો.

“ વા ધો નથી, હું કુંવારો છું. ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવું આવું રોજ ચાલતું. મશ્કરી તોફાન થતાં અને દિનેશ અને કલ્યાણ મિત્ર બની ગયા. દિનેશની રમૂજથી કલ્યાણનું દુઃખ કંઈ કમી થતું.

"જા, માર્સાઈ સુધીમાં ત્રીસ લાઈન લખવા દઈશ." કલ્યાણને પોર્ટસૈડનો કાગળ બીડ્યા પછી દિનેશે જણાવ્યું. કલ્યાણ દિનેશ તરફ જોઈ રહ્યો.

"મહેરબાન, પ્રેમ તો મૌનથી જ વિકસે છે. અવ્યક્તમાં જ મજા." દિનેશે ગર્ભિત સત્ય ઉચ્ચાર્યું.

એક સાંજે બંને ડેક ટેનિસ રમ્યા પછી સમુદ્ર તરફ જોતા, કઠેરો પકડી ઊભા હતા.

"મહેરબાન, તમે છો તો દેખાવડા હોં." દિનેશે શરૂ કર્યું.

"થેંક્યુ."

"તમારે માટે વિલાયતમાં સફળ કારકિર્દીની હું આગાહી કરું છું." દિનેશે મશ્કરી શરૂ કરી. કલ્યાણ મૂગો રહ્યો.

"એકલા વિલાયતમાં નહિ, સારા યુરોપમાં." મશ્કરા દિનેશે ચલાવ્યે રાખ્યું. કલ્યાણ પૂર્વ તરફની ક્ષિતિજ ઉપર એકી ટસે જોઈ રહ્યો હતો. એના હૃદયમાં એની શ્યામા વસી રહી હતી.

"પૂર્વની ક્ષિતિજ તરફ નહિ, પશ્ચિમની ક્ષિતિજ તરફ હવે જુઓ." એટલું બોલી દિનેશે યુરોપની દિશાએ આંગળી ચીંધી.

"ખ્યાલ છોડો, યાર." કલ્યાણે લગાર ચિડાઈને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" છોડવો જ પડશે." દિનેશે કલ્યાણની ચીડ ગણકાર્યાં વગર મજાક ચાલુ રાખી.

" મને છોડો યાર." કલ્યાણ કરગર્યો.

હસતો હસતો દિનેશ જતો રહ્યો અને કલ્યાણને શ્યામાની સમાધિ ચઢી. ક્ષિતિજ ઉપર એણે શ્યામાને જોઈ. શ્યામાનાં નેત્રોમાં અશ્રુનો અવિરત પ્રવાહ દેખાયો. કીકીઓમાં અસહાયતા હતી અને કલ્યાણ તરફ બે હાથ લંબાવી, વિખરાઈ ગયેલા કેશકલાપવાળી, કારુણ્યની મૂર્તિ જેવી શ્યામા " કલ્યાણ, કલ્યાણ, કલ્યાણ " એવો આર્તનાદ કરતી તેને સંભળાઈ. કલ્યાણે ગજવામાંથી રૂમાલ કાઢયો અને આંખો ઉપર મૂકયો. આંખો ખોલી, ત્યારે ક્ષિતિજ ઉપર મહાસાગરનાં ઉન્મત્ત મોજાં ઊછળતાં હતાં.

પૉર્ટસૈડ આવ્યું, પૉર્ટસૈડ ગયું. એશિયા ગયું અને યુરોપનાં પાણી શરૂ થયાં.

બીજા દિવસની સવારથી કલ્યાણે પૂર્વની ક્ષિતિજ તરફ જોવાનું માંડી વાળી પશ્ચિમની ક્ષિતિજ ઉપર જોવું શરૂ કર્યું. કપડાં બદલાયાં, વાતાવરણ બદલાયું, યુરોપની પવનલહરીઓ શરૂ થઈ. શરીરની અસર મન ઉપર, અને મનની અસર બુદ્ધિ ઉપર, એમ સૂક્ષ્મ ફેરફારો શરૂ થયા.

માર્સાઈ પહોંચ્યો ત્યાં સુધીમાં શ્યામાને ત્રીસ લીટી પરાણે લખાઈ. પત્ર બિડાયો. કલ્યાણના મોં ઉપર જણાતા ફેરફારથી દિનેશની લૂલી પાછી હાલી.

" દિલમાં સમાધાન થયું લાગે છે. ચાલો, સફળ કારકિર્દી." તેણે કલ્યાણને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨ જું - - - - - - - - - - હીલ્ડા

આખરે યુવાન કલ્યાણ લંડન આવ્યો. નવો મુલક, નવા લોક, નવી રીતભાત, નવું વાતાવરણઃ આ બધાથી દિઙ્મૂઢ બની ગયેલા કલ્યાણને દિનેશ વેસ્ટએન્ડની એક હોટેલમાં પોતાની સાથે લઈ ગયો. અંગ્રેજી વાતાવરણ અને રીતભાતથી અપરિચિત યુવાનને બેત્રણ દિવસ અર્ધ જાગ્રત દશા રહી. એનું અંગ્રેજી જુદી જાતનું, એની વ્યક્ત કરવાની રીત નિરાળી, એની રીતભાત જુદીઃ એ બધાંને પરિણામે એ બાઘાચકવો જણાતો. લગભગ ત્રણેક અઠવાડિયાં થઈ ગયા પછી દિનેશની ગોદાદીથી એણે આત્મવિશ્વાસ મેળવ્યો અને હિંમતથી વાતો કરતો થયો.

એક દિવસ સાંજે નીચે લાઉન્જમાં તે બેસવા આવ્યો, ત્યારે દિનેશ કોઈ યુવાન અંગ્રેજ છોકરીની સાથે વાતમાં હતો. બાઘો કલ્યાણ એકદમ પાસે આવ્યો, હેટ ઉતારી નહિ, અને દિનેશ સાથે હિંદીમાં વાત કરવા મંડી પડ્યો. દિનેશે આંખ કાઢીને એને સૂચવ્યું કે એની કંઈ ભૂલ થઈ છે. કલ્યાણ સમજ્યો, ટોપી ઉતારી નાખી, અને “ I am sorry for

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

butting in like this" એમ કહી, પેલી છોકરીને નમન કરી, દિનેશ તરફ જોયું.

"અરે કંઈ નહિ; આવ, લે, મળ, આ મારી મિત્ર હીલ્ડાને. હીલ્ડા! આ મારો દોસ્ત, કલ્યાણ."

"How do you do?" હીલ્ડાએ કલ્યાણ તરફ હાથ લંબાવી મધુરું સ્મિત કર્યું.

કલ્યાણે સામો હાથ લંબાવ્યો, પણ તે સહેજ બાઘાચકવાની માફક. વળી સામું "How do you do" કહેવું ભૂલી ગયો. દિનેશ એની વહારે ધાયો.

"હીલ્ડા, કલ્યાણ બીચારો ઘર વગર સોરાય છે."

"બીચારો છોકરો! કંઈ નહિ હોં, થોડા વખતમાં તને ગોઠી જશે." એમ બોલી, હીલ્ડાએ કલ્યાણનો હાથ પકડી પંપાળવા માંડ્યો.

દિનેશ અને હીલ્ડા ખૂબ વાતો કરતાં હતાં અને કલ્યાણ બાજુમાં સોફા ઉપર મૂઢ થઈને બેસી રહ્યો હતો. હીલ્ડા તરફથી દિનેશ તરફ અને દિનેશ તરફથી હીલ્ડા તરફ એની આંખો દોડાદોડ કરતી. દિનેશ અને હીલ્ડા શું વાતો કરતાં હતાં, તેનો પૂરો ખ્યાલ પણ તેને આવતો નહોતો. અંગ્રેજી શબ્દો જુદી રીતે બોલાતા લાગ્યા, અને શબ્દો ઉપર ભાર જુદી જુદી રીતે મુકાતો સાંભળ્યો. હીલ્ડા દિનેશની સાથે વાતો કરતી હતી પણ કલ્યાણના મોં તરફ વારંવાર જોતી હતી. તેની આંખમાં મૈત્રી હતી.

હીલ્ડાની માને ત્યાં દિનેશ રહેતો, પણ દિનેશના હિંદુસ્તાન આવ્યા પછી હીલ્ડાની મા ગુજરી ગઈ. પછી હીલ્ડા છૂટા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્લૅટમાં રહેવા આવી. દિનેશ અને હીલ્ડાને દોસ્તી હતી અને બેત્રણ વરસના સહવાસથી બંને એકમેકને સારી રીતે ઓળખતાં હતાં. હીલ્ડાની સાથે પરણવાનું દિનેશને ઘણું મન હતું, પણ હીલ્ડાના મનથી એ ફક્ત "liking" હતું, "love" નહોતો. દિનેશની ત્રણેક માગણીઓનો તેથી તેણે સાભાર અસ્વીકાર કરેલો. દરમ્યાનમાં દિનેશ હિંદુસ્તાન આવ્યો, છ માસ ગાળ્યા, અને ઇંગ્લંડ પાછો ફર્યો. હીલ્ડાની માને ત્યાં હવે રહેવા જવાની વાત નહોતી. વિક્ટોરિયા સ્ટેશન ઉપર હીલ્ડા દિનેશને મળવા આવેલી, પણ મોડી પડેલી, એટલે દિનેશ મળી શક્યો નહિ. હોટેલમાં આવીને દિનેશે હીલ્ડાને કાગળ લખ્યો, પોતાનો પત્તો આપ્યો. હીલ્ડા ત્રણેક અઠવાડિયાં પછી આમ મળવા આવી.

"What a shame, Mummy died so suddenly!" હીલ્ડાએ દિનેશને કહ્યું.

"Oh, too sad! I would miss her a lot." દિનેશે પાઇપને બે હોઠ વચ્ચે સખત પકડીને ગંભીર આંખોથી કહ્યું.

"Darling, would you believe, she all the time kept saying, 'Dicky, sweet little Dicky! He would miss me so!' And I had to keep her mind off you somehow." હીલ્ડા અભિનય કરી બોલી.

"Poor dear! She was right. Her Dicky is heart-broken." દિનેશ યાને 'ડીકી,' 'ઇઝ' ઉપર ભાર દઈ ઉદાસ સ્વરે બોલ્યો. બોલીને તેણે હીલ્ડાનો હાથ દબાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણ આ બંનેની ભાષા સાંભળતો. અંગ્રેજી શબ્દો પરિચિત હતા, પણ ભાષા જાણે જુદી લાગતી. 'મા મરે, એમાં "Shame" શું? "Poor dear" શું? "Dicky" કોણ? આ ઉચ્ચારો કેટલા વિચિત્ર! શબ્દો ઉપર ભાર પણ કેટલા વિચિત્ર!' તેને બધું જ વિચિત્ર લાગતું, છતાં એને એમ પણ લાગતું કે તે ગમે તે ભાષા હોય, પરંતુ તેની અભિવ્યક્તિમાં પ્રાણ હતો, ચૈતન્ય હતું.

જમ્યા પહેલાં બારમાં જઈ ત્રણે જણાં બેઠાં.

"શું લેશે?" દિનેશે હીલ્ડાને પૂછ્યું.

"ગીમ્લેટ."

"કલ્યાણ તું? તું તો પાછો પાણીપીઉ!"

કલ્યાણે ફક્ત જીંજર બિયર માગ્યો.

"અરે વ્હીસ્કી લે, છોડ લાયરી." દિનેશે દબાણ કર્યું.

"ના ભાઈ ના, મારાં શાં ગજાં?" કલ્યાણે ગભરાતાં ગભરાતાં કહ્યું.

"તું ખોટા મુલકમાં આવી ચડ્યો છે, યાર!"

"કેમ, તું નથી પીતો?" હીલ્ડાને આશ્ચર્ય થયું.

"ના, સિવાય કે પાણી. એ ત્યાંનું રાષ્ટ્રીય પીણું છે." દિનેશે હાથમાં વ્હીસ્કીની પ્યાલી લઈ જવાબ આપ્યો. અને પછી હીલ્ડાની પ્યાલી સાથે તેની પ્યાલી ખખડી.

"Cheers." દિનેશ બોલ્યો.

"Cheers." હીલ્ડાએ પ્રતિશબ્દ કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પાણી સિવાયનાં ઇતર પીણાં હિંદને પોસાય પણ નહિ." આખરે, મહામહેનતે, કલ્યાણે પ્રમાણિક વાત કરી.

"નખરાં છોડ. હિંદની ગરીબાઈની તને એકલાને જ કંઈ ખબર છે?" દિનેશે ટકોર કરી. કલ્યાણના જવાબની થોડી વાર રાહ જોઈ પછી પાછું એણે ઉમેર્યું: "અને ન પીવાથી પૈસાદાર નહિ થવાય."

કલ્યાણે મૌન રાખ્યું. હીલ્ડાથી ન રહેવાયું.

"ડીકી, એમ તો નહિ; પણ ન ખરચો, તે બચે." હીલ્ડા કલ્યાણની કુમકે આવી.

"રહેવા દે. બચાવીને પાછી બચત ક્યાં ખરચવી, તેના વિચારો કરવાના."

હીલ્ડા અને કલ્યાણ હસી પડ્યાં.

"અને બચાવીને તું શું કરીશ.? મને ધીરીશ?" દિનેશે ચાલુ રાખ્યું.

"એમ તું એના પર તૂટી ન પડ, ડીકી! એને બચત કરવા દે. હજી એને અહીં વર્ષો કાઢવાનાં છે, અને કશાની એને ઉતાવળ નથી." હીલ્ડાએ કલ્યાણનો હાથ પંપાળતાં કહ્યું.

"Another whisky, please." દિનેશે બારમેનને કહ્યું.

"What? whisky, Sir?" બારમેને પૂછ્યું.

"Haig please, and some ginger with it."

"Very well, Sir."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હીલ્ડા! તું શું લેશે? ફરી લે કંઈ."

"થેંક્સ, એક 'કોનેક.'"

કલ્યાણને પૂછ્યું. કલ્યાણે સાભાર ના પાડી.

જેવાં ડ્રીંક્સ આવ્યાં કે, કલ્યાણે બારમેનને પૈસા ચૂકવ્યા. હીલ્ડા અને દિનેશ જોઈ રહ્યાં. દિનેશે આશ્ચર્યથી કલ્યાણ તરફ જોયું.

"એ! મેં મંગાવ્યાં છે, હું આપીશ." તેણે કલ્યાણને વાર્યો.

"કબૂલ. પણ મારે આપવા છે."

"ખુદાતાલા! પણ પછી મારી ત્રણ શિલિંગની બચતનું શું થશે!" એટલું બોલી દિનેશ બારમેન તરફ ફર્યો અને

"ડબલ કરજે." એમ તેણે બારમેનને કહ્યું.

"જોયું? એ લાલા તો એના એ. એનો ઉદ્ધાર જ નથી." કલ્યાણ તરફ જોઈ હીલ્ડાએ દિનેશ માટે અભિપ્રાય આપ્યો.

"ઉદ્ધારથી તે પર છે." આખી સાંજમાં પહેલું જ સરસ વાક્ય કલ્યાણ બોલ્યો.

"વાહ દોસ્ત, વાહ! ખૂબ કરી તેં. તું પણ ગુલાબી છે." હીલ્ડાએ હસીને કલ્યાણને થાબડ્યો.

"એ! મારી વ્હીસ્કી શું તારે માથે ચઢી કે?" દિનેશે મશ્કરીમાં કલ્યાણને પૂછ્યું.

"હા, જો મારો જીંજર બિયર તારે માથે ચઢ્યો હોય, તો." વીજળીના ઝબૂકાની માફક કલ્યાણનો જવાબ આવ્યો. હીલ્ડા અને દિનેશ હસી પડ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું જાન્યો બ્રેમજી! સફળ કારકિર્દી, દીકરા!" દિનેશ છટાથી બોલ્યો.

"હા, ઈંગ્લંડ તને આવકારે છે, કેલી? અને ઈંગ્લંડના આખાયે સ્ત્રીજગત તરફથી હું તને આવકારું છું." હીલ્ડાએ કલ્યાણના હાથમાં હાથ પરોવી દીધો. કલ્યાણે પહેલી જ વાર આંગ્લ અંગનાનો સ્પર્શ અનુભવ્યો. પોતે કલ્યાણમાંથી 'કેલી' થયો હતો.

"શું લેશે, હીલ્ડા!" કલ્યાણે ધીમેથી પૂછ્યું. હીલ્ડા એના તરફ જોઈ રહી. એની વાદળી આંખો નાચી ઊઠી, અને સુંદર, ગોળ, ગૌર વદન 'બ્લોંડ' હીલ્ડાના સુનેરી વાળથી દીપી ઊઠ્યું. નમણું, મોં રાખી હીલ્ડા કલ્યાણની સોડમાં ભરાઈ ને ધીરેથી બોલી: "કે...લી...! કેવો ડાહ્યો ડમરો!"

"શું લેશે?" કલ્યાણે હસીને ફરી પૂછ્યું.

"શું આપશે?" હીલ્ડાએ કલ્યાણને તોફાનથી, લાડથી, પૂછ્યું.

"જે માગે, તે."

"કેવો વહાલકો છે તું! થેંક્યુ, થેંક્યુ. મારે ખરેખર કંઈ જ ડ્રીંક નથી જોઈતું."

હીલ્ડા કલ્યાણ તરફ ધારીને જોઈ રહી. દિનેશ એની પ્યાલીમાં મગ્ન હતો, અને ધીમું ધીમું હસતો હતો.

"Please." કલ્યાણે અંગ્રેજી રીતે "ઈ" લંબાવીને અભિનય કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક, ચાલ; આપણે બંને એક જ ચીજ પીએ." ઝડપથી, ઉત્સાહથી, હીલ્ડા બોલી. કલ્યાણને સમજાયું નહિ કે આ વાક્યનું રહસ્ય શું હતું.

"કબૂલ છે." અજાણતાં પણ હેતુગર્ભિત વાક્ય કલ્યાણ બોલ્યો. હીલ્ડા ઘણી ખુશ થઈ ગઈ. એના દિલમાં થયું કે, કલ્યાણ કેટલો માયાળુ હતો! કેટલો આકર્ષક હતો!

"ઠીક ત્યારે, ચાલ 'શેરી'ની લિજ્જત માણીએ." તે બોલી.

"દિનેશ તું?" કલ્યાણે દિનેશને પૂછ્યું.

"જીં-જ-ર-બિયર." દિનેશે અડધું મશ્કરીમાં, અડધું ગંભીરાઈથી માર્મિક વચન ઉચ્ચાર્યું.

હીલ્ડા અને કલ્યાણ દિનેશ તરફ જોઈ રહ્યાં. દિનેશની આંખમાં ઉદાસીનતા, ત્યાગ, બેપરવાઈ, મશ્કરી એ તમામનું જાણે અદ્ભૂત મિશ્રણ હતું.

બારમેન હસ્યો. દિનશને જીંજર બિયર નહિ, પણ વ્હીસ્કી જ આપી. હીલ્ડા અને કલ્યાણ પણ હસી પડ્યાં.

'ડ્રીંક્સ' આવ્યાં, પ્યાલીઓ ખખડી, દિનેશ કલ્યાણ તરફ થોડી વાર જોઈ રહ્યો.

"ફત્તેહ છે આગે, ફત્તેહ છે આગે." દિનેશ શબ્દે શબ્દ ધીરેથી અને સ્પષ્ટ બોલ્યો.

"તું મારો ગુરૂ ને હું તારો ચેલો." કલ્યાણે હસીને જણાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અરે, એ શું બોલ્યો ! ગુરૂ શા ને ચેલા શા ?"

પીણાં ખલાસ થયાં એટલે ત્રિપુટી ડાઈનીંગ હોલમાં ગઈ.

"શું લેશે, હીલ્ડા ?" કલ્યાણે પૂછ્યું. હીલ્ડા સ્તબ્ધ થઈ ગઈ. કલ્યાણના હોઠો પર ધીરું ધીરું હાસ્ય ફરકી રહ્યું હતું.

"શેંપેન મંગાવું ?" દિનેશે કરડાકી કરી.

"ના 'ડીકી', સોતર્ન જ ઠીક છે, સિવાય કે કંઈ ઊજવતા હોઈએ." હીલ્ડાએ દિનેશને કહ્યું.

"ઊજવો જ છો." દિનેશ ફરી કરડાકીમાં બોલ્યો. હીલ્ડાને આ કટાક્ષ ન ગમ્યો. તે બોલી નહિ.

"હા, ઊજવીએ છીએ. કેમ, છે કંઈ કહેવું ? જરૂર. શેંપેન થવા દે અને તે મારા ઉપર, હું ઊજવું છું. તમે એ મને વારશો મા." કલ્યાણે મક્કમતાથી કહ્યું. છેલ્લા વાક્યમાં ઔદાર્ય હતું, છૂપું સૂચન હતું કે દિનેશ અને હીલ્ડાની ખાતર ઊજવણી હતી; નહિ કે એની અને હીલ્ડાની ખાતર.

શેંપેન ખૂલ્યો. જમતી વખતે ત્રણે જણાં કંઈક ગંભીર હતાં. હીલ્ડા કલ્યાણ તરફ મમત્વથી જોતી. દિનેશને લાગ્યું કે જે હીલ્ડા વર્ષોના સંબંધ છતાં પોતાને આવી રીતે નહોતી નિહાળતી, તે હીલ્ડા ત્રણેક કલાકની ઓળખાણમાં કલ્યાણને આમ અસામાન્ય રીતે નિહાળી રહી હતી.

જમી રહ્યા પછી કોફી આવી. દિનેશે સિગારેટકેસ કાઢીને હીલ્ડાને સિગારેટ ધરી. હીલ્ડાએ સિગારેટ લેતાં પહેલાં કલ્યાણ તરફ જોયું. કલ્યાણ ગંભીર છતાં આનંદમાં બેઠો હતો. શેરી અને શેંપેનથી માથું કંઈક ઘુમ હતું છતાં ચિત્તમાં પ્રફુલ્લતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. પ્રસન્ન ચિત્તથી હીલ્ડા કલ્યાણ તરફ જોઈ રહી, સિગારેટ લીધી, અને ચેતાવી.

"સિગારેટ પીઉં, તો વાંધો છે ?"

"ના." બેપરવાઈથી કલ્યાણે કહ્યું.

"હું પીઉં, તો વાંધો છે ?" દિનેશે કરડાકીમાં કલ્યાણને પૂછ્યું.

"હું ન પીઉં, તો વાંધો છે ?" કલ્યાણે દિનેશની કરડાકીને વિનોદથી વારી.

હીલ્ડાને કલ્યાણનો જવાબ ગમ્યો અને તે દિનેશની સામે સિગારેટની ફૂંક મારી હસી.

મૌન પ્રસર્યું.

"ધુમાડો ગૂંગળાવે છે. લગાર બહાર જાઉં, તો વાંધો છે ?"

"લગારે નહિ." હીલ્ડાએ ઠંડે કલેજે કહ્યું.

દિનેશ બહાર ગયો. હીલ્ડા સિગારેટ પીતી પીતી મૃદુ સ્મિતથી કલ્યાણ તરફ જોયા કરતી હતી. એટલા જ ભાવથી કલ્યાણ પણ હીલ્ડા તરફ જોતો. ટવીડનાં સુંદર કપડાંમાં શોભતી આંગ્લ યૌવના એને ઘણી જ આકર્ષક લાગતી.

"આ દેશ પસંદ પડે છે ?"

"હજી પૂરો જોયો નથી. મને લાગે છે કે માયાળુ તો હશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

"બેશક, માયાળુ છે, તું પણ માયાળુ છે.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને જણાં આછું આછું હસતાં બેસી રહ્યાં. હીલ્ડા કલ્યાણને ધારીને જોઈ રહી હતી. તે દૃષ્ટિમાં મોહ હતો.

" તમે બે એકમેકને લાંબા વખતથી ઓળખો છો ?" કલ્યાણે પૂછ્યું.

" હા."

" અચ્છો છે."

" ડીકી અચ્છો છે."

" કેમ હજી આવ્યો નહિ હોય !"

" સૂનો પડી ગયો ?" હીલ્ડાએ કંઈક અણગમાથી પૂછ્યું. પોતે હાજર હતી તે સૂચવવાનો ઇરાદો હતો.

" Oh no –o–o ! I was just wondering." કલ્યાણે કહ્યું.

" You seem to be picking up English twang quite soon." હીલ્ડાએ કહ્યું અને પછી હસીને " No–o–o " બોલી.

" કેમ નહિ ? મને તમારી ભાષા પ્રત્યે માન છે."

" કેલી ! તું કેટલો મીઠડો છે ! " હીલ્ડાએ ભાવ દર્શાવવા ડોકી સહેજ પાછી નાખી, આંખો ચમકાવી અને હોઠો ઉપર કંઈક આછું મધુરું હાસ્ય ફરકાવ્યું.

" તું કેટલી ખૂબસૂરત છે, હેતાળ છે, માયાળુ છે !" કલ્યાણે સામો વિવેક કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને આશા છે કે આપણે વારંવાર મળીશું."

"મને પણ છે, પણ કદાચ દિનેશને તે નહિ રુચે."

એટલામાં દિનેશ આવ્યો. થોડીવાર કોઈ કંઈ બોલ્યું નહિ.

"કેમ, આપણે ત્યારે 'શેંપેન લીકયોર'થી પૂર્ણાહુતિ કરીશું?" દિનેશે સૂચવ્યું.

"બેશક, બેશક. તે વાત ઉત્તમ છે." હીલ્ડાએ હકાર ભણ્યો.

'લીકયોર' આવ્યો. ત્રણેએ પ્યાલીઓ ખખડાવી. રાતના અગિયાર વાગ્યા અને ત્રણે જ્યારે ઊઠવા ગયાં, ત્યારે શરાબોની અસર હેઠળ હતાં. પ્રસન્નતા હતી, આનંદ હતો. હીલ્ડા અને દિનેશ ઉપર અસર વધારે જણાતી હતી. કલ્યાણ પ્રમાણમાં વધારે સ્વસ્થ હતો. ત્રણે બહાર આવ્યાં.

"મારે હવે જવું જોઈએ. તમારા બંનેનો આભાર માનું તેટલો ઓછો છે. દિનેશ! ખાણા માટે તારો આભાર, અને હીલ્ડા! તેં મારી સાંજ સુધારી હોં, તારોયે ઘણો આભાર."

"કેલી! એવું મા કહે. તને મળ્યાથી મને ખૂબ જ આનંદ થયો. તું કેટલો સરસ છે! રવિવારે ડીકીની સાથે મારા ફ્લેટ પર તું જરૂર આવજે હોં. વારુ, તું આ જ હોટેલમાં રહે છે?"

"હા, થોડા વખત માટે તો ખરો જ. હીલ્ડા! નિમંત્રણ માટે આભારી છું, પણ ઇચ્છું કે તું ખાસ આગ્રહ ન કરે." છેલ્લું વાક્ય તે દિનેશ તરફ [illegible] બોલ્યો. હીલ્ડા સમજી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar.

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક. જેવી તારી મરજી. પણ આપણે ફરી મળીશું, અને તે પણ ટૂંક સમયમાં, એમ ઇચ્છું છું." એટલું બોલી હીલ્ડાએ હાથ લંબાવ્યો. કલ્યાણે હાથ પકડી, કમરમાંથી નમી, શિષ્ટાચાર કર્યો. દિનેશની કારમાં હીલ્ડા અને દિનેશ ચાલ્યાં ગયાં. 'માર્બલ આર્ચ' તરફ દોડતી કારને કલ્યાણ ધારીને જોઈ રહ્યો.

તે રાતે કલ્યાણનું આખુંયે મન હીલ્ડામાં હતું. હીલ્ડા કેવી સરસ હતી! કેટલી માયાળુ હતી! કેટલી આકર્ષક હતી! કેટલી......કેટલી......કેટલી! બગાસાં ખાધાં. ગાઢ નિદ્રામાં પ્રવેશેલા કલ્યાણને સ્વપ્નમાં પણ હીલ્ડા આવી. હીલ્ડાને જાણે પોતે કોટ પહેરાવી રહ્યો છે, હીલ્ડા હાથ નાખવા જાય છે, ત્યાં એના ગૌર કપોલ ચૂમી રહ્યો છે! કપોલ ઉપરથી એના હોઠ હીલ્ડાની નમણી ડોક ઉપર ઊતરે છે. હીલ્ડા એના તરફ ફરે છે અને બે હાથ એની ડોકે ભીડે છે, એટલામાં ફોનની ઘંટડી વાગી. કલ્યાણ જાગ્યો અને સાંભળ્યું કે:

"Shall I bring your breakfast, Sir?"

બ્રેકફાસ્ટ લીધો અને તૈયાર થવા જેવો તે ઊભો થયો, તેવી ફોનની ઘંટડી વાગી. ફોન ઉપર હીલ્ડા હતી.

"ગુડ મોર્નીંગ, આળસુના પીર! કેમ, ઠીક ઊંઘ્યો?"

"ઘસઘસાટ, ગુડ મોર્નીંગ."

"શું સ્વપ્ન આવ્યું'તું? ના કહીશ કે નહોતું આવ્યું." હીલ્ડાએ કલ્યાણને લડાવવા માંડ્યો.

"હા, આવ્યું'તું, અને તે તારું."

"કેવું વિચિત્ર! મેં પણ તને સ્વપ્નમાં જોયો." હીલ્ડાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શબ્દો ઉપર કોમળ ભાર મૂકીને અપૂર્વ માર્દવથી જમાવ્યું. જાણે ઊંઘીને ઊઠેલી, આળસ મરડતી પ્રિયતમા પ્રિયતમને પ્રભાતમાં પ્રેમથી બોલાવતી હોય, તેવો ભાવ હતો.

"સ્વપ્નાં સાચાં પડો." કલ્યાણે શરૂ કર્યું.

"હેં, સ્વપ્નાં સાચાં પડે છે, શું?"

"કેટલાંક. મારું સાચું પડજો."

"મારું પણ."

"ક્યારે મળીશું?"

"ક્યારે?"

"આજ સાંજે."

"ક્યાં?"

"ક્યાં?"

"પીકડીલી સરકસ અંડરગ્રાઉન્ડ, હેમાર્કેટ એંટ્રન્સ. પછી 'સોહો'માં જઈ ક્યાંક જમીશું. કબૂલ?"

"કબૂલ."

"શું પહેરું?" લાડતી હીલ્ડાએ પૂછ્યું.

"જે પહેરીશ, તે શોભશે."

"હું ગમું છું?"

"વધારે ને વધારે."

"લાગણી થાય છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કરડી ખાઉં તેટલી."

"જંગલી !"

"વિચારસૃષ્ટિ ને સ્વપ્નસૃષ્ટિ ઉભયની તું અધિષ્ઠાત્રી બની છે."

"પછી ?"

"પછી કંઈ જ નહિ. તારા વિચારમાં મગ્ન છું."

"કરડી ખાવાના વગેરે, કેમ ખરું ને ?"

"હા. વગેરે, વગેરે."

"જંગલી પ્રાણી."

"ના, ગાંડો માણસ."

"ના, ગાંડો કેમ કહેવાય, વારુ ? સાદો, સીધો, સરળ, કુદરતી માણસ. આ-ક-ર્ષ-ક માણસ."

"થેંક્યુ."

"તને મેં વહેલો ઉઠાડ્યો ?"

"ના રે, ક્યારનો ઊઠ્યો'તો. વારુ, દિનેશની સાથે તારે વાત થઈ પછી ?"

"ના, કરવી પણ નથી."

"કેમ ?"

"કાલે સાંજે તેનું વર્તન મને ન રુચ્યું. તે કેટલું કોહેલું બોલતો'તો ?"

"હીલ્ડા, દિનેશ મઝાનો માણસ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કાલે સાંજે તેવો નહોતો."

"શું બન્યું?"

"તારી સાથે હું હળી, તેથી તે બળી ઊઠ્યો."

"સાદો, સીધો, સરળ, કુદરતી માણસ, બીજું શું?"

"પણ મૂરખ! હું કંઈ એના પ્રેમમાં નથી."

"પણ તે છે ને?"

"તે મારો ગુનો નથી."

"તને જે ચાહે, તેની તને પરવા નહિ, એમ?"

"મને તે ગમે છે, તેની ના નથી."

"હા. તને તે ગમે છે, તને હું ગમું છું, તને એમ તો અનેક ગમતા છે...હશે! પણ.....છોકરી, એક વાત તને સીધે સીધી કહું. તું તારી જાત સિવાય બીજા કોઈને ચાહતી નથી."

"મારું હૈયું દુભાવ મા. જેને હું ચાહું છું, તેની જ હું પરવા કરી શકું. બીજા તરફ તો ફક્ત દિલસોજી જ દર્શાવી શકું."

"દિલસોજીની મારે જરૂર નથી, એ આપ કદી ભૂલશો નહિ." કલ્યાણે હસતાં હસતાં આત્મવિશ્વાસથી કહ્યું.

"કે.....લી! તારી તો મને પરવા છે." હીલ્ડાના અવાજમાં દીનતા હતી.

"હીલ્ડા! મારી પરવા તું બને તેટલી ઓછી રાખીશ, તો સુખી થઈશ. તારા જેવી વહાલસોઈ છોકરી જાતને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેતરે, તેથી મને દુઃખ થાય છે." વાક્યમાં ગૌરવ હતું, વિવેક હતો, છતાં હીલ્ડાને સૂચન હતું કે તેના પ્રેમ ખાતર તે આજીજી નહોતો કરતો.

"શું ફાંકો! આપની મને પરવા છે, એટલે આપને અભિમાન કર્યે પાલવે છે. કેલી! મારી લાગણીઓને........" એટલું બોલી તે અટકી ગઈ, પછી ઉમેર્યું: "છૂંદી ના નાખતો."

"લાગણીઓ માટે આભાર."

"કે......લી! તને શું મારી પરવા નથી?"

"બેશક, તું મને ગમે છે."

"ફક્ત ગમું જ છું?"

"શબ્દોની શી ગુલામી? ગમે છે, એટલે ગમે છે." કલ્યાણે સહેજ ઝડપથી કહ્યું. પછી ઉમેર્યું: "પ્રેમ, લાગણી, પરવા, ગમવું, એ બધું મારી દૃષ્ટિમાં એક છે."

"પ્રિયતમ! પ્રેમ એટલે હું તને આજે સાંજે પીકડીલીમાં હેમાર્કેટ આગળ મળીશ. હા, મૂરખના સરદાર! પ્રેમ એટલે તે." હીલ્ડાએ આવેશથી બોલીને રિસીવર મૂકી દીધું.

આત્મવિશ્વાસથી ભરેલો કલ્યાણ આનંદમાં હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૩ જું --- 'હીલ્ડાનું હૃદયનિવેદન'

લંડનમાં નવેમ્બરની સાંજનો વખત એટલે અંધારું વત્તા બેસુમાર ધુમ્મસ. આવા ધુમ્મસમાં લંડનવાસીઓ બસને બદલે ઘણુંખરું તો ટયુબ જ એટલે કે અંડરગ્રાઉન્ડ ટ્રેન જ વાપરે. પણ નવો નવો કલ્યાણ 'એક્ઝેલેટર' તરફથી બસમાં બેઠો. ત્યાંથી 'પીકડીલી સરકસ' પહોંચતાં એને લાગ્યું કે પાએક કલાક થશે, એટલે હીલ્ડાને સાડા ૭ વાગ્યે મળવાને એણે સવા ૭ વાગ્યે બસ પકડી. બસ માર્બલ આર્ચથી ઓક્સફર્ડ સ્ટ્રીટમાં થઈ ઓક્સફર્ડ સર્કસ સુધી આવી, ત્યાં જ પોણા સાત થઈ ગયા! બેસુમાર ધુમ્મસ અને બેસુમાર ટ્રાફીક એટલે વાહનો કીડીની ગતિથી ચાલતાં હતાં. કલ્યાણ તો ઉપર નીચે થઈ ગયો હતો. સાડા ૭ વાગ્યે હીલ્ડા આવીને ઊભી રહી હશે! પોતાને પોણા સાત તો થઈ જ ગયા હતા અને હજી તો આખી રીજંટ સ્ટ્રીટ વટાવી પીકડીલી સરકસ પહોંચતાં કોણ જાણે બીજો કેટલો વખત થશે! હીલ્ડા ઊભી રહેશે, કે કંટાળીને ચાલી જશે? ચિડાઈને ચાલી જશે, તો ફરી ક્યારે મળશે? એનું સરનામું તો ખબર નથી! નથી ફોન નંબરની ખબર! આ તો આફત! લાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ઊતરીને ટેક્સી પકડું. પણ એ તો એનું એ જ. હવે ટ્યૂબમાં જાઉં, તોપણ કશો ફેર નહિ પડે, કેમકે બસમાંથી ઊતરું, ટિકિટ લઉં, એસ્કેલેટરથી અંડરગ્રાઉન્ડમાં ઊતરું, પાછો બીજા એસ્કેલેટરથી બેકરલુ લાઇન પકડું, પીકડીલી સરકસ પહોંચું, અને પાછો બીજાં બે એસ્કેલેટર ચઢું! ક્યાં પત્તો ખાય!' આવા આવા વિચાર કરતો હતો, ત્યાં બસ ઑક્સફર્ડ સર્કસથી રીજન્ટ સ્ટ્રીટમાં વળી. ચાલી, અટકી, ચાલી, અટકી. કોલરી લાફાયે આવ્યું. પાછી ચાલી, અટકી, ચાલી, અટકી. કાફે રોયલ અને ઓડેનીનો આવ્યાં. પાછું થોડું ચાલી અને અટકી.

"Piccadilly Circus." કંડક્ટરે ઘોષ કર્યો. કલ્યાણ વિચારમાં બેસી રહ્યો હતો. સારા નસીબે કંડક્ટર એની પાસે જ ઊભો હતો.

"Piccadilly Circus, Guv'nor." ઝપાટાબંધ 'કૉકની' ઉચ્ચારમાં કંડક્ટરે કલ્યાણને કહ્યું. કલ્યાણને 'કૉકની' ઉચ્ચારમાં સમજ ન પડી. એ લગાર જોઈ રહ્યો, કંડક્ટર મજાકમાં આવી ગયો.

"Blimey Guv'nor tish too hurly for bed!"

કલ્યાણને કશી જ ગમ ન પડી.

"Oi Guv'nor thats where ya tuppence w'd take ya believe me."

કલ્યાણ કશું જ ન સમજ્યો. બાજુમાં બેઠેલો એક અંગ્રેજ તેની વહારે ધાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"This is Piccadilly Circus, if you want to get down." અંગ્રેજે કહ્યું.

"Thank you." કહી કલ્યાણ ઝટપટ ઊતરી ગયો. કંડક્ટર એની પાછળ જોઈ રહ્યો.

"Blimey, he was balmy." બીજા મુસાફરો તરફ જોઈ એણે પોતાના માથા આગળ ગોળ ગોળ આંગળી ફેરવતાં કહ્યું.

લગભગ દોડતો દોડતો કલ્યાણ રીજંટ પેલેસ હોટેલ બાજુથી પીકડીલી સરકસના અંડરગ્રાઉન્ડમાં ઊતરી પડ્યો. અંદર આવીને હેમાર્કેટ તરફ જવાના સબવે આગળ આવી પહોંચ્યો. ઘડિયાળમાં બરાબર સાત વાગ્યા હતા. 'શું એ જતી રહી હશે? ક્યાં હશે? કેમ જણાતી નથી? અરેરે, જતી રહી લાગે છે! હવે શું કરીશ?' બાઘાચકવા જેવા તે સબવે આગળની આખી દુનિયાના નકશા ઉપર વખત બતાવતી લંબચોરસ ઘડિયાળની નજીક આંટા મારવા લાગ્યો. તેટલામાં સબવેમાંથી પૂરપાટ નીકળતી હીલ્ડાનું તેને દર્શન થયું. કલ્યાણને જોતાં જ તે તેના તરફ ધસી.

"કલ્યાણ! મને માફ કરજે. હું સમજી શકું છું કે તારા પગ થાકી ગયા હશે. માફ કરજે હોં." એટલું કહી પોતાનો હાથ તેણે કલ્યાણના હાથમાં પરોવી દીધો અને ચાલવા માંડ્યું. થોડી વાર મૌન ચાલ્યું. હીલ્ડાએ મૌન તોડ્યું.

"તારો ગુસ્સો કેમ છે?"

"લંડનની બસો એટલે કીડીનો વેગ."

"તું કેવી રીતે આવ્યો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બસમાં."

"તું મોડો પડ્યો હોત, તો તારે ઓટી થવું ન પડત."

"મોડો જ હતો."

"કેલી! કેટલું ખરાબ કહેવાય! એક છોકરીને ઓટી થવું પડત, એ વિચાર જ તું કેમ સહી શકે!"

"બરાબર."

"પણ તું તો મોડો આવ્યો ને!"

"પણ તારી પહેલાં આવ્યો."

"પણ ધાર કે હું વહેલી આવી હોત?"

"જે ન ધારી શકાય, તે હું ધારતો નથી."

"એમ! જોજે ત્યારે. બીજી વાર હું બરાબર વખતસર આવીશ અને જો એક ક્ષણ પણ તું મોડો પડ્યો છે, તો જોઈ લેજે." હીલ્ડા કલ્યાણની સોડમાં ભરાતી લાડથી બોલી.

વાતો કરતાં કરતાં બંને જણાં હેમાર્કેટના સબવેમાંથી બહાર હેમાર્કેટના રસ્તા ઉપર આવ્યાં.

"I say Hilda! Where shall we go? It's a bit too early to eat."

"Shall we go and sit in a bar? Let us go round the corner and sit at the Criterion."

બંને બારમાં જઈને બેઠાં

"શું લઈશું, કેલી? ચાલ, હું આપણા બંને સારુ કંઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પસંદ કરું, હં...ચાલ, 'કોકટેલ' મંગાવું ?"

"Two martinees" હીલ્ડાએ ઓર્ડર કર્યો.

"Very well, Madam.," સ્ટુઅર્ડ નમીને ગયો. કોકટેલ આવ્યા વાતો ચાલી.

કેલી ! તને લંડનમાં કેટલો વખત થયો ?"

"ફક્ત એક મહિનો. અને એટલામાં તો એક સુંદર છોકરી સાથે પીકડીલીમાં કોકટેલ પીતો બેઠો છું"

"મને તો જાણે આપણને યુગયુગનો સંબંધ હોય, તેવું લાગે છે."

"મને પણ."

"તું શું ભણે છે ?"

"દાક્તરી."

"એટલે તું અહીં લાંબુ રહેવાનો."

"એટલે એમ જ."

"તને તો રહેવું ખૂબ ગમશે." કલ્યાણનો હાથ પકડી હીલ્ડા બોલી.

"એમ ધારું છું." પછી હીલ્ડાના હાથ તરફ જોઈ તેણે ઉમેર્યું. "ખૂબ જ."

"હું તને ગમું છું, ખરું ને ?" હસતી હીલ્ડાએ પૂછ્યું.

"ઘણી જ." કલ્યાણે હસીને કહ્યું.

"તું કેવડો છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્રેવીસનો."

"મારા કરતાં વરસે નાનો."

"આવતી સાલ સુધી."

"તું આકર્ષક છે."

"તેં આજે ફોન પર તે કહ્યું હતું."

"ફરી કહું છું."

"ફરી સાંભળું છું."

"તું આત્મવિશ્વાસથી છલકાય છે."

"થેંક્યુ."

"તું જે છે તે માટે મને 'થેંક્યુ' કરવાની જરૂર નથી."

"વિનય સારી ચીજ છે તેવી મારી ખાતરી છે."

"ખાતરી, ખાતરી, ખાતરી, તું ખાતરીથી—આત્મ-વિશ્વાસથી—છલકાય છે." ઝીણી આંખ કરી હીલ્ડા હસી. માર્ટીની પૂરી થઈ. કલ્યાણે હીલ્ડા તરફ જોયું.

"બીજું લઈએ. લઈશું ને?"

"હા, મેનહેટ્ટન લઈએ ચાલ."

મેનહેટ્ટન આવી. વાર્તાએ ગબડચે રાખ્યું.

"તું શું કરે છે?" કલ્યાણે પ્રશ્ન કર્યો.

"બૈરાંઓની હેટની એક ફર્મમાં હું મેનેજર છું."

"ધંધો ગમે છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ઘણો જ."

" એમાં દોઢિયાં સારાં મળતાં હશે, દાક્તરીથી વધારે."

" મને અઠવાડિયે દસ પાઉન્ડ મળે છે."

" મને તો ઘેરથી અઠવાડિયે ફક્ત પાંચ પાઉન્ડ મળશે."

" મારા દસ પાઉન્ડથી હું તને લખેશરી લાગું છું ?" હીલ્ડા હસતાં હસતાં બોલી.

" મારા પાંચ પાઉન્ડથી હું તને કડકેબાલૂસ લાગું છું ?" કલ્યાણે હસીને સામું ઉમેર્યું.

" ફેલી, પૈસા છેવટે કંઈ મોટી ચીજ છે ?" હીલ્ડાએ ફિલસૂફી કરી.

" પૈસા એટલે પૈસાથી જે મેળવી શકો, તે."

" કોણ જાણે. કમાઉં છું, ખરચું છું, કમાઉં છું. હા, પૈસા સહેલ કરાવી શકે છે. પણ જિંદગી કંઈ એકલો સહેલસપાટો નથી. તેમ હોય, તોપણ એકલા સહેલસપાટાથી, એશઆરામથી, સને સુખ નથી થતું." હીલ્ડાએ કલ્યાણની આંખોમાં ભાવથી જોયું.

" બરાબર છે, હીલ્ડા. આખરે તો કિંમત માણસની, તેના હૃદયની, લાગણીઓની, ભાવોની, છે. પૈસાની નથી."

" મૂર્ખાઓ એમ માને છે કે પૈસાથી માણસની કિંમત છે, પણ ડાહ્યા તો સમજે છે કે માણસથી પૈસાની કિંમત છે."

" હીલ્ડા ! આપણે કેવાં એકમત છીએ !"

" સારી નિશાની છે, દીકરા !"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ક્યાં જમીશું ?"

"આ ઠેકાણે નહિ. હં...વિચારું છું. હં...શું જમીશું ? ઇંગ્લિશ, ફ્રેન્ચ, ઇટાલિયન, સ્પેનીશ, જર્મન, રશિયન, ચાઇનીશ...હં ?" હીલ્ડા વિચારમાં પડી ગઈ. પછી ઉમેર્યું: તેં કદી સ્પેનીશ ચાખ્યું છે, કેલી ?"

"કદી નહિ."

"ચાલ, ત્યારે માર્ટીનેઝમાં જઈએ. તું ખુશ થઈશ."

"અરે, કોઈ પણ ખાવાનું હોય—સિવાય કે ઇંગ્લિશ."

"કબૂલ છે ! કેલી, ઇંગ્લિશ ખાણું તે કંઈ ખાણું છે !" બંને પીકડીલીને રસ્તેથી સ્વોલો સ્ટ્રીટમાં વળ્યાં અને માર્ટીનેઝના રેસ્ટોરાંમાં ગયાં. જેવાં ઉપર ગયાં, તેવો કલ્યાણ ચારે તરફ જોઈ રહ્યો.

"જો, કોઈ પણ જાતની ઇલમની લકડી વગર હું તને જાણે ખુદ સ્પેનમાં જ લઈ આવી." હીલ્ડાએ કલ્યાણને નહિ જેવી ધોલ મારી કહ્યું.

સુંદર ઓરડો સુંદર રીતે શણગારેલો હતો. સ્પેનીશ યુગલો ઘણાં જણાતાં હતાં, અને સ્પેનીશ લોકોને સુલભ એવો આનંદ અને ઉમંગ દરેકના મોં ઉપર તરવરતો હતો.

"આપણે ખાણાની શરૂઆત થોડીક આથેલી સ્પેનીશ તરકારીથી કરીશું. તને પેલાં સ્પેનીશ ઓલીવ જરૂર દાઢે વળગશે."

બંનેએ વાનગી ખાવા માંડી. ઘણી સરસ હતી. હીલ્ડાએ વેઇટરની પાસે સુંદર સ્પેનીશ શેરી મંગાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેલી, આ મશહૂર શરાબની લિજ્જત ઓર છે. એની સુવાસ અને એની માદક માધુરી તું માણ."

કલ્યાણને સ્પેનીશ શેરી ખૂબ જ ગમી. એની માધુરીમાં એ મુગ્ધ થઈ ગયો.

પછી હીલ્ડાએ સ્પેનીશ આમલેટ મંગાવ્યું. આમલેટ કલ્યાણની દાઢે વળગ્યું.

"કેમ કેવું લાગ્યું?"

"ક્યા બાત, ક્યા બાત!"

બંનેએ આમલેટ પૂરું કર્યું. હીલ્ડાએ કલ્યાણની સામે જોયું. કલ્યાણ ખુશી હતો.

"છોકરી! હવે શું છે?"

"હવે? હવે આવશે 'વેલીન્સિયા ચીકન.' બોલ શું પીશું?"

"તું જાણે. જાણકાર તું છે."

"મૂરખ, તારે જાણવું જોઈએ. તું પુરુષ છે." મોં ઉપર ખોટું ગાંભીર્ય રાખીને હીલ્ડા બોલી.

"સ્ત્રીઓને લઈને બહાર જવાનો મને મહાવરો નથી, હીલ્ડા! વળી મારા મુલકમાં શરાબ એ શરમનો, ઘૃણાનો, વિષય છે. પાણી સિવાયનાં ઇતર પીણાંથી સેવક પરિચિત નથી, અને ભૂલીશ નહિ કે લંડનમાં તો હું હજી એક મહિનાનું બાળક છું."

"ચિડાતો નહિ. તારી સાથે તોફાન કરવાની મને મજા આવે છે, કેલી!" હીલ્ડાએ હસીને કહ્યું. પછી તે વેઇટર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરફ વળીને બોલી : "Would you get us a bottle of Rioja ?"

"Very well, Madam." કહી વેઇટર ગયો.

"કેલી, જેણે રાયોજા નથી ચાખ્યો, તેનું જીવન ધૂળ છે."

'વેલેન્સિયા ચીકન' આવ્યું. બંને તે સુંદર અને ઊની ઊની વાનગી તરફ જોઈ જ રહ્યાં. કલ્યાણ વાનગી ઉપર તૂટી પડચો.

"કેમ, કેવું લાગ્યું ?" હીલ્ડાએ પૂછ્યું.

"કયા બાત, કયા બાત ?"

પછી મીઠાઈ આવી અને બંનેએ સ્પેનીશ બ્રન્ડીથી પૂર્ણાહૂતિ કરી. સિગારેટો સળગી અને સ્પેનીશ બ્રન્ડીના ઘૂંટડા પીતું જોડું એકમેક તરફ જોતું તલ્લીન બનીને બેઠું.

"હોટેલમાં તું હજી વધારે રોકાવાનો, કેલી ?"

"ના, કોઈ સસ્તી જગાએ જવા ધારું છું. હું તો તદ્દન નવો છું એટલે કયાં શોધવા જવું, તે સમજાતું નથી."

"બેકર સ્ટ્રીટમાં કંઈ ખોલી શોધી લેને. હું બેકર સ્ટ્રીટમાં જ રહું છું."

"એ તો તારા હાથની વાત."

"ઠીક."

"કયારે જણાવીશ ?"

"કાલે."

"તને ફોન કરું ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જરૂર. 'વેલબેક ૦૧૦૧' મારો નંબર."

"સવારે ઊઠીને જ કરીશ." કલ્યાણ હીલ્ડા તરફ જોઈ રહ્યો. હીલ્ડાથી સ્મિત કર્યા વગર ન રહેવાયું. તેણે હેતથી કલ્યાણનો હાથ પંપાળ્યો.

"O you angel!" એટલું બોલી તે કલ્યાણ તરફ જોઈ રહી. દષ્ટિમાં સમર્પણનો સંપૂર્ણ ભાવ હતો. "હા. ઊઠીને જ કરજે." એમ ધીમેથી કલ્યાણના કાનમાં કહ્યું.

બંને થોડી વાર મૂંગાં રહ્યાં. હીલ્ડા કલ્યાણ તરફ મૃદુ દષ્ટિ ફેંકતી અને કલ્યાણ હીલ્ડાને જાણે પકડીને કચડી નાખવા માગતો હોય, તેમ હીલ્ડા તરફ જોતો બેઠો.

"હીલ્ડા!"

"કેલી!"

"તને જાણે કરડીને ખાઈ જાઉં, તેમ થાય છે."

"હજી ભૂખ્યો છે?"

"વરુની માફક." કલ્યાણે દાંત કચકચાવ્યા.

"Who's there afraid of the big bad wolf, big bad wolf?" હીલ્ડાએ જાણીતા ગાયનની લીટી લલકારી.

"Who said that?" કલ્યાણે મજાકમાં પૂછ્યું.

"A pig, a wee little pig." હીલ્ડાએ તોફાનમાં કહ્યું.

"તને ફાડી ખાઈશ." કલ્યાણે દાંત કચડીને હીલ્ડાનો હાથ દબાવ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના, ના, ના, વરુજી!"

"ના શું, ? હા." કલ્યાણે હીલ્ડાનો હાથ વધારે દાબ્યો.

"ઓ! કેલી! તું મને દુઃખાડી રહ્યો છે." હીલ્ડાએ મોં ઉપર દુઃખનો ભાવ બતાવી કહ્યું.

"વહાલી મારી! દુઃખ્યું તને?" કલ્યાણ કોમળતાથી બોલ્યો. હીલ્ડા નમણી ડોક કરી જોઈ રહી. એને કલ્યાણનું વાક્ય મોહક લાગ્યું.

"ફરીથી બોલ."

"શું?"

"જે બોલ્યો તે."

"કલ્યાણ સમજ્યો, હસ્યો. માયાથી બોલ્યો: "વહાલી મારી...!"

બંને એકબીજા તરફ જોઈ રહ્યાં. એ દૃષ્ટિએ જાહેર કર્યું કે તે આસક્તિ હતી. દૃષ્ટિ ચાલુ રહી. હીલ્ડાએ મૌન તોડ્યું.

"કેલી!" એકાગ્રતાથી તે બોલી.

"હીલ્ડા!" એટલી જ એકાગ્રતાથી તે બોલ્યો.

"હું તને ચાહું છું" નિખાલસ અંગ્રેજ યુવતી બોલી. કલ્યાણે હીલ્ડાની આંખોમાં અખૂટ મમત્વ જોયું. કલ્યાણના મોં ઉપર હાસ્ય નહોતું, ઊંડી લાગણી હતી, સ્ત્રીની માલિકીની અજબ ખુમારી હતી. પોતે વિજેતા હતો, તેનું આત્મભાન તરવરતું હતું અને તેનો આત્મવિશ્વાસ વિકસ્યો હતો.

"હજી દુઃખે છે?" હીલ્ડાનો હાથ જોરથી દબાવી તે બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું તને ચાહું છું." એટલું જ હીલ્ડા બોલી. થોડીવાર ઉભયે મૌન ધર્યું. પછી હીલ્ડાએ મૌન તોડ્યું.

"પ્રીત રડાવે."

"પ્રીત હસાવે."

"પ્રીત રિઝાવે."

"પ્રીત રિઝાવે."

"જખમ પ્રીતનો પ્રીત રૂઝાવે."

"વિરહ પ્રીતનો પ્રીત ભુલાવે."

"પ્રીત જીવ લે."

"પ્રીત જીવ દે."

"બસ, હું હારી." એમ કહી હીલ્ડા હસી પડી. કલ્યાણ પણ હસી પડ્યો. આજુબાજુનાં સ્ત્રીપુરુષો આ જોડીને ધારીને જોતાં હતાં.

દરેકના મોં ઉપર સહૃદયતા જણાતી.

"હીલ્ડા! માનવહૃદયની ભાષા સારીયે પૃથ્વી ઉપર એક જ છે."

"હા કેલી! પ્રેમ આંતરરાષ્ટ્રીય છે."

"અને એને નથી ભૌગોલિક બંધનો. કે નથી જાતિનાં બંધનો."

"કે નથી ધર્મનાં બંધનો."

"ના, ના, ના. કશાં જ બંધન નથી, કેલી? પ્રેમ આઝાદ છે, અણનમ છે, સર્વ બંધનોથી મુક્ત છે"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ સાડાદસ થયા એટલે બંનેએ ઊઠવાનો વિચાર કર્યો.

" ઊઠીશું ? " હીલ્ડાએ સૂચવ્યું.

" હા. " હીલ્ડા 'મેક–અપ' કરી ઊભી થઈ. કલ્યાણે હીલ્ડાને પહેરાવવા કોટ લીધો. હીલ્ડાએ હાથ નાખવા માંડ્યા.

" મારું સ્વપ્ન શું સાચું પડશે ? " કલ્યાણે સવાલ કર્યો.

" પડશે. " લાડતી હીલ્ડા બોલી.

કલ્યાણે કોટ પહેરાવ્યો. સીડી આગળ અંધારામાં હીલ્ડાએ કલ્યાણની સામું જોયું. કલ્યાણે હીલ્ડાના બંને હાથ પકડ્યા અને બંનેને પોતાને ગળે ભેરવી દીધા. ડોક વાંકી કરીને હીલ્ડાએ કલ્યાણના હોઠ તરફ જોયું. ગરમ લોહીના યુવાને યુવતીને છાતી સરસી ચાંપી અને એના સુંદર હોઠનું અમૃત ધરાઈને પીધું, કલ્યાણે આશ્લેષ ઢીલો કર્યો. હીલ્ડાના સુંદર હોઠ લાલ થઈ ગયા હતા અને એક ખૂણે લોહીની ટસર ફૂટી આવતી જણાઈ. કલ્યાણના હોઠને 'લીપસ્ટીક'નો ડાઘ લાગ્યો, તરુણીએ પોતાના રૂમાલથી ડાઘ કાઢવા હાથ ઊંચો કર્યો.

" મારાથી ઈજા થઈ ? " કલ્યાણે પૂછ્યું.

" પ્રેમ દુઃખાડે. " હીલ્ડાએ નમણું હસીને કહ્યું.

" હું તો તારો પૂજારી છું. " પોતાના હોઠ ઉપરનો ડાઘ કાઢતી હીલ્ડાને કલ્યાણે કહ્યું.

" પ્રેમ પૂજાવે. " કલ્યાણનો હોઠ સાફ કરતી હીલ્ડાએ ઉચ્ચાર્યું.

સ્વેલો સ્ટ્રીટમાંથી બંને રીજંટ સ્ટ્રીટમાં આવ્યાં, ટેક્સી બોલાવી અને તેમાં બેસી ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"Baker street, please." હીલ્ડાએ ટેક્સી ડ્રાઇવરને કહ્યું.

ટેક્સી ચાલી. બંને મૂગાં થઈ ગયાં. વારંવાર એકમેકની દૃષ્ટિ એકમેકને મળતી હતી, હાથ દબાતા હતા અને લપાઈને બેઠાં હતાં છતાં મૂગાં હતાં. રીજંટ સ્ટ્રીટમાંથી વળતાં કલ્યાણે હીલ્ડાની ચિબુક પોતાના હાથમાં પકડી ચુંબન કર્યું. 'સેલ્ફ્રીજીઝ' આવતાં ગાઢ આશ્લેષનો વિશ્લેષ થયો. ટેક્સી સેલ્ફ્રીજીઝ આગળથી વળી, વીગ્મોર સ્ટ્રીટનું નાકું વટાવી, બેકર સ્ટ્રીટમાં આવી, ત્યારે બંને સ્વસ્થ થઈ ગયાં હતાં. હીલ્ડાનું રહેઠાણ આવ્યું. ટેક્સી ઊભી રહી.

"અંદર આવી, મૂકી જાઉં?" કલ્યાણે પૂછ્યું.

હીલ્ડા કંઈ બોલી નહિ, પણ આંખના ભાવથી એણે સમજાવ્યું કે આજની સુંદર મુલાકાતનો પડદો આટલેથી જ પડે, તે યોગ્ય હતું.

"ના. આજે અહીંથી વિદાય લઈ સ્મૃતિને ગોદમાં લઈ સૂઈ જઈએ." એટલું બોલી તે કલ્યાણની ખૂબ નજીક આવી. વાંકી ડોક કરી કલ્યાણના હોઠ ઉપર હોઠ મૂક્યા.

"જાગ્રત અને સ્વપ્ન, ઉભયમાં મને સંભારજે અને વિખૂટી ન મૂકતો. હવે હું જાઉં છું અને તું પણ વહેલો વહેલો જા. સ્વપ્નમાં હું તારી રાહ જોતી હોઈશ."

એટલું બોલી, આસ્તે રહી કલ્યાણ ન જુએ ને ન જાણે, તેમ કલ્યાણના ગજવામાં એક એક પાઉન્ડની બે નોટો તેણે સરકાવી દીધી અને જલદી ચાલી ગઈ. સાંજનું ખરચ કલ્યાણે કરેલું તે પોતાને આપવું હતું. શિષ્ટાચાર પ્રમાણે પુરુષ જ બિલ ચૂકવે, સ્ત્રીથી ચૂકવાય નહિ, એટલે થાય શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટૅક્સીમાં કલ્યાણ પોતાની હોટેલ તરફ વળ્યો. ગજવામાંથી સિગારેટ કાઢી લાઇટર શોધવા બીજા ગજવામાં હાથ નાખ્યો. કંઈક કાગળિયાં લાગ્યાં. બહાર કાઢ્યાં. બે પાઉન્ડની નોટો! 'આ શું? નોટો તો મારી નોટકેસમાં જ હોય છે. અઢી પાઉન્ડ હતા અને દસેક શિલિંગ બચ્યા છે. તો આ પૈસા ક્યાંથી?' થોડી વાર તેણે વિચાર કર્યો, અને પછી તેના મોં ઉપર ધીરું હાસ્ય ફરક્યું. 'લુચ્ચી, હરામખોર, જોઈ લે, કાલ તારી વાત છે!'

ટૅક્સી હોટેલ પર આવી. કલ્યાણ ઊતર્યો. ટૅક્સીનું ભાડું ચૂકવ્યું. પોતાના કમરામાં આવ્યો. ટેબલ ઉપર સંદેશો લખેલો પડ્યો હતો: "Mr. Dutt rang you up twice. Once at 6 P. M., again at 8 P. M." સંદેશો દિનેશનો હતો. કલ્યાણે તે ફાડીને બાસ્કેટમાં નાખી દીધો. 'સવારે ફોન થશે.' કલ્યાણ બબડ્યો.

હીલડાના વિચાર કરતો કલ્યાણ સાડાબારે સૂઈ ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું - - - - 'દીનેશનું આક્રંદ'

બીજે દિવસે સવારે કલ્યાણે હીલ્ડાને ફોન કર્યો. ખાસા પોણા કલાક સુધી પથારીમાં પડ્યાં પડ્યાં બંનેએ વાતો કરી. સાંજે ૭ વાગ્યે હીલ્ડાના ફ્લૅટ ઉપર કલ્યાણને જવાનું નક્કી થયું.

પથારીમાંથી ઊભો થઈ કલ્યાણ થોડી વાર ફાયરપ્લેસ આગળ બેઠો અને સિગારેટ સળગાવી. એટલામાં બારણે ટકોરા વાગ્યા. "Come in" કલ્યાણ બોલ્યો. દિનેશ આવ્યો.

"ગુડ મોર્નિંગ, દિનેશ!"

"ગુડ મોર્નિંગ, કલ્યાણ!"

દિનેશ બેઠો. કલ્યાણે સિગારેટ ધરી, તે તેણે લીધી. દિનેશ ગંભીર હતો.

"તારો સંદેશો રાતે મોડો મળ્યો." કલ્યાણે શરૂ કર્યું.

"મેં ધારેલું કે બહાર જતા પહેલાં તું મને મળીને જઈશ. છતાં..." એટલું બોલી દિનેશ અટક્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મેં ધાર્યું કે તું કામમાં હોઈશ." કલ્યાણે પતાવ્યું.

થોડી વાર બે જણા શાંત બેસી રહ્યા.

"કલ્યાણ, હીલ્ડા અને હું હવે મળવાનાં નથી." દિનેશે ગંભીરતાથી ઉચ્ચાર્યું.

"એમ!" કલ્યાણે અડધું ધ્યાનથી, અડધું બેધ્યાનથી ઉચ્ચાર્યું.

"તને કદાચ ખબર નહિ હોય." એટલું બોલી તે કલ્યાણની સામે ધારીને જોઈ રહ્યો.

"ફોન ઉપર તે કંઈક કહેતી'તી ખરી." કલ્યાણે કબૂલ્યું.

"એ...મ! ત્યારે કહું ખરું. બીજું શું કહ્યું, તે લગાર તને હરકત ન હોય, તો જાણી શકું?"

"અરે, કંઈજ નહિ. એટલું જ કે તે મારી સાથે માયા રાખે, તે તને પસંદ નથી."

"જો કલ્યાણ, તારે જાણવાની ઇંતેજારી હોય, તો જણાવું કે હું તેને ચાહું છું." દિનેશ કલ્યાણ તરફ તાકી રહ્યો.

"પણ તે તને ચાહે છે?" કલ્યાણે સ્વસ્થતાથી પૂછ્યું.

"મને ખબર નથી. તેણે મને કદી કહ્યું નથી."

"આધા કામ હો ચૂકા!"

"નાટક રહેવા દે."

"જે તું કરી રહ્યો છે."

"તું મિત્રને બેવફા નીવડ્યો છે." દિનેશે ગરમ થઈને કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ના બાપુ, ના. એવું કંઈ નથી. તારી મિત્રે મને ફોન કર્યો. તું અને તે લઢ્યાં છો તેવું કહ્યું. મેં એને કહ્યું કે તેણે તારી સાથે ઝગડવું નહોતું જોઈતું, કેમ કે તું ઘણો સારો માણસ છે. પછી તેણે મને કહ્યું કે સાંજે અમારે બંનેએ મળવું. મેં ના ન કહી. સાંજે બહાર જમ્યાં. બસ, આટલી વાત છે, ભાઈ!"

"ના, એટલી વાત નથી! જતા પહેલાં તારે મને કહેવાની ફરજ હતી." તિરસ્કારથી દિનેશે કહ્યું.

"શા સારુ? જા, તારે તારી મિત્રની સાથે વાત કરવી હોય તો કર, ઝગડવું હોય તો ઝગડ." કલ્યાણે ઠંડે પેટે જવાબ આપ્યો.

"આવી આશા મેં તારા તરફથી રાખી નહોતી. હું એને બેવફાઈ કહું છું." ધિક્કારથી દિનેશ બોલ્યો.

"એ શબ્દો તારી મિત્રને કહે." કલ્યાણે ઠંડે કલેજે પતાવ્યું.

"તેં...તેં એને ચઢાવી." દિનેશે શબ્દે શબ્દ ઉપર ભાર મૂકી ચલાવ્યું.

"ના."

"જુઠ્ઠાણું."

"જુઠ્ઠાણું નથી."

"હું નથી માનતો."

"દિલગીર છું."

"દિલગીર થયે કંઈ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક. જો દિનેશ, તારી મિત્રને હું ગમું છું, અને મને તારી મિત્ર ગમે છે. વળી હવે તે 'તારી' પણ નથી. સમજાયું?"

"સમજાયું. બરાબર સમજાયું. તું પણ હવે સમજાયો. બોટ ઉપર તું પેલા કાગળો લખતો હતો, તે હવે ચાવી ખા. યાદ છે પેલા કાગળો? પેલી કોઈ પારકી બૈરી ઉપરના? શેના યાદ હોય? લાંબાચોડા, હડહડતાં જુઠ્ઠાણાંથી ભરેલા, યાદ છે તે? કેટલું સહેલાઈથી, સિફતથી, મન ફાવે ત્યારે તું ભૂલી શકે છે? એ સ્ત્રીને તું હવે ભૂલી ગયો! શરમ છે, ધિક્કાર છે! તારાં આંસુ જુઠ્ઠાં હતાં. બોટ ઉપર કઠેરો પકડી પૂર્વ તરફ યાદ છે? તું જોતો'તો તે? શેનું યાદ હોય! ત્યારે તો મશ્કરી પણ સહન નહોતો કરતો! તું જાલિમ છે, સેતાન છે, સમજ્યો? અને જણાવું કે મારા દિલમાં તારે માટે ધિક્કાર, ધિક્કાર સિવાય બીજું કંઈ નથી." દિનેશના અવાજમાં ભયંકર આવેશ હતો.

"બંધ કર." કલ્યાણે સ્વસ્થતાથી અને સખ્તાઈથી જણાવ્યું.

"અરે જા, બંધ નહિ કરું. તું ઝેરી સાપ છે. હા ભયંકર ઝેરી સાપ છે. મને મોડું સમજાયું. મેં ધારેલું કે તું સારો, ઉમદા, વફાદાર છે. પણ તું તો સાપ નીકળ્યો." દિનેશનો આવેશ માતો નહોતો. તેનું શરીર કાંપતું હતું.

"હું વફાદાર છું. ફક્ત તેં ઉદાર દૃષ્ટિ ગુમાવી છે, એટલું જ. ઈર્ષાથી તું જળી રહ્યો છે."

"કેટલો હલકો ખવાસ! પોતાના મિત્રને પીઠ પાછળ ઘા કરવો! અને હું મૂર્ખ નથી, હુંયે સમજું છું કે તું દેખાવે સારો છે, શરીરે સશક્ત છે. એમાં તું મારા કરતાં ચઢિયાતો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. તારું અહંપદ આથી ભલે પોષાય. કબૂલ છે મારે, તે બધી કુદરતની પક્ષપાતી. પણ એ તો સ્થૂલ, જડ, આગંતુક બાબતો છે. જ્યારે માણસાઈમાં તું દેવાળિયો છે. સમજ્યો ?" દિનેશ ઘણો જ ગુસ્સે હતો. તેનું શરીર ધ્રૂજતું હતું. 'મેંટલ-પીસ' પકડીને તે બોલી રહ્યો હતો.

"બેસી જા, અને સ્વસ્થ થા." કલ્યાણે નમ્રતાથી કહ્યું.

થોડી વારે તે શાંત પડ્યો. કલ્યાણે નીચે ફોન કરીને ચા મંગાવી.

"તને શું થયું છે, દિનેશ ?" કલ્યાણે શાંતિથી પૂછ્યું. દિનેશ ચૂપ રહ્યો. કલ્યાણે સવાલ ફરી પૂછ્યો.

"મારું મગજ ભમી રહ્યું છે. હું દુ:ખી છું." ખિન્નતાથી દિનેશે કહ્યું.

"જે પોતાનું નથી, તેને પોતાનું માની લેવું તેનું નામ મિથ્યાભિમાન. હીલ્ડા બાબતમાં તારું આવું મિથ્યાભિમાન તને દુ:ખી કરે છે." કલ્યાણે મીઠાશથી કહ્યું.

"કોણ જાણે !"

"તમે જ્યારે પહેલાં મળ્યાં, ત્યારે તેનો તારા પર ભાવ હતો, ખરું ને ?"

"હા."

"તે વખતે તારું અભિમાન પોષાયેલું. ખરું ને ?"

"સ્વાભાવિક છે."

"નથી લાગતું કે પ્રેમ અને ઈર્ષા અહંકારનાં ભરતી-ઓટ છે ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને નથી લાગતું. છતાં......છતાં એ રીતે આપણે જોઈ શકીએ, તો તેમ." એટલું બોલીને તે કલ્યાણ તરફ જોઈ રહ્યો અને પછી ઉમેર્યું, "ઠીક ભાઈ સોક્રેટીસ! તું મારી જગાએ હોય, તો તું શું કરે?"

"મિથ્યાભિમાનના ભરતીઓટને તટસ્થતાથી જોયા કરું. એક યુવતી ઓછી, બીજું શું?"

"પેલી જેને તું બોટ પરથી કાગળો લખતો'તો, તેને માટે તને શું થતું'તું?"

"તેની ખોટ મને ખૂબ લાગતી હતી. કબૂલ. પણ તેણે જો મને છોડયો હોત, તો મને તેટલું ન લાગત. તેવે પ્રસંગે તેની સાથેનો ભૂતકાળનો આનંદ યાદ કરતો હું હસતો હસતો તેને વિસારે પાડત."

"અનુભવ અને અનુમાન બે જુદાં છે."

"કબૂલ. પણ અન્યના અનુભવથી પણ શિખાય છે."

"પ્રેમ શું છે, તેની તને ખબર નથી."

"ના, પણ તેના અજ્ઞાનથી હું દુઃખી નથી."

"તું પ્રેમી થશે, પણ પ્રેમ કરી શકશે નહિ!"

"કંઈ નહિ. તેથી શું વિશેષ છે? હું તો એટલું જાણું કે જિંદગી રસનો સાગર છે અને રસબિંદુઓની એમાં ખોટ નથી. ખોટ હોય, તો આપણા માનસમાં છે, જિંદગીમાં નથી."

"સ્વાર્થી મનોદશા છે."

"હું ઇચ્છું કે જગતને સ્વાર્થનું વિશેષ ભાન હોય. તેમ થતાં જીવનમાંથી અનેક કાલ્પનિક દુઃખો રુખસદ લેશે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તું ચાર્વાક છે. સાક્ષાત સેતાન છે. તારું માનસ મનુષ્યનું નથી."

"કહેને કે રાક્ષસી છે. કબૂલ. જો ને ભાઈ, શબ્દોથી શું વધારે છે? વિચારપ્રધાન મનુષ્યને જિંદગીમાં હાસ્યરસ છે. લાગણીપ્રધાન મનુષ્યને તેમાં કરુણરસ છે. હું મારી લાગણીઓને વિચારીને અનુભવું છું, અનુભવીને વિચારતો નથી."

"તારી માનસિક ખરાબી ખાતર હું દિલગીર છું." દિનેશે કરડાકી કરી.

"મારી ખાતર લાગણીવશ બનવાની જરૂર નથી." કલ્યાણે ઠંડે કલેજે મશ્કરી કરી.

ચા આવી. કલ્યાણે દિનેશને ચા બનાવીને આપી. થોડીવાર મૌન પ્રસર્યું.

"જો ખરેખર તું કહે છે તેવો તું હોય, લાગણીવશ ન હોય, તો શા માટે મારી દોસ્તને છોડતો નથી?"

"એક તો એ કે મેં તેને તારી પાસેથી ખૂંચવી લીધી નથી. બીજું એ કે એ તને ચાહતી નહોતી, અને ચાહતી નથી. ત્રીજું એ કે તે મને ચાહે છે. ચોથું એ કે હું તેના ઉપર મુગ્ધ છું. અને ધાર કે હું તેનો ત્યાગ કરું—જે બનવાજોગ નથી—તોપણ મારા ત્યાગથી તને કશું મળવાનું નથી. ઊલટા આપણે બંને તેને ગુમાવીશું. માટે ડાહ્યો થા." કલ્યાણે સિગારેટ પીતાં પીતાં ઠંડી બેપરવાઈથી કહ્યું.

"એને તું એટલું કહે કે તું એને નહિ મળે." દિનેશે વિનંતિ ચાલુ રાખી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શા માટે ? તારી ખાતર મારે તેના ઉપર વેર લેવું એમ ? એને તરછોડીને મારે તારું બાલીશ અભિમાન સંતોષવું ! સ્વાર્થી હું કે તું ? કેટલું ઘૃણાજનક તારું માનસ છે !" કલ્યાણે દિનેશને સપાટામાં લીધો.

"કલ્યાણ, મારા દોસ્ત ! હું તેને ચાહું છું. મારી બુદ્ધિ બહેર મારી ગઈ છે." દિનેશ કરગર્યો.

"લાગણીનો અંધાપો કે જેને તમે લોકો પ્રેમ કહો છો, તે બદલ મને દિલગીરી થાય છે. મારી નિખાલસ સલાહ તને એ છે કે તારે તેના પ્રેમમાં હોવાનું બંધ કરવું."

"તને ખ્યાલ નથી કે તું શું કહી રહ્યો છે ! એનાથી મૃત્યુ બહેતર છે. અશક્ય, અશક્ય."

"શક્ય બનાવ્યા વગર છૂટકો જ નથી. પ્રેમ છેવટે તો મનની જ વાત છે ને ! હું તો તને મર્દ ધારતો હતો, પણ તું તો એક નબળા માણસની માફક વર્તે છે !" કલ્યાણે નમ્ર સખ્તાઈથી કહ્યું.

"અરેરે ! મારી બુદ્ધિ હરાઈ ગઈ છે !" દિનેશ આત્મ-લક્ષી બની બોલ્યો.

"તું એમ માની બેઠો છે એટલે." કલ્યાણે હસીને કહ્યું.

"કલ્યાણ, મારા દોસ્ત ! તું એને ચાહતો નથી ને, હેં ?"

"તે જાણ્યાથી તને શું ફાયદો છે ?" કલ્યાણે ટકોર કરી.

"ના, ના, સહેજ પૂછું છું."

"તારી નિરંકુશ લાગણીને તું ઠેકાણે લાવી એમ કહે કે તું એના પ્રેમમાં નથી. લાગણી કાબૂમાં આવતાં પ્રેમ પોબારા કરી જશે. પ્રેમ આપણા મનનો જ પડછાયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આટલું સમજીશ, તો આવા સવાલો પૂછવાનું મન નહિ થાય."

કલ્યાણની શિખામણથી દિનેશ થંભ્યો. ધીમે ધીમે હસવા લાગ્યો. કલ્યાણ તરફ ધારીને જોવા લાગ્યો. એની આંખોમાં કંઈક ઉન્માદ જેવું લાગતું હતું.

" સાચી વાત છે. તું ખરો છે. ના, હું તેના પ્રેમમાં નથી. એ મારી કલ્પના જ હતી ! હું એને ઓળખતો પણ નથી. એ કોણ ? હીલ્ડા ? નામ જ સાંભળ્યું નથી. હશે કોઈ, મને ખબર નથી." એટલું બોલી દિનેશ બાઘા જેવું જોઈ રહ્યો.

" શાબાશ. એનું નામ તે મર્દ. એ જ પ્રમાણે ધાર્યા કર, મનને કસ્યા કર. તેના વિચારો શમાવતો થઈ જા, અને એ વિષે કંઈ પણ પૂછપરછ કરવી મૂકી દે; જા ફતેહ છે, સુખી થઈશ."

" થેંકસ દોસ્ત. કોક કોક વાર મળતો રહેજે હોં. તને જાણ્યાથી ઘણું જાણ્યું છે. આવજે, આવજે." એટલું બોલી હસતો, બેબાકળો દિનેશ બારણા તરફ ગયો.

" જરૂર, જરૂર, દિનેશ ! આપણે દોસ્ત જ રહીશું. તને એકાદ અઠવાડિયા બાદ જરૂર મળીશ."

" જરૂર, જરૂર. ગુડ લક."

" ગુડ લક."

કલ્યાણે બારણું વાસ્યું. વાસેલા બારણાને કલ્યાણ અડધી મિનિટ સુધી જોઈ રહ્યો.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૫ મું- . - ‘ ફતેહ છે આગે ’

સાંજે ૭ વાગ્યે કલ્યાણ હીલ્ડાના ફ્લેટ ઉપર જવા નીકળ્યો. પેડીંગ્ટનથી અંડરગ્રાઉન્ડમાં બેકર સ્ટ્રીટ ગયો અને સવા ૭ની અંદર બેકર સ્ટ્રીટ પહોંચ્યો. ત્યાંથી પાંચેક મિનિટમાં ટહેલતો ટહેલતો હીલ્ડાના ફ્લેટ પર આવ્યો. બારણે ઘંટડી મારી. નોકર બાઈએ બારણું ખોલ્યું.

“Miss Collins in ?” હીલ્ડાની અટક કોલીન્સ હતી.

“No Sir, I don't think she is in.”

“I was expected and I am here.”

“Very well, Sir. Would you care to wait in her room? I shall see you up-stairs.”

“Thank you.”

નોકર બાઈ કલ્યાણને હીલ્ડાના ફ્લેટમાં લઈ ગઈ. ફ્લેટ નાનો સરખો પણ સુંદર હતો. એક સીટિંગ રૂમ, એક નાનો બેડ રૂમ, જોડે નાનું રસોડું અને બાથ રૂમ. સીટિંગ રૂમમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આછું ફર્નીચર, સરસ પડદા, ફક્કડ ફૂલદાનીઓ, ચારપાંચ સુંદર ચિત્રો, એક ડાઇવેન, બે સોફા ખુરસીઓ, એક ગ્રેટી, એવું તેવું હતું. કાર્પેટ ઇંગ્લીશ હતી અને પર્શિયન કાર્પેટ જેવાં નખરાં હતાં.

કલ્યાણ સોફામાં પડ્યો, સિગારેટ જલાવી, પડ્યે પડ્યે પીધે રાખી, ત્યાં સાડા છ વાગ્યા. હીલ્ડા ક્યાં? બીજી સિગારેટ ચેતાવી. બાજુમાં પડેલાં કેટલાંક અઠવાડિક તથા માસિકોમાંથી એક ઉઠાવીને વાંચવા માંડ્યું. 'બાયસ્ટેન્ડર' હતું. વાંચવાનું કંઈ હતું જ નહિ, ફક્ત ફેશનની ફિશિયારીઓ હતી. ફલાણીએ ફલાણું પહેરેલું, ફલાણો લોર્ડ ફલાણી સાથે, ફલાડી લેડીના છૂટાછેડા, ફલાણો ફલાણીને લઈને નાસી ગયો, વગેરે બધું કહેવાતા 'ઉપલા' વર્ગને લગતું હતું. "ટ્રેશ" કહી કલ્યાણે તે પછાડ્યું 'સ્કેચ' ઉપાડ્યું. એની એ જ વાતો. ઘોડાં, ગધેડાં, કૂતરાં, બિલાડાંની તથા શિકારની વાતો. "ટ્રેશ" કહી તે પણ પછાડ્યું. 'ટ્રેટ્લર' ઉપાડ્યું. એનું એ જ. ચીંચીલા ફર, ઢીંકણાં ફર, ઢીંકણી ડચેસ, ઢીંકણી માર્શોનેસ, ઢીંકણી કાઉન્ટેસ, ઢીંકણી વાયકાઉન્ટેસ, ઢીંકણી બેરોનેસ, વગેરેનાં ગુણગાન—ભાટાઈ. એમના પોષાક, એમનાં રાચરચીલાં, એમનાં જવાહિર, એમનાં કૂતરાં, બિલાડાં એ સિવાય બીજું જગત શોધ્યું જડે તેમ નહોતું. "ટ્રેશ" એમ મોટેથી બોલીને તે પણ પછાડ્યું.

સાતના ટકોરા થયા, પણ હીલ્ડાનો પત્તો નહોતો. સિગારેટો ફૂંકાતી ગઈ અને રાખ વધતી ગઈ. સાડા સાત થયા. પગ ઠોક્યા. ચિડાઈને "damn this silly woman" મોંમાંથી નીકળ્યું. એટલામાં ફોનની ઘંટડી વાગી. કલ્યાણે રિસીવર લીધું. ફોન હીલ્ડાનો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઘણી જ દિલગીર છું, દિલડા! કામ ઘણું જ આવી પડ્યું."

"નખ્ખોદ જાય તારા કામનું."

"અરે અરે! રિસીવર ગરમ થઈ જશે? કેવો ડાહ્યો છે! હમણાં જ નીકળી આવ અને મને ટોટનહમ કોર્ટ રોડ અંડરગ્રાઉન્ડના બુકસ્ટોલે મળ. હવે બોલ્યાચાલ્યા વગર સીધો ધસી આવ અને મને ખોટી ન કરતો."

"શું બોલી? તને ખોટી ન કરતો! તારી......" ગાળ દેવા જાય એટલામાં તો હીલ્ડાએ રિસીવર મૂકી દીધું.

કલ્યાણે ટેક્સી પકડી. રખેને મોડું પડાય! પા કલાકમાં ટોટનહમકોર્ટરોડ પહોંચ્યો. આઠમાં પાંચ બાકી હતી. અંડરગ્રાઉન્ડની અંદર સ્ટોલ આગળ ઊભો. આઠ વાગ્યા. હીલ્ડા નહોતી. આઠ ઉપર પાંચ. "સુવ્વર." આઠ ઉપર દસ. "બદમાસ." સવાઆઠ. "I'll slap her." આઠ ને વીસ. "O God, this infernal woman kind!" આટલું બોલીને નિરાશ થયેલો કલ્યાણ દિવેલિયા મોંથી ઢીલો થઈને ઊભો રહ્યો, ત્યાં હીલ્ડા આવી.

"સોરી. તને ખોટી કરવો પડ્યો, દિલડા!" હીલ્ડાએ કલ્યાણના હાથમાં હાથ પરોવી દીધો.

કલ્યાણ ચૂપ રહ્યો.

"ખરેખર હું ખૂબ જ દિલગીર છું." તે કરગરી.

કલ્યાણ ચૂપ રહ્યો.

"તું ક્યારનો આવેલો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણ ચૂપ રહ્યો.

" તું ખૂબ ખફા લાગે છે."

" મેં શો ગુનો કર્યો કે આપે મારાં ઢીંચણ દુઃખવ્યાં ?"

" Darling please!" એમ બોલી હીલ્ડાએ વહાલ કર્યું. પછી પૂછ્યું, " તું ક્યારનો આવેલો ?"

" આઠમાં પાંચે. એટલે કે અડધા કલાકથી પગ પર ધડ ટેકવીને ઊભો'તો. હવે સમજ્યાં ? સંતોષ થયો ? અને કહેવાનું રહી ન જાય માટે કહું કે આપના ફ્લેટ પર પોણા છએ ગયેલો તે હિસાબે આપે પૂરા અઢી કલાક મને ધોખાવ્યો છે. સમજ્યાં ?"

" મારી ખાતર તું એટલો ખોટી ન થાય!" હીલ્ડાએ હસીને કહ્યું. કહીને તે કલ્યાણની સોડમાં લપાઈ.

" ના. મિસ કોલીન્સ." કલ્યાણે દાંત કચકચાવ્યા.

હીલ્ડાથી હસી પડાયું.

" ટ્રેનના મુસાફરોની અવરજવર જોતાં થાંભલાની માફક અડધો કલાક ઊભા રહેવા કરતાં મૃત્યુને હું વધારે પસંદ કરું."

" તારા પગ બીચારા દુઃખતા હશે." હીલ્ડાએ હસવાનું કાયમ રાખી ઠેકડી કરવા માંડી.

" હા. ઘણા જ દુઃખી રહ્યા છે, મિસ કોલીન્સ." ભાર દઈને કલ્યાણ બોલ્યો. હીલ્ડાનું હસવું માયું નહિ.

" બીચારા! ચાલ બાજુના કોઈ બારમાં બેસી એમને રાહત આપીએ." હીલ્ડાએ તોફાન ચાલુ રાખ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" મારા પગની બાબતમાં કહેવાનો મને જો કંઈ પણ અધિકાર રહ્યો હોય, તો જણાવું કે તેમનો દુ:ખાવો હાસ્યરસનો વિષય નથી, મિસ કોલીન્સ." કલ્યાણે નાટકી છટાથી કહ્યું અને હીલ્ડા ખડખડાટ હસી પડી.

" આપને હસવા માટે છૂટ છે, મિસ કોલીન્સ."

" તું બહુ રમૂજી છે, કેલી."

" કરુણ અને હાસ્યની બાબતમાં આપને ને મારે મતભેદ છે. પ્રસ્તુત વિષયમાં આપ કરુણમાં હાસ્ય જોઈ રહ્યાં છો." કલ્યાણના બોલવામાં મજાક સ્પષ્ટ હતી પરંતુ મોં ઉપરની સખ્તાઈ કાયમ હતી. હીલ્ડા હસવું રોકી શકતી નહોતી.

" Now buck up my tragic hero ! "

બંને જણાં 'ચેરિંગક્રોસ'ને રસ્તે ચાલ્યાં, અને કેંબ્રીજ સર્કસ આગળ સ્કોટસના બારમાં ગયાં.

" શું લઈશું ? લાગર જેવું કંઈક લાંબુ ચાલે તેવું ડ્રીન્ક લઈએ કે જેથી તારા ટાંટિયાને આરામ મળે." હીલ્ડાએ હસીને સૂચવ્યું.

" મારા પગને હવે છોડો, મિસ કોલીન્સ."

" Two Carlsburg please. " હીલ્ડાએ બે કાર્લ્સબર્ગ લાગર મંગાવ્યા અને બંને જણાં નિરાંતે બેઠાં. હીલ્ડા હસું હસું થઈ રહી હતી. કલ્યાણ ચીંથરા જેવો થઈ ગયો હતો. હસવાનું મન હતું, છતાં હસતો નહોતો. એને જોઈને હીલ્ડાથી હસી પડાતું.

" કેલી ! ડાયરેક્ટર્સની આજ મિટિંગ હતી, તેથી આમ મોડું થયું. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક." એટલું કહી તે અટક્યો. પછી તરત ઉમેર્યું, બીજી મિટિંગ ક્યારે છે?" બોલીને થોડું હસ્યો. હીરડાથી પણ હસી પડાયું.

"ખબર નથી."

"બીજી વાર કંઈક બીજું હશે. મને ખાતરી છે."

"બીજી વાર હું ઘડિયાળના કાંટાની બરોબર આવીશ. જો તું મોડો આવ્યો છે, તો જાણજે......" એટલું બોલી કલ્યાણના પીસેલા દાંત જોઈ તે ફરી હસી પડી. પછી તરત વાત બદલી નાખી.

"ક્યાં જમીશું, કેલી?"

"તું કહે ત્યાં."

"ચાલ 'આઈવી'માં જઈએ. અહીંથી ફક્ત બે મિનિટનો રસ્તો છે. ફક્કડ જગા છે. સુંદર ઍક્ટ્રેસો પણ ત્યાં આવેલી તું જોઈ શકશે અને કદાચ એકબે પ્રસિદ્ધ નાટ્યકારોને પણ જોશે. ચાલ ત્યાં જ કૂચ કરીએ."

"ચાલ, ભૂખ સહન નથી થતી."

બંને જણાં ટહેલતાં ટહેલતાં લંડનના નટ, નટીઓ અને નાટ્યકારોની માનીતી 'આઈવી'માં આવ્યાં. 'આઈવી'માં લંચ વખતે કે થિયેટર ડીનર વખતે, ગમે ત્યારે, કોઈ એક આઈવોર નોવેલો કે જ્હોન ગીલગડ કે નોએલ કાવર્ડ કે ડાએના વીનયર્ડ કે ડોરોથી હેસન કે ડાએના ચર્ચિલ કે વિવિયન લે કે સીડની હાવર્ડ કે ગ્રિયર ગાર્સન, એમાંનું કોઈ જાણીતું નામ જીવતું જાગતું જોનાર જોઈ શકે. વાતાવરણમાં કંઈક બેપરવાઈ, બેદરકારી, આનંદ, ઉત્સાહ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમંગ, "હા-હા-હા,' એ બધું 'આઇવી'માં દેખાય. ત્યાં જનારને લાગે કે આ દુનિયા જુદી છે. એની રીતભાત, છટા વાણી, જુદાં તરી આવે.

'આઇવી'ના ખાણાની લિજ્જત પણ અનેરી. હીલ્ડા ઘણી વાર તેના મિત્રો સાથે 'આઇવી'માં આવતી. મેનેજર તેને ઓળખતો. મેનેજરની સાથે વાત કરી એણે 'આઇવી'ની સુનંદી વાનગી મંગાવી.

'આઇવી'ની સોલ માછલી મશહૂર ગણાતી. હીલ્ડાએ તે મંગાવી. શરાબમાં ખટમધુરો લિજ્જતદાર મોંત્રાશે મંગાવ્યો. એક ઘૂંટડાની સાથે જ કલ્યાણને સમજાયું કે સુંદર ફ્રેંચ શરાબ શી ચીજ છે!

"હીલ્ડા તું રસજ્ઞા છે. મદ્યજ્ઞા પણ છે."

"થેંક્યુ."

કૉફી આવી. સિગારેટો સળગી.

'આઇવી'ના એકે એક ખૂણામાંથી આ યુગલ તરફ દૃષ્ટિપાત થતો. કેટલીક નટીઓ કલ્યાણને જોતી હતી અને અંદર અંદર વાતો કરતી હતી.

"જો પેલો આઇવર નોવેલો, વેસ્ટએન્ડનો વિખ્યાત ઍક્ટર અને નાટ્યકાર, અને પેલા ખૂણામાં પેલી બેઠી છે તે ડાએના વીનયર્ડ, એક કુશળ ઍક્ટ્રેસ જોઈ? અને તારી તદ્દન પાછળના ખૂણામાં બેઠો છે, તે જહોન ગીલ્ગડ, શેક્સપીરિયન ઍક્ટર અને પણે જમણી બાજુના ખૂણામાં બેઠી છે તે ડાએના ચર્ચીલ." હીલ્ડાએ લંડનના સ્ટેજની મશહૂર વ્યક્તિઓ બતાવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણે એ વ્યક્તિઓ જોઈ. તે સામાન્ય વ્યક્તિઓ જેવી લાગી. લંડનવાસીઓની થિયેટર—ઘેલછા, નટનટીઓની નામાવલીનું રટણ : વગેરે એને વિચિત્ર લાગતું. મહાન તત્ત્વ-વેત્તાઓ, વૈજ્ઞાનિકો, ડૉક્ટરો, ધારાશાસ્ત્રીઓ, લેખકો, એવાઓની નામાવલિ કરતાં નાટક, સિનેમા, ફૂટબૉલ, ક્રિકેટ, બૉક્સિંગ, રેઈસિંગ, મ્યુઝીક હૉલ વગેરે ક્ષેત્રોની વ્યક્તિઓ પાછળના આ પ્રમાણ બહારના મોહમાં એને પ્રજાનું સાંસ્કૃતિક દારિદ્ર લાગ્યું અને આ જ ઘટના પોતાના દેશમાં બની રહી હતી તે પણ તેણે સાથે સાથે વિચાર્યું. સંસ્કૃતિની, શિક્ષણની, બુદ્ધિની, આ અવનતિથી કલ્યાણના મનમાં વિષાદ ઊપજ્યો.

"આ દેશમાં નટનટીઓ પાછળની ઘેલછા ઘૃણાજનક છે." કલ્યાણે અભિપ્રાય ઉચ્ચાર્યો.

"નટનટીઓમાં તો રસ હોય જ ને!" હીલ્ડા બોલી.

"પ્રમાણની બહાર નહિ. સમાજનાં બીજાં ઘણાં અંગો છે, જેમાં સરખો રસ ધરાવી શકાય. એકલાં નટનટાંની તે શી ઘેલછા!"

લંડનમાં વેસ્ટએન્ડના કૃત્રિમ નાટકોનાં આ નટનટીઓ ઉપરાંત અપૂર્વ પ્રતિભાશાળી અને મેધાવી એવો બ્લુમ્સ-બરીનો બેદરકાર, વિચિત્ર, બેફિકર, ક્રાંતદર્શી લેખકવર્ગ અને નૂતન અને વિપ્લવવાદી છતાં ક્રાંતદર્શી કલાકારોનાં ચેલ્સીનાં જૂથ : એ બધાં લંડનમાં પડ્યાં હતાં કે જેને જનતા હજી પિછાનતી પણ નહોતી, પિછાની શકવાની જેનામાં બૌદ્ધિક કે સાંસ્કૃતિક તાકાત પણ નહોતી. કલ્યાણને પણ એની ખબર નહોતી. એ બધો અજ્ઞાત વર્ગ રસ ઉત્પન્ન કરે તેવો હતો, અસામાન્ય હતો. કોઈક રખડતો ઓસ્કર વાઈલ્ડ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈક વણઓળખ્યો એપ્સ્ટાઇન, કોઈક ઓડેન, કોઈક લોરેન્સ, એવા અનેક પડ્યા હતા, પડ્યા હશે. એ બધાને ઓળખવાની સમકાલીન ઇંગ્લંડની તૈયારી નહોતી. સમકાલીન ઇંગ્લંડ દોઢસો વર્ષની ક્ષુલ્લક યંત્રવાદની જડ ફિલસૂફીનું અને નિર્જીવ નીતિનું રક્ષક હતું. તેનો બુદ્ધિહીન, નાફેરવાદી, વિચારદરિદ્ર, સંસ્કૃતિશૂન્ય મધ્યમવર્ગ યંત્રવાદથી ઉત્પન્ન થયેલી નિર્ઘૃણ, નીરસ, નૈરાશ્યપૂર્ણ આર્થિક સંસ્કૃતિનો પૂજક હતો. સમકાલીન ઇંગ્લંડમાં માનવતાના અમર સિદ્ધાંતો કૃત્રિમતાની ક્રૂર ભીંસમાં સપડાયા હતા. એની કલા, એની રંગભૂમિ, એનું સંગીત, એનું સાહિત્ય, એ બધું જ ક્ષણજીવી, ઉપરછલ્લું, સંદેશશૂન્ય, કેવળ રંજનાત્મક, હલકું અને હળવું હતું. દેશ, કાલ અને પરિસ્થિતિના વિચાર વગર આ કલા, આ સાહિત્ય, અને આ જીવનનું અનુસરણ તથા અનુકરણ હિંદુસ્તાનમાં થતું, તે વિચારે કલ્યાણ ખિન્ન થયો. પણ સાથે સાથે કલ્યાણે એ વિચાર પણ કર્યો કે ઐતિહાસિક દૃષ્ટિથી ઇંગ્લંડમાં અને હિંદુસ્તાનમાં આ ભૂમિકા આવશ્યક હતી. સંસ્કૃતિ અને સાહિત્યના મહાન યુગોની પહેલાં આવું બૌદ્ધિક અને સાંસ્કૃતિક તકલાદીપણું અવશ્ય હોય છે જ. એ કચરામાંથી, એ ધૂળમાંથી, મહાયુગ ઉદ્ભવે છે.

“ચાલો જઈશું ?” કલ્યાણે સૂચવ્યું.

“કબૂલ.” એટલું કહી હીલ્ડા થોડી વાર માટે અંદર ગઈ. કલ્યાણ સિગારેટ પીતો વિચારમગ્ન બેઠો હતો. એવામાં એની દૃષ્ટિ બાજુ ઉપર પડી. સુંદર કપડાંમાં આકર્ષક મુખાકૃતિવાળી એક મધ્યમ વયની લાગતી અંગ્રેજ સ્ત્રીને એણે જોઈ. બે આંગળી વચ્ચે વગર સળગાવેલી સિગારેટ રાખીને ોશી પીતી તે સ્ત્રી કલ્યાણ તરફ જોઈ રહી હતી. કલ્યાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની સામે જોયું. તેણે સ્મિત કર્યું. કલ્યાણે પણ સ્મિતનો ઉત્તર સ્મિતથી વાળ્યો.

“ તમારી પાસે લાઇટર છે ? ” પેલીએ પૂછ્યું.

“ હાજી.” એમ કહી કલ્યાણે વળીને તેની સિગારેટ સળગાવી.

“ થેંક્યુ.” એમ કહી તે નમણું હસી. પછી એકાદ ક્ષણ તે મૂગી રહી અને બોલી :

“ ઠંડી વધતી જાય છે, કેમ ? ”

“ હા, ઘણી. ”

“ તમને તો વધારે લાગતી હશે. ઇજીપ્તથી આવતા હશો, એમ માનું છું.”

“ ના, જી. હિંદુસ્તાનથી.”

“ કેટલું રોમાંચક ? ”

“ હા, સાપ, વાઘ, વરુ, ફકીરો ! ” કલ્યાણે હસતાં હસતાં કહ્યું.

“ ના. પ્રાચીન સંસ્કૃતિ, આકર્ષક મનુષ્યો...” એટલું બોલી તે અટકી અને પછી ધીમેથી હસીને કલ્યાણને જોઈ રહી.

“ આ બધા જોવા, કેમ ? ” કલ્યાણે આજુબાજુ આંખ ફેરવીને મશ્કરીમાં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમને ફરી મળવા ઈંતેજાર છું." એટલું બોલી તે અટકી. પછી ઊભી થઈ વેઈટરને ઉદ્દેશીને બોલી: "કાલે હું અહીં લંચ લઈશ." પછી તેણે કલ્યાણ તરફ જોયું અને કલ્યાણના મોં ઉપર સ્વીકારનો ભાવ વાંચી એણે વેઈટરને કહ્યું: બે જણ સારુ ટેબલ રાખજો, દોઢ વાગ્યે."

કલ્યાણ નમ્યો. જોઈ જ રહ્યો. પેલી ચાલી ગઇ.

હીલ્ડા આવી. બંને હીલ્ડાના ફ્લેટ ઉપર મોડી રાતે ટેક્સીમાં ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૬ ઠું - - 'કોણ હશે, કેવી હશે'

બીજે દહાડે સવારે કલ્યાણ ઊઠ્યો તેવા જ પેલી અજાણી સ્ત્રીના વિચારો શરૂ થયા. 'કોણ હશે,' 'કેવી હશે,' 'શો ઇરાદો હશે,' વગેરે સવાલોના પડઘા તેના મગજમાં પડવા લાગ્યા. બ્રેકફાસ્ટ પૂરો કરી, બાથરૂમમાં જઈ ટબની ચકલી છોડી. ભરાતું પાણી જોતો જોતો તે ઊભો રહ્યો અને પાણીના અવાજમાં પણ એને 'કોણ હશે,' 'કેવી હશે' ના પડઘા સંભળાયા. પા કલાકમાં ટબમાં નાહી લીધું અને ગ્રે બેગ્સ અને ટવીડ જેકેટમાં દસ મિનિટમાં સજ્જ થઈ ગયો. ઘડિયાળ જોઈ. સાડા નવ. ફ્લૅટ બંધ કરી કૉલેજ જવાના માર્ગે પડ્યો. કૉલેજમાં જતાં જતાં પણ વિચારો તો એના એ જ હતા—'કોણ હશે,' 'કેવી હશે.' કલાસમાં બેઠો. પ્રોફેસરે ભાષણ શરૂ કર્યું. કલ્યાણના એક કાને તે પડતું ગયું અને બીજામાંથી નીકળતું ગયું. એમ ભાષણ બિચારું પેસનીકળ કર્યા કરતું હતું, અને કલ્યાણના મગજની સાથે તેને કશી લેવા દેવા હતી નહિ. એના મગજમાં તો પેલી કોણ હશે અને કેવી હશે તેના જ તરંગો ચાલ્યા કરતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાડા અગિયાર વાગ્યે ભાષણ પૂરું થયું. પછી શું કરવું તે કલ્યાણને સૂઝ્યું નહિ. એણે લટાર મારવી શરૂ કરી. લટાર મારતો મારતો તે ટોટનહમ કોર્ટરોડ આગળથી ચેરિંગ ક્રોસ તરફ વળ્યો. બાર વાગ્યા હતા. પાસેના બારમાં ગયો. એક 'લાગર' મંગાવી બાર આગળની ખુરશીમાં ગોઠવાયો. લાગર આવ્યો અને તેનું ફીણ જોતો જોતો તે વિચારમાં પડી ગયો. કોણ હશે? કેવીક હશે? ક્યાં રહેતી હશે? એવા સવાલો ઉઠાવતો તે ત્રણ ઘૂંટડા પી ગયો. શરીરમાં સ્ફૂર્તિ આવી. વિચારમાં મસ્તી આવી. લાગરના ફીણની લહરીઓમાં તેણે જીવનતત્ત્વનો અખંડ ઉલ્લાસ જોયો. લાગરનાં પીળાં પ્રવાહી અણુઓ પ્યાલાની અંદર ઉમંગે ઘૂમતાં હતાં. બીજા ત્રણ મોટા ઘૂંટડા ગટગટાવી ગયો. સ્ફૂર્તિ અને મસ્તી વધ્યાં. એની દૃષ્ટિમાં મૂર્ત સૃષ્ટિ કંઈક અમૂર્ત સ્વરૂપ ધરવા લાગી. તેણે તે સ્ત્રીનો વિચાર મૂકી દીધો અને ઈશ્વરની માયારૂપ અપૂર્વ સ્ત્રીસૃષ્ટિનો અખંડ વિચાર શરૂ કર્યો. લાગરના બીજા ત્રણેક ઘૂંટડાથી લાગર પ્યાલામાં માત્ર નામશેષ જ રહ્યો. બારમેઈડ સુંદર હતી. નમણું હસીને કલ્યાણને તેણે પૂછ્યું :

"Another, Sir?"

કલ્યાણ ચમક્યો. અમૂર્ત સૃષ્ટિ મૂર્ત થઈ.

"No, thank you. But you have one on me." તેણે હસીને બારમેઈડને કહ્યું.

"No sir, thank you sir."

"તારું નામ?"

"પેગી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ આયરીશ ? ”

“ હા. કેમ જાણ્યું ? ”

“ જાદૂથી. ”

“ આપ ક્યાંના ? ”

“ ધાર. ”

“ નથી સમજાતું. ”

“ કામ ગમે છે ? ”

“ હાજી. ”

“ દેશ ગમે છે ? ”

“ નાજી. ”

“ લોકો ગમે છે ? ”

“ નાજી. ”

“ કેમ ? ”

“ આપ જાણો જ છો. તેઓ અમને ધિક્કારે છે, અમે તેમને ધિક્કારીએ છીએ. ” પેગી ભવાં ચડાવીને બોલી.

“ ધાર, કે તું કોઈ અંગ્રેજની સાથે પ્રેમમાં પડી, તો ? ”

“ અશક્ય. ”

“ ધાર, કે કોઈ અંગ્રેજ તારી સાથે પ્રેમમાં પડ્યો, તો ? ”

“ પડવા દઉં અને ખૂબ દુઃખી કરું. ”

“ ધાર, કે હું [illegible] પ્રેમમાં પડું, તો ? ”

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું ઘણી સુખી થઉં અને એની ખુશાલીમાં હાઉસ ઑફ કૉમન્સને બોમ્બથી ઉડાવી દઉં."

"પેગી! આના ઉપર તો એક બીજો લાગર થવા દે."

પેગીએ હસીને બીજો લગાર કલ્યાણને આપ્યો. પાંચેક મિનિટ સુધી કલ્યાણ મૂગો બેસી રહ્યો. પેગી બીજા ચારપાંચ જણાઓને પીણાં આપવામાં રોકાઈ. પાસેના ખૂણામાં ચારે જણ 'ડાટર્સ' રમતા હતા. તેમાંનો એક હિંદી હતો તે કલ્યાણને જોયા કરતો હતો. થોડી વારે તે કલ્યાણની નજીક આવ્યો. તે કાળો અને ઠીંગણો હતો.

"Hullo Sweetheart?" તેણે પેગીને કહ્યું. એટલું કહીને સહેજ કલ્યાણ તરફ નજર કરી. પેગીએ તેના તરફ લક્ષ ન આપ્યું.

"Say, Precious, how about giving me a bitter?"

પેગીએ બોલ્યા વગર એક બીટરનો પ્યાલો તેની નજીક ઠોક્યો. પેલો કલ્યાણ તરફ વળ્યો અને બીટર ગટગટાવી ગયો. પેગીએ પેલા તરફ તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકી અને ઉચ્ચાર્યું: "Four pence, please." પેલો પેગી તરફ હસીને જોઈ રહ્યો.

"Four pence, please and don't snare at me." પેગીએ કડક રીતે કહ્યું.

પેલાએ તુરત પૈસા આપ્યા અને કલ્યાણ તરફ ફર્યો.

"Worth it, isn't it?" તેણે કલ્યાણને કહ્યું. કલ્યાણ નિરુત્તર રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" Alright, stuckup. " એટલું કલ્યાણ તરફ ચિડાઈને બોલીને તે જતો રહ્યો.

" O, I hate that Indian. " પેગી કલ્યાણ તરફ ફરીને બોલી. પછી તેણે ઉમેર્યું: " He thinks I am cheap like him. "

" તું એને ઓળખે છે ? "

" હા. એક દિવસે તે મને બહાર લઈ ગયેલો. મારી સાથે બહુ જ ખરાબ રીતે વર્તેલો. પોતે કોઈક હિંદી રાજાનો ભત્રીજો કે એવો થાય છે એવું મને કહેલું. મોટી મોટી વાતો કરતો હતો પણ હતો કડકેબાલૂસ, પૈસેટકે તથા સભ્યતાએ. "

એટલું બોલીને પેગી અટકી ગઈ. કલ્યાણે નાણાં આપી જવા માંડ્યું.

" જાઓ છો, સાહેબ ! "

" હા. "

" ફરી મળો તેમ ઇચ્છું. "

કલ્યાણે હસીને તેને છ પેન્સ આપ્યા અને ચાલ્યો ગયો.

બહાર આવીને તેણે ઘડિયાળ તરફ જોયું તો એક વાગ્યો હતો. ઑફિસો તથા દુકાનોમાંથી અસંખ્ય માણસો લંચ ખાવા ઝડપભેર જતાં હતાં. દોડધામ અને ઝડપ છતાં અવાજનું નામ નહિ એવા ગતિમાન છતાં શાંત વાતાવરણમાં કલ્યાણના પગ આઈવી તરફ આગેકૂચ કરી રહ્યા હતા. હજી દોઢ વાગવાને અડધો કલાક બાકી હતો એટલે કલ્યાણને માનસિક ઉતાવળ છતાં પહોંચવાની ઉતાવળ નહોતી. અસંખ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવીઓને નિહાળતો નિહાળતો, તેમનાં હલનચલન અને મુખાકૃતિઓ ઉપરથી તેમનાં આંતરજીવનના અડસટ્ટા નિકાલતો નિકાલતો, પેલી કોણ હશે અને કેવી હશે તેના ચિત્રવિચિત્ર ચિત્તતરંગો ઉપર ચઢેલો તે આસ્તે કદમ પગ ખેંચે ત્યાં જાણે ખેંચાતો, હોય તેમ ચાલતો હતો. થોડીવારમાં તે ચેરીંગક્રોસથી શેફ્ટસબરી એવન્યુના છેડા આગળ કેંબ્રીજ સર્કસ આવી પહોંચ્યો બાજૂએથી વેસ્ટસ્ટ્રીટમાંથી આઇવી જવાના રસ્તે એક ઘરડી ફૂલ વેચનારીએ તેની તરફ જોઈ ઉચ્ચાર્યું :

"Buy some carnations, sir."

"Thank you. please give me those three." એમ કહી કલ્યાણે ત્રણ લાલ કાર્નેશન ખરીદ્યાં. બુઢ્ઢી રાજી થઈ. અને "Thank you" કહી કલ્યાણે આપેલો શિલિંગ ખિસ્સામાં મૂકયો.

આઇવી આગળ આવ્યો પણ હજી પાએક કલાક બાકી હતો એટલે એને થયું કે લાવ પાછી લટાર મારૂં. સેંટ માર્ટિન્સ લેન તરફથી એક સ્પોર્ટર્સ કાર તેના રસ્તા તરફ વળી. કારમાં એક સ્ત્રી હતી. કલ્યાણ ફૂટપાથ ઉપર હતો તેના ઉપર સ્ત્રીની નજર પડી નહિ. કલ્યાણે તેને જોઈ. નેટમાંથી એની સુંદર મુખાકૃતિ ઉપરથી કલ્યાણે તેને ઓળખી. પેલી જ હતી. હા, પેલી જ. કોણ હશે, કેવી હશે, કયાં રહેતી હશે એ સવાલોના પડઘા સાંભળતો કાર્નેશનને કંઈક સૂંઘીને ઝડપભેર કલ્યાણ આઇવી તરફ પાછો વળ્યો. પેલી સ્ત્રીને બાજૂએ કાર પાર્ક કરી તેણે આઇવીમાં દાખલ થતી જોઈ. બહાર ઊભેલા પોર્ટરે તે સ્ત્રીને વળીને નમન કર્યું. તે દાખલ થઈ પછી બેપાંચ મિનિટમાં ઉત્સાહભેર પગલે કલ્યાણ આઇવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ આવી ગયો. તેની વિચારસૃષ્ટિમાં પૉર્ટરના ગુડમોર્નિંગ અને નમને કંઈક ભંગાણ પાડ્યું, એવામાં જ તે દાખલ થયો, અને અંદર જઈને કંઈક થંભ્યો. પેલી સ્ત્રીની તેના તરફ પીઠ હતી અને પોતાની બેગના ચાટલામાં જોતી જોતી તે લીપસ્ટીક લગાડી રહી હતી. કોણ હશે, કેવી હશે, શો ઇરાદો હશે,એવી પ્રશ્નાવલિના તાનમાં તે પેલી મોહક સ્ત્રીની નજીક આવી પહોંચ્યો. બંનેએ પા અડધી ક્ષણ એકમેક તરફ જોયું. બંનેની આંખોમાં કંઈક આશ્ચર્ય, કંઈક મમતા, કંઈક તલસાટ એમ વિવિધ ભાવોનો એકરસ હતો.

કલ્યાણે હાથ લંબાવ્યો જે પેલીએ સત્કાર્યો, અને "Oh, good morning. Won't you sit down ?" એમ કહી કલ્યાણને બેસવા સૂચવ્યું. અને કલ્યાણ નમીને બેઠો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૭ મું - - - - - - - - 'માર્ની'

"દિલગીર છું કે મોડો પડ્યો."

"લગારે નહિ, તમે બરાબર વખતસર છો."

બંને જણાં સ્વસ્થ થઈને બેઠાં. કલ્યાણ તે મનોહર સ્ત્રીને થોડી વાર ધારીને જોઈ રહ્યો. જાળીવાળી સુંદર કાળી હેટમાં ત્રીસેક વર્ષની યુવાન સ્ત્રી ખૂબ જ આકર્ષક હતી. એની આંખમાં બુદ્ધિ ચમકતી હતી અને હોઠો ઉપર રસિકતા વ્યાપી રહી હતી.

"મારું નામ કલ્યાણ છે. આપનું નામ પૂછી શકું ?"

"માર્ની." એટલું મધુર ઉચ્ચારણ કરી તે મૃદુ હસી.

"ઘણું સુંદર નામ છે." એટલું બોલી કલ્યાણે સ્મિત કર્યું અને માર્નીને સિગારેટ ધરી. માર્નીએ સિગારેટ લીધી અને કલ્યાણે તેની તથા પોતાની સિગારેટ જલાવી.

"તમે શું કરો છો ?"

"દાક્તર થવાનો પ્રયત્ન કરું છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું લેખિકા છું."

"કેટલું સારું!"

"હમેશાં નહિ. કેટલીકવાર કંટાળો છૂટે."

"વાંચનારને કે લખનારને?" એટલું બોલી કલ્યાણ હસ્યો. માનીં પણ હસી અને સિગારેટની એક ફૂંક મારી.

"તમે આકર્ષક છો." તે હસીને બોલી.

"હું એમ ધારું છું, નહિ તો તમારા જેવી એક સુંદર યુવાન લેખિકા મને શું કરવા બોલાવે!" કલ્યાણ હસ્યો. તેના હાસ્યમાં આત્મવિશ્વાસ હતો.

"મને લાગે છે કે આપણે સારાં મિત્રો બનીશું." માનીંએ અભિપ્રાય ઉચ્ચાર્યો.

"તમે મને માન આપી રહ્યાં છો." કલ્યાણે વિવેક કર્યો.

"શું પીશો?"

"આપ જે પસંદ કરશો તે."

"પસંદગીની બાબતમાં તમે શું ઉદાસીન છો?" માનીંએ મશ્કરીમાં પૂછ્યું.

"પીવાની પસંદગીની બાબતમાં, મૈત્રીની બાબતમાં નહિ." એટલું બોલીને તેણે માનીંની આંખોમાં આંખો ભરી દીધી. માનીંને લાગ્યું કે આ ઘઉંવર્ણનો યુવાન જેટલો વિવેકી છે, તેટલો જ લંપટ છે. અનુભવી માનીંને જણાયું કે એ લંપટાઈમાં અસંસ્કારિતા અગર અસંયમી પશુત્વ નહોતું, પરંતુ સંસ્કારિતા, રસિકતા અને પુરુષત્વ હતું, માનીંએ આંખોથી હસીને કલ્યાણને મૂગો જવાબ વાળ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જમતી વખતે બંનેએ એકબીજાને સવાલો પૂછ્યા. એક-બીજાને જીવનમાં શું શું પ્રિય હતું અને શું શું અપ્રિય હતું, તે જાણ્યું. કલ્યાણને ખબર પડી કે માર્નીનો બાપ અંગ્રેજ હતો, મા ફ્રેંચ હતી. માર્ની નવા અને ઉદ્દામ વર્ગની લેખિકા હતી. જીવન તરફનું એનું દૃષ્ટિબિંદુ એક શોધક (Explorer)નું હતું.

માર્નીએ લંચ વખતે પીવા સારુ સુંદર કલેરે મંગાવ્યો. જમતાં જમતાં અને શરાબ પીતાં પીતાં ઉભયે વાર્તાના મૃદુ, શાંત, તોફાની અને ગંભીર પ્રવાહમાં વહ્યા કર્યું.

"ત્યારે તમારું—તમારા સાહિત્યનું. એકંદરે કયું દૃષ્ટિબિંદુ છે?" કલ્યાણે માર્નીના સાહિત્યને અનુલક્ષીને પૂછ્યું.

"કે જિંદગી અનેકવિધ છે, અનેકલક્ષી છે, અને તે પ્રત્યેકને ભિન્ન ભિન્ન દર્શન દે છે. જો ધ્યેય હોય, તો એક જ છે—એની અનંતતામાં રસદર્શન કરવું." માર્નીએ ગોળગોળ કહ્યું.

"પણ પોતાનું એવું એકકે દૃષ્ટિબિંદુ ધરાવ્યા વિના રસદર્શન સંભવે કેવી રીતે?" કલ્યાણે સામો પ્રશ્ન કર્યો.

"ખરી વાત છે, પણ જિંદગી પ્રતિક્ષણ સરે છે, વહે છે, એ જ્ઞાન વગર, એ નિશ્ચય વગર, દૃષ્ટિબિંદુ ધરાવવું એનો કંઈ અર્થ જ નથી."

"તમારા કહેવાનો અર્થ કંઈ એવો સમજું છું કે માનવ પોતે જિંદગીનું એક અંગ છે, અને..............." એટલું બોલી કલ્યાણ વિચારમાં પડી ગયો એટલે માર્નીએ તેનું વાક્ય નીચે પ્રમાણે પૂરું કર્યું:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તેનાં મંતવ્યો, દષ્ટિબિંદુઓ, ઇત્યાદિ, જિંદગીના યથાર્થ જ્ઞાન વગર નિરર્થક બની રહે છે. માનવ પોતે જીવનથી તટસ્થ નથી, જીવનની અંદર જ સંકળાયેલો છે."

કલ્યાણ માર્નીનો મોહક ચહેરો ઘડી જોઈ રહ્યો. એ ચમકતી આંખોમાં બુદ્ધિ ક્યાં છૂપાઈ હતી, તે શોધવા તેણે સ્થિર દૃષ્ટિ ફેંકી. નાના સરખા અણિયાળા નાક અને તેજદાર આંખોની પાછળ બુદ્ધિનું સ્વાતંત્ર્ય છુપાયેલું જોયું.

"કોણ જાણે! હું તો એટલું સમજું છું કે જિંદગી જે સ્વરૂપે દર્શન દે, તે સ્વરૂપે તેને ભજવી અને તેથી કૃતકૃત્ય થવું." કલ્યાણે શરાબનો ઘૂંટડો પીને ઉચ્ચાર્યું.

"ના તેમ નથી. એકલું દર્શન કરી તેમાં રાચવું, તેમાં મનુષ્યત્વ નથી, દર્શનનું રહસ્ય પોતે સમજીને પછી જિંદગીનો સત્કાર કરવો. એકલું દર્શન નહિ, પરંતુ દર્શનની પાછળનું રહસ્ય શોધવું એમાં સાચો રસાસ્વાદ છે." માર્નીએ હસતાં હસતાં કલેરેનો ઘૂંટડો પીધો.

"જિંદગીનું રહસ્ય શોધવાનું શીખવશો, તો ઉપકાર થશે" મશ્કરીમાં કલ્યાણે ફેંક્યું.

"હા, હા, હા, હા, હા. કોણ કોને શીખવી શકે! તું પોતે જ તને શીખવ." માર્નીએ તોફાન કર્યું.

"હું જ શિષ્ય અને હું જ શિક્ષક. એમ કરતાં શિખાયે નહિ ને શિખવાડાયે નહિ."

બંને હસી પડ્યાં.

"તું ઉસ્તાદ છે." માર્નીએ માયાથી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમારી બુદ્ધિથી ભડકું છું, દેખાવથી આકર્ષાઉં છું." કલ્યાણે સોગટું બેલ્યું.

"તને એમાંથી શું પસંદ છે?" માનીએ હસીને પૂછ્યું.

"તમારા દેખાવ."

"તું મારું અપમાન કરે છે."

"તમારા દેખાવનું નહિ, હરગીઝ નહિ."

"મારી બુદ્ધિનું ત્યારે."

"ના. અપમાનથી તે પર છે." કલ્યાણે બેઠી મશ્કરી કરી.

"તને વિવેકથી હાંસી કરતાં ઠીક આવડે છે." માનીએ કલ્યાણના હાથ ઉપર ટપલી મારી ચલાવ્યું.

"કારણ કે હાંસીથી હું વિવેક કરી શકતો નથી." કલ્યાણે તોફાન ચાલુ રાખ્યું અને માનીનો હાથ દબાવ્યો.

"તું ખરેખર ઘણો આકર્ષક ટળ્યો છે."

"એ પણ એક દૃષ્ટિબિંદુ, બીજું શું?" એટલું કહી કલ્યાણે માનીનો હાથ વધુ જોરથી દબાવ્યો.

"મને તારું દૃષ્ટિબિંદુ ગમે છે." એટલું બોલી માની કલ્યાણના હાથ તરફ જોઈ રહી. પછી પોતાનો બીજો હાથ કલ્યાણના હાથ ઉપર મૂકયો અને નાજુક ડોકી સહેજ તીરછી ફેંકીને તે હસી.

"એ એક જ દૃષ્ટિબિંદુ સર્વસામાન્ય છે." એટલું કહીને કલ્યાણે માનીનો બીજો હાથ પણ દાબ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જઈશું ?" માર્નીએ સૂચવ્યું.

"કોઈ વધારે સારી જગાએ." કલ્યાણે રસિક નિર્દેશ કર્યો.

બંનેએ આઈવી છોડયું, ત્યારે બપોરના ત્રણ વાગ્યા હતા. માર્ની ચેલ્સીમાં રહેતી હતી અને બંનેએ નક્કી કર્યું કે ત્યાંથી એમણે સીધાં જ માર્નીના ચેલ્સીના ફ્લેટ ઉપર જવું.

માર્નીનો ફ્લેટ સુંદર હતો. લેખિકાની રસવૃત્તિમાં કંઈક બેહૂદાપણું જણાતું. મોરક્કો, ઇજીપ્ત, સ્પેન, ઇરાન અને તદ્દન નવી ઢબની અંગ્રેજી તથા અમેરિકન ચીજોના સંમિશ્રણથી કલાચૂસ્તોને કંઈક આઘાત થાય, પરંતુ એની એકંદર અસર પ્રથમ દર્શને સારી જણાતી. માર્નીના ઉદ્દામ અને બૌદ્ધિક દૃષ્ટિબિંદુમાં સમતોલતા કરતાં સરસતા અને વૈવિધ્યને વધારે ઊંચું સ્થાન હતું. રસ્તામાં વાત કરતાં કલ્યાણને સમજાયું કે માર્ની એક ફ્રેંચમેનને પરણી હતી પણ ઘણા વખતથી બંનેએ છૂટા છેડા લીધા હતા. તેનો વર લેખક હતો, પણ માર્ની અને તેની વચ્ચે વિચારોનું અંતર ઘણું હતું. બુદ્ધિની વિસંવાદિતા ઉપરાંત પરિણિત જીવનમાં તેમને એ પણ સમજાયું કે શરીરની વિસંવાદિતા પણ ભારે હતી. એક બે વરસના લગ્ન પછી બંને સમજીને છૂટાં થયાં.

"તમારા પતિની સાથે ન બન્યું ?"

"ના."

"માનસિક ભૂમિકાઓ જુદી હશે, એમ માનું છું." કલ્યાણે કંઈક કુતૂહલવૃત્તિથી પૂછ્યું.

"કહેવું મુશ્કેલ છે. પણ વિચારો કે સ્વભાવની એકલી જુદાઈને લીધે એવું બને, તે માની શકતી નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મન અને શરીરને નિકટનો સંબંધ છે, એકના વલણ ઉપર બીજાનું વલણ છે."

"બનવાજોગ છે, હું તો જોકે એવા માણસથી ખેંચાઉં, કે જે કંઈક બાળક જેવો હોય, કંઈક જંગલી હોય, કંઈક સદ્‌ગૃહસ્થ હોય, અને ખૂબ આકર્ષક હોય."

"ઊંચું, શ્યામ, દેખાવડું જનાવર આપ ઇચ્છો છો, એમ જ ને ?"

બંને હસી પડયાં. વાતો કરતાં કરતાં અને કૉફી પીતાં પીતાં માર્નીએ પોતાનાં લખાણો બતાવ્યાં. લખાણો ઘણાં હતાં. તેનો એકંદર "સંદેશો" કલ્યાણને સમજાતો નહોતો.

"તમે તમારા વાંચકોને શું કહેવા માગો છો ?" તેણે માર્નીને પૂછ્યું.

"કે જિંદગીને આપણે પકડવા જઈએ, તો તે આપણાથી સંતાતી ફરે છે. માત્ર બુદ્ધિથી આપણે કંઈ જ સમજી શકતા નથી. જ્ઞાન માટે બુદ્ધિ એકલી જ પૂરતી નથી, અને જ્ઞાનતંતુઓના સંદેશા જ સનાતન છે."

"તમે તો કંઈ ઘણું જ કહેવા ધારો છો !" કલ્યાણે હસીને જણાવ્યું.

"તમે સમજી શકો, તે પૂરતું." માર્નીએ સામી મશ્કરી કરી.

"મારાં જ્ઞાનતંતુઓને હું હંમેશાં સમજું છું, સન્નારિ !"

કલ્યાણના સ્પષ્ટ ઉત્તરથી માર્ની હસી પડી. હસીને ઉભય થોડી વાર મૂંગાં થઈ ગવાં, અને એકમેક તરફ ધારીને જોઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહ્યાં. જે ચીજ મોંએથી નહોતી રજૂ થઈ, તે ચીજ આંખોથી રજૂ થઈ. થોડીવાર એ દૃષ્ટિ ચાલુ રહી.

"મને લાગે છે કે હું તારા પ્રેમમાં પડી છું." માનીએ સીધી વાત કરી.

"ખાતરી છે?"

"જ્ઞાનતંતુઓ ગફલત ન કરે."

"તો પાસે આવો ને જ્ઞાનતંતુઓને નિખાલસ ભાવ ભજવવા દો."

માની કલ્યાણની ખૂબ નજીક આવી. કલ્યાણના વિશાળ બાહુએ માનીના દેહને વીંટી લીધો.

"કેમ લાગે છે હવે?" તેણે માનીને પૂછ્યું.

"બોલીશ મા. મને દાબી દે."

કલ્યાણે તેને ઉમળકે વધાવી. ક્ષણમાં માનીના સુંદર હોઠ કલ્યાણ તરફ વળ્યા. હોઠ સૂકા અને તરસ્યા હતા એવો સંદેશો માનીની અસહાય આંખોએ કલ્યાણને પહોંચાડ્યો. કલ્યાણે વગર આનાકાનીએ માનીના હોઠની તૃષા છિપાવી. કલ્યાણના જ્ઞાનતંતુઓએ તેને સમજાયું કે આ સ્ત્રીનું શરીર ભૂખ્યું હતું. એને એમ પણ સમજાવ્યું કે હીલ્ડાના ચુંબનમાં ને માનીના ચુંબનમાં ફેર હતો. એણે એ પણ અનુભવ્યું કે એ બંનેના દેહમાંથી ઉદ્ભવતી ઉષ્માના પ્રકાર પણ જુદા હતા અને બંનેના આશ્લેષમાંથી નિર્ઝરતો સૂક્ષ્મ મદનરસ પણ ભિન્ન હતો.

આશ્લેષમાંથી બંને છૂટાં પડ્યાં, ત્યારે કલ્યાણને અને માનીને લાગ્યું કે એમનાં બંનેનાં શરીરની સંવાદિતા હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બુદ્ધિની તારી ભ્રાંતિ બાદ કરતાં તું અલૌકિક છે." કલ્યાણે માર્ની તરફ જોઈને કહ્યું.

"તને સ્વાધીન બનું, એવું અંતરથી લાગે છે."

"તો તું સુખી થઈશ."

"મારા માલિક! તારી આશિષ બદલ આભારી."

"બુદ્ધિ એ ભ્રાંતિ છે."

"કબૂલ."

"તારા જેવી સુંદર સ્ત્રીએ એવી ભ્રાંતિને વશ ન થવું. તારું બદન, તારી વિદ્યુતના ચમકારા જેવી મોહિની, એટલું જ સત્ય છે."

"કબૂલ."

"તારે તારા માલિકને વશ રહેવું અને તેથી સુરક્ષિત બનવું."

"કબૂલ."

"જે સ્ત્રીઓ સુરક્ષિત નથી, જેમને પુરુષ રક્ષક નથી, તે સ્ત્રીઓ બુદ્ધિરૂપી અંધારામાં બાચકા ભરે છે. બુદ્ધિનો વિષય ફક્ત પુરુષનો જ માની લઈ સ્ત્રીઓએ સુખી થવું."

"કબૂલ."

"પુરુષને બુદ્ધિની જરૂર છે કેમકે તેની લાગણીનો વિકાસ ઘણો ઓછો થયેલો છે અને તે બાબતમાં તેનો વિકાસ સ્ત્રીના વિકાસથી ઘણો પાછળ છે."

મૃદુ હસતી માર્ની કલ્યાણને ધારીને જોઈ રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા. તું સુંદર, રસિક, મોહક સ્ત્રી છે. તારું સંતર્પણ બુદ્ધિદ્વારા હોઈ ન શકે. તું સાક્ષાત પ્રકૃતિ છે. તું ભોગ્યા છે અને તારું સંતર્પણ ભોગથી છે. તું મહામાયા છે, તું નાડીગ્રંથીઓ છે, ઊર્મિઓ છે, લાગણીઓ છે, આનંદ છે, શોક છે, અને તારા ભૌતિક તનનું પ્રત્યેક અણુ દૈવી છે."

કલ્યાણની આંખો ઊંડી જતી હતી.

ભાવભીની માનીં કલ્યાણની કોટે વળગી પડી, કલ્યાણની આંખોમાં આંખો ભરીને તે જોઈ રહી.

"કેટલું સત્ય છે! તને ચાહું છું માટે તે સત્ય છે કે તે સત્ય છે માટે તને ચાહું છું!" માનીંએ કોયડો રજૂ કર્યો.

"માનીં! પ્રેમ એ એક જ સત્ય છે અને તેના વગરની બીજી ઘડભાંગ નિરર્થક છે. હૃદયમાં જ્યારે પ્રેમ ભર્યો હોય છે, ત્યારે જ સત્ય સાંપડે છે." કલ્યાણે ફિલસૂફી કરી.

"ચર્ચા કરવાનું મન જ થતું નથી, કેમકે તે નિરુપયોગી છે. ચર્ચા બુદ્ધિનો વિષય છે અને તેને હું મગજથી નથી વિચારતી, હૃદયથી અનુભવું છું. કલ્યાણ! તું જાણે મારું આખુંયે હૃદય ભરીને રહ્યો છે!"

"હા માનીં, સુખ એ અનુભવનો વિષય છે, તર્કનો નથી."

"એટલું કહી કલ્યાણ ઊભો થયો અને ઓરડામાં આંટા મારવા લાગ્યો. માનીંને લાગ્યું કે મનુષ્યશરીરમાં એક સુંદર વ્યાઘ્ર છટાથી ફરતો હતો! કલ્યાણના અંગેઅંગમાંથી પુરુષત્વ ઝરતું, અને એના સ્નાયુઓમાં જાણે શિલ્પીનું સઘળું કલાકૌશલ દીપી ઊઠતું. પાતળો, ઊંચો, સુબદ્ધ, કલ્યાણ મેંટલપીસ આગળ આવીને ઊભો, ત્યારે એના મોહક વદનને અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનોહર વાળને માનીં એકીટસે જોઈ રહી. એની સુંદર આંખો, માની, ઘેની, ભરેલી અને મદઝરતી જણાઈ. એ સમગ્ર ચિત્ર નિહાળીને માનીંની પીન છતાં કોમળ છાતીમાં કોઇ અકથ્ય ઝણઝણાટી ઊપજી. માનીંની સુષુપ્ત અને વિષય-ભૂખી રસવૃત્તિ કલ્યાણની કાળી કીકીઓમાંથી ફુટતા મદનથી સતેજ થઈ અને એની છાતી અને ઉદરમાં પ્રેમ પ્રકટ્યો. કલ્યાણના મદપ્રચુર હોઠ ચૂમી લેવાની ઇચ્છા ઉત્કટ બની અને અંતરમાં એણે એવો નાદ સાંભળ્યો કે 'એની બાહુની ચૂડમાં મદનથી તૂટતું તારું શરીર સમર્પી દે.' અસહાય અબળા કલ્યાણની નજીક આવી. કલ્યાણનો મરોડદાર હોઠ અને ઘેની આંખો જોઈ તે ઘડી થંભી ગઈ. ભાવાવેશમાં આવી જઈ એણે કલ્યાણને પોતાના સુંદર હોઠ સમર્પ્યા. તે ચુંબનથી કલ્યાણ સમજ્યો કે માનીંમાં અસાધારણ સ્ત્રૈણ હતું, માનીંના હૃદયમાં તે પ્રવેશી ચૂક્યો હતો. એક ક્ષણ બંનેના હૃદયના ધબકારા સાથે વાગ્યા, બંનેની ઇચ્છાઓ એક બની ગઇ અને બંને એકી સાથે વિચાર કર્યો કે મનુષ્યની સમગ્ર જિંદગી એકંદરે તો રાખ છે અને તે રાખમાં હૃદયના સ્પર્શનો એક અંગારો છૂપો પડ્યો છે. તે અંગારાને બુદ્ધિ બુઝાવી નાખે તે પહેલાં પ્રેમનો પ્રાણવાયુ તેના ઉપર ફુંકી તેને સજીવ રાખવા પ્રયત્ન કરવો. અંતરના અણદમ આવેગથી કલ્યાણે માનીંને બાહુચૂડમાં ભીડી, અને જ્યારે તેણે તેની આંખો, હોઠ, કપાળ, માથું, ગાલ તથા ગળું અનુભવ્યાં, ત્યારે માનીંને લાગ્યું કે પોતે કેવળ સ્ત્રી મટી જઈ શક્તિ બની હતી, અને એને પોતાનો સાચો ઉપાસક લાધ્યો હતો. હર્ષથી ઉન્માદ થયો અને ઉન્માદથી અશ્રુ સરી પડયાં.

"પ્રેમનિધિ!" એટલું બોલી તેણે કલ્યાણના હોઠે બચકું ભર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના આખાયે શરીરને ઉપાડીને કલ્યાણે ડાઇવેન ઉપર મૂકયું અને કાંત અને કાંતાનાં હૃદયો એકમેક ઉપર એકાંતમાં ઢલવાયાં. બંનેને લાગ્યું કે જાણે તેઓ જન્મેજન્મનાં સાથી હતાં. કલ્યાણને જીવનમાં પહેલી જ વખત સમજાયું કે શરીરની લાલસાથી ઉપજતો પ્રેમ અને પ્રેમથી ઉપજતી શરીરની લાલસા એ બંને વચ્ચે કંઈક સૂક્ષ્મ ફેર છે. માર્ની શરીરે સુંદર હતી પણ માર્ની તરફનું એનું આકર્ષણ શરીરના આકર્ષણની પારની કોઈ ગતજન્મની જાણે આસકિત હતી! શરીરથી સંતોષ પામીને પણ એ પ્રેમ ઓસરતો નહોતો. એ પ્રેમમાં એને નવું દષ્ટિબિંદુ લાધ્યું. એ પ્રેમમાં આત્મદર્શન થયું. એને સમજાયું કે શરીરની પારની કોઈ રતિ છે અને એ રતિ જ્ઞાનતંતુઓ ઉપરાંત કંઈક સંતોષે છે. એનું ભાન જો કે શરીરદ્વારા જ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૮ મું - - - ' હીલ્ડાનો વિષાદ '

કલ્યાણને લંડનમાં વસતાં વસતાં દિવસો વીત્યે ગયા. દિવસોના મહિનાઓ થયા. માર્નીના સંબંધ પછી કલ્યાણ હીલ્ડા તરફ પૂરું ધ્યાન આપી શક્યો નહિ. હીલ્ડાને અઠવાડિયે એકાદ વાર મળતો. હીલ્ડા ચિડાતી, ગુસ્સે થતી, કોઈકવાર રડી દેતી. એક દિવસ સાંજના બંને રોમાનો હોટેલના બારમાં બેઠાં હતાં, ત્યાં હીલ્ડાએ વાત છેડી.

" કેલી ! આપણને એકબીજાને મળ્યે લગભગ છ માસ થઈ ગયા ! "

" હા. વખતને તો જાણે પાંખો હોય છે." બેદરકારીથી કલ્યાણે કહ્યું.

" હમણાં હમણાંનો તું ખૂબ બદલાઈ ગયો છે. "

" હોય, તે પણ જીવનનો એક ક્રમ છે. "

" તને મારે માટે પહેલાં જેવું કંઈ હોય, તેવું હું માનતી નથી." હીલ્ડાએ ધીરા અને ગદ્દગદ સ્વરે કહ્યું.

" ગાંડી થા મા. તું મને પસંદ છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હીલ્ડાની આંખમાંથી એકએ આંસુ સરી પડ્યાં.

"તારી પર મને પ્રેમ છે, કેલી! યાદ છે તે સાંજે માર્ટીનેઝમાં તેં કહેલું તે? તે હું કદી ભૂલવાની નથી."

"તે તે કંઈ ભુલાય! હીલ્ડા, આપણે શું નિકટનાં મિત્રો નથી?" કલ્યાણે વાળી લેતાં કહ્યું.

"વાતમાં કંઈ માલ નથી, કેલી. મને એમ થયા કરે છે કે હું તારી અને કોઈ બીજી વ્યક્તિની વચ્ચે અંતરાય છું. તારે ગળે જાણે એક ઘંટીનું પડ છું! અસ્પષ્ટ વાત કરવામાં કંઈ સાર નથી, કેલી. હું સમજું છું કે હવે તું મારા પ્રેમમાં નથી. તું વિવેકી, સાલસ, અને સારો થવા પ્રમાણિકપણે મથે છે તેટલું જ." હીલ્ડાએ આંખો લૂછતાં અને સ્વસ્થ થતાં કહ્યું.

"ત્યારે બીજો હું થઈ શું શકું, તે જણાવ." કલ્યાણે નાખુશીથી કહ્યું.

"એમ વાત છે. બસ. જે સ્ત્રીએ તને સર્વસ્વ આપ્યું તેને તારે આટલું જ આપવાનું! કેલી મને હંમેશાં આનો ખ્યાલ જ હતો!"

"હીલ્ડા! પ્રભુની ખાતર મને એમ ટોક નહિ. હું બધું સમજું છું. પ્રેમીજન ન હોવા છતાં પણ આપણે મિત્રો રહી શકીએ છીએ."

"ના. સીધી વાત કરું. તારી સાથે પ્રેમમાં ન હોઉં, તો તારી મિત્ર ન હોઈ શકું. હું તને ચાહું છું, અને જોકે હવે આપણે છૂટા પડવાની અણિ ઉપર છીએ, તોપણ એટલું કહું કે હું તને હંમેશ ચાહીશ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હીલ્ડા! મારે તને એક વાત કરવાની છે. તારે મને હવે છોડવો પડશે."

"હા, હું સમજું છું. બીજી સ્ત્રી છે." હીલ્ડાના અવાજમાં ઠંડાઈ હતી, વિરાગ હતો, કરુણા હતી, ઉદ્વેગ હતો.

"હા, હીલ્ડા! તે મને ચાહે છે."

"હા, અમે બંને તને ચાહિએ છીએ."

"છતાં કંઈક ફેર છે."

"તું એને પસંદ કરે છે?" હીલ્ડાએ કંઈક ધિઃક્કારથી કહ્યું.

"મારી વૃત્તિઓ, બુદ્ધિ નહિ."

જે ચીજ હીલ્ડા ઘણા વખતથી અંતરમાં સમજતી, તે ચીજ કલ્યાણના મોંએથી સાંભળતાં તેને આઘાત થયો. એનું હૈયું ચિરાતું લાગ્યું. એને સ્પષ્ટ થયું કે કલ્યાણ હવે તેનો મટી ગયો હતો. એની સાથેનો સંબંધ હવે ભૂતકાળનું સ્વપ્ન હતું. એનો પ્રેમ હવે દુઃખદ હતો. હીલ્ડાને હવે કલ્યાણ વગર જીવવાનું હતું. કલ્યાણને બીજી સ્ત્રી હતી. હીલ્ડા હવે એકલી હતી, અટૂલી હતી, ભગ્નહૃદયા હતી.

આવા આવા વિચારોમાં ગરકાવ થઈ ગયેલી હીલ્ડાને જોઈને કલ્યાણનું હૃદય દુઃખી થયું. એણે હીલ્ડાનો હાથ પકડ્યો.

"હીલ્ડા! સમજુ છે, તો સહૃદય થા. શા માટે ઓછું આણે છે!"

હીલ્ડાએ હાથ ખેંચી લીધો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા, મારે સમજવું ઘટે તે વાત ખરી, પણ કેલી, તું શીદ આટલો મૂંઝાય છે!" તે મગરૂરીથી બોલી.

"મિત્ર છું તેથી." કલ્યાણે મીઠાશથી કહ્યું.

"મૈત્રી માટે આભારી છું. હા, ઘણી જ આભારી છું. કોકવાર ફોન જરૂર કરજે, જો મન થાય તો." હીલ્ડાએ ઠંડો આવકાર આપ્યો.

"અઠવાડિયે એકવાર તને જરૂર ફોન કરીશ."

"તને મળવાનું વચન જો કે હું આપતી નથી."

"તને ફુરસદ હોય તોયે?" કલ્યાણે હસીને પૂછ્યું.

"અત્યારથી શુ જાણું?" હીલ્ડાએ શાંતિથી કહ્યું.

"તું ખફા તો નથી ને, હીલ્ડા?"

"ખફા નથી. ઉદાસીન છું."

"ક્યારથી?"

"તેં સ્પષ્ટ કર્યું ત્યારથી."

"એમ તે હોય, હીલ્ડા?"

"હા, કેલી."

"તું મને ખૂબ જ પ્રિય છે."

"આભાર માનું છું."

"આવતે અઠવાડિયે મળીશું?"

"ના. તેમ કરવું ઠીક નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેમ ?"

"તારામાંથી મારે મન કાઢી નાખવું છે."

"મિત્ર તરીકે પણ !"

"અરે કેલી ! નકામી તે શી વાતો ! લે, હું હવે જાઉં છું." એટલું કહી હીલ્ડા ઊભી થઈ. એના વર્તનમાં નિરાશા અને દુઃખની બેપરવાઈ હતી. કલ્યાણ પણ ઊભો થયો. બંને જણાં બારની બહાર આવ્યાં.

"તું ક્યાં જાય છે, હીલ્ડા ?"

"જ્યાં મન લઈ જાય ત્યાં."

"મારી સાથે આજ જમ ને !"

"આજ સાંજે તું પેલીને મળવાનો નથી, તેથી વારુ ?" હીલ્ડાના શબ્દોમાં કરડાકી હતી.

"આજની સાંજ મેં તારી સાથે જ ગાળવાનું નક્કી કરેલું. ચાલ આપણે 'મેકસીમ્સ'માં જઈ ચાઈનીસ ખાણું ખાઈએ, અને નાચીએ."

"દિલગીર છું ! કેલી, ચાલ, આવજે, 'ગુડ બાય.' 'ગુડ લક.' આવજે."

હીલ્ડાએ હાથ લંબાવ્યો. ચુંબનથી ટેવાયેલો કલ્યાણ સહેજ ખંચકાયો. ધૈર્ય એકઠું કરીને ચુંબન કરવા ગયો પણ હીલ્ડાએ માથું ફેરવી દીધું. કલ્યાણે ખિન્નતાથી, દુઃખથી, વિષાદથી, હીલ્ડાનો હાથ જોરથી પકડ્યો, જોરથી દબાવ્યો એની ભીની આંખ હીલ્ડાએ જોઈ અને આત્મસંયમ ગુમાવ્યો. કલ્યાણ તરફનો ઉમળકો ઊંછળી આવ્યો, આંસુની ધારા ચાલી. કલ્યાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ દૃશ્ય જોયું. પાસેના અંડરગ્રાઉન્ડ તરફ હીલ્ડાને તે દોરી ગયો અંડરગ્રાઉન્ડના ખૂણામાં તેણે તેને હૃદય સાથે ચાંપી, ચૂમી અને પંપાળી.

"ફેલી, ! હવે તારી ખબર કોણ રાખશે ?" અસહાય યુવતી રડતી રડતી બોલી.

"હીલ્ડા, મને વચન આપ કે તું મારી મિત્ર રહેશે." કલ્યાણે ગદ્‌ગદ કંઠે કહ્યું.

"ફેલી, હું તો તને ચાહું છું."

"તો જરૂર મને ચાહ્યા કરજે અને ભૂલતી મા."

"ફેલી ! તું શું બોલી રહ્યો છે !"

"હીલ્ડા ! હું બે સ્ત્રીઓને સાથે ચાહી શકું ?"

"ના."

"તને ખબર નથી. મને પણ ખબર નથી."

"ફેલી ! તું વિચિત્ર છે !"

"હું તને આવતે અઠવાડિયે ફોન કરીશ."

"દરમિયાન, સંભાળજે."

"ઠીક, હીલ્ડા."

બંને છૂટાં પડયાં. કલ્યાણનું માથું ઘૂમતું હતું. હીલ્ડા કેટલી ભલી, વહાલસોઈ હતી ! છતાં, માર્નીં એનું સર્વસ્વ હતું. માર્નીં એનામાં ઓતપ્રોત હતી. માર્નીંની સાથે અન્ય સ્ત્રી કેમ ભાગ પડાવી શકે ? પોતે અત્યારે એકલો હતો. માર્નીં ફ્લેટ ઉપર હશે. એનો મિત્ર એને મળવા આવવાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો. નવી નવલકથાના સર્જનની ચર્ચા કરતી હશે. લાવ ફોન કરું. એને બોલાવું. આમ વિચાર કરતા કલ્યાણે ટ્રફાલ્ગર સ્કવેરના અંડરગ્રાઉન્ડમાંથી માર્નીને ફોન કરવા ડાયલ ફેરવ્યું.

"હલો, માર્ની."

"હા, ડાર્લિંગ, હું માર્ની."

"પેલાની સાથે તું શું કરે છે?"

"પેલો મને પ્રેમ કરવા માગે છે. હું એને કહી રહી છું કે હું જેને ચાહું છું, તે જ મારો માલિક છે." માર્નીએ હસીને કહેવા માંડ્યું.

"જુઠ્ઠી."

"ના, સાચી છું."

"તો અડધા કલાકમાં અહીં ચાલી આવ. મને 'મેક્સીમ્સ'માં મળ. જમીશું ને નાચીશું."

"પણ આ મારો દોસ્ત હજી અડધા જ કલાકથી આવેલો છે!"

"તેને રુખસદ આપી દે."

"વહાલા! લગાર સમજ તો ખરો. વારુ, એને સાથે લેતી આવું? એને પણ તને મળવું છે."

"ઠીક લાવજે. પણ જલદી કર. હું એકલો છું, ઉદાસ છું, ખિન્ન છું."

"શું થયું? તને મળવા પેલી શું ન આવી?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આવી. મેં તેને બધું સ્પષ્ટ કર્યું."

"એમ! કેવું સારું! ત્યારે હવે તું આખો જ મારો પોતાનો રહેવાનો! હા......શ." માર્ની ખૂબ ઉમંગમાં આવી ગઈ.

"બંધ કર ચાળાચટકા ને આવ જલદી. બહુ રાહ ન જોવડાવીશ, નિકર મારીશ."

"અડધા જ કલાકમાં, જિગર!"

"રિસીવરો મૂકાઈ ગયાં. વીસેક મિનિટ ગાળવા કલ્યાણ પાસેના બારમાં ગયો અને લાગર મંગાવીને પીવા લાગ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૯ મું - - - - 'એલેક'

બરાબર અડધા કલાક પછી કલ્યાણ 'મેકસીમ્સ'માં આવ્યો ત્યારે માર્ની અને તેનો મિત્ર તેની રાહ જોતાં બેઠાં હતાં.

"આપ ઘણા મોડા પડયા, મહેરબાન!"

"માર્ની! દિલગીર છું."

"કલ્યાણ, આ મારો મિત્ર એલેક મોલીસન, જાણીતો નવલકથાકાર. એના વિષે તેં ઘણું સાંભળ્યું છે. અને એલેક! આ મારો દોસ્ત ડૉકટર કલ્યાણ?"

એલેક અને કલ્યાણે સામસામો વિવેક કર્યો.

"માર્ની તરફથી તમારે વિષે ઘણું જાણવા મળ્યું છે." એલેકે વાત શરૂ કરી.

"બીજો ખબરપત્રી હું કલ્પી શકતો જ નથી."

"અને જણાવું કે માર્ની મને પ્રેમ કરવા દેતી નથી. હમણાં હમણાંની તે લાગણીઘેલી અને ચક્રમ થઈ ગઈ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દિલગીર છું." કલ્યાણે ટૂંકમાં પતાવ્યું. ઍલેક અટકે તેમ નહોતું.

"એમ કહ્યે કંઈ નહિ વળે. જવાબદાર તમે છો. તમારો પડછાયો નહોતો, ત્યાં સુધી કંઈ નહોતું. તમારી અસરનું ઝેર તેની કલામાં પેઠું છે. એના મિત્રોનું ચાલે, તો તમને જીવતા દફનાવી દે."

"પણ મિત્રોનું ચાલતું નથી અને માર્ની મને જિવાડે છે, એટલે થાય શું?" કલ્યાણે સામી મશ્કરી કરી. મોલીસનને સમજાયું કે આ વ્યક્તિમાં અખૂટ આત્મવિશ્વાસ હતો અને વ્યક્તિત્વ હતું. માર્નીએ કલ્યાણના ગાલે ટપલી મારી, કલ્યાણે માર્નીનો હાથ પંપાળ્યો.

મેકસીમ્સનું સ્વાદિષ્ટ ચાઇનીસ ખાણું આવ્યું. ચોપસૂઈ, ચાઉમીન, વઘારેલો ભાત, વગેરે ટેબલ ઉપર આવ્યાં. માર્ની ચિનાઈ ખાણાની ઘણી શોખીન હતી અને કલ્યાણ અને માર્ની જુદાં જુદાં ચિનાઈ રેસ્ટોરામાં વારંવાર જતાં. માર્નીને ચીનની શાંત, સૌમ્ય, ગહન સંસ્કારિતાનું દર્શન એની વાનગીઓમાં થતું. બંને જણાં ચીનાઓની માફક લાકડાની સળીઓથી ખાવાને ટેવાઈ ગયાં હતાં અને એ પ્રમાણે વેઇટરે સળીઓ લાવીને મૂકી. કલ્યાણને અને માર્નીને ચિનાઈ ખાણાની સાથે, કોઈ વિચિત્ર રીતે, લાલ બર્ગંડી શરાબ પસંદ પડતો, અને એ નિયમ પ્રમાણે લાલ બર્ગંડી ટેબલ ઉપર આવી. એટલામાં થોડી વાર સારુ કલ્યાણ ઊઠીને બહાર ગયો અને માર્ની અને ઍલેક એકલાં પડ્યાં.

"છોકરડો સારો છે, દેખાવડો છે, માર્ની!"

"એ તો સ્વર્ગનો ફિરસ્તો છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વાહરે વાહ! છેલબટાઉ ભમતી ભામિની મટી, તું કંઈ એક પિયુવ્રતા જેવું બકે છે!"

"એલેક! જિંદગીમાં પહેલી જ વાર અનેકમાં વિસ્તૃત પ્રેમ એકમાં કેંદ્રિત કરી મેં અનેરો લહાવો માણ્યો છે. એલેક! હું આજે સુખી છું, પ્રેમમાં છું, સંતૃપ્ત છું."

"મોંકાણના પેગામ! મધ્યસવર્ગની કોઈ મૂરખી જેવો તારો લેભાગુ લવારો છે." એલેકે ચિડાઈને કહ્યું.

"એલેકજી! આપણે કહેવાતા બુદ્ધિવાદીઓ, ખરું પૂછો તો, મહામૂર્ખો છીએ. અલ્યા ભાઈ, આપણી લાગણીઓ તે કંઈ આપણા ક્ષુદ્ર વાદફાદોની દાસીઓ છે શું? લાગણીઓનો ઇન્કાર તેનું નામ બૌદ્ધિક જડતા. અલ્યા ગાંડિયા, લાગણીઓ જીવતીજોધ પડી છે, વાદફાદો મનનાં ભૂત છે." માર્નીએ એલેકને ઉપાડચો.

"અક્કલની અધૂરી! લાગણીઓ, ભાવો વગેરે અણુ-પરમાણુઓના સમવાયરૂપ શરીરનો માત્ર પરાપૂર્વનો સ્વભાવ છે, ટેવ છે, કંઈ ધર્મ નથી. મધ્યયુગી માનસની પ્રતીકરૂપ તું સમજતી નથી કે લાગણી, પ્રેમ, ભક્તિ, ભાવના, વફાદારી વગેરે બધાં મંછાભૂતો ને શંકાડાકણો છે. મૂડીવાદી સૃષ્ટિ ગંધર્વનગર છે. તેના પાયાઓ સરી જતી રેતી ઉપર છે. ઘેલી સાદા! જણાવું કે તારા અંતરમાં મૂડીવાદીયુગનાં અંધારાં ભર્યાં છે. તું વહેમી છે, ભયવ્યાકુળ છે. મૂડીવાદી ફિલસૂફીનું અજીર્ણ તને હજી ઊતર્યું નથી." એલેક ઊકળીને બોલ્યો. એનાં જુલફાં હવામાં ઊડી રહ્યાં અને ઢીલી બાંધેલી લાલ ટાઈના છેડાઓ હાલતી ડોકની સાથે સંવાદિતા સાધી રહ્યા. પાંત્રીસેકનો આ ઉદ્દામવાદી લેખક ઝનૂનથી બોલતો, ત્યારે આકર્ષક લાગતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક, ભાઈ, ઠીક. જે છું તે. મને એટલી જ ખબર છે કે હું મારી લાગણીઓને પિછાનું છું, તેમને પ્રમાણિક છું. મારે એનો વિરોધ કરવો નથી, ભલે તમે લોકો તેમને ફાવે તેવી રીતે ઓળખાવો. હા, ભાઈ, હા, હું મધ્યયુગી, વહેમી, ઢીલગંડી, જડ, ઉત્ક્રાંતિવિમુખ, જે કહે તે. પણ મને ખાતરી છે કે આપણી બુદ્ધિવાદી જડતાના પાયા સરી જતી રેતી ઉપર રચાયા છે. હું એવા તર્કપ્રધાન જડબુદ્ધિવાદની વિરોધી છું." માર્નીએ એટલા જ આવેશથી કહ્યું.

"તું બુદ્ધિનો, ઉત્ક્રાંતિનો, વિરોધ કરી રહી છે. તું બુદ્ધિકવાદનું સત્યાનાશ કાઢવા બેઠી છે. તું પ્રગતિની શત્રુ છે. ખરેખર તારી વાણી એક મધ્યમ વર્ગની મૂર્ખ સ્ત્રીની વાણી લાગે છે." એલેકના શબ્દોમા ઉદ્દામવાદી આવેશ હતો, ઝનૂન હતું.

"એલેકભાઈ, ના. તેમ નથી. હું મધ્યમવર્ગી મૂર્ખ સ્ત્રી નથી, જડ નથી. હું નીતિની વિરોધી પણ નથી, તરફદાર પણ નથી. સીધી, સાદી, સરળ, લાગણીઓ ધરાવતી એક પ્રમાણિક સ્ત્રી છું." માર્નીએ એલેકના શબ્દો ગણકાર્યા વગર સ્પષ્ટ વાત કરી.

આમ વાતો ચાલતી હતી, ત્યાં કલ્યાણ આવી પહોંચ્યો. ત્રણે જણે જમવાનું શરૂ કર્યું.

"ક્રીમ!" માર્ની કલ્યાણને લાડમાં 'ક્રીમ' કહેતી.

"હં!" કલ્યાણે માર્ની તરફ જોયું.

"માનું છું કે એલેકની કેટલીક નવલકથાઓ તેં વાંચી હશે."

"તેં મને એક આપી હતી, તે યાદ છે—'કરોળિયો.'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તમે તે વાંચી છે? કેવી લાગી?"

"મેં તે આખી નથી વાંચી. ધીરજ ખૂટે તેવું હતું એમ કહું, તો તમે માઠું ન લગાડશો."

"હં. લગભગ બધા જ એવું કહે છે. કોણ જાણે કેમ? ખરું કહું ડૉકટર! હું તેમનું કહેવું માનતો નથી." એલેકે મજાકમાં કહ્યું.

"તમારો 'કરોળિયો' થોડો વાંચ્યા પછી મને ખાતરી થઈ કે કશું પણ માનવાની તમે શક્તિ ધરાવતા નથી." કલ્યાણે સામી મજાક કરી. માર્ની હસી અને એલેકના મોં ઉપર લગાર ચીડ જેવું લાગ્યું.

"બરાબર, બિરાદર બરાબર, બબૂચકો તથા મૂર્ખજનો જે માનવાની શક્તિ ધરાવે છે, તે મારામાં નથી."

"રહેવા દે એલેક. ફીમ બરાબર કહે છે. બબૂચકો અને મૂર્ખજનોની વાત ન કર. તેમને માટે માનવું, ન માનવું બધું સરખું છે." માર્નીએ સૂક્ષ્મ રીતે કલ્યાણનો બચાવ કર્યો.

"જેઓ મારો 'કરોળિયો' સમજી શકતા નથી, તેઓ મારો 'માકણ' તો ક્યાંથી જ સમજી શકે! અને એવી જ દશા મારા 'મચ્છર'ની, 'કીડા'ની." એલેકે કંઈક બેપરવાઈથી, કંઈક ઘૃણાથી કહ્યું. પછી પોતે જ સૂચક રીતે ઉમેર્યું: "ના જ ગમે, એ તો કરડે, ચટકે."

"કરોળિયા, માકણ, મચ્છર, એ બધા તરફ મનુષ્ય લોકો સહૃદયતા ન ધરાવી શકે, તે સમજી શકાય તેવી વાત છે." કલ્યાણે મજાક કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વારુ મારા સાહેબ, લગાર કહો કે મનુષ્ય એ નામનું પ્રાણી આપે કદી નજરે જોયું? ગપ્પાં ન મારશો, અને કહેતાકહેતીનો આશરો પણ ન લેશો. પ્રમાણિકપણે કહો કે મનુષ્ય એ નામનું પ્રાણી તમે તમારી આંખોથી જોયું? એમ ન કહેશો, કે બેપગું પ્રાણી જોયું છે. તે તો મેં પણ જોયું છે. મનુષ્ય પ્રાણી જોયું છે?" એલેકે છટાથી કહ્યું.

એલેકના સ્પષ્ટીકરણથી કલ્યાણ લગાર વિચારમાં પડી ગયો. એને સમજાયું કે એલેકના "કરોળિયા"માં એક વિચારસરણી હતી અને તે વિચારસરણીને સહૃદયતાથી સમજ્યા વગર લેખકનું કહેવું ન સમજાય, તેથી લેખકનો વાંક કાઢવો એમાં પ્રમાણિકતા નહોતી.

"મારે કબૂલ કરવું ઘટે કે તમારો 'કરોળિયો' મેં આ દષ્ટિથી વાંચ્યો હોત, તો કંઈકે નવું સમજાત. મારી એ ધ્યાન બહાર ગયું. માફ કરશો. મારે તે અધૂરી ચોપડી હવે પૂરી કરવી પડશે." કલ્યાણના હૃદયમાં રહેલી પ્રમાણિકતા અને સહૃદયતા એની વાણીમાં તરી આવ્યાં. હસીને તેણે એલેકને હાથ લંબાવ્યો. એલેકે કલ્યાણનો હાથ ન સ્વીકાર્યો.

"નહીં, હરગીઝ નહિ. હું હાથ નહિ મિલાવું. કેમ મિલાવી શકું? તમે એ દષ્ટિબિંદુ ચૂકયા જ કેમ? નહિ. ચોપડી પૂરી વાંચી જશો, પછી હાથ મિલાવીશ."

કલ્યાણે હસીને હાથ પાછો ખેંચી લીધો.

"કબૂલ. હાથ મિલાવવા હું લાયક નથી." કલ્યાણે આમ કહ્યું એટલે એલેકે તુરત હાથ લંબાવ્યો.

"એક સાચા સદ્‌ગૃહસ્થનો હાથ હું મિલાવું છું." એલેકે નિખાલસતાથી કહ્યું. બંનેના હાથ મળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"Gipsy, I love you." નો મધુર સૂર રંગોમાં શરૂ થયો અને કલ્યાણ અને માર્ની નાચવા ઊભાં થયાં. એ બંનેને નાચતાં જોઈ એલેક વિચારમાં પડી ગયો. જે માર્ની ભલભલા લેખકો, કલાકારો કે એવાતેવાઓને દાદ ન આપતી, મશ્કરીમાં ઉડાવતી, ન ગાંઠતી, તે સુંદર માર્ની એક સામાન્ય વિદ્યાર્થીને અને તે પણ અયુરોપીય વિદ્યાર્થીને વશ વર્તતી ! એ એની સોડમાં પેસીને કેવી નૃત્યમાં તલ્લીન થતી ! એના સુંદર ગાલ કલ્યાણના ખભા ઊપર મૂકી આનંદનો કોઈ અકથ્ય કેફ કેવો અનુભવતી ! શું આ સ્ત્રી તે જ લેખિકા માર્ની ! એ કેવી જુદી લાગતી ! કલ્યાણની એવી કંઈ અસર હતી ! દેખાવ ? દેખાવ તો એવા ઘણાના હોય છે. ત્યારે શું હશે ! એલેકને આ કોયડો ઉકેલવો મુશ્કેલ હતો. માર્ની અને કલ્યાણના વર્તનમાં કૃત્રિમતા પણ નહોતી, ભારોભાર કુદરત હતી. પોતે એક અગ્રગણ્ય અંગ્રેજ લેખક, પોતે એલેક મોલીસન, કેમ માર્નીનો પ્રેમ મેળવી શકતો નહોતો !

નૃત્ય પૂરું થયું અને કલ્યાણ અને માર્ની ટેબલ તરફ આવ્યાં.

"એલેક જીવડા ! તું શું જોતો હતો ? બે એપગાં કે બે મનુષ્ય પ્રાણી !" માર્નીએ ટીખળ કર્યું.

"એપગાની નકલ કરતાં બે મનુષ્ય." એલેકે સચોટ મશ્કરી કરી. કલ્યાણ અને માર્ની હસી પડ્યાં, અને પાસેના ટેબલ આગળ બેઠેલું એક યુગલ પણ હાસ્ય રોકી ન શક્યું.

"ચાલો, ચાઓ ઊભા મિ. એપગા !" એમ કહી ફૅાક્સટ્રૅાટ નાચવા માર્ની એલેકને લઈ ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્ની અને એલેકને નાચતાં જોઈ કલ્યાણને સમજાયું કે નાચ કરનાર યુગલમાં પ્રેમ અને આકર્ષણ હોય, ત્યારે જ નાચ સજીવ અને રોચક લાગે છે. તે સિવાય કેવળ અંગ-કસરતનો તે એક પ્રકાર જ છે. એલેક શરીરે ઊંચો હતો, પાતળો હતો, સારો હતો, અને માર્ની તેના હાથમાં હતી, છતાં નાચવા ખાતર, મજા ખાતર, એ નૃત્ય હતું; ઉલ્લાસ ખાતર, હૂંફ ખાતર, એ નૃત્ય નહોતું.

"કહેશો નહિ, હું જાણું છું. બે બેપગાં બે મનુષ્યોની નકલ કરતાં હતાં." બંને નાચીને આવ્યાં એટલે એલેકે કલ્યાણને કહ્યું.

ત્રણે પેટ ભરીને હસ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

પ્રકરણ ૧૦મું - - - - - 'વસંતચૈતન્ય'

મેકસીમ્સાંથી જમીને ત્રણે જ્યારે બહાર નીકળ્યાં, ત્યારે આનંદમાં હતાં. ત્રણેની નિખાલસતા, એલેકનો વિનોદ, કલ્યાણ અને માર્નીનો પ્રેમ, અને બર્ગંડીની મીઠી અસર એ બધી વસ્તુઓનો એમાં સરખો ફાળો હતો.

કલ્યાણનો બેકર સ્ટ્રીટનો ફ્લૅટ તો હતો જ પણ માર્નીના સંબંધ પછી આજ છઆઠ માસથી તે પોતાના ફ્લૅટ ઉપર ભાગ્યે જ રહેતો. છેલ્લા ત્રણેક માસથી તો તેણે પોતાના ફ્લૅટ ઉપર જવાનું લગભગ માંડી જ વાળ્યું હતું.

“ એલેક, ચાલ અમારી સાથે આવે છે મારા ફ્લૅટ ઉપર ?”

“ શું કરવા ? તમે બે પ્રેમલા–પ્રેમલીનું નાટક કરો, તે જોવા સારુ ?” એલેકની ટકોરથી સૌ હસી પડયાં.

એલેક છૂટો પડ્યો અને કલ્યાણ અને માર્નીએ ટેક્સી લીધી. ટેક્સી જ્યારે ફ્લૅટ આગળ આવી, ત્યારે પ્રેમની મધુર નિદ્રામાંથી બંને જાણે જાગ્યાં હોય, તેમ સફાળાં ઊતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયાં. માર્ચ મહિનાની અધવચ હતી અને શરીરમાં સોંસરો પેસી જાય તેવો ઇંગ્લંડનો માર્ચનો વાયુ માંસપેશીઓને જાણે કોરીને પેસી જતો! માર્ની અને કલ્યાણ ફાયર પ્લેસ આગળ સોફામાં બેસી ગયાં અને એકબીજાની નિકટતાની હૂંફમાં ગુલતાન થઈ ગયાં. માર્ની રશિયન વોડકાની શોખીન હતી અને ઠંડીનો પ્રતીકાર કરવા બંને જણાંએ વોડકાની પ્યાલીઓ ગટગટાવી દીધી. ગળાં અને છાતી ગરમ થઈ ગયાં, હૂંફ વળી, અને કલ્યાણે પ્રિયતમાને ધરાઈને આશ્લેષ દીધો. પ્રત્યેક ચુંબને એને લાગતું કે એનો આત્મા વિશુદ્ધ થતો, નિજાનંદની મસ્તી માણતો, સમાધિ અનુભવતો. માર્ની તેને મન સ્ત્રી નહોતી, દેવી મિનર્વા હતી. માર્નીના પ્રત્યેક અંગમાંથી રતિ સ્રવતી અને રસજિજ્ઞાસુઓ જેને સદા ઝંખે છે તેવો દુર્લભ અમૃતરસ તેમાંથી ટપકતો. માર્ની કલ્યાણના આત્માની જાણે અવિચ્છિન્ન કલા હતી અને એની આગળ વિશ્વ સમસ્તનો વૈભવ જાણે ક્ષુદ્ર લાગતો.

"કીમ, કીમિયાગર! અલૌકિક છે. તને જાણે જોયા જ કરું, જોયા જ કરું! ચૂમ્યા જ કરું, ચૂમ્યા જ કરું! ભેટ્યા જ કરું, ભેટ્યા જ કરું! ધરાઉં, ધરાઉં, છતાં નથી ધરાતી! શેની ધરાઉં? હોઠ ચૂમું, તો આંખ રહી જાય, આંખ ચૂમું, તો મસ્તક રહી જાય; મસ્તક ચૂમું, તો ગાલ રહી જાય; ગાલ ચૂમું, તો પાછા હોઠ રહી જાય!" માર્નીએ કલ્યાણના વાળ ઉપર હાથ ફેરવ્યો. કલ્યાણે માર્નીના મોં તરફ એકીટસે જોયા કર્યું. માર્નીએ વૈખરીનાં મૃદુ આંદોલનો શરૂ કર્યાં.

"પ્રેમસાર! તું છે તો કો મહાન, અનન્ય અને અમોઘ શક્તિ અને હશે પણ. હા તું છે તો તે વિશ્વરૂપા, વિશ્વંભરા શક્તિ અને તે હોવી પણ ઘટે. તારા વિચારે તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારું છું. તેણે વિશ્વ વીંટયું છે, તેં મને વીંટી છે. તેણે વિશ્વ ભર્યું છે, તેં મને ભરી છે. એ શક્તિમાં શ્રદ્ધાથી હું તને ચાહું છું અને હું કંઈક છું એવી અસ્મિતા જીરવી શકું છું."

માનીં કલ્યાણના વાળ ચૂમતી તથા રમાડતી એકાગ્રતાથી બોલી રહી, કલ્યાણે મૌનમાં સંતોષ માણ્યો.

"કીમ ! આ મહાશકિત તે જ પ્રેમ શકિત છે. આત્મા તેનો જ વિભવ છે. આ મહાશકિતમાં જેને શ્રદ્ધા છે, તેને પ્રેમ વિના ચેન ન પડે. પ્રેમથી તેનું ભાન થાય છે. વ્યકિત વ્યકિતત્વ વિસરે છે, વિભુત્વ અનુભવે છે. કીમ ! જે પ્રેમમાં છે તેને મૃત્યુ નથી."

માનીં કલ્યાણને ભાવથી લડાવતી હતી. પ્રેમ અને ભકિતની એકાગ્રતાથી એની આંખોમાં અશ્રુ ઊભરાયાં. હા, માનીં રડતી હતી. કલ્યાણે એ અશ્રુ જોયાં પણ તે માનીંની સુંદરતામાં વધારો કરતાં હોવાથી કલ્યાણે તે લૂછ્યાં નહિ.

"કીમ, જાદુગર ! અજબ છે તારી જાદૂગીરી ! ના, તું નથી જાણતો તારી વશીકરણ શક્તિ. તારા વિયોગના વિચારે જ હું કંપું છું ! મનથી ને શરીરથી તેં મને બાંધી છે. થાય છે કે જાણે તારાથી દૂર દૂર ક્યાંઈ નાસી જાઉં કે આત્મઘાત કરું ? પણ બને કેમ ? જેને મન, વાણી ને કર્મથી સમર્પિત છું તેનાથી કેવી રીતે ભાગું, કેમ ભાગું ? તેના વગર જીવને કઈ શાતા કે કઈ શાંતિ મળવાનાં ? તેના વગર મારા આત્માને ઊડવાને કઈ પાંખ ?"

અશ્રુની અવિરત ધારામાં માનીંની મનોહર મુખમુદ્રા અધિક મનોહર બની. કલ્યાણે ભીની આંખે પ્રિયતમાને નિહાળી અને પ્રેમાર્દ્ર હ્રદયથી ગાઢ આશ્લેષ આપ્યો. રેડિયોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બર્લિનથી "તાનહાઉસર"ના અપ્રતિમ ઓપેરાનું સ્વર્ગીય સંગીત સંભળાતું. વાગ્નરના સંગીતની અલૌકિક મોહિની અને "તાનહાઉસર"ની મનોહર ગાથા, કલ્યાણ અને માર્નીના હૃદયના ભાવોની જાણે યથાર્થ વ્યંજના કરી રહ્યાં હતાં. થોડી વાર સુધી બંને સંગીતની શીતલ લહરીઓ ઉપર ખેંચાતાં શાંત પડી રહ્યાં.

"કીમ ? વાગ્નર મારા આત્માને શરીરના બંધનથી જાણે મુક્ત કરે છે ! તેને પાંખો આપે છે અને એ વિમુક્ત આત્માનો ગગનવિહાર સરળ કરી આપે છે. આત્માને હું કહું છું કે : 'ઊડ, ઊડ, ઊડ, ઊંડા આકાશમાં, વિસરી ધરતીના વિષાદ.' વાગ્નરનું સંગીત મને ભાવસમાધિ ચડાવે છે અને મારા આત્માની વિભુતા મને ગોચર થાય છે, ત્યારે મને સમજાય છે કે મારું શરીર નિરુપયોગી ઉપાધિ છે."

માર્નીએ અટકીને આંખો મીંચી દીધી.

"વહાલી માર્ની, ચલ વિચરીએ આત્મપાંખે ચઢીને. પ્રાણો પૂરી હૃદયદલમાં આત્મકલ્લોલ કીજે." કલ્યાણે પ્રેમથી હસીને માર્નીને કાવ્યત્મક ગેલ કર્યું.

"હા કીમ, આપણો પ્રાણ તે મહાપ્રાણનો એક ઉચ્છ્વાસ છે. અમૃતના સાગરનું એક બિંદુ છે." માર્નીએ કલ્યાણના ગાલ ઉપર ગાલ મૂકીને કહ્યું.

"પ્રસન્ન છે પ્રિયે ?"

"પ્રસન્ન છું પ્રિય. તારી સાથે હોવું, તેમાં આત્મકલ્લોલ છે. સુખ અને સ્વતંત્રતા ઉભય અનુભવું છું. પરમાત્માના સાંનિધ્યમાં હોઉં, તેમ થાય છે અને હૃદયકમલની પ્રત્યેક પાંખડી પ્રફુલ્લે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનંત શાંતિની સમીર લહરી જેવું મૌન પ્રસર્યું પાછી લહરી શમી અને માનીંની હૃદયકોકિલા કૂંજી.

"હું તને ચાહું છું કીમ, અને મારો પ્રેમ તને સ્પર્શે છે તેમ માનું પણ છું. તું દૂર હોય છે, છતાં પણ હૃદય તારી સાથે જાય છે અને તું દૂર નથી હોતો. હા, કીમ. તારા પ્રેમે સુખી છું; સંતૃપ્ત છું, અને કીમ! મને આગાહી છે કે તારા થકી હું માતા થઈશ." એટલું બોલી માનીંએ કલ્યાણને માથે હાથ ફેરવ્યો.

હૃદયની સંપૂર્ણ એકતાનતા સધાઈ. થાકની ઊંઘ નહોતી, આનંદનું ઘેન હતું. યુગલના ઐકાત્મ્યના ઐકાન્તિક સાક્ષી સમો અને સ્થૂલ કામના દાહક પ્રતીક જેવો ફાયરપ્લેસમાંનો વૈશ્વાનર ચૈતન્યની જ્વલંત દીપ્તિ પ્રસારતો હતો. સ્થૂલ શરીરોમાંથી પ્રેમની સૂક્ષ્મ વિદ્યુત ચમકી અને ઉભયના અંગેઅંગમાં વિશ્વકર્માનું જાણે રતિકાવ્ય ગુંજી ઊઠ્યું.

"કીમ, સુંદર શરાબની મને તલપ લાગી છે. ચાલ, મીઠી શરાબ પીએ. જો પેલા કબાટમાં 'મસ્કાટેલ'ની શીશી છે તે લાવ."

કલ્યાણે માનીંની કેબીનેટમાંથી 'મસ્કાટેલ' આણ્યો. બંનેએ મીઠી શરાબ પીને એકમેકમાં એકતાનતા સાધી.

"કીમ, તું, શરાબ, અને સંગીત એ ત્રિપુટિનું નામ સુખ. અત્યારે હું એટલી સુખી છું! બસ, બધે તું, તું ને તું જ! શરાબના પ્રત્યેક ઘૂંટડામાં હું તારા પ્રેમના ઘૂંટડા ભરું છું. પણ કીમ! મારું હૃદય અમંગળ શંકાઓ કરે છે! કેમ હશે! સુખના દિવસો પાછળ શું દુઃખની રાત્રિઓ રહી હશે! પ્રિયતમ! એ વિચારે હૃદય કંપાય છે. પણ મારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીમ! અગાધ પ્રેમમાં સુખદુઃખ સરખાં છે અને તારા પ્રત્યે મારો પ્રેમ અગાધ છે. પ્રિયતમ! લાવ, તારા ગળે વીંટાઈ તને અમર ચુંબન કરું!"

માનીંએ કલ્યાણને આશ્લેષ દીધો, અને ઘેલી પ્રિયતમાએ પ્રિયતમના અધરોષ્ઠમાંથી અમૃતત્વ મેળવ્યું.

"વહાલમ! તને ખ્યાલ છે આ કઈ ઋતુ છે?"

"વસંત, પ્રિયે!"

"કીમ, ચાલ ચાલ પ્રભાતે વિચરીએ અને ધરતીને ચૂમીએ, વૃક્ષોને ચૂમીએ, લતાઓને ચૂમીએ અને કૂંપળોને ને ખીલતાં પુષ્પોને પણ ચુંબનોથી ભીંજવીએ! હા કીમ, હા. ચાલ, પ્રત્યેકમાં પ્રાણ પૂરીએ. કીમ! લે મને ચૂમ, ન ચૂમી હોય તેમ ચૂમ! હું ધરતી માતા છું અને તું મારા પ્રેમનો પ્રથમ પ્રાણ વાયુ છે."

માનીંએ કલ્યાણ તરફ મૃદુ હોઠ ધર્યા. વસંતની માદક લહરી બારીમાંથી ઓરડામાં આવી. કલ્યાણે માનીંને મધુર ચુંબન કર્યું. એ ચુંબન પછી યુગલ ગાઢ સમાધિમાં પડ્યું.

વહેલી સવારે ધરતી ઝાકળથી ભીંજાઈ ગઈ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૧ મું - - - - - 'વસંત ગઈ'

વસંત આવી, રહી, અને ચાલી ગઈ. દરમ્યાન બંને પરણ્યાં. માર્નીના પ્રેમની પરિતૃપ્તિ એના શરીરના ફેરફારોથી અને ચિત્તના પ્રસાદથી વ્યક્ત થતી. વસંતની આખરે અને ગ્રીષ્મની શરૂઆતમાં યુગલ ફ્રાંસના દક્ષિણ કાંઠે ગયું. માર્ની આનંદ અને ઉલ્લાસની ભૂમિકા ઉપરથી ભાગ્યે જ નીચે ઊતરતી. કલ્યાણ પોતાના વાંચનમાં ગરકાવ રહેતો, માર્ની પોતાના લેખનમાં નિમગ્ન રહેતી. નીસમાં એક માસ ગાળીને બંને લંડન આવ્યાં.

"કીમ! હું સંતૃપ્ત છું. માતા થવાની છું." માર્નીએ કલ્યાણને પ્રેમથી કહ્યું. કલ્યાણ સાંભળી રહ્યો. માતૃત્વના નૈસર્ગિક આનંદનું ભાન થવું, એને અસંભવિત હતું. પોતે માર્નીના સંતાનનો પિતા! વાત એને રુચી નહિ. પોતાની સ્થિતિ તેનાથી સમજાઈ નહિ. પ્રેમનું પરિણામ આ રીતનું એને રુચ્યું નહિ.

"હું એટલી આનંદમાં છું, એટલી સુખી છું! યાદ છે, મને બાળકની કેટલી ઇચ્છા હતી?" માર્નીએ આનંદમાં આંખો મીંચી. કલ્યાણ કશું બોલ્યો નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અને કીમ, મારા તરફથી તને આ ભેટ છે." એટલું કહી માર્નીએ પોતાનું નવું પુસ્તક કલ્યાણને ધર્યું. પુસ્તકનું નામ "હળ નીચેની ધરતી" હતું. કલ્યાણે ઉપરનું અર્પણ વાંચ્યું: "કીમને સપ્રેમ." તેની નીચે એક કાવ્ય હતું:—

"તું છે શીત ખડ્ગની ધાર,
તું છે વીજળીનો ચમકાર,
તું છે તારક જળતો આભ,
તું છે ઊંચું ઊંચું ઝાડ.

છાઈ છાંય દિલ મોઝાર,
છાઈ તેજ દિલ મોઝાર,
છાઈ ઝળહળ દીપ્તિ
પ્રેમજ્ઞાનની નિજ અંતર મોઝાર."

"થેંક્યુ ડાર્લીંગ" કહી કલ્યાણે પુસ્તક લઈને માર્નીને ચુંબન કર્યું.

"હળ નીચેની ધરતી" માર્નીની નવી નવલકથા હતી. એમાં ભૂમિનું ગાન હતું. ભૂમિમાં રસ ઊછળતો, ભૂમિ પોતાની ભીતરની સમૃદ્ધિ સમર્પવા તૈયાર હતી, પણ કુશળ ખેડૂત તેને સાંપડ્યો નહોતો. થોડા ખેડૂતો આવ્યા, પણ યોગ્ય હળના અભાવે ભૂમિ બરાબર ખેડાતી નહિ અને યોગ્ય ફળ પ્રકટાવતી નહિ. ભૂમિના ભીતરમાં અનેક રસો હતા, અને એનો મુખ્ય, અમૂલ્ય રસ, હીંગળોક હતો. એ રસ સૂર્યનાં સૂક્ષ્મ કિરણોના એકીકરણથી થતા પારદ વગર એમને એમ પડી રહેતો. પારદ અને હીંગળોકના રસાયનથી અમૃતસિદ્ધિ થાય છે એવું ભાન ધરાવનાર કોઈ રસસિદ્ધ ભૂમિને સાંપડ્યો નહિ. ભૂમિમાંનું હીંગળોક જ્યારે ઘણું તપી ઊઠ્યું, ત્યારે સૂર્યદેવે કૃપા કરી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષ શરીર ધર્યું. ભૂમિએ સ્વેચ્છાથી સ્ત્રી શરીર ધર્યું. સૂર્યદેવના પારદમાંથી પુરુષનું વીર્ય થયું, અને ભૂમિના હીંગળોકમાંથી સ્ત્રીબીજ થયું. સૂર્યનાં કિરણો ધરતીમાં સમાયાં અને ધરતી શાંત પડી. એણે અખૂટ પાક આપ્યો.

સવારે કલ્યાણ જ્યારે કૉલેજમાં ગયો ત્યારે તેના મગજમાં ઘોળાયા કરી. પોતે વિદ્યાર્થી હતો. માર્નીને પરણ્યો હતો છતાં ઘર અને કુટુંબ માટે પોતે ક્યાં તૈયાર હતો! પોતાને બાંધ્યું જીવન ક્યાં ગુજારવું હતું? હવે પોતે શું કરે! માર્નીને ત્યજાય! ના તદ્દન અશક્ય. આખો દિવસ તેનું મન વ્યગ્ર રહ્યું. સાંજે ઘેર આવતાં તેનું મન પાછું વિચારચકડોળે ચઢ્યું. આ વૃથા ઉપાધિમાં પોતે ક્યાં પડ્યો! માર્ની તરફનો પ્રેમ શું ઉપાધિ નહોતો! પ્રેમની ખાતર શું આ જંજાળ, આ ઉપાધિ, આ જવાબદારી! યુવાન કલ્યાણનું માથું ઘૂમતું હતું. એણે નિશ્ચય કરી નાખ્યો. "ના, ના, ના. એ ન બને." ઘેર આવ્યો, ત્યારે માર્ની લખતી હતી. કલ્યાણને જોઈ તે તેની કોટે વળગી પડી. કલ્યાણે તેને છાતી સરસી ચાંપી. પત્નીએ પતિને કૉફી બનાવી આપી. યુગલ કૉફી પીતું સામસામું બેઠું.

"માર્ની!" કલ્યાણના અવાજમાં ગંભીરાઈ હતી.

"કેમ!"

"નથી લાગતું કે તારા જેવી તાજી પરણેલીને બાળકની ઉપાધિ લગાર વહેલી કહેવાય?"

"ના. વળી મને એકત્રીસ વરસ થયાં."

"પણ પચીસ વરસે બાપ થવાનું મને પસંદ નથી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ વાહ કીમ ! મારા બાળકના બાપ થવાનું તને પસંદ નથી ! વળી પચીસે તું મને પ્રેમ કરી શકે, તો પચીસે પિતા કેમ ન થાય ! ” માર્નીએ હસીને કહ્યું.

“ કોણ જાણે. પણ તું શાંતિથી વિચાર કર. કેટલી બધી જવાબદારી છે ! ”

“ કીમ ! નિર્ણય મારો છે, બાળક પણ મારું હશે. તારે ચિંતા કરવાની જરૂર નથી.” માર્નીના અવાજમાં ગાંભીર્ય હતું.

“ હું પણ કંઈ કહેવાનો અધિકાર ધરાવું છું.”

“ તું મૂરખ છે.”

“ ફરી કહું કે આ ઉપર તું ફરી વિચાર કર.”

માર્નીને કલ્યાણનું કહેવું અકારું લાગ્યું. બંનેની વચ્ચે આ પહેલી જ વારનો મતભેદ હતો.

“ તું મને ચાહે છે ? ”

“ હા.”

“ તો પછી જે જે મારું છે, મારા થકી છે, મારું અંગ છે, તેને પણ તું ચાહ.”

“ કબૂલ. પણ તને ચાહું છું, માટે જ આ કહું છું.”

“ ના. પૂરું નથી ચાહતો માટે કહે છે.”

“ તે તારી માન્યતા ભલે હોય, પરંતુ તે માન્યતા સકારણ નથી.”

“ કીમ ! તું આજે વિવાદની ધૂનમાં કેમ છે ? ” માર્નીએ કંઈક હસીને, કંઈક નિરાશાથી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"વિવાદની ધૂનમાં તો તું છે." કલ્યાણે કંઈક અણ-ગમાથી સામું કહ્યું.

"ચાલ, આ વાત ભૂલી બીજી વાત કરીએ." એટલું બોલી માનીંએ કલ્યાણની પાસે જઈ તેને પ્રેમ કર્યો.

પણ તે સાંજથી કલ્યાણના સ્વભાવમાં માનીંને કંઈક ફેર જણાયો. કલ્યાણ હસતો, વાતો કરતો, પ્રેમ કરતો, છતાં માનીંને જણાતું કે કલ્યાણના દિલમાં કંઈક ફેરફાર થયો હતો. કલ્યાણ માનીં ઉપર ચિડાયા કરતો તે પણ તે જોઈ શકતી. માનીંના હૃદયમાં કલ્યાણ તરફનું મમત્વ એનું એ હતું, પણ આ વિચિત્ર ફેરફારથી એના હૃદયમાં વિષાદ વ્યાપતો અને એને સમજાતું કે પોતાની અને કલ્યાણની વચ્ચે કંઈક વિસંવાદિતા જરૂર ઊભી થઈ હતી.

થોડા દિવસ પછીની વાત છે.

"કીમ! હમણાંનો તું કેમ લગાર વિચિત્ર થઈ ગયો છે?"

"હેં! એમ!"

"હા."

"મને જ ખબર નથી, ખરેખર."

"મારા તરફ પ્રેમ કમી થયો છે?"

"ના. તેનો તે જ છે. જો કે તારી સાથે મતભેદ છે."

"પહેલાં મતભેદ નહોતો."

"કેમકે તું અસંમત નહોતી થતી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ ગોળ ગોળ વાત ન કર."

"સીધી વાત કરું છું." કલ્યાણે મક્કમતાથી કહ્યું. માર્નીને આ જવાબ પસંદ ન પડ્યો.

"કીમ! મારી સ્થિતિનો વિચાર કરીને તારે મારી સાથે કંઈક કોમળતાથી વાત કરવી જોઈએ."

"હું બાપ બનવાનો છું એટલે મારામાં થોડો આવેશ ક્ષંતવ્ય છે."

"માર્નીને દુઃખ થયું. એને કલ્યાણ સ્વાર્થી લાગ્યો. એના અંતરના ઊંડાણમાં એ સમજી ગઈ કે બંનેના માર્ગ ફંટાતા હતા.

"જે સ્ત્રીને તું ચાહે છે, તે સ્ત્રીના બાળકનો પિતા થવામાં તારી આટલી નારાજી કેમ હશે, કીમ?" તે ગંભીરાઇથી બોલી.

"કોણ જાણે! કોઈ બીજી વ્યક્તિ પ્રેમમાં ભાગ પડાવશે તે બીક પણ હોય!"

"પણ તે કંઈ ત્રાહિત નહિ હોય! માર્નીએ હસીને કહ્યું.

"હું એ બધું ન સમજું. મારા સિવાયની કોઈ વ્યકિત તારા પ્રેમમાં ભાગ પડાવે, તે મારે મન ત્રાહિત છે. આ દીવા જેવી ચોખ્ખી વાત છે." કલ્યાણે ચિડાઈને કહ્યું.

"પણ તે ત્રાહિત તે આપણાં શરીરોનું એકીકરણ જ છે."

"શી ગાંડી વાત! એ કંઈ એક ને એક બે જેવી ગણિતની વાત નથી. માનસશાસ્ત્રના કોયડા ગણિતથી ન ઊકલે." કલ્યાણે આવેશથી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હું શરીરવિજ્ઞાન સમજાવું છું, ગણિત નહિ." માર્નીએ સ્પષ્ટ કર્યું.

"ઠીક, ઠીક, ઠીક, પણ માનસવિજ્ઞાનના પ્રશ્નોના ઉત્તર શરીરવિજ્ઞાનથી નથી અપાતા." કલ્યાણના અવાજમાં ચીડ હતી.

"કીમ, તેં મને એકકે પ્રશ્ન પૂછ્યો નથી, માનસ-વિજ્ઞાનનો કે કોઈ પણ. તેં શરીરવિજ્ઞાનથી કે કશાથી પછી ઉત્તર આપવાની વાત જ ક્યાં?" માર્નીએ હસીને કહ્યું.

"મને કંટાળો ન આપ, માર્ની." કલ્યાણ તડૂક્યો.

"હું કંટાળો નથી આપતી." માર્ની મક્કમતાથી બોલી.

કલ્યાણ ગુસ્સે થયો. વધારે બોલ્યો નહિ. સિગારેટ ફેંકી બારણા તરફ વળ્યો. બારણું જોરથી ઉઘાડીને બહાર ગયો. બહાર નીકળીને બારણું જોરથી વાસી દીધું. એના ગયા પછી માર્ની ચોધાર આંસુએ રડી. એને લાગ્યું કે એના સુખની ઇમારતનો પાયો સરી જતી રેતી ઉપર હતો.

કલ્યાણ અને માર્ની પરણ્યાં હતાં, છતાં કલ્યાણે બેકર-સ્ટ્રીટનો પોતાનો ફ્લૅટ હજી ચાલુ રાખ્યો હતો. માર્નીને ત્યાંથી તે સીધો પાસેના બારમાં ગયો. બેત્રણ વ્હીસ્કી ગટગટાવી ગયો. 'પબ' ચીકાર હતું. બાજુમાં કેટલાક 'ડાટર્સ' રમતા હતા, કેટલાક ઠઠ્ઠામશ્કરીઓ કરતા હતા. કલ્યાણનું મન કશામાં નહોતું. તે બેબાકળો બની ગયો હતો. પોતાની નાની સરખી કારમાં તે બેકરસ્ટ્રીટ આવ્યો. પાસેના 'સ્નેક'માં ખાઈ લીધું. ખાઈને ફ્લૅટ ઉપર આવ્યો. આવીને પથારીમાં પડ્યો અને સિગારેટ ચેતાવી. એકાદ ક્ષણ પડી રહી, મોટેથી ચિડાઈને બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જહન્નમમાં જાય આ સ્ત્રી. જહન્નમમાં જાય આ પરણ્યું."

વિચારમાં ને વિચારમાં તે પડ્યો હતો અને સિગારેટો ઉપર સિગારેટો પૂરી થતી હતી. ઘડિયાળમાં રાતના અગિયાર વાગ્યા હતા. એટલામાં બરર્ર્ર્ર્ કરતી ફોનની ઘંટડી વાગી. ફોન નીચેથી ઘરની બાઈનો હતો.

"કોણ, ડૉક્ટર કલ્યાણ?"

"હા, હું પોતે."

"અરે ડૉક્ટર! નીચે એક જવાન કાઉન્ટેસ એમની મિત્રને ત્યાં મળવા આવેલાં તે લાઉન્જમાં એકદમ બેભાન થઈ પડ્યાં છે. તમે લગાર નીચે આવી ન તપાસો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨ મું - - - - - - - ‘ સાબીના ’

કાઉન્ટેસનું નામ સાબીના હતું. એની મા સ્પેનની હતી, બાપ હંગરીનો હતો, વર ઑસ્ટ્રિયાનો કાઉન્ટ હતો. કાઉન્ટેસની ઉમ્મર પાંત્રીસેકની હતી. શરીર ઘાટીલું અને ઊંચું હતું. એના હલનચલનમાંથી અને પ્રત્યેક અંગમરોડમાંથી ઇશ્ક નીતરતો. સ્તન દૃઢ અને પ્રમત્ત હતા, આંખો સુંદર હતી અને નાક નાનું, છતાં નમણું હતું. ચામડીનો રંગ સ્પેનિયાર્ડની ચામડીને મળતો—ગોરો ઘઉંવર્ણો—હતો.

કાઉન્ટેસ માનિની હતી, મસ્ત હતી, મોજીલી હતી, ઇશ્કી હતી. વર સાથે ભાગ્યે જ રહેતી અને દર છ મહિને તેને નવો આશક કરવો ગમતો. પુરુષોની અઠંગ અનુભવી કાઉન્ટેસ ભલભલાને પાડતી, ભલભલાને નચાવતી, અને પ્રકૃતિએ પુરુષને જાણે એના શિકારની ખાતર જ ઘડ્યો હોય, તેમ માનતી.

સાબીનાના સંબંધમાં સ્પેન, ફ્રાંસ, ઇટલી અને ઇંગ્લંડના રાજપુરુષોથી માંડીને સંગીતકારો, સાહિત્યકારો, કલાકારો, ડૉક્ટરો, કરોડપતિઓ ઇત્યાદિ ભિન્ન ભિન્ન શ્રેણીનો પુરુષવર્ગ આવી ગયેલો. સાબીના યુરોપમાં હીરાનો વેપાર કરતી અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુરોપની લગભગ દરેક રાજધાનીમાં તથા મોટાં શહેરોમાં એના આડતિયાઓ હતા. હીરાના વેપારમાંથી સાબીનાએ અઢળક સંપત્તિ એકઠી કરેલી અને ફ્રાંસમાં તથા જર્મની અને ઇંગ્લંડમાં એણે સારી પેઠે સ્થાવરજંગમ મિલકત જમા કરેલી. એના વેપારમાં એના વરનો ભાગ હતો. કાઉન્ટેસ અને કાઉન્ટ વરસમાં એકાદવાર મળતાં અને કાઉન્ટ પત્નીને મશ્કરીમાં પૂછતો કે: "કેમ કાઉન્ટેસ સાહેબા, આપનો નવો આશક કેવી જાતનું પ્રાણી છે?" સાબીના પતિને નવા યારનું વર્ણન આપતી, એના સ્વભાવની તથા શરીરની ખૂબીઓ તથા ખામીઓનો ચિતાર, હસતી, તોફાન કરતી, મશ્કરી કરતી, રજૂ કરતી. એકાદ અઠવાડિયું વરવહુ સાથે રહેતાં. પછી કાઉન્ટ યુરોપની એક દિશા તરફ પ્રયાણ કરતો, અને કાઉન્ટેસ યુરોપની બીજી દિશા તરફ હીરાની તથા યારોની પારખ સારુ સફર કરતી. કાઉન્ટેસ એકવાર નીસ, માંટેકાર્લો, કાન કે મોનાકોમાં શરીર અને મનના વિલાસાર્થે દૃષ્ટિગોચર થાય, તો બીજી વાર ઇટલીમાં, ડોલોમાઇટીલમાં કે બ્યુડાપેસ્ટ કે ગ્રીસમાં વિહાર કરતી હોય. વળી ત્રીજી વાર સ્કેન્ડીનેવિયામાં લહેર કરતી હોય, તો ચોથી વાર જર્મનીમાં ઘૂમતી હોય. આ અઠવાડિયે સ્પેનમાં હોય, તો આવતે અઠવાડિયે ઇંગ્લંડમાં હોય. કાઉન્ટેસે જીવનમાં આનંદ, ઉલ્લાસ અને મોજ સિવાય અન્ય વાતોને સ્થાન આપ્યું જ નહોતું. પૈસા ખૂબ હતા, સ્વભાવ મોજીલો હતો, અને શરીર સશક્ત હતું એટલે સાબીના ક્ષણે ક્ષણ મોજમાં ગાળતી.

સાબીના કલ્યાણના મકાનમાં એક સ્ત્રી મિત્રને મળવા આવી હતી. કલ્યાણ સાંજે જ્યારે ફ્લેટ ઉપર આવ્યો, ત્યારે નીચે લાઉન્જમાં બેઠેલી સાબીનાએ તેને ઉપર જતો જોયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બ્રેન્ડા ! પેલો કોણ ગયો ? આંખે ચોંટે તેવો હતો." સાબીનાએ પોતાની મિત્રને પૂછ્યું અને આંખ મારી. મિત્રે ઘરવાળીને પૂછ્યું.

"એક હિંદી ડૉક્ટર છે. ઘણો ગમે તેવો છે." ઘરવાળીએ કહ્યું. કહીને તે ગઈ. સાબીનાએ પોતાની મિત્રને આંખ મારી. મિત્રે સામું હસીને આંખ મારી.

"ડૉક્ટરને બોલાવવા મારે મૂર્છિત થવું પડશે." સાબીનાએ વ્યૂહરચના રજૂ કરી.

"સાબીના ! તું યે હદ છે હોં !" એટલું બોલીને બ્રેન્ડા હસી પડી. બ્રેન્ડા પણ પાંત્રીસેકની હતી. બંનેને સારી મૈત્રી હતી. સાબીના બ્રેન્ડા પાસે વેપાર કરાવી તેને રળાવતી. બ્રેન્ડાએ થોડા વખતથી જ આ મકાનમાં ફ્લૅટ લીધેલો એટલે કલ્યાણને તે ઓળખતી નહિ. ફ્લૅટ સરસ હતો અને સાબીના લંડન આવતી, ત્યારે બ્રેન્ડાને ત્યાં જ ઊતરતી.

સાબીનાએ બ્રેન્ડાને આંખથી ઇશારો કર્યો અને પછી તુરત સોફા ઉપર તે ઢળી પડી. બ્રેન્ડાએ ઘરવાળીને કહ્યું કે કાઉન્ટેસને મૂર્છા આવી છે અને ડૉક્ટરને બોલાવવાની જરૂર છે.

થોડી વારે કલ્યાણ નીચે આવ્યો. સાથે એમોનિયાની શીશી હતી.

"ડૉક્ટર, કાઉન્ટેસને એકાએક મૂર્છા આવી તેથી તમને બોલાવવા પડ્યા. કંઈક કરો, તો સારું." ઘરવાળી બોલી.

કલ્યાણે નાડી તપાસી. નાડી બરાબર હતી. મોં ઉપર સહેજ પાણી છાંટયું. સાબીના જાણે ભાનમાં આવતી હોય, તેમ તેણે આંખો ઉઘાડવા માંડી. એમોનિયા સૂંઘાડવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર ન પડી. અધખોલી આંખોએ તેણે કલ્યાણને ધારી ધારીને જોયો.

"કંઈ નથી. બધું બરાબર છે." એટલું કહી કલ્યાણ જવા માટે ઊભો થયો.

"તમે કોણ છો ?" સાબીનાએ અધીરાઈથી પૂછ્યું.

"કાઉન્ટેસ સાહેબા ! એ ડૉક્ટર કલ્યાણ છે. આપ એકાએક મૂર્છિત થઈ ગયાં, એટલે એમને બોલાવેલા." ઘરવાળીએ પ્રકાશ પાડ્યો.

"ડૉક્ટર! તમે લગાર રોકાશો? તમે આવીને મને આભારી કરી. હું થોડી બ્રેન્ડી લઈ શકું ?"

"જરૂર નથી, સિવાય કે તમારે પીવી હોય." કલ્યાણ હસ્યો.

"તમારી વાત બરાબર છે, ડૉક્ટર. ચાલો આપણે બધાં જ કૉફી લઈએ." સાબીનાની ચતુર મિત્રે મમરો મૂક્યો.

"હા ડૉક્ટર. તમે જરૂર અમારી સાથે કૉફી પીવા રોકાઓ." સાબીનાએ હસીને આંખો નચાવી. કલ્યાણ તેને જોઈ રહ્યો. એ ક્ષણમાં એને સમજાયું કે કાઉન્ટેસ રસિક, લુચ્ચી, લંપટ અને આકર્ષક હતી. તેને રોકાવાનું મન થયું.

"ઠીક, લો, રોકાઈશ."

ત્રણે જણાં બ્રેન્ડાના ફ્લેટમાં ગયાં. બ્રેન્ડા કૉફી બનાવવા ગઈ, એટલે સાબીનાએ સિગારેટ કાઢીને કલ્યાણને ધરી. કલ્યાણે સિગારેટ લીધી. લેતી વખતે તેની અને કાઉન્ટેસની કીકીઓ મળી. મળી જ નહિ, પણ હળી. ક્ષણ તેનો હાથ થંભી ગયો સાબીનાની આંખોમાં ગેલ હતું. સિગારેટ પીતાં પીતાં હસતી હસતી આંખો નચાવતી સાબીનાને કલ્યાણ જોઈ જ રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" ઇટાલિયન છો ? "

" ના. "

" ત્યારે ? "

" હિંદી. "

" એમ ! "

" કેમ નવાઈ લાગી ? "

" આકર્ષક માણસોનો મુલક પણ આકર્ષક હશે. "

" બીજા મુલકોમાં પણ આકર્ષણ હોય છે. "

" હિંદી આકર્ષણના મુકાબલે ઓછું. "

" આપના સૌજન્યથી આભારી છું. "

" હિંદ સાથે સૌ પ્રેમમાં પડે તેવી મને ખાતરી છે. "

" મારો દેશ ગરમ છે. પ્રેમ ને માયાનો બદલો પ્રેમ ને માયાથી વાળે છે. "

" તમે વિવેકમાં કુશળ છો, સ્વભાવે ને દેખાવે ગમો તેવા છો. "

" આપના સ્વભાવનું આપ બધે દર્શન કરો છો. આપનું નામ ? "

" સાબીના. "

" કાઉન્ટેસ સાબીના. "

" ના. ફક્ત સાબીના કહેશો, તો ચાલશે. તમને છૂટ છે. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"થેંકસ. મારું નામ કલ્યાણ. કોઈક કેલી કહે છે, કોઈક કીમ કહે છે. આપને જે છૂટ લેવી હોય તે, આપ લઈ શકો છો."

"હું છૂટ લઉં, તો તમને ગમશે?"

"હું ના કહું, તો તમને ગમશે?"

"હું તમને લેન કહીશ." એટલું કહી સાબીનાએ કલ્યાણને હાથ આપ્યો.

"જેવી આપની ઇચ્છા." એમ કહી કલ્યાણે હસીને સાબીનાનો હાથ પકડ્યો.

કોફી આવી.

"આ મારી મિત્ર બ્રેંડા. બ્રેંડા! આ મારા મિત્ર કલ્યાણ, ટૂંકમાં લેન."

બ્રેન્ડા હસી. તેણે અને કલ્યાણે હાથ મિલાવ્યા.

ત્રણે જણાંએ કોફી પીતાં એકબીજા તરફ થોડી વાર જોયા કર્યું. સાબીના કલ્યાણને ધારી ધારીને, ધરાઈ ધરાઈને જોતી હતી. એની આંખોમાં કંઈક આવો સંદેશો હતો: "તારા પર વારી છું." કલ્યાણ પણ તેને જોતો અને સાબીનાને આંખોથી કહેતો કે: "તેં મને ખેંચ્યો છે."

કોફી પૂરી થઈ. ઘડિયાળમાં અગિયારના ટકોરા થયા. ફોનની ઘંટડી પણ વાગી. બ્રેન્ડાએ ફોન લીધો.

"હલો."

"કોઈ બાનુ, ડોકટરની સાથે વાત કરવા માગે છે." ઘરવાળીએ નીચેથી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપનો છે." બ્રેન્ડાએ કલ્યાણને રિસીવર આપ્યું. માર્નીનો ફોન હતો.

"હા, હું અહીં છું. કેમ?"

"ઘેર પાછો ક્યારે આવવાનો છે?"

"આજે નહિ."

"તું શું કરે છે, ડીમ?"

"દોસ્તો સાથે બેઠો છું."

"કોણ છે? હું ઓળખું છું?"

"ના."

"જતી વખતે કહ્યું કેમ નહિ કે દોસ્તોને મળવાનો છે?"

"ત્યારે ખબર નહોતી."

"ઘેર કેમ નથી આવવું?"

"મરજી નથી માટે."

"જેવી તારી મરજી, ડીમ. વારુ, જમ્યો કે ભૂખ્યો છે?"

"બહાર જમી લીધું."

"હું તો હજી નથી જમી, હોં."

"રાહ જોવાની જરૂર નહોતી."

"તારી ખાતર ગમે, તેથી."

"તું જમી લે હવે."

"નથી જમવું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" તું જાણે. "

" મારી સાથે વાતથી કંટાળ્યો છે ? "

" એમ નહિ, પણ વાત કરવાનું ખાસ મન નથી. "

" ઠીક, કીમ! ગુડનાઇટ. "

" ગુડનાઇટ. "

કલ્યાણે રિસીવર મૂકી દીધું, ત્યારે સાબીના અને બ્રેન્ડા આશ્ચર્યમાં ગરકાવ હતાં. બંને સમજી ગયાં હતાં કે કલ્યાણ પોતાની કો પ્રિયતમા ઉપર નારાજ હતો.

" હં. કોઈ તારી પાછળ ઘેલી. " સાબીનાએ શરૂ કર્યું.

" મારી પત્ની હતી. "

" તું પ...ર...ણે...લો... ! "

" હા. "

" ઓ લેન ? તું ઝગડ્યો હોય, તેમ વાત કરતો હતો. "

" લગ્નજીવનનો મહિમા, બીજું શું ? "

" પણ લેન! તું કેમ આટલો ઉદાસ ને લૂંટાઈ ગયેલો લાગે છે ? બિચારો છોકરો ? મને કંઈનું કંઈ થઈ જાય છે ! "

" તમારે તે પર વિચાર ન કરવો. "

" ઓ લેન ! તું મને એટલો...ઓ લેન ! તને કોઈ દુઃખી કરે, તે મારું દિલ ખમી જ નથી શકતું. "

" ભૂલી જા, સાબીના. "

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાબીનાએ કલ્યાણનો હાથ પંપાળવા માંડ્યો. પંપાળતાં પંપાળતાં સાડા અગિયાર થયા. સાબીનાની આંખો કલ્યાણને જોતાં થાકતી જ નહોતી.

"હું તને ગમું છું ?" તેણે કલ્યાણને પૂછ્યું.

"હા. તને હું ?"

"એને માટે ગમવું એ શબ્દ નથી. લેન ! ચાલ, મારી કારમાં મને ઘેર મૂકી જા." સાબીનાએ આંખનો બધો જ નશો કલ્યાણ ઉપર ઠાલવ્યો.

"તારો આગ્રહ હોય, તો."

"મારો આગ્રહ છે."

કલ્યાણને ફોન કર્યા પછી માર્નીને ઘણું દુઃખ થયું. એને સમજાયું નહિ કે કલ્યાણ કેમ આટલો કઠોર, હૃદયશૂન્ય, થઈ ગયો હશે ? એકલવાયો કલ્યાણ મારા વગર શું કરશે, એવા વિચારમાં માર્ની પડી ગઈ. થોડી વાર વિચાર કરી તે સફાળી ઊભી થઈ. બેત્રણ મિનિટમાં તૈયાર થઈ નીચે આવીને ટેકસી પકડી. ટેકસીવાળાએ ટેકસી બેકરસ્ટ્રીટ તરફ હંકારી.

ટેકસી કલ્યાણના ફ્લૅટ આગળ આવી, ત્યાં જ સાબીનાની રોલ્સનું દ્વાર તેના શૉફરે ખોલ્યું. માર્નીનું ટેકસીમાંથી ઊતરવું અને કલ્યાણ અને સાબીનાનું રોલ્સમાં ચડવું, એ દૃશ્ય એક સાથે બન્યાં. માર્નીએ યુગલને જોયું. તે સ્થિર થઈ ગઈ, સમજી ગઈ. કપાતે હૈયે પોતાના ફ્લૅટ ઉપર પાછી ફરી.

સાબીનાની કાર બેકરસ્ટ્રીટમાંથી મેફેર તરફ કર્ઝન-સ્ટ્રીટમાં ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૩મું — — — — — 'મોહરાત્રિ'

ભગવાન મહાકાલના અનંત પોપચાંમાં આંજન આંજતી હોય તેમ આકાશ ઘેરતી રાત્રિ લંડન ઉપર ફરી વળી હતી. ભગવાન સહસ્ત્રરશ્મિના પ્રખર તેજે ડારેલી માનવીની કોમલ-મસ્ત વૃત્તિઓ રાત્રિના મોહાંધકારે અનેક તરંગે વિસ્તરતી હતી. લંડનની રાત્રિ એટલે મોહરાત્રિ. આકાશનાં અંધારાંમાંથી ઉલ્લાસના પ્રાણવાયુ યૌવનપ્રમત્ત હૃદયોમાં ફૂંકાય, અને ન્યુઓન લાઈટસની રંગબેરંગી હેલીમાં નાટયગૃહો, ચિત્રગૃહો, સંગીત-ગૃહો, નૃત્યગૃહો, મદ્યગૃહો, વગેરે તમામમાં માનવી પોતાની રસવૃત્તિઓની સાથે યથેચ્છ આંતરાલાપો સાધ્યે જાય. યુરોપનો સિદ્ધાંત તો એવો સમજાય છે કે રાત્રિ એ માનવીની શાંતિ અને વિશ્રાંતિ વચ્ચેની ઉલ્લાસભૂમિ છે, કેવળ જડ ઉંઘ નથી. આપણે ત્યાં જાગરણ અને ઉંઘની વચ્ચે કશું છે જ નહિ. બહુ બહુ તો આપણે ઉંઘતા જાગીયે છીએ કે જાગતા ઉંઘીએ છીએ. આપણી વૃત્તિઓ પણ વનચર વિહંગો નથી પરંતુ પાળેલા પિંજરપંખીઓ છે. તેમને પાંખો છે છતાં પણ તેમનાથી ઉડી શકાતું નથી અને પાંજરામાં પુરાએલાં તે પંખીઓ માત્ર ગોખાવેલું બોલે છે. આ ઉલ્લાસ વિમુખતાને આપણે ત્યાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કારિતા કહેવાય છે. યુરોપમાં જડતા કહેવાય છે. આપણે ત્યાં અખંડ એકાદશી તેમને ત્યાં અખંડ પારણાં.

કાર કર્ઝનસ્ટ્રીટમાં સાબીનાના ફ્લૅટ આગળ આવી અટકી. શિષ્ટચાર મુજબ કલ્યાણ પહેલો ઊતર્યો. કલ્યાણ અને સાબીનાની નજરો મળી. તે નજરોમાં ઇશ્કનો કેફ હતો. ઉભયના રૂચિતંત્રની સંવાદિતા સાધતા એકમેકના હાથ એક-મેકમાં પરોવાયા અને ચાર પગોએ ફ્લૅટમાં સહગમન કર્યું. શૉફરે કારને એક ખૂણે પાર્ક કરી દીધી.

સાબીનાનો ફ્લૅટ ભપકાદાર, સુંદર અને ભવ્ય હતો. સાબીનાએ કલ્યાણનો કોટ કાઢી બાજુએ મૂકયો. પછી પોતાનો કોટ કાઢયો.

" સારો ફ્લૅટ છે. "

" ઠીક છે. "

કલ્યાણે સાબીનાની આંખો તરફ જોયું. તે આંખોમાં વાતો કરવાની ઇચ્છા નહોતી. બાજુની કૅબિનેટ આગળ તે ગઈ અને અંદરથી એક લિકયોર બ્રેન્ડીની બાટલી કાઢી અને તેનાથી બે પ્યાલીઓ ભરી.

" To our friendship. " પ્યાલી ઉચકીને તે બોલી.

" To our friendship. " કલ્યાણે પ્યાલી સાથે પ્યાલી અથડાવી સૂર પૂર્યો.

બંને સામસામાં સોફામાં બેઠાં, એટલે કલ્યાણની નજર ફ્લૅટને આલેખવામાં પડી. મેંટલપીસ ઉપર તથા કૅબિનેટો તથા કોર્નર સ્ટેન્ડ વગેરે ઉપર તેણે છબીઓ જોઈ. કોની હશે તે વિચારમાં પડયો એવામાં સાબીનાએ શરૂ કર્યું ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ બધા મારા જુદા જુદા મિત્રોની છે. પેલા છેક આઘેના ખૂણામાં મારા વરની છે. એક મારા વર સિવાય મને કોઈનું નામ યાદ નથી. વરનું નામ વળી યાદ રહી ગયું છે."

"યાદ રહે તેવું એમણે કંઈ ખાસ કર્યું હશે." કલ્યાણે હસીને ઉચ્ચાર્યું.

"મને પરણવાનું." એટલું બોલીને સાબીના એક ઘુંટડો ગળી ગઈ પછી ઊભી થઈ અને વાયરલેસની સ્વિચ ફેરવી. ધીમું ધીમું ઑરકેસ્ટ્રલ સંગીત શરૂ થયું. તે ઊભી થઈ એટલે કલ્યાણે તેને ધારીને જોવા માંડી. તેની ઊંચાઈ સારી હતી અને આખો બાંધો ભરાવદાર હતો, છતાં ઊંચાઈને લીધે શરીર પ્રમાણસરનું જ દેખાતું હતું. મોં ઉપરની મસ્તી અને આંખોની બેપરવાઈ એ બંનેને બંધબેસતું એનું હલનચલન તથા હાવભાવ હતા. એ સામું જોતી ત્યારે લંપટતાની લહરીઓ શરૂ થતી. કલ્યાણને એના હોઠ રસાળા લાગ્યા. એ રસ જાણે ઉભરાતા સ્તનોમાં ન માતો હોય તેમ હોઠે પ્રસરેલો લાગ્યો. પાંચેક મિનિટ સુધી કલ્યાણ એને જોઈ રહ્યો અને ઉભયના રૂચિતંત્રને અનુરૂપ ભાવના પ્રકટી.

સાબીના કલ્યાણની છેક નજીક આવી અને પોતાના બંને હાથ કલ્યાણના ખભે મૂકી કલ્યાણને દબાવતી તેની સામે સ્થિર દૃષ્ટિ કરી ઊભી રહી. એ પ્રમાણે પાંચેક મિનિટ તેણે ત્રાટક કર્યું.

"તેં મારું દિલ ચોર્યું છે." તે મક્કમતાથી બોલી.

"પરવાનગી હોય તો રાખું." કલ્યાણે ધીમેથી ઉત્તર આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પરવાનગી છે. તને જોયો ત્યારથી મેં ચાહીને ચોરવા દીધું છે." એટલું બોલીને તેણે કલ્યાણના બે ખભા ખૂબ જોરથી દબાવ્યા. કલ્યાણને સમજાયું કે આ સ્ત્રીના બાહુમાં બળ હતું. તે ઊભો થયો, અને પોતાના બે હાથે તેના ખભા દબાવ્યા. બીજી પાંચેક મિનિટ એકબીજાને જોતાં બંને ઊભાં રહ્યાં. કલ્યાણના બંને હાથ છૂટા કરી તે પોતાની પ્યાલી લેવા ફરી. એક ઘૂંટડે તેણે પ્યાલી ખાલી કરી નાખી અને કલ્યાણે પણ તે પ્રમાણે કર્યું. પછી એણે એક સિગારેટ મોંમાં મૂકી અને એક કલ્યાણને ધરી. કલ્યાણે બંનેની સિગારેટો સળગાવી. સિગારેટને ફૂંકો મારતી મારતી સાબીના બારી આગળ ગઈ અને આકાશ સામું જોઈ તેણે એક ફૂંક મારી. વાયરલેસમાંથી "Some day when we were young" એ Waltz ની નાદ લહરી નીકળતી હતી. ધીમી ધીમી અને ડોલતી ડોલતી તે કલ્યાણની નજીક આવીને ઊભી રહી અને તેના સામે તેણે એક ફૂંક મારી.

"કેમ લાગે છે?" તેણે કલ્યાણને તાકીને પૂછ્યું.

કલ્યાણે કશું બોલ્યા વગર સિગારેટનો છેડો બે આંગળી વચ્ચે મસળ્યો અને તે તરફ સાબીનાનું ધ્યાન દોર્યું.

"રહેવા દે, રહેવા દે, ડફાંસ." એમ બોલીને તેણે બીજી ફૂંક મારી. મદથી ભરેલી આંખો તેણે કલ્યાણ ઉપર ઢાળી. કલ્યાણ ઊભો થયો. પાસે આવીને તેણે સાબીનાના બંને ગાલ પંપાળીને બે ચીમટા ભરી લીધા.

"રહેવા દે, રહેવા દે, ડફાંસ." એમ ફરી બોલીને તેણે ફૂંક મારી, અને કલ્યાણને તાકીને જોઈ રહી.

"બેસો, થાકી જશો."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" કાઉન્ટેસ હવે સૂવા ઇચ્છે છે."

" તો સૂઈ જાઓ."

" કાઉન્ટેસને રસ્તો બતાવ." એટલું બોલી તેણે કલ્યાણ તરફ હાથ લંબાવ્યો. બંને સૂવાના ઓરડામાં આવ્યાં. ઓરડો સ્વચ્છ અને સરસ હતો. પલંગ મોટો હતો અને લીલા પડદા બારીએ લટકતા હતા. પાસેના ટેબલ ઉપર દારૂની પ્યાલીઓ અને સીસીઓ હતી. એક ખૂણામાં સુંદર મેહોગનીનું કપડાંનું કબાટ હતું અને પથારી આગળ લીલા શેઈડનો રીડિંગ લેંપ હતો. પલંગની નીચે ફરનાં સ્લીપર્સ હતાં.

સાબીનાએ બે પ્યાલીઓ ભરી અને એક કલ્યાણને ધરી.

" માફ કરો. નથી ઇચ્છા." કલ્યાણે કહ્યું.

" લે, હું કહું છું." સાબીના સત્તાથી બોલી. કલ્યાણે પ્યાલી લીધી. બંને એકમેકના સામું જોઈને ઘૂંટડા ભરવા લાગ્યાં. સાબીના પોતાની પથારીમાં બેઠી.

" લે, કાઉન્ટેસના જોડા કાઢ." તેણે કલ્યાણને સત્તાથી કહ્યું. કલ્યાણ તંગ થઈ ગયો.

" કાઉન્ટેસની એસી તેસી. હું નથી કોઈ તારો સુધરેલો, શાણો, ઢીલો, પોચો, યાર. ગરદન તોડી નાખીશ." દાંત કચકચાવીને તે બોલ્યો. પછી મુક્કી ઉગામીને તે તેની નજીક ગયો. સાબીનાએ તેનો હાથ પકડીને તેને નજીક ખેંચી લીધો.

કલ્યાણનું પ્રચંડ પુરુષત્વ સાબીનાએ લંપટ વાર્તાલાપમાં વાળી લીધું અને પોતે વાતો કરતી કરતી કલ્યાણની દૃષ્ટિ આકર્ષતી કપડાં બદલવા લાગી. કપડાંની ફેરબદલીમાં કલ્યાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાબીનાના સપ્રમાણ અંગો જોઈ લીધા.

"કેવું તસતસતું બદન ?" તેનાથી બોલાઈ ગયું.

સાબીના આ સાંભળી થંભી ગઈ. કલ્યાણને જોઈ રહી. ડ્રેસીંગ ગાઉન પહેર્યો નહિ. ધીરી ગતિથી તે કલ્યાણની પાસે આવી. સાબીનાના આરસ જેવા સુંવાળા શરીર ઉપર હાથ ફેરવતો કલ્યાણ એકાગ્ર થઈ ગયો. ધીમે ધીમે લંપટ માનિની ગરીબ હરિણી જેવી બની ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૪મું - - 'લેખક અને લેખિકા'

તે રાતે માર્ની જ્યારે પોતાના ફ્લૅટ ઉપર પાછી આવી ત્યારે તેને સ્પષ્ટ સમજાયું કે કલ્યાણ તેના હાથમાંથી સરકી રહ્યો હતો. તેને લાગ્યું કે સુખની પળો પૂરપાટ ઓસરી જતી હતી અને જે વસ્તુ બનવાની હતી, તે સહન કરવાની પોતે પૂરી માનસિક તૈયારી રાખવી પડશે. તેણે વિચાર્યું કે કલ્યાણ બદલાયો નહોતો, પોતે પણ બદલાઈ નહોતી, બદલાઈ હતી ફક્ત વૃત્તિઓ. લેખિકા વિચારોમાં ગરકાવ થઈ ગઈ અને બુદ્ધિથી તટસ્થતા ધારણ કરીને ચિત્ત સ્થિર કર્યું. તેને જણાયું કે પ્રેમની મર્યાદા ઘટાડીને જ્યારે એક ચીજમાં કે એક વ્યક્તિમાં જ પ્રેમને કેંદ્રિત કરવામાં આવે છે, ત્યારે પ્રેમમાં અસહાયતા અને પરવશતા આવે છે. પરંતુ જ્યારે પ્રેમની મર્યાદા વધારીને અનેક ચીજોમાં અને અનેક વ્યક્તિઓમાં તે કેંદ્રિત થાય, ત્યારે પ્રેમમાં સ્વતંત્રતા અને સ્વવશતા આવે છે. એને સ્પષ્ટ સમજાયું કે મર્યાદિત પ્રેમના આઘાતથી ધિક્કાર જન્મે અને તેને પરિણામે માનસિક અને શારીરિક સ્વાસ્થ્ય ગૂમ થાય તેના કરતાં અમર્યાદ પ્રેમમાં વૃત્તિને વાળવી અને સ્વાસ્થ્ય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તટસ્થતા મેળવવાં, એ જ સુખનો સરલ ઉપાય છે. પથારીમાં પડ્યો પડ્યો એણે એકાગ્રતાથી વિચાર કર્યો કે, "કલ્યાણ કોણ? મારે અને કલ્યાણને શું? એવા અનેક પુરુષો મારી પાસે આવે છે, મને ચાહે છે. એ બધા તરફ પણ મારે તો સરખો જ ભાવ રાખવો. બધા જ જુદા છે, બધા જ નિરાળા વ્યક્તિત્વવાળા છે. એલેક કેટલો સરસ છે! કલ્યાણ પણ સારો છે, બધા સારા છે, બધા ખરાબ છે." વિચાર કરતી કરતી તે સૂઈ ગઈ અને બીજે દિવસે સવારે ઊઠીને તેણે એલેકને ટેલિફોન કર્યો.

"કોણ, એલેક!"

"હા, પ્રિયતમે! તમે ઝળક્યાં! મેં શો અપરાધ કર્યો છે કે પ્રાતઃકાલે અન્ય અધિક ઉપયોગી કર્તવ્ય પડતાં મૂકી આપને મને ફોન કરવો પડ્યો?"

"મારે તારી ઘણી જરૂર પડી છે એલેક! તું હમણાં જ મારા ફ્લૅટ ઉપર ન આવે?"

"શું થયું? આપના મોંઘામૂલા પતિદેવ ક્યાં?"

"નથી. તું જલદી આવ."

"ચશ્મનાં નૂર! જેવી આપની આજ્ઞા."

અડધા એક કલાકમાં એલેક આવી પહોંચ્યો.

"અચ્છા, માર્ની અચ્છા. આવી ફક્કડ સવારે તારો ફોન તે શી વાત! અચ્છા, અચ્છા. હવે મુદ્દાની વાત એ જણાવું કે હું ભૂખ્યો છું. કંઈ ખાવા આપ."

કૉફી અને બ્રાઉન ટોસ્ટ આરોગતાં બંને બેઠાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બોલો, પ્રિયે ! શું સમાચાર છે આપના ?"

"ખૂબ વિચારમાં પડી ગઈ છું."

"છેવટે આપે આપની ગુમાવેલી શક્તિ મેળવી ખરી !"

"પરણેલી જિંદગી મને માફક આવે તેમ હવે હું માનતી નથી. તે જીવનમાં હૃદયના સ્નાયુઓને ખૂબ જ શ્રમ પડે છે."

"એ પ્રથા જ જડ, નિર્જીવ, કૃત્રિમ, મધ્યયુગી છે."

"આપણા જેવાં માટે નકામી."

"એકલા આપણા જેવાં માટે જ નહિ, તમામ બુદ્ધિ-શાળીઓ માટે. હા, ધર્મઘેલાઓ, સેક્રેટરીઓ, કારકુનો, મેનેજરો, વેપારીઓ, વકીલો, બૅરિસ્ટરો, સૉલિસિટરો, માસ્તરો, વગેરે જેવા માટે એ ઠીક છે, બાકી તારા મારા જેવાઓ માટે સમયની એ ફક્ત બરબાદી છે. શું સમજી ? લગાર ખાંડ ઓછી છે, લાવ. હં. તું અને હું આપણાં શારીરિક સંતાનોથી ભાવીમાં નથી જીવવાનાં, પરંતુ આપણાં માનસિક સંતાનોથી, આપણાં પુસ્તકોથી, જીવવાનાં છીએ. શું સમજી ? બીજો ટોસ્ટ લાવ. ભૂખે પેટે વાત નથી થઈ શકતી."

"ખરેખર એલેક, તારા કહેવામાં કંઈ સાર છે. પણ યાર, હું તો શારીરિક સંતાનથી ભાવીના ઉમરે ઊભી છું. હા, એલેકજી ! મા'ર્ગી મા થવાની છે."

"થાઓ. ધવડાવ્યે રાખો. ધાવવું ને ધવડાવવું એ સિવાય સ્તનંધય પશુસૃષ્ટિમાં બીજું શું છે ? હં. ઇચ્છા કે અકસ્માત ?"

"ઇચ્છા."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પતિથી ?"

"હા."

"ચાલો, સૃષ્ટિમાં એક નિરુપયોગી એપણું વધારે."

"એલેક ! જગતની તમામ નિરુપયોગી ચીજોમાં સ્ત્રીને ફક્ત બાળક જ નિરુપયોગી નથી."

"તારી ઓપરી ઘણી જાડી ! તું સ્ત્રી નથી, ગાય છે. જા ઘાસ ખા. તારા બચ્ચાને સારું દૂધ મળશે. ચાલ કહે, કેમ બોલાવ્યો ?"

"મારે છૂટાછેડા લેવા છે."

"હું સૉલિસિટર નથી. જા તેની પાસે."

"તું મારો યાર છે તેવો પુરાવો રજૂ કરવા માટે તારી જરૂર છે."

"યારી માટે સેવક તૈયાર છે. બીજી કોઈ આપ."

"લે. અને હવેથી આપણે સાથે રહીશું."

"મારે ત્યાં નહિ; મારે ત્યાં ઘાઘરો ન જોઈએ."

"સારું. મારે ત્યાં."

"તૈયાર. બોલ, ક્યારે રહેવા આવું ?"

"આજથી જ."

"માર્ની, તું મારા પ્રેમમાં પડી જઈશ તો !"

"બીશ નહિ. તારા શરીર તરફ મને એટલો બધો અણગમો છે કે તને ચિંતાનું કારણ ઉપસ્થિત જ નહિ થાય."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" જોગમાયા ! "

" છતાં, તારા સંતોષ ખાતર તારે મને ચુંબન ઇત્યાદિ કરવાં હોય, તો છૂટ છે. જો કે હું તને સાચું કહું છું કે તારા શારીરિક પ્રેમ પ્રત્યે મને ઘૃણા છે."

" છોડ ખ્યાલ, કમબખ્ત. મારે તારા શરીરને શું જખ મારવા ઝંખવું પડે ! તારું પેટ તો જો. કેવું ગોળમટોળ થઈ ગયું છે ! ખરે રૂપવતી માર્નિ હવે સંતોષકારક રીતે ઘૃણા-જનક લાગે છે ! "

" એલેક ! તું મારા બાળકનો બાપ બનીશ ? " માર્નીએ હસીને પૂછ્યું.

" ના, સાંભળ્યું ને ? શારીરિક, સામાજિક કે ધાર્મિક એકકે જાતનો પિતા થવા માગતો નથી. એ મારી શરત છે. એ મારી કબૂલ હોય, તો રહેવા આવું."

કોઇ જંગલી પ્રાણી ચાવતું હોય તેમ ટોસ્ટનો કટકો ચાવતો એલેક બોલ્યો. માર્ની હસ્યા કરતી હતી.

"એલેકજી! આપ એ ત્રણે પૈકી એકકે રીતે પિતા થવાની શક્તિ ધરાવતો નથી, એ મારી ખાતરી છે."

માર્નીની મશ્કરીથી થોડીવાર એલેકનું મોં પહોળું થયેલું રહી ગયું. પાછું ચાવવું શરૂ થઇ ગયું.

" તું બે તૃતીયાંશ ખરી. બાકીના તૃતીયાંશ બદલ જણાવું કે તારા તરફની માનસિક ઘૃણા મારામાં તારા પ્રત્યે શારીરિક શૈથિલ્ય ઉપજાવે છે. માર્નીશ્રી! એનો સાર એટલો જ કે આપે મારી મર્દાઈની ધાસ્તી રાખવાની જરૂર નથી." એલેકે લેખકની છટાથી કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઠીક છે. સો વાતની જ્યાં ત્યાં એક જ વાત, અને તે એ કે મારે માટે તારી મર્દાઈ હસ્તી ધરાવતી નથી" માર્નીએ સામી મશ્કરી કરી.

"ના. સો વાતની એક વાત એ કે સામા પડકાર વગર મારી મર્દાઈ આળસ મરડી બેઠી થાય તેમ નથી, અને આપ તેવો પડકાર કરી શકો તેવો ભય મેં કદી સેવ્યો જ નથી, એટલે માર્નીશ્રી! આપણને બંનેને નીચો જીવ છે. લાવો ટોસ્ટ ને રેડો બીજી કોફી."

"લે. વાહિયાત છે, વાહિયાત. તું મર્દ છે કે નામર્દ તેની સાથે મારે કશી જ લેવા દેવા નથી."

"વાહ! નાર્મદ પતિ સંઘરાયો જાણ્યો છે, નામર્દ યાર સંઘરાયો જાણ્યો છે! તમે તો સેવકને યાર બનાવી કોર્ટમાં તમારા જેવા મર્દ તરીકે ઓળખાવવાનાં છો! છાપાઓમાં તો એલેક-માર્નીના પ્રેમકિસ્સાની બોલબાલા થશે! હેં માર્ની, તારો યાર પુંસક કે નપુંસક તેની પણ તને ખબર નથી!"

માર્નીથી હસવું ખળાયું નહિ.

"લગારે નહિ. તું મારો કોર્ટ ખાતેનો જ આશક. કાયદાના પુરાવા વખતે દાકતરી પુરાવો કોઈ નહિ માગે, એની ખાતરી આપું છું."

"હરામખોર!" એટલું બોલી, ખડખડાટ હસતી માર્ની તરફ એલેકે મુઠ્ઠી ઉગામી, અને હસી પડ્યો.

"માર્ની, માર્ની! શું દુનિયા છે! લોક કહેશે કે મેં પરણેલી સ્ત્રીને બગાડી, જ્યારે તું મારી બગાડવાની શક્તિ તરફ જ શંકાશીલ છે!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હા ભાઈ હા. એનું નામ મૂડીવાદી સામાજિક ફિલસૂફી. છૂટાછેડાનું કારણ પણ પ્રેમ અને પરણવાનું કારણ પણ પ્રેમ! ઓ એલેક, આ સમાજ હસાવી હસાવીને ગાંડાં કરી મૂકે છે."

માર્ની અને એલેક ઉન્મત્તતાથી ખડખડાટ હસી પડ્યાં.

"માર્ની રે માર્ની! સ્ત્રીપુરુષ બંધબારણે એકલાં બેસે, તેનું નામ સંભોગ! પ્રેમ ઓસરે તો છૂટાછેડા નહિ, સંભોગ કરે તો છૂટાછેડા! અને છૂટાછેડા બાબતમાં પણ પાછો સંભોગ તો ખરો જ! લગ્નમાંયે સંભોગ, છૂટાછેડામાંયે સંભોગ! લગ્નમાંયે પ્રેમ, છૂટાછેડામાંયે પ્રેમ! માર્ની! દુનિયા ખરે ધનચક્કરોનો વિસામો છે."

"હા, યાર. બધું ગોળગોળ ઘૂમરી જેવું લાગે છે. મને લાગે છે કે બહુ વિચાર ન કરવામાં સુખ છે."

"કે પાછું દુઃખ છે! કોણ જાણે માર્ની! પણ મને લાગે છે કે આપણે ચારે તરફથી ગાંડાઓથી ઘેરાયાં છીએ."

પાંચ મિનિટ સુધી બંનેએ ખૂબ હસ્યા જ કર્યું.

તે સાંજથી એલેક માર્નીને ત્યાં રહેવા આવ્યો. થોડા દિવસ પછી કલ્યાણ પાછો આવ્યો. માર્ની અને એલેકને જોઈ લગાર ખચકાયો, માર્નીમાં તેણે ઠંડી બેપરવાઈ જોઈ.

"ઘસી તો નથી આવ્યો ને?" તેણે માર્નીને પૂછ્યું.

"તું હજી મારો કાયદેસરનો ધણી છે." માર્નીએ ઠંડે પેટે કહ્યું. કલ્યાણે માર્ની તરફ જોયું. માર્નીની આંખોમાં બેપરવાઈ હતી. કલ્યાણ સમજી ગયો કે લગ્નના વિચ્છેદનો સવાલ જ હવે ચર્ચવાનો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તેમ ન હોત, તો અહીં પગ પણ ન મૂકત." કલ્યાણે એટલી જ ઠંડકથી કહ્યું.

"જો ને ડીમ, એલખલાસ છે. એલેક મારા યાર તરીકે પુરાવો પૂરો પાડશે. તું છૂટાછેડાનો દાવો દાખલ કરી શકે છે. હું તને અનુકૂળતા કરી આપું છું. છેવટે એટલું જ ડીમ, કે તારી સાથે મેં જીવનનો ઘણો આનંદ લૂંટ્યો છે અને હવે તારું ભલું ઇચ્છી તને છૂટો કરું છું."

માર્નીએ હસીને હાથ લંબાવ્યો. કલ્યાણે હાથ ન પકડ્યો. માર્ની સ્તબ્ધ થઈ ગઈ.

"બાળકનું શું?" તેણે માર્નીને પૂછ્યું.

"કોનું બાળક?"

"આપણું બાળક."

"બાળક મારું છે. તું ભૂલી જા કે તું તેનો બાપ છે. કેમ જાણે કે તે એલેકનું નથી? કેમ જાણે કે તે બીજા કોઈનું નથી? તારે એ સાથે શી નિસબત?" માર્નીએ બેપરવાઈથી કહ્યું.

"તારા બાળકનો હું બાપ નથી, એવું તું કહેવા માગે છે?" એટલું કહી કલ્યાણે દાંત કચકચાવ્યા.

"તું હોય કે ન પણ હોય. એમાં મારે શું?" માર્નીએ બેફિકરાઈથી કહ્યું.

"એમ...! આ તારી વફાદારી! મારી પીઠ પાછળ તું......માર્ની! તું શું કહે છે તે તું સમજે છે?"

"ઢળ્યા દૂધની શી ચિંતા! ચર્ચા, વાદ અને વિવાદ મને નિરુપયોગી લાગે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બેવફાઈ, બેવફાઈ." કલ્યાણ ઉશ્કેરાયો હતો.

"છૂટાછેડાનો કેસ." માર્નીએ શાંતિથી કહ્યું.

"હું તને ધિક્કારું છું."

"હું તને નથી ધિક્કારતી. કીમ! હું તને ખોટી તો નથી કરતી ને?" માર્નીના અવાજમાં બરફની ઠંડાઈ હતી.

કલ્યાણે તિરસ્કારથી માર્નીના સામું જોઈ ચાલવા માંડ્યું. બારણું જોસથી વાસીને કલ્યાણ અદૃશ્ય થઈ ગયો. તેને જતો જોઈ તે બે ક્ષણ થંભી ગઈ. તેની આંખો ભીની થઈ. જીવનના નાટકનો એક અંક પૂરો થયો. તે એલેક તરફ ફરી.

"મારી જિંદગીનો એક જ, એ—ક—જ સાથી ગયો. એલેક! એ મારું સર્વસ્વ હતો. એનાથી બન્યું ત્યાં સુધી એણે મને આપ્યું, એ મારો રહ્યો. એલેક! એને જતો હું રોકી ન શકી, મેં ન રોક્યો." માર્નીની આંખોમાં આંસુ હતાં.

"સાચી વાત એ હતી માર્ની કે તું એને ચાહે છે એવી તેને ખાતરી થતાં જ તેનો પ્રેમ ઓસરવા લાગ્યો. અતિશય સુખીને સુખનું અજીર્ણ થાય છે. તેણે તને દુઃખી કરી નિજાનંદ માણ્યો. કલ્પનાવિલાસી મધ્યયુગી જમાનાની પરંપરાનું એ યુવાન પ્રતીક હતો." એલેકે પૃથક્કરણ કર્યું.

"પણ એલેક! એનામાં કંઈક હતું. મારી બુદ્ધિ મારા કાબૂમાં ન હોત, તો મેં નક્કી આપઘાત કર્યો હોત."

"તારું વલણ બુદ્ધિ કરતાં આપઘાત તરફ વિશેષ હોત તો સારું, એમ ઇચ્છું છું." એલેકે મશ્કરી કરી.

"કેમ એવું બોલે છે, એલેક!"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તો કોઈ હળવા, હલકા, ઢંગધડા વગરના વિચાર-શૂન્ય થર્ડ ક્લાસ લેખકને વસ્તુ સાંપડત, અને તેવાં જ ગટરિયાં છાપાંઓને તેં મોટી હેડ લાઈનો પૂરી પાડી હોત."

"પણ મારે જીવવું છે." એલેકને ન સાંભળ્યો હોય, તેમ તે બોલી. પછી આંખો બંધ કરીને ધીમે રહીને તેણે ઉચ્ચાર્યું :

"હા. પ્રેમરહિત દશામાં પણ."

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૫મું - - - - - 'મંકી ગ્લેંડ'

સાબીનાના સંબંધ પછી કલ્યાણ સાબીનાને ત્યાં જ ઘણો વખત ગાળતો. માર્તીને એકાદ અઠવાડિયા સુધી તે મળ્યો જ નહિ અને પછી જ્યારે તે માર્તીના ફ્લૅટ ઉપર આવ્યો, ત્યારે ઉપલો બનાવ બન્યો.

જે રાત્રે તે સાબીનાને ત્યાં રહ્યો તેને બીજે દિવસે કલ્યાણ અને સાબીના લગભગ આખો જ દિવસ સાથે હતાં. સાબીનાએ તેને કહ્યું કે પોતે તેના વગર એકલી રહે તે વિચાર જ તેને મન અસહ્ય હતો.

સાબીનાનું શારીરિક આકર્ષણ કલ્યાણને અસહાય કરતું અને સાબીનાને કલ્યાણરૂપી કેફ વગર ચાલી શકે કે કેમ તે એક સવાલ હતો. એકમેકમાં એકમેકને સંતૃપ્તિ સાંપડી હતી અને સંતૃપ્તિના ઘેનમાં ઉભયને અનેરો આનંદ હતો.

સાબીના કલ્યાણમાં મુગ્ધ હતી તેથી મગ્ન હતી. રોજ સાંજે બંને જણાં 'મેફેર' અને 'સોહો'ની ચુનંદી જગાઓમાં જમતાં, નાચતાં, પીતાં, અને તલ્લીન થઈ જતાં. સાબીનાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંબંધથી કલ્યાણમાં તેજી આવી હતી, અને કલ્યાણથી સંતુષ્ટ સાબીના કલ્યાણની આધીન પ્રિયતમા બની ગઈ હતી.

"ચાલ આજે 'સાયરોસ'માં જઈએ." સાબીનાએ એક સાંજે કલ્યાણને કહ્યું.

"કેમ વારુ ત્યાં?" કલ્યાણે સહેજ આશ્ચર્યથી પૂછ્યું. સાબીના મશ્કરીખોર હતી.

"યૌવન, ઉલ્લાસ, વિલાસ, તાઝગી અને તેજી જ્યાં હોય, ત્યાં જ હું તને કલ્પી શકું. ચાલ, ત્યાં તને લિજ્જત પડશે." સાબીનાએ કલ્યાણને ચીમટો ભરી કહ્યું.

"તું જ્યાં હોય, ત્યાં મારે તો લિજ્જત જ છે." તે બોલ્યો અને પછી સસ્મિત ઉમેર્યું: "પણ 'સાયરોસ'માં એવું શું છે?"

"મંકી ગ્લેંડ" સાબીનાએ હસીને કહ્યું.

"શું?" કલ્યાણે આશ્ચર્યથી ઘાંટો પાડ્યો.

"મંકી ગ્લેંડ, એ એક જાતનો કોકટેલ છે. જીન તથા નારંગીના રસનો બનેલો. અંદર થોડું એબ્સિન્થ. બીજી કોઈ મંકી ગ્લેંડની વાત નથી."

"હું નથી માનતો કે એમાંથી એકેકેની મારે જરૂર હોય."

કલ્યાણ 'સાયરોસ'માં પહેલી જ વાર જતો હતો. અને જ્યારે ત્યાં આવ્યાં, ત્યારે કલ્યાણે ચારે તરફ જોયા કર્યું. કેટલાંયે યુગલો નાચી રહ્યાં હતાં અને વાતાવરણ વિલાસથી ભરેલું હતું. સાબીના અને કલ્યાણ એક જગાએ ગોઠવાયાં. બાજુના ખૂણામાં એક પ્રૌઢ અંગ્રેજ સ્ત્રી અને એક કાળો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હબસી બેઠાં હતાં. હબસી ત્રીસેકનો લાગતો હતો. પેલી સ્ત્રી અને સાબીના એકબીજા તરફ હસ્યાં. પછી સાબીનાએ કલ્યાણ તરફ ફરીને ધીરેથી કહ્યું : "પેલી છે તે કાઉન્ટેસ ફ્રીકી. એનો ધણી ગુજરી ગયો છે. એ મોટો જમીનદાર હતો."

સાબીના થોડી વાર થંભી ગઈ. પછી ચલાવ્યું.

"પચાસેકની હશે અને હબસીઓને જ પસંદ કરે છે. જ્યારે જોઉં, ત્યારે કોઈ નવો હબસી હોય છે."

"કેમ એમ હશે?" કલ્યાણે સહેજ પૂછ્યું.

"તે કહે છે કે હબસીઓમાં જે છે, તે બીજે નથી."

બંનેએ મંકી ગ્લેંડ મંગાવ્યો અને તે આવ્યો એટલે "cheers" કરીને પ્યાલીઓ અથડાવી. પ્યાલીઓ ખાલી થઈ અને "કાવિયાર" ખાવાનું નક્કી કરી બંને નાચવા ઊભાં થયાં. મંકી ગ્લેંડની અસર બંને ઉપર જબરજસ્ત હતી.

સાબીના ટેંગો અને રંબા ખૂબ જ છટાથી નાચતી. કલ્યાણ ટેંગો નાચતો, પણ રંબાને ધિક્કારતો. સાબીના અને કલ્યાણ ટેંગો નાચતાં નાચતાં 'rock' કરતાં, ત્યારે કલ્યાણના ખભે ગાલ ટેકવી તે કલ્યાણના કાનમાં કહેતી :

"મારા દિલમાં આતશ જળી રહ્યો છે."

"હું બુઝાવીશ." કલ્યાણ ધીમેથી કહેતો.

ટેંગો પૂરો થતાં બંને ટેબલ આગળ આવ્યાં, બીજો મંકી ગ્લેંડ મંગાવ્યો અને 'કાવિયાર' આરોગવા મંડ્યાં. તે વખતે પેલી કાઉન્ટેસ ફ્રીકી પેલા હબસીની સાથે રંબા નાચતી હતી. એ બંનેને નાચતાં જોઈને સાબીના અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણ પાછાં વાતે વળગ્યાં. ક્રીકી બંનેને ધારીને જોઈ રહી હતી. નાચ પૂરો થયો એટલે હબસી ટેબલ તરફ ગયો અને ક્રીકી સાબીના પાસે આવી.

"હલો સાબીના, કેમ મોજ કરે છે કે નહિ?" ક્રીકીએ સાબીનાનો હાથ પકડી પૂછ્યું અને કલ્યાણ તરફ તીક્ષ્ણ નજર નાખી.

"હા ક્રીકી, થેંક્યુ. આવો ને, બેસો."

"ના ના. તું અને તારો મિત્ર એકલાં મંકી ગ્લેંડથી કલ્લોલ કરો."

"ભૂલી. તમારી સાથે કોઈક છે."

"હા, સાબીના. એ વળી કોઈ નવો ફિરસ્તો છે. તું ક્યાં નથી જાણતી? બિચારા હબસીઓ!"

"ક્રીકી, આ છે ડૉ. કલ્યાણ અને કલ્યાણ, આ કાઉન્ટેસ ક્રીકી."

કલ્યાણે ઊભા થઈ વિવેક કર્યો.

"ફક્કડ જુવાન છે. સાબીના, મારી તને દુઆ. જોજે ગુમાવતી. તારા વરને ખુશાલીનો તાર કર્યો?"

"ક્યારનોયે અને એનો મુબારકબાદીનો જવાબ પણ આવી ગયો." સાબીનાએ હસીને કહ્યું.

"તારો વર તો હીરાનો વેપારી નથી, ખરેખર હીરો છે. કેવો સમજુ માણસ" એટલું કહી ક્રીકી ચાલી ગઈ.

"કેવી લાગી?" સાબીનાએ કલ્યાણને પૂછ્યું.

"કાઉન્ટેસ જેવી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એમ કે? હું શું એવી છું?"

"મેં ક્યાં કહ્યું? તમારી પસંદગી બેશક વધારે સારી." કલ્યાણના મોં ઉપર સ્મિત તરવર્યું.

"લેન! ચાલ ઘેર જઈએ."

સાબીનાના ફ્લૅટ ઉપર બંને આવ્યાં, ત્યારે સાબીના અર્ધ જાગ્રત અર્ધ ઘેનમાં હતી. એના અંગમાં ઇશ્ક સળગી રહ્યો હતો. બંને જણાં એકમેકમાં ઓતપ્રોત થઈ ગયાં. તન્મયતામાંથી તદ્રૂપતા જન્મી હતી.

પુરુષ અને પ્રકૃતિના આવા મહા રાસ લગભગ દરરોજ થતા અને સાબીનાની ઉન્મત્ત અને ઉ-તુંગ લંપટતામાં કલ્યાણ લપટાતો ગયો. એ લંપટતામાંથી ઉદ્ભવતી પરિભાષાના જાણનાર તથા સમજનાર એ બે જ આત્માઓ હતા. કોઈક વાર સાબીના કલ્યાણનો વિશાળ બાહુ એકાગ્રતાથી નીરખતી અને આસ્તે આસ્તે સ્પર્શતી. એ હાથ એને મોટી દીવાદાંડી જેવો પ્રચંડ લાગતો. લંપટ ઉમળકાથી તે જોઈ રહેતી. જેમ જેમ તે ધ્યાનથી જોયા કરતી, તેમ તેમ તે વધતો જ જતો હતો એવો ભાસ તેને થયા કરતો. છેવટે એને એનો ઘેરાવો પૃથ્વીના ગોળા કરતાં પણ અધિક લાગતો અને લંબાઈ લાખ્ખો યોજન જેટલી જણાતી. તે અર્ધ નિદ્રામાં બબડતી:

"કલ્યાણ, તારો હાથ દીવાદાંડી બની ગયો છે અને પેલાં સાગરનાં મોજાં એને અથડાય છે!"

આમ બબડતી, લવતી સાબીનાને કલ્યાણ જગાડતો અને ત્યારે સાબીનાને સમજાતું કે પોતાના હૃદય ઉપર કલ્યાણનો હાથ પોતે દબાવી રહી હતી. એમ દીવાદાંડીનો પાછો હાથ બની જતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈક વાર સાબીનાને લાગતું કે કલ્યાણ મનુષ્ય નહોતો પહાડ હતો. કોઈકવાર કલ્યાણ જાણે ચીંથરાનો ઉંદર થઈ જતો. જ્યારે ભાન આવતું, ત્યારે સમજાતું કે કલ્યાણના પગ નીચે પોતાનો પગ હતો અગર પોતાનો પગ કલ્યાણના પગ ઉપર હતો. કલ્યાણને તેથી તે " દીવાદાંડી, પહાડ, ચીંથરાનો ઉંદર " એવાં વિધવિધ નામે સંબોધતી.

કલ્યાણ ઘણી વાર સાબીનાને ધારી ધારીને જોતો ત્યારે તે એક ભયંકર કાળી બિલાડી બની જતી. તેની મૂછો, તેના દાંત, તેના નહોર એ બધું જોઈ તે બીહતો, પણ પછી તેને પંપાળતો. એ જ ધારી ધારીને જોતો હોય ત્યાં બિલ્લી કશું તાકતી અને જોત જોતામાં કોઈ ઉંદરને પકડી લેતી. કલ્યાણ ઝબકી ઊઠતો, ત્યારે સમજાતું કે સાબીનાનો હાથ પોતાને ગળે વીંટાયેલો છે, અને એના માથાના વાળ એના ગાલ ઉપર આઘાપાછા પડેલા છે.

સાબીનાનો વર કોઈક કોઈક વાર યુરોપના કોઈક શહેરમાંથી ચારછ મહિને એકાદ વાર ફૂટી નીકળતો. સાબીના તે બેત્રણ દિવસ કલ્યાણને દિવસના ભાગમાં જ ઘેર બોલાવતી. વરને પોતે કહેતી કે, " my boyfriend is so sweet." વર ખુશી થતો અને કહેતો કે, " I am very happy, my dear."

" Thank you, darling" કહી સાબીના વરના ગાલે બચ્ચી કરતી.

વરની હાજરીમાં જો કલ્યાણ આવતો તો " Len, my dearest, do stay for dinner " એમ કહી તેના હોઠે નહિ જેવી બચ્ચી કરતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Yes my boy, do stay." એવું પછી વર આગ્રહપૂર્વક કહેતો. કલ્યાણ "Please excuse me" કહી ના પાડતો અને તેને જતો જોઈ, તેની સાથે બહાર બારણા સુધી સાબીના જતી. વર અંદર જ રહેતો.

સાબીનાનો વર પચાસેકનો હતો, કુશળ વેપારી હતો. બીજું કશું જ નહોતો. બંને તે જાણતાં અને તેથી બંને સુખી હતાં, મિત્ર હતાં.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૬મું - - - - - - - - 'મૉલિ'

કલ્યાણ અને સાબીનાનો સંબંધ ગાઢો થતો ગયો અને અવિચ્છિન્ન ચાલ્યા કર્યો. માર્ની સાથેના છૂટાછેડાની અરજીનો નિકાલ આવવાનો દિવસ નક્કી થયો. કલ્યાણે પોતાના સૉલિસિટરને બધી હકીકત સમજાવી. કેસમાં કંઈ હતું નહિ. છૂટાછેડા માટેનો પુરાવો બંને પક્ષને માન્ય હતો. કોર્ટમાં કલ્યાણ અને માર્નીએ એકમેક તરફ છેલ્લી વાર જોઈ લીધું. કોર્ટે છૂટાછેડા બક્ષ્યા. પાંચ મિનિટમાં નાટક પૂરું થયું. કોર્ટની બહાર કલ્યાણ અને માર્ની એકમેકને સામાં મળ્યાં. ઘડી સ્થિર દૃષ્ટિએ જોઈ રહ્યાં. બંનેના મોં ઉપર ગમગીની હતી. બંનેએ એકમેકને હાથ આપ્યા અને 'ગુડ બાય' અને 'ગુડ લક' કરી બંને નિરાળા માર્ગે ચાલ્યાં. માર્નીની સાથે એલેક હતો. કલ્યાણ એકલો હતો. સાબીના કામને અંગે લંડનની બહાર ગઈ હતી અને રાત્રે સાડાઆઠે આવવાની હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદાલતમાંથી નીકળી ખિન્ન વદને કલ્યાણ ઓલ્ડવીચને રસ્તે પડ્યો. કીંગ્સવે આગળ ફંટાતાં તે શૂન્યમૂન્ય ચાલતો હતો ત્યાં ટ્રાફીક અટક્યો. પાસેની એક નાની સરખી કારમાંથી એક સ્ત્રીનો અવાજ આવ્યો:

"તમને લીફ્ટ જોઈએ? ઇચ્છા હોય, તો બેસી શકો છો."

અવાજ સાંભળી કલ્યાણ ફર્યો. મોંમાંથી સિગારેટનું ઠૂંઠું ફેંકી દીધું. કારમાં એક અંગ્રેજ યુવતી હતી. યુવતીએ કલ્યાણને જોઈ સ્મિત કર્યું. કલ્યાણે સામું સ્મિત કર્યું.

"થેંક્યુ." એટલું કહી યુવતીની સાથે તે કારમાં બેઠો. કાર ચાલવા લાગી. થોડી વાર એકેય કંઈ બોલ્યાં નહિ.

"હું જર્નાલિસ્ટ છું. મેં તમને કોર્ટમાં જોયા હતા." પેલીએ કહ્યું.

"એમ?"

"હા. તમારામાં મને રસ પેદા થયો. તે સ્ત્રી તમારા પ્રેમમાં હતી, તે મને સ્પષ્ટ સમજાયું હતું."

કલ્યાણે જવાબ ન આપ્યો. પેલીએ ચલાવ્યું.

"તે લેખિકા છે, કેમ?"

"તમને ક્યાંથી ખબર પડી? તેના તખલ્લુસથી તે કોર્ટમાં હાજર નહોતી થઈ."

"હું જર્નાલિસ્ટ છું એટલે જાણું તો નવાઈ નહિ."

એટલામાં ઇવનિંગ સ્ટેંડર્ડ, ઇવનિંગ ન્યૂસ, સ્ટાર એ બધાં છાપાંઓમાં 'જાણીતી લેખિકાના હિંદી વરે મેળવેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છૂટાછેડા 'ની હેડ લાઇનોની બૂમો પાડતા છાપાં વેચનારાઓના ઘોષ સંભળાયા. કલ્યાણ ચકિત થઈ ગયો.

" જોયું ? " યુવતીએ કલ્યાણ તરફ ફરીને કહ્યું.

" છોકરી ! તું એમ ધારે કે મારા તરફથી તને કંઈ કહાણી મળશે, તો તું ભૂલ કરે છે. લીફ્ટ માટે આભારી છું. ચાલ, મારે અહીં ઊતરવું છે. થેંક્યુ. " એમ કહી કલ્યાણ હોબર્ન સ્ટેશન આગળ ઊતરવા જતો હતો. પણ પેલીએ તેને તેમ કરતાં અટકાવ્યો.

" તમે એમ ન માનશો કે વાત જાણવા મેં તમને લીફ્ટ આપી. સાચું કહું છું કે મને તમારામાં રસ પેદા થયો અને મન થયું કે લાવ, બને તો તમને સાંજ મારી સાથે ગાળવા વિનંતિ કરું. "

કલ્યાણે યુવતીની નિખાલસતા જોઈ. તે લગાર હસ્યો.

" ઠીક. સાંજના આઠ સુધી તમારી સાથે વખત ગાળવા મને વાંધો નથી. અત્યારે છ વાગ્યા છે. "

" હા. મને રુચશે. "

" ક્યાં જઈશું ? "

" મને ખ્યાલ નથી, ક્યાં ? પેલી બોલી, ત્યારે કાર ન્યુ ઑક્સફર્ડ સ્ટ્રીટમાં વળી હતી. પાસે 'હનિડ્યુ'નું કાફે હતું. કલ્યાણે તે તરફ જોયું.

" ચાલો હનિડ્યુમાં. કૉફી અને ઍપલટાર્ટ ઠીક પડશે. "

" ફાંકડો વિચાર છે. " એટલું બોલીને યુવતીએ કાર બાજુની ગલીમાં રાખી. પછી બંને હનિડ્યુમાં આવ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"આપનું શુભ નામ?" કલ્યાણે પૂછ્યું.

"મૉલિ ફીલ્ડ."

"મારું નામ કલ્યાણ છે."

"તમે ડૉકટર છો, કેમ?"

"હા. હવે એમ. આર. સી. પી. થવા પ્રયત્ન કરું છું."

"અહીં કેટલા વખતથી છો?"

"ત્રણેક વરસથી."

"ઇંગ્લંડ કેવું લાગ્યું?"

"ધુમ્મસ ને પૉલિટીક્સ બાદ કરતાં ઘણું ગમ્યું."

"એની ચાલીઓ ને બેકારી પણ બાદ કરવાં પડશે." મૉલિએ પૂરું કર્યું. કલ્યાણ મૉલિ તરફ જોઈ રહ્યો.

"એ તો મૂડીયુગની બક્ષિસ! તેમાં કંઈ એકલા ઇંગ્લંડનો જ દોષ નથી."

"પણ આ મુલકમાં તો સ્વતંત્રતાની ઓથે બધાં અનિષ્ટો ચલાવાય છે. અરે, આર્થિક સમાનતા વિના તે વળી સ્વતંત્રતા કેવી!"

"કેમ વળી નહિ? ગરીબ ને તાલેવંત બેઉને સેવોય, રિટ્ઝ, ક્લેરિજીઝમાં રહેવાની સ્વતંત્રતા છે. ગરીબો મહેલોમાં ન રહેતા ચાલીઓમાં રહે, તેમાં સ્વતંત્રતા શું કરે?"

કલ્યાણના વિનોદકટાક્ષથી મૉલિ હસી. પછી કલ્યાણે પાછું શરૂ કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"જુઓને, મિસ ફ્રીલ્ડ, સામાન્ય જનસમૂહ તો આખી દુનિયામાં ભોળો ભલો હોય છે. વાંચી તથા લખી શકો તેથી સમજણવાળા છો, તે માન્યતા બરાબર નથી."

"તદ્દન સાચી વાત છે, અને મારા દેશબાંધવો તો વળી અનેરા છે! જ્યાં સુધી સમજવું ન પડે, ત્યાં સુધી ગમે તે વાંચવા તે તૈયાર હોય છે. અમારી રાજકીય અને સામાજિક ઊંઘની પાછળનું એ રહસ્ય છે."

"આપ કોણ છો, એ પૂછી શકું તો?"

"ધંધાથી હું પત્રકાર છું, વિચારથી હું સમાજવાદી છું, ધર્મથી હું શાંતિવાદી છું."

કલ્યાણ આ ભાવનાશાળી યુવતીને જોઈ રહ્યો. મૉલિએ વક્તવ્ય ચાલુ રાખ્યું.

"હા. જ્યારથી મારામાં વિચારશક્તિ આવી, ત્યારથી જ હું સમાજવાદી છું, અને મૂડીવાદી પ્રથાને નાબૂદ કરવા માટે બોલી બોલીને મારો અવાજ ખોખરો થઈ ગયો છે અને લખી લખીને આંગળીઓ ઉપર આંટણ પડી ગયાં છે."

"તમે તે નાબૂદ કર્યો?" કલ્યાણે મશ્કરી કરી.

"લોકોએ તે નાબૂદ નથી કર્યો." મૉલિએ 'લોકો' ઉપર ભાર દઈ કહ્યું.

"ચાલો, બીજી કૉફી લઈએ." એમ કહી કલ્યાણ કાઉન્ટર ઉપર જઈ બીજી કૉફી લઈ આવ્યો.

"તમને કંટાળો તો નથી આપતી ને?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હજી સુધી નથી આપ્યો; આપશો, ત્યારે જણાવીશ." એમ કહી કલ્યાણ હસ્યો. પછી મૉલિમાં જાણે રસ લેતો હોય, તેમ ઉમેર્યું: "તમે કેવી જાતની રાજકીય ચળવળ કરો છો?"

"છાપાંઓ માટે લખું છું—સમાજવાદી છાપાંઓ માટે. સમાજવાદી સભાઓ, સરઘસો યોજું છું અને શાંતિવાદી સંસ્થાનું બલ્કે 'પીસ પ્લેજ યુનિયન'નું કામ કરુ છું. કેટલીક વાર સંસ્થાનું 'પીસ ન્યૂસ' નામનું છાપું વેચતી પેલા ખૂણામાં ઊભી રહું છું. જોયો પેલો ચેરિંગ ક્રૉસ આગળનો ખૂણો?"

"છાપું ખપે છે?"

"હા. થોડા દિવસ પર એક કૅનેડિયન તે ખરીદવા આવ્યો. તેણે મને સંસ્થા વિષે ઘણા પ્રશ્નો પૂછ્યા. મેં એને શાહીવાદ, મૂડીવાદ, કહેવાતો પ્રજાસત્તાવાદ વગેરે મૂડીવાદી ઢોલનગારાંઓ ને ધજાપતાકાઓના ભ્રમ સમજાવ્યા. અરે, એટલામાં તો એક ટોળું જમા થઈ ગયું. પેલા કૅનેડિયનને સમજાયું કે પોતે કયા સમાજમાં વસી રહ્યો છે. ત્યારથી તે અચૂક અમારું છાપું વાંચે છે."

"મિસ ફીલ્ડ! મને લાગે છે કે તમારે પાર્લામેંટમાં જવું જોઈએ અને ત્યાં ભાષણો કરવાં જોઈએ." કલ્યાણે હસીને કહ્યું.

"તમને ફાવે તે કહો બિરાદર, પણ અમે સમાજવાદીઓએ અને શાંતિવાદીઓએ જનતાને જે વિચારખોરાક પૂરો પાડ્યો છે, તેનો સહસ્રાંશ પણ તમારી બોલકણીનોની,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચેંબરલેનોની અને ચર્ચિલોની જમાતે પૂરો નથી પાડ્યો." મોલિએ કલ્યાણની મશ્કરી ન ગણકારતાં કહ્યું.

"મિસ ફીલ્ડ, હું મશ્કરી નથી કરતો, ખરું કહું છું કે સામાન્ય મર્ત્યો કરતાં તમે વધારે ઊંચી કક્ષાનાં દેખાઓ છો. જાહેરસેવા માટે મારી પાસે તો આવડત કે ઇચ્છા કંઈ નથી. મારામાંથી જ હું પરવારતો નથી!"

"તમારો વાંક નથી. મૂડીવાદનું ઝેર આપણી રગોમાં પ્રસરી ગયું છે. જ્ઞાન, ઇચ્છા, અને ક્રિયા એ ત્રણે શક્તિઓનો મૂડીવાદ હ્રાસ કરે છે. મનુષ્ય મનુષ્ય મટી યંત્ર બને છે. મને મળીને મને આનંદ થયો છે. તમારો મીઠો પૌર્વાત્ય વિનય સમાજવાદી યુગ જરૂર અપનાવી લેશે. ચાલો, રજા લઉં?"

"ના, ના, બેસો. આઠ વાગ્યા પહેલાં તમારે જવાની જરૂર નથી. તમે ક્યાં રહો છો?"

"બાજુમાં બ્લુમ્સબરીમાં. મારું મગજ રાષ્ટ્રિય મટી આંતરરાષ્ટ્રિય બની ગયું છે. મારા મિત્રો પણ આંતરરાષ્ટ્રિય છે — અંગ્રેજ, ફ્રેંચ, રશિયન, ઇટાલિયન, સ્પેનીશ, જર્મન, ચીનાઈ, જાપાનીસ· તેમાંના ઘણા ઑક્સફર્ડ અને કેંબ્રીજના સ્નાતકો છે. તમે શનિવારે મારે ત્યાં આવશો? તમે આવશો, તો હું ખુશી થઇશ."

"એ માનને હું લાયક ગણાઉં છું, તે વિચારથી મને હર્ષ થાય છે. પણ અત્યારથી હું કહી નથી શકતો. આપને ફોન કરીને જણાવું તો?"

"જેવી તમારી મરજી. મારો નંબર 'મ્યુઝિયમ 6000'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ફરી કહું કે તમારી મૈત્રીથી મને આનંદ થશે. માનું છું કે આ કહેવાથી તમારી ‘ અહંતા ’માં ઉમેરો થશે ! ”

“ મારામાં અહંતાની ખોટ છે એવું કહું, તેમાં પણ આપ અહંતા જોશો ! એટલું જ જણાવું કે તમારી ઓળખાણ થવાથી હું મને ભાગ્યશાળી લેખું છું. ” કલ્યાણે નમ્રતાથી કહ્યું.

આઠ વાગ્યા. બંને ઊભાં થયાં. મોલિએ કલ્યાણને હાથ આપ્યો અને ભાવથી વિદાય લીધી. કલ્યાણ તેને જતી જોઈ રહ્યો. તેણે જોયું કે તે ઊંચી, પાતળી અને આકર્ષક હતી. થોડી વાર તેનો વિચાર કરતો તે ઊભો રહ્યો; પછી તેણે ચાલવા માંડ્યું. નવ વાગ્યે સાબીના આવવાની હતી એટલે નવ વાગ્યા પહેલાં સાબીનાના ફ્લૅટ ઉપર જઈ તે બેઠો. બેઠે બેઠે તેણે આખા દિવસના બનાવોનો મનમાં વિચાર કર્યો. આજે પોતે માર્નીથી છૂટો પડ્યો. વહાલસોઈ, માયાળુ માર્નીને અને પોતાને કેમ અંતર પડી ગયું ! માર્નીએ એને સુખી કર્યો હતો, પ્રેમની પરાકાષ્ઠાનું ભાન કરાવ્યું હતું, છતાં આમ કેમ બન્યું ! સાબીના તરફ પોતાનું આકર્ષણ કેમ આટલું પ્રબળ હતું ! સાબીના ચાહતી, પણ તે ચાહનામાં ભાવના કરતાં આવેશ હતો. માર્નીના પ્રેમમાં ભાવના પ્રબળ હતી, આવેશ ગૌણ હતો. આમ વિચાર કરતો હતો, ત્યાં એની સ્મૃતિમાં હીલ્ડા તરી આવી. હીલ્ડા ! હીલ્ડા ક્યાં હશે ? શું કરતી હશે ? પોતાને યાદ કરતી હશે ? હીલ્ડાના પ્રેમનો એણે વિચાર કર્યો. એના પ્રેમમાં કેટલું મમત્વ હતું, છતાં એમાં ઊંડાણ હતું ખરું ? કલ્યાણ નક્કી ન કરી શક્યો. એટલામાં તેની સ્મૃતિમાં સમુદ્રની પેલી પારની એક હિંદી યુવતી આવી. શ્યામા ! ઘેલી, અધીરી, શ્યામા ! કલ્યાણની આંખ ઘેરાઈ. સવાનવ વાગ્યા. બારણે ઘંટડી વાગી. નોકર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાઈએ બારણું ખોલ્યું. વીજળીના ઝબકારા જેવી સાબીના દાખલ થઈ. હેટ બાજુ ઉપર નાખી તે કલ્યાણ તરફ ઉમળકાથી ધસી.

"લેન, મારા લેન! મને સંભારતો'તો?"

"હા, સાબીના." કહી કલ્યાણે તેને ચુંબન કર્યું. બંને ગાઢ આશ્લેષમાં એકમેકમાં ઓતપ્રોત થઈ જોઈ રહ્યાં, એટલે તન્મયતા તદ્રૂપતામાં ફેરવાઈ ગઈ. એમના પગ એમને અંદર લઈ ગયા. પુરુષ અને પ્રકૃતિનો મહારાસ જાણે યુગો સુધી ચાલ્યો. વ્યુત્થાન દશામાં જ બંનેને સમજાયું કે પોતે એક નહિ, પણ ભિન્ન હતાં.

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૭ મું -----'મૉલિનુ હાર્દ'

ઉપરના બનાવ પછી કલ્યાણ એક વાર મૉલિને ત્યાં પાર્ટીમાં ગયો. પાર્ટીમાં તેને ત્રણચાર નવાં ઓળખાણ થયાં. બંને વચ્ચે મૈત્રી જામતી ગઈ અને કલ્યાણે પોતાની, માર્નીની અને સાબીનાની તમામ હકીકત મૉલિને ધીમે ધીમે વિસ્તારથી કહી. મૉલિને કલ્યાણ તરફ મમતા બંધાતી ગઈ અને નિખાલસ અંગ્રેજ યુવતી કલ્યાણની પરમ મિત્ર બની ગઈ. સાબીના તો પ્રિયતમા હતી, પરંતુ કલ્યાણને મૉલિની મૈત્રીમાં જીવનના રસમાં ખૂટતાં તત્ત્વો મળી રહ્યાં.

કલ્યાણને ઇંગ્લંડમાં ચારેક વરસ થઈ ગયાં. એમ. આર. સી. પી. ની પરીક્ષા એકાદ માસ પછી હતી. સાબીના કામ અંગે પેરીસ ગઈ હતી. મૉલિનો ફોન આવ્યો.

"સાંજે મીટિંગમાં આવીશ ને, કલ્યાણ?"

"હું નથી ધારતો કે બને. મહિના પછી પરીક્ષા છે."

"તારી પરીક્ષા બરાબર પસાર કરજે, કલ્યાણ. કેમ લાગે છે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હચુપચુ."

"એ ના બને, કલ્યાણ ! તું નપાસ થશે, તો હું નાસી-પાસ થઈશ."

"બનતો પ્રયત્ન કરું છું."

"હું ઇચ્છું કે હું પ્રોફેસર હોત ! તને આમ શીખવી દેત !"

"કેમ મારામાં આટઆટલો રસ ?"

"લાગણી." એટલું કહી મોલિએ રિસીવર મૂકી દીધું.

કલ્યાણ સ્તબ્ધ થઈ ટેલિફોન તરફ જોઈ રહ્યો. માથું ખંજવાળ્યું અને ધીરેથી બબડ્યો : "અજબ છોકરી !"

પરીક્ષા આવી અને પરીક્ષા ગઈ. કલ્યાણને પાસ થવાની આશા બિલકુલ નહોતી. થયું પણ તેમ. સાબીનાએ સાંત્વન આપ્યું, વહાલ કર્યું. ગ્લાનિ ભૂલી જવા બંને 'સાયરોસ કલબ'માં ગયાં, સારું ખાધું, સારું પીધું, મોડી રાત સુધી નાચ્યાં. વહેલી સવારે ઘેર આવ્યાં. "લેન ! શું કરવા નિરાશ થાય છે, મારા જીવડા !" એમ કહી સાબીનાએ કલ્યાણને સોડમાં લઈ પંપાળ્યો. ત્રણ ચાર દિવસ પછી સાબીના અને કલ્યાણ પખવાડિયા માટે પેરીસ ગયાં. દરમ્યાન મોલિનો એક ટેલિફોન અને બે પત્રો કલ્યાણ ઉપર આવેલા તે જવાબની રાહ જોતા પડ્યા. પેરીસથી સાબીના કામને અંગે વિએના ગઈ અને કલ્યાણ લંડન આવ્યો. કલ્યાણે ટપાલ ખોલી. મોલિના છેલ્લા કાગળમાં નીચે મુજબ લખાણ હતું:—

"તું મારાથી શું ધરાઈ ગયો છે? તેમ હોય તો જણાવજે. આટઆટલા વખતથી તું મને ન મળે કે ન લખે કે ન ફોન કરે, તેનો બીજો કંઈ અર્થ સંભવતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી મૈત્રીની તને દરકાર ન હોય, તો તું એમ સ્પષ્ટ કહે, એમ ઇચ્છું છું. લગારે બીતો નહિ, હું કંઈ ગાંડુઘેલું કરી નહિ બેસું. તારે ખોટાં બહાનાં કાઢવાની કે ગોળગોળ કહેવાની બિલકુલ જરૂર નથી. તારી ઇચ્છા મને સ્પષ્ટ જણાવજે અને હું ખાતરી આપું છું કે તેં મૈત્રીનો અંત નક્કી કર્યો હશે, તો તને હું લગારે અંતરાયરૂપ નહિ નીવડું. માટે તારી કાઉન્ટેસ કે ડચેસ કે ફ્ચેસ કે જે હોય તેને મારા તરફથી નિશ્ચિંતિ આપજે."

કલ્યાણે તુરત મોલિને ફોન કર્યો. મોલિ ઘેર નહોતી. અડધા કલાક પછી મોલિનો ફોન આવ્યો.

"મોલિ! હું તો પેરીસથી આજે જ આવ્યો. તારા પત્રો હમણાં જ મળ્યા. આભાર માનું છું."

"નસીબદાર જીવડો છે તું. મારા નસીબમાં આરામ લખાયો નથી." મોલિએ મશ્કરી કરી.

"મારે આરામની જરૂર હતી, મોલિ."

"ક્યાં પેરીસમાં? આરામ માટે જગ્યા તો સારી શોધી! આજે નહિ, છેલ્લા ત્રણેક દિવસથી મને પાછો હૃદયમાં દુઃખાવો શરૂ થઈ ગયો છે ગઈ કાલ સુધી ખૂબ હતો. હું આરામ કરું છું અને ઘરમાં જ રહેવું છે."

"અરે મોલિ! હું બહુ દિલગીર છું. હું તારે ત્યાં હમણાં જ આવું છું."

"ના, તું મારી પાસે આવે તે ઇરાદાથી મેં તને નથી કહ્યું. વળી તારી 'પેલી' ચિડાશે! હું કેટલીક વાર વિચારું છું, કલ્યાણ! કે તારા જેવા પુરુષોને લીધે સાબીના જેવી સ્ત્રીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે કે સાબીના જેવી સ્ત્રીઓને લીધે તારા જેવા પુરુષો હોય છે!"

"વિધિના ખેલ ન્યારા છે, મોલિ! વિધિ મેળવી આપે છે, વિધિ ત્યજાવે છે. વિધિનાં રહસ્યો આપણે શું સમજીએ!"

"હું તને વખોડતી નથી, નથી વખાણતી, પણ તારો વિચાર કરું છું, ત્યારે મને તું વિશિષ્ટ પુરુષ નથી લાગતો, જ્યારે હું તો વિશિષ્ટ પુરુષની પૂજક છું."

"હું તો માત્ર પુરુષ છું, મોલિ! વિશિષ્ટ પુરુષ મારે હજી જોવાનો બાકી છે."

"વિશિષ્ટ પુરુષ જીવનની તદ્દન સામાન્ય અને ક્ષુદ્ર બાબતોથી પર હોય."

"ઠીક વાત છે. બીજું કંઈ?"

"ગુસ્સે થયો? ના રે, તું કંઈ ગુસ્સે થવાની પરવા કરે તેવો નથી. મનમાં ભાંડતો હશે કે 'જહન્નમમાં જા'."

"હમણાં જ તારે ત્યાં આવ્યો જાણ." એટલું કહી કલ્યાણે રિસીવર મૂકી દીધું અને પાંચેક મિનિટમાં તૈયાર થઈ મોલિના ફ્લેટ તરફ જવા નીકળ્યો.

મોલિને ત્યાં કલ્યાણ જ્યારે આવ્યો, ત્યારે મોલિ ડાઈવેન ઉપર સૂતી સૂતી વાંચતી હતી.

"તબિયત કેમ છે, મોલિ?" કલ્યાણે મોલિનો હાથ પકડ્યો.

"સવાર કરતાં સારું છે, પણ તદ્દન સારું નથી. તું આવ્યો તેથી ઘણો આનંદ થયો."

"તારે ખૂબ આરામની જરૂર છે, મોલિ!"

"તો મારા પેપરનું, મારી ક્લબનું, મારી પાર્ટીનું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી મિટિંગોનું શું ? કલ્યાણ ! તે બધા વગર હું જીવી જ ન શકું."

"મારે લગતું કંઈ કામકાજ ?"

"ઘણું છે. અમારી અંગ્રેજી ભાષાનું તારું જ્ઞાન તથા તે પરનો કાબૂ જોતાં તું અમારી સંસ્થાને કેટલીયે મદદ કરી શકે ! મારા પેપરમાં તું લખે, તો શું ? હા, કલ્યાણ ! તું એટલું તો કર."

"મારાથી બનતી બધી જ મદદ હું તને કરીશ. તેમાં મારાં ગુણગાન કરવાની કંઈ જરૂર નથી, મોલિ !"

"ગુણગાન નથી. મારે કોઈ કાબેલ કાર્યકર્તાની જરૂર છે અને તારા તરફથી હું તે આશા રાખું છું."

"પણ હું સમાજવાદી નથી."

"કેમકે સમાજવાદ એટલે શું તેની તને ખબર નથી. પણ તેની કંઈ ચિંતા નહિ, તું સમાજવાદી હોય કે ન હોય, પરંતુ મદદ તો જરૂર કરી શકે. 'વ્યાધિ'ઓ ઉપર કંઈ લખ. હા, કલ્યાણ ! વ્યાધિઓ અને સામાજિક વ્યવસ્થા એ વિષય તું સારો ચર્ચી શકે. વળી ચાલુ રાજકીય અને આર્થિક પ્રશ્નો ઉપર તું સારો વિચાર કરી શકે તેમ છે. લખતાં લખતાં ટેવાઈશ."

"ઠીક. હું મારાથી બનતી મદદ કરીશ."

બીજા દિવસથી કલ્યાણે મોલિના કામમાં મદદ કરવા માંડી. 'પૅસિફીઝમ' યાને શાંતિવાદના સિદ્ધાંતોનો તેણે અભ્યાસ કરવા માંડ્યો. 'જોખમમાં આવી પડેલી સ્વતંત્રતા' એ શાહીવાદી અને મૂડીવાદી સૂત્રને એના નગ્ન સ્વરૂપમાં એણે છાપામાં ચર્ચ્યું. મૂડીવાદી અને શાહીવાદી સમાજમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વતંત્રતા શબ્દની પાછળ શું રહસ્ય છે, તેની એમાં ચર્ચા હતી. મૂડીવાદીઓ અને શાહીવાદીઓ સ્વતંત્રતાનાં પોકળ ખુમરાણ કરી, માનવતાને છેતરી, તેને વધેરી, પોતાની નિર્ઘૃણ સત્તા કેમ ફેલાવે છે અને પરપ્રજાઓને પગની એડી નીચે કેમ દબાવે છે, એ આક્ષેપ તપાસીને તેણે ઢાલની બીજી બાજુ પણ બતાવી હતી. મૂડીવાદ એ ઐતિહાસિક દૃષ્ટિએ માનવસમાજના વિકાસનું એક પગથિયું છે અને તેથી તેનો વિકાસ સાધવા પૂરતો ઉપયોગ છે. જે થોડીઘણી સ્વતંત્રતા મૂડીવાદી સમાજમાં વ્યક્તિને મળે છે, તેવો મૂડીવાદી પ્રજાતંત્રવાદ, શાહીવાદી એકહથ્થુસત્તાવાદ કરતાં પ્રમાણમાં વધારે સારો છે, ઇંગ્લંડ, અમેરિકા અને ફ્રાંસનું મૂડીવાદી પ્રજાતંત્ર કહેવાતી શાંતિના વખતમાં જ સ્વતંત્રતાના સિદ્ધાંતને સ્વીકારે છે. યુદ્ધકાળમાં તો તે પણ એકહથ્થુસત્તાવાદ બની જાય છે તે દલીલ સાચી હોવા છતાં પણ બંને વચ્ચેનો ફરક સ્વીકારવો જોઈએ. યુદ્ધ એ મૂડીવાદનું અંગ છે, અને એવા યુદ્ધ વખતે બે પક્ષોની વચ્ચે શાંતિવાદીઓએ યાને પૅસિફીસ્ટોએ સ્વતંત્રતાના રક્ષણ ખાતર એકેક પક્ષ ન સ્વીકારવો, એમાં બકરું કાઢતાં ઊંટ પેસે એવું સ્પષ્ટ જોખમ રહેલું છે.

થઈ રહ્યું. પૅસિફીસ્ટો છેડાઈ પડ્યા. કોઈ પણ પ્રસંગમાં કોઈ પણ રીતે યુદ્ધમાં ભાગ ન લેવાય, એ સિદ્ધાંત જોખમાયો. સમાજની આર્થિક અને સામાજિક પરિસ્થિતિ બદલાતાં રાજકીય પરિસ્થિતિ પણ પલટાય છે અને પૅસિફીઝમનો સિદ્ધાંત સ્થિતિચુસ્ત રહે, તે દેખીતી રીતે બેહૂદું હતું. કલ્યાણના લેખથી પાર્ટી અને છાપું એ બે વચ્ચે વિસંવાદિતા ઊભી થઈ. સ્વતંત્રતાના રક્ષણ ખાતર યુદ્ધમાં ભાગ લેવાની દલીલ ઉપરછલ્લી હતી, એવું ચુસ્ત પૅસિફીસ્ટોને લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યુદ્ધથી સ્વતંત્રતાનું રક્ષણ નથી થતું પણ ભક્ષણ થાય છે, એવી એ પક્ષની દલીલ હતી. એ ઉપરાંત એ પણ જણાવવામાં આવ્યું કે યુદ્ધના વખતમાં જે સ્વતંત્રતા અદૃષ્ટ થઈ જાય છે તેનો ભાગ્યે ત્રીજો ભાગ પણ યુદ્ધ પછી પ્રજાને પાછો મળે છે. દર પચીસ વર્ષે આવાં યુદ્ધો થયાં કરે, તો લગભગ સો વર્ષમાં તો સ્વતંત્રતાનું નામ નિશાન પણ ન રહે. આમ હોવાથી પૅસિફીસ્ટોથી તો યુદ્ધમાં ભાગ લઈ શકાય જ નહિ.

ઉપરના પક્ષનો રદિયો પાર્ટીની સભામાં તથા છાપામાં કલ્યાણે આપ્યો. એણે જણાવ્યું કે વિરોધ પક્ષની દલીલ સાચી માની લેતાં પણ યુદ્ધમાં ભાગ ન લેવાથી એકહથ્થુ સત્તાવાદનો વિજય થતાં સ્વતંત્રતા થોડી તો શું, પણ સમૂળગી અળપાઈ જાય. યુદ્ધ એ માનવતાને હાનિકારક વસ્તુ છે એ સિદ્ધાંતનો પ્રચાર કરવાનો અવકાશ પણ પછી તો ન રહે. માટે એ સિદ્ધાંતનો સ્વીકાર કરીને પણ આપદ્ધર્મ તરીકે પૅસિફીસ્ટોએ યુદ્ધમાં ભાગ લેવો એમાં કશી પણ અપ્રમાણિકતા નહોતી, ઊલટું પૅસિફીઝમનું રક્ષણ હતું.

કલ્યાણનો પક્ષ બળવાન બનતો જતો હતો. એનું નામ પાર્ટીમાં ગવાવા લાગ્યું. મૉલિ કલ્યાણના મતને સંમત નહોતી પણ એને કલ્યાણની શક્તિ માટે અભિમાન જાગ્યું. પાર્ટીની સભામાં બે પક્ષ પડી ગયા. કલ્યાણનો પક્ષ હાર્યો. કલ્યાણે સ્પષ્ટ કહ્યું કે પૅસિફીઝમ એક વિઘાતક પગલું ભરી રહ્યું છે. એના પક્ષમાં પણ સારી સંખ્યા હતી. મૉલિ પાર્ટીને વફાદાર રહી. કલ્યાણના પક્ષમાં એક નાની સરખી મંડળી જામી. એ મંડળીમાં બર્નાર્ડ અને બાર્બરા મુખ્ય હતાં. કલ્યાણ તેમને મન નવો માર્ગદર્શક હતો. તેમણે 'નીઓ પૅસિફીસ્ટ' યાને 'નવા શાંતિવાદીઓ'નું મંડળ ઊભું કર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બર્નાર્ડ નિશાળમાં માસ્તર હતો. બાર્બરા વેપારી પેઢીમાં કામ કરતી હતી. બંને કલ્યાણ તરફ આકર્ષાયાં હતાં. મૉલિની સાથે એ બંનેને મૈત્રી હતી.

એક દિવસ પાર્ટીની મિટિંગ પછી કલ્યાણ અને મૉલિ ઘેર જતાં હતાં.

"કલ્યાણ! બાર્બરા ને બર્નાર્ડ તારા તરફ ખૂબ આકર્ષાયાં છે. તું એમનો 'hero' થયો છે."

"ઘણું સારું. તેવો ભક્તિભાવ પક્ષને મદદરૂપ છે. મને માન આપશે, તો મને સાંભળશે." કલ્યાણ હસ્યો.

"મેં તો જો કે કહ્યું કે આટલો કાબેલ હોવા છતાં તારી ભાવનાનું અંતિમ શિખર કોઈક કાઉન્ટેમ છે, પૅસિફીઝમ નથી." મૉલિએ હસીને ટકોર કરી.

"મૉલિ! તું ગમે તે કહે, પણ હું તે સ્ત્રીને છોડવાનો નથી." કલ્યાણે ચિડાઈને મક્કમતાથી કહ્યું.

મૉલિ કંઈ વધારે બોલી નહિ. એના ફ્લૅટ ઉપર આવીને બંનેએ નક્કી કર્યું કે બીજે દિવસે પાર્ટીની કૅબિનેટને બોલાવવી અને એક મુખ્ય પાર્ટીમાં સહેજ મતભેદવાળી બેત્રણ પેટા પાર્ટીઓ પણ સંભવી શકે છે એવી દલીલ કરવી. નક્કી કરીને બંને છૂટાં પડ્યાં.

બીજે દિવસે સભા મળી. નવો પક્ષ પણ મુખ્ય પક્ષમાં પેટા પક્ષ તરીકે રહી શકશે, એવી મૉલિની દલીલ ઘણા વિરોધ પછી સ્વીકારાઈ. કલ્યાણનો પક્ષ છૂટો પડ્યા વગર મુખ્ય પાર્ટીમાં રહ્યો.

મોડી રાત્રે કલ્યાણ ઘેર જવા ઊઠ્યો, ત્યારે મૉલિ એને અંડરગ્રાઉન્ડ સ્ટેશન સુધી વળાવવા બહાર આવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" હા...શ. હું એટલી રાજી છું ! "

" હું નથી. "

" કેમ ? "

" મારા વિચારો પૅસિફીઝમથી ઘણા જ જુદા છે, અને તેવો માણસ પૅસિફીસ્ટ પાર્ટીમાં રહી ન શકે. "

" પણ તારા વિચારો કંઈ પૅસિફીઝમના વિરોધી નથી, સહેજ જુદા છે એટલું જ. "

" પૅસિફીસ્ટોના સિદ્ધાંતોમાં પૂર્વગ્રહો છે. તેઓ સ્થિતિ-ચુસ્ત છે, તેથી તેમના વિચારો માત્ર 'વાદો' બન્યા છે. મૉલિ ! સાચું કહું તો પૅસિફીઝમ માત્ર 'વાદ' છે, ચળવળ નથી. "

" ના, કલ્યાણ ! પૅસિફીઝમ અનુભવો પર રચાયેલી ફિલસૂફી છે, ફક્ત વાદ નથી."

" પણ અત્યારના સંયોગોનો સામનો કરવા તે તૈયાર નથી, તેનું શું ? સંયોગોનો સામનો ન કરી શકે, તે ફિલસૂફી નથી."

" તારી વિચારસરણીમાં તો પછી અચળ સિદ્ધાંતોને સ્થાન નથી. એમ જ ને !

" સિદ્ધાંતને સ્થાન છે, અનુભવને સ્થાન છે, સ્થિતિ-ચુસ્તવાદને સ્થાન નથી, પૂર્વગ્રહને સ્થાન નથી."

મૉલિ કલ્યાણની સામે જોઈ રહી. કલ્યાણની વિચાર શકિત વિશાદ હશે, એનો એને ખ્યાલ નહોતો. એને સમજવામાં પોતે કેટલી ભૂલ ખાધેલી ! લહેરી, લંપટ કલ્યાણ ક્યાં, અને પૅસિફીસ્ટ પાર્ટીમાં વિચારનાં નવાં વહેણ ચલાવનાર કલ્યાણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યાં! મૌલિને પોતાની બુદ્ધિની ખુમારી છેલ્લા, ત્રણચાર માસથી ઊતરી ગઈ હતી.

"કલ્યાણ! તું ખરેખર એક અજાયબી છે! તારામાં આ બધું હશે, તેનો મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો! હું તો તનેફક્ત છેલબટાઉ, મદિરા ને માનિનીનો ભોગી, વિચારશૂન્ય મર્ત્ય માનતી!"

"એ જ દુઃખ છે. મનુષ્ય પ્રાણી દરેક બાબતોમાં પૂર્વગ્રહોથી જ ભરેલું હોય છે. મદિરા અને માનિનીના ત્યાગમાં જ નીતિ સમાઈ નથી જતી. અને વિચારશૂન્યોની દોસ્તીમાં જ વિચારશૂન્યતા નથી સમાઈ જતી." છેલ્લું વાક્ય તે મૌલિ તરફ જોઈને બોલ્યો ને હસ્યો.

મૌલિ કલ્યાણને જોઈ રહી. કલ્યાણના નૈસર્ગિક આકર્ષણમાં તેની બુદ્ધિની વિશદતાથી ઉમેરો થતો.

રસલ સ્કવેરના અંડરગ્રાઉન્ડ સ્ટેશન આગળ બંને અટક્યાં. કલ્યાણને છૂટા પડવાનું હતું. સ્ટેશનના દીવાના પ્રકાશમાં મૌલિએ કલ્યાણની મુખમુદ્રા ભાવથી નિહાળી. તેની ઘણી જ નજીક આવીને તે ઊભી રહી, અને પોતાનું મોં કલ્યાણના મોંની પાસે લાવી તેણે કલ્યાણ તરફ સ્થિર દૃષ્ટિ ફેંકી. કલ્યાણે સ્નેહથી મૌલિ તરફ જોયું. મૌલિના હોઠોમાં સ્પંદ થયો. કલ્યાણે તે તરફ દુર્લક્ષ કરી તેનો હાથ પકડ્યો, અને "ગુડબાય મૌલિ" એટલું કહી તે ચાલ્યો ગયો. મૌલિ તેને જોઈ રહી. "મારો વિશિષ્ટ પુરુષ" એટલું બબડીને થોડી વાર તે વિચારમાં ઊભી રહી અને પછી તે પણ ચાલી ગઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૮મું - - - - - 'મૉલિ ગઈ'

બીજે દિવસે શનિવાર હતો, અને કલ્યાણ મૉલિને ત્યાં પાર્ટીમાં જવાનું હતું, તે પ્રમાણે ગયો. પાર્ટીમાં પંદરવીસ વ્યક્તિઓ હતી અને મૉલિ સરસ કાળાં કપડામાં ફરતી હતી. કલ્યાણ આવ્યો, એટલે તે ઉમંગમાં આવી ગઈ. થોડી વાર પછી એને બાજુના ઓરડામાં લઈ ગઈ.

"મને બચ્ચી કર." તેણે કલ્યાણને સત્તાથી કહ્યું. કલ્યાણે એક નહિ જેવું નજીવું ચુંબન કર્યું.

"તું મારા પ્રત્યે શિથિલ છે." તેણે કલ્યાણને કહ્યું.

"મને ખ્યાલ નથી."

"હું તારા પ્રેમમાં છું, તેથી મને ખેદ થાય છે."

"ચાલ, બહાર જઈએ." એમ કહી કલ્યાણે મૉલિનો હાથ પકડ્યો અને બંને બહાર આવ્યાં.

બર્નાર્ડ, બાર્બરા તથા બીજાં કેટલાંક બેઠાં તથા ઊભાં હતાં અને વાતોમાં ગૂંથાયાં હતાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" કલ્યાણ, આ મારી દોસ્ત ગર્ટી. ઑસ્ટ્રિયન છે અને અહીં ઇંગ્લીશ શીખે છે. તે બેલે ડાન્સિંગ પણ શીખવે છે."

" કેમ છો?" કલ્યાણે હાથ આપ્યો.

" મોલિ તરફથી તમારા વિષે મેં ઘણું જાણ્યું છે. આશા છે કે મારી ધારણાઓ તમે ખોટી નહિ પાડો."

" તમારી ધારણાઓની જવાબદારી મારી નથી અને તમારે નિરાશ થવું પડે, તેની ગુનેગારી પણ મારી નથી." કલ્યાણે હસીને કહ્યું.

" ઓ મોલિ! ખરેખર ફક્કડ માણસ છે!" ગર્ટી નટીની છટાથી બોલી.

" છે જ. પણ બડો અભિમાની છે." એમ બોલી મોલીએ કલ્યાણને ધક્કો માર્યો.

" હા, અને એનું અભિમાન અમે અંગ્રેજ સ્ત્રીઓ તેને નિમંત્રીને, આજીજીઓ કરીને, પોષીએ છીએ." બાર્બરાએ બીજી બાજુએ કલ્યાણને ધક્કો મારીને કહ્યું.

" માર મારવો, તેનું નામ આજીજી કેમ?" કલ્યાણ હસ્યો.

" હજી વધારે પડશે." એમ કહી બાર્બરાએ બીજો ધક્કો માર્યો.

" કલ્યાણ! મારી ઇચ્છા છે કે તારો હાથ પકડીને દેવતા પાસે બેસું ને ગીત ગાયા કરું. વારુ, આ ઓળખી? આ મારી મિત્ર ગર્ડા. તે ઑક્સફર્ડની ગ્રેજ્યુએટ છે. એક વખત પરણેલી, હાલ છૂટી."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણે ગર્ડા સાથે હાથ મિલાવ્યો. ગર્ડાએ હસીને કલ્યાણને બોલાવ્યો.

"અને આ મારો દોસ્ત રીકાર્ડો. એ સ્પેનીશ ધારાશાસ્ત્રી છે, રિપબ્લીકન છે, સંગીતનો શોખીન છે."

કલ્યાણે એને પણ હસીને હાથ આપ્યો.

"તમને મળીને ખુશી છું, કોમરેડ, મોલિ! શુક્રવારે રાત્રે એમને સ્પેનીશ ઊજવણીને દિવસે કેમ સાથે ન લાવે? તમે જરૂર આવજો. સ્પેનીશ નાચ જોશો, સ્પેનીશ સંગીત સાંભળશો, અને સ્પેનની યુવતીઓ તમારી સાથે પ્રેમમાં પડવા રાહ જોતી ઊભી હશે." રીકાર્ડોના શબ્દોથી બધાં હસ્યાં.

"બિરાદર! સ્પેનીશ યુવતીઓની રસજ્ઞતાનો મને તમારા કરતાં ઊંચો ખ્યાલ છે એમ કહું, તો માફ કરશો."

"કોમરેડ! સ્પેનીશ યુવતીઓની રસજ્ઞતાનો મને હંમેશાં ઊંચો જ ખ્યાલ છે અને તેથી જ મેં કહ્યું."

પાર્ટી જામતી ગઈ. ડ્રીન્કસ આવ્યાં, ઠઠ્ઠામશ્કરી ચાલ્યાં, ગાયનો સંભળાયાં, નાચ થયા.

બાર્બરા, બર્નાર્ડ, મોલિ અને કલ્યાણે અંદર અંદર પૅસિફીઝમની ચર્ચા કરી. મોલિ એક તરફ અને બીજાં ત્રણ બીજી તરફ.

"જુઓને દોસ્તો, હું હવે પાર્ટીમાં રહેવા માગતો નથી." કલ્યાણે પૅસિફીસ્ટ પાર્ટીમાંથી રાજીનામું આપવાની વાત કરી.

"એનાથી અમને સખત દુઃખ થશે." બાર્બરાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોલિ ઉદાસ વદને કલ્યાણને જોઈ રહી. કલ્યાણ જો પાર્ટીમાંથી રાજીનામું આપીને ખસી જાય, તો પોતા તરફ એને બીજો કયો રસ રહેશે, એ શંકાએ એનું હૃદય ઘેરી લીધું. બાર્બરા અને બર્નાર્ડને ખબર હતી કે માર્ની કલ્યાણના પ્રેમમાં હતી.

"હું તો સલાહ નથી આપતો. તેની જરૂર જ નથી." બર્નાર્ડ બોલ્યો.

"પણ બર્નાર્ડ! જેના સિદ્ધાંતોને હું અંતરથી સ્વીકારતો નથી, તેનો સભ્ય કેમ રહી શકું?"

"પૅસિફીઝમ ખોટું છે, એવું તેં કદી કહેલું નહીં." બાર્બરા બોલી.

"મેં હમેશાં કહેલું કે પૅસિફીઝમનો જે અર્થ કરવામાં આવે છે, તે બરાબર નથી." કલ્યાણે ચોખવટ કરી.

"પણ તું પૅસિફીસ્ટ ક્યાં નથી?" બર્નાર્ડે દલીલ કરી.

"હું એમ માનતો, પણ જે પાર્ટીમાં હું છું તેવા અર્થનું પૅસિફીઝમ મેં માનેલું નહિ. દિલગીર છું. એ પૅસિફીઝમ માત્ર નિષ્ક્રિયતા છે. આઝાદી માટે લઢતા આયરીશ લોકોને, કે ચીનાઓને, કે મારા દેશ બાંધવોને એવા પૅસિફીઝમનો હું ઉપદેશ ન કરી શકું."

"પણ ગાંધી પૅસિફીસ્ટ ક્યાં નથી?" બાર્બરા બોલી.

"ના. તે સત્યાગ્રહી છે."

"પણ તેમનો સિદ્ધાંત અહિંસા છે."

"ખરું, પણ નિષ્ક્રિય પૅસિફીઝમ નહિ, સક્રિય સત્યાગ્રહ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ એમ નથી કહેતા કે ન લડવું. એ એમ કહે છે કે લડત અહિંસાત્મક હોવી ઘટે."

"એનો અર્થ એટલો જ કે ન લડવું." બાર્બરા બોલી.

"ના. એ આખી જિંદગી લડતા જ આવ્યા છે, અને ઓછા સફળ નથી થયા."

"એવી લડતની આપણે પૅસિફીસ્ટોને પણ ક્યાં ના છે ?" બર્નાર્ડ બોલ્યો.

"ના ભલે ન હોય, પણ આપણે એવી લડત કરી નથી. આપણે માત્ર નિષેધાત્મક, નિષ્ક્રિય ફિલસૂફી ધરાવીએ છીએ. અવરોધી બળો સામે આપણે નિઃશસ્ત્ર લડાઈની વાત જ નથી કરતા. માત્ર એટલું જ કહીએ છીએ કે લડાઈમાં ભાગ નહિ લઈએ. તે વાત બેહૂદી છે. આંખ મીંચી દેવાથી અનિષ્ટ દૂર નથી થતું."

"ત્યારે શું કરવું ?" બાર્બરાએ પૂછ્યું.

"યુદ્ધમાં ભાગ ન લેવાથી આપણે યુદ્ધ અટકાવી શકવાના નથી. યુદ્ધ અટકાવવા સારુ યુદ્ધનાં કારણો નિર્મૂળ કરવાં, એ મહત્ત્વનું છે."

"એ તો એક મહા મોટો સામાજિક પ્રશ્ન છે."

"તો પછી લડાઈનાં કારણો દૂર કર્યા વગર લડાઈઓનો અંત આવવાનો શી રીતે ? લડાઈમાં ભાગ ન લેવાથી શું લડાઈનાં કારણો દૂર થવાનાં છે ?"

"તું કહે છે, તેમાં કંઈક સાર તો છે." બાર્બરા બોલી.

"હા. પૅસિફીસ્ટે સમાજવાદી હોવું જ ઘટે." બર્નાર્ડ બોલ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પૅસિફીસ્ટે યુદ્ધનાં કારણો નાબૂદ કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. તેને સમાજવાદ કહો કે ગમે તે કહો. જો કે એ તો લાગે છે કે મૂડીવાદમાંથી શાહીવાદ જન્મે છે અને શાહીવાદમાંથી યુધ્ધો થાય છે." કલ્યાણે ચોખવટ કરી.

મૉલિ ફાયરપ્લેસ આગળ શાંતિથી તાપતી બેઠી હતી, અને કલ્યાણની દલીલો ધ્યાનથી સાંભળતી હતી. તેનું મન કલ્યાણમાં હતું. બીજી બધી દલીલબાજીઓની તેને આજ પડી નહોતી. બર્નાર્ડ અને બાર્બરા બીજાઓ સાથે વાતે વળગ્યાં એટલે એણે કલ્યાણનો હાથ પકડીને દેવતા તરફ જોયું.

"કલ્યાણ ! વ્યક્તિના સુખના સવાલ આગળ આ બધા સવાલો શું વિસાતમાં છે ? હેં કલ્યાણ ! અંતિમ વિચાર કરતાં શું એમ નથી લાગતું કે માનવને સુખની અપ્રાપ્તિ તેને અશાંત કરે છે અને યુદ્ધનું તે જ એક કારણ છે !"

"હું બીજી રીતે મૂકું. વ્યક્તિઓનું સુખ તે જ અંતિમ ધ્યેય છે. જો તેવું સુખ પ્રાપ્ત થતું હોય, તો અસંતોષ પ્રદ્વેષ વગેરેનાં કારણો રહેતાં નથી."

"અને વ્યક્તિને સુખી થવું હોય, તો સ્વપ્રયત્ન જ સાચો સાથી છે."

"હા, સુખની સાચી ઈચ્છા હોવી ઘટે."

"અને સુખના માર્ગોનું જ્ઞાન પણ હોવું ઘટે."

"મૉલિ ! પયગંબરો જે અનેક વાર કહી ગયા તે જ આપણે કહીએ છીએ. સુખ અંતરમાં છે, એવું તે બધા નથી કહી ગયા ? બીજા શબ્દોમાં કહીએ, તો સુખને શોધવા આપણે અંતરાત્માને શોધવો જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" કલ્યાણ ! તું તો અલૌકિક છે. પણ તને ખરું કહું ? આપણે બંનેએ લગાર વધારે પડતું પીધું છે. "

" જવા દે, મોલિ ! જવા દે. જિંદગી એક કોયડો છે. ડહાપણ, સભાનાવસ્થા એ બધા સાપેક્ષ શબ્દો છે. જો પીવાથી વિચાર સતેજ થાય અને કરીએ છીએ તેવી વાતો કરી શકીએ, તો મોલિ ! હું પીવાની તરફેણમાં છું. "

" બચ્ચી કરવાનું મન થાય છે ? "

" ઘણું જ. "

" કોને કરીશ ? "

" મારી માને. ક્યાં છે ? "

" આ રહી હું, દીકરા. " કહી મોલિએ તેને પાસે ખેંચ્યો.

" ના, ના, ના. મેં ખૂબ પીધું છે, તેથી તે તો અશક્ય. "

" ને મેં ખૂબ પીધું છે, તેથી તે અશક્ય છે." એમ કહી મોલિએ કલ્યાણને બચ્ચી કરી લીધી.

" હે જોગણી ! તું મારા પર બળાત્કાર તો નહિ કરે ને ! " નફ્ફટાઈથી તે બોલ્યો.

આ સાંભળી મોલિ દુઃખી થઈ. તેણે ભાવથી કલ્યાણ સામું જોયું અને બોલી :

" કલ્યાણ ! હું તને ચાહું છું."

બાર્બરા, બર્નાર્ડ અને બીજાં આ દૃશ્ય જોઈ રહેતાં હતાં પણ શરાબની અસરથી પાછાં ભૂલી જતાં હતાં.

કલ્યાણે છેવટે પેસિફીસ્ટ પક્ષમાંથી રાજીનામું આપ્યું. બાર્બરા, બર્નાર્ડ અને બીજાં કેટલાંકે પણ રાજીનામાં આપ્યાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બધાંને એવી ઇચ્છા હતી કે કલ્યાણ નવો પક્ષ સ્થાપશે. કલ્યાણને એવી કશી ઇચ્છા નહોતી. એના તલસ્પર્શી માનસે વિચાર્યું કે આવા પક્ષો અને આવી સંસ્થાઓ વિલાયતમાં સ્થાપી પોતાની ગાજરની પિપૂડી વગાડવાથી કશું કાર્ય સધાવાનું નથી. એને સમજાયું કે એમાં સમયનો દુર્વ્યય અને શકિતની બરબાદી હતાં. વળી પોતાને એ ચીજો સારુ વખત પણ ક્યાં હતો !

એકાદ વરસ આમ પૅસિફીસ્ટ પક્ષમાં સક્રિય ભાગ લઈ, મહેનત કરી, કામ કરી, કલ્યાણ છૂટો થયો અને દાકતરીમાં ચિત્ત પરોવ્યું. છૂટો થયા પછી મૉલિને તે અવારનવાર મળતો, પણ મૉલિમાં તેને ખાસ રસ રહ્યો નહોતો. કલ્યાણના છૂટા થયા પછી મૉલિને ખૂબ લાગ્યું અને એની અસર એના શરીર ઉપર થઈ. કલ્યાણને પોતાનામાં રસ લેતો કરવા તેને પૅસિફીસ્ટ પાર્ટીમાં લીધો હતો અને એ પાર્ટીમાંથી એના ખસી જવાથી મૉલિને પોતાના અંગત સુખનું સ્વપ્ન સરી જતું લાગ્યું.

ઉપલા બનાવ પછી એક વરસની અંદર કલ્યાણે પરીક્ષા પસાર કરી. પરિણામ આવ્યું, ત્યારે એને ઇંગ્લંડમાં રહ્યે પૂરાં પાંચ વર્ષ થઈ ગયાં હતાં. માબાપને તાર કર્યો. માબાપ રાજી થયાં. દીકરો હવે ઘેર આવશે ! માબાપે જલદી સ્વદેશ આવવા આગ્રહ કર્યો.

કલ્યાણ પાસ થયો એટલે સાબીના ઘણી રાજી થઈ. કલ્યાણ હવે હાર્લે સ્ટ્રીટમાં 'રૂમ્સ' રાખશે અને પોતે હવે નિશ્ચિંતિથી તેની સાથે લંડનમાં રહેશે. સાબીના અને કલ્યાણે મિત્રોને પાર્ટીઓ આપી, આનંદ કરી, શુભ પ્રસંગ ઊજવ્યો. એક અઠવાડિયા સુધી બંને જણાંએ વેસ્ટ ઍન્ડની બધી જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલબોમાં, બધી જ જગાઓમાં લહેર કરી. જે આનંદ છેલ્લા દોઢબે વરસના સંબંધમાં નહોતો લૂંટ્યો, તે આનંદ પ્રેમીઓએ આ અઠવાડિયામાં લૂંટ્યો.

"લેન! તું મને કેમ આટલો પસંદ છે?" કલ્યાણના આશ્લેષમાં પડેલી સાબીનાએ પૂછ્યું.

"તું ગરમ છે, તેથી."

"તારી પાછળ હું કેમ આટલી ઘેલી છું?"

"તું જ કહે." કલ્યાણે સાબીનાનો ગાલ પંપાળતાં કહ્યું.

"તું એટલો માદક છે!" સાબીનાએ કલ્યાણનો હોઠ ચૂમ્યો.

"આપણ બંને એકમેકમાં ચકચૂર છીએ." કલ્યાણે સાબીનાના ગળે હાથ ફેરવ્યો.

"આથી પર કયો આનંદ, લેન!" એટલું બોલી સાબીનાએ પોતાનું કપાળ કલ્યાણના કપાળ સાથે ટેકવ્યું.

"શબ્દોથી ના ઉચ્ચારાય."

"ના, શરીરોથી ઉચ્ચારાય."

આનંદસ્વરૂપનો અનાહત ધ્વનિ ઉભયનાં હૃદયોમાં ગાજી રહ્યો.

એકાદ અઠવાડિયા બાદ બાર્બરાનો કલ્યાણ ઉપર ફોન આવ્યો.

"મોલિ સખત માંદી છે. હોસ્પિટલમાં છે."

"શું થયું, બાર્બરા?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"હૃદયનો દુઃખાવો. તને યાદ કરે છે."

"હા, હું મળી આવું, મારે મળી આવવું જોઈએ."

કલ્યાણ ફૂલો લઈને હોસ્પિટલે ગયો. મૌલિને ફૂલ આપ્યાં. મૌલિ ઘણી અશક્ત હતી. કલ્યાણનો અંતરાત્મા આગાહી કરી રહ્યો હતો કે એ ભલી છોકરી થોડા વખતની મહેમાન હતી.

"મૌલિ! ઇચ્છાશક્તિ ઉપર કાબૂ રાખ. ઇચ્છ કે જલદી સારું થાય." કલ્યાણે મૌલિનો હાથ પકડી કહ્યું.

"કલ્યાણ, પણ મને એવી ઇચ્છા જ નથી. જીવવા-મરવા વચ્ચે હું તટસ્થ છું. વળી જીવનનો મને મોહ પણ શા માટે ! " તેના અવાજમાં કરુણતા હતી.

"જીવન એક અંધારો પ્રદેશ છે, મૌલિ! અંધારામાં શું જોવાનું હોય! એ અંધારાને અંતરના પ્રકાશથી અજવાળવું પડે છે, મૌલિ! હા, મૌલિ! હા. તારામાં એ અંતરનું તેજ છે. તું જિંદગીને ઉજાળ."

"તું તો ફિરસ્તાની પેઠે બોલે છે. પણ કલ્યાણ, મારા દીવામાં તેલ ખૂટ્યું છે. કલ્યાણ, મારી પકડ ઢીલી થઈ છે, અને ઇચ્છાઅનિચ્છાની વચ્ચેના પ્રદેશમાં છું."

"મૌલિ! એમ ન ચાલે, ન ચાલે. જિંદગી જીવવા જેવી છે, જતી ન કર, ન કર."

"કલ્યાણ! મોડું થઈ ગયું છે. આગ્રહ ન કરીશ."

કલ્યાણના હૃદયમાં ભારે વિષાદ વ્યાપી ગયો.

મૌલિને છોડીને કલ્યાણ ગયો, ત્યારે એને ચોક્કસ લાગ્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે તે મૉલિને છેલ્લી વખત મળ્યો હતો. એના મનમાં એમ પણ થયું કે મૉલિની માંદગી શારીરિક ઉપરાંત માનસિક પણ હતી અને કાર્યકારણ નિયમે પોતે પણ તેમાં નિમિત્ત હતો. મૉલિને મૂકીને ઘેર આવતાં કલ્યાણના હૃદયમાં વ્યથા થઈ રહી હતી, એના મોં ઉપર વિષાદની છાયા ફરી વળી હતી અને એ ક્ષણોમાં આંતરસંવેદનોથી એનું હૃદય હાલી ઊઠ્યું હતું. એને લંડન છોડીને ક્યાં ચાલ્યા જવાની—યુરોપ તરફ ઊપડી જવાની—ઇચ્છા સહસા થઈ આવી.

કલ્યાણના ગયા પછી મૉલિની આંખો આંસુથી ઊભરાઈ ગઈ. એને જણાયું કે એના જીવનનો દીપ બુઝાઈ જતો હતો અને કલ્યાણની સ્મૃતિઓ હૃદયમાં સંઘરી, એકત્રિત કરી, એણે આંખો મીંચી દીધી. એકાદ બે વાર એણે કલ્યાણ આવ્યો એવી ભ્રાંતિથી ઝબકીને આંખો ઉઘાડી પણ અભાન અવસ્થાનું સત્ય, સભાન અવસ્થાની ભ્રાંતિ બની ગયું. સત્ય અને ભ્રાંતિ, ભ્રાંતિ અને સત્ય, વચ્ચે અફળાતી બિચારી મૉલિનું અશક્ત હૃદય એકાદ અઠવાડિયામાં તદ્દન થાકી ગયું, અટક્યું, શાંત પડી ગયું. ડૉક્ટરોએ તેને મૃત જાહેર કરી. બાર્બરાએ આ માઠા સમાચાર આપવા કલ્યાણને ફોન કર્યો, ત્યારે કલ્યાણ લંડનમાં નહોતો.

મૉલિને મળ્યા પછી બીજે જ દિવસે કલ્યાણ જર્મની તરફ રવાના થયો. સાબીનાને તેણે જણાવ્યું કે લંડનમાં તે રોકાઈ શકે તેવી માનસિક સ્થિતિ તેની હતી નહિ. પ્રેમના વિષયમાં કલ્યાણ જેટલો અવ્યવસ્થિત અને અસ્તવ્યસ્ત હતો, તેટલો મૈત્રીના વિષયમાં નહોતો. સાબીના ચતુર હતી, મૈત્રીનો આઘાત સહૃદયતાથી સમજી શકી, મૉલિનાં વખાણ કર્યાં, કલ્યાણને પંપાળીને સાંત્વન આપ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

" લેન ! જો તને વાંધો ન હોય, તો હું તને બર્લિનમાં એકાદ અઠવાડિયા બાદ મળીશ. "

" સારું. "

" આવે વખતે તું થોડું એકાંત ઇચ્છે તે સ્વાભાવિક છે. મૈત્રીનાં સંસ્મરણો સાથેનું એકાંત ઘા વહેલો રુઝાવે છે. "

" પણ તું અઠવાડિયા પછી આવવાનું ભૂલતી નહિ. "

" ના, મારા મીઠડા, નહિ ભૂલું. "

●

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯ મું - - - - - - 'લીસલ'

લંડનથી કલ્યાણ બર્લિન આવ્યો. અગાઉ બેત્રણ વખત તે સાબીનાની સાથે બર્લિન આવ્યો હતો અને બર્લિનની તેને બરાબર માહિતી હતી.

એક સાંજે તે ફલાડો તરફ સહેલગાહે નીકળ્યો. સમી સાંજે બિયર પીતો તે એક કાફેમાં બેઠો હતો, ત્યાં સામે એક યુવાન યુગલ પણ બેઠું હતું. યુવાન સશક્ત અને ઊંચો હતો અને લશ્કરી યુનિફોર્મમાં હતો. યુવતી સુંદર હતી અને તેની આંખોમાં અપૂર્વ કુમાશ હતી. બિયર પીતા અને સિગારેટ ફૂંકતા વિચારમગ્ન કલ્યાણને યુવતી ધારીને જોઈ રહી હતી. થોડી વારે કલ્યાણને ભાન થયું કે તે પોતા તરફ જોતી હતી. કલ્યાણની દૃષ્ટિ યુવતી તરફ પડતાં તેણે તે આવરી લીધી. વારંવાર આમ દૃષ્ટિની સંતાકૂકડી ચાલી.

કલ્યાણે બિયર પીધ્યે રાખ્યો. યુગલો બાજુમાં નાચતાં હતાં. પેલું યુગલ પણ નાચવા ઊઠ્યું. નાચતાં નાચતાં જોડું જ્યારે કલ્યાણની તદ્દન નજીક આવ્યું, ત્યારે પેલી યુવતીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કલ્યાણ સામું મૃદુ સ્મિત કર્યું. કલ્યાણે સામું સ્મિત કર્યું. જ્યારે જોડું બેસી ગયું, ત્યારે પેલો જર્મન યુવાન કલ્યાણની પાસે આવ્યો અને એડીઓ ખખડાવી વિનયથી નમ્યો.

"આપને એકલું લાગતું હોય, તો અમારી સાથે બેસી શકો છો, એવી મારી બહેનની તથા મારી વિનંતિ છે."

"જરૂર, આપનો આભાર માનું છું." કલ્યાણે વિનયથી કહ્યું ને ઊઠ્યો. પેલા ટેબલ આગળ આવીને ને પેલી યુવતીને વિનયથી નમ્યો. યુવતીએ ડોકી વાળી નમણું સ્મિત કર્યું.

"આપ બંનેએ મારા ઉપર કૃપા કરી છે."

"લગારે નહિ. એમાં શું?" યુવતીએ સરસ રીતે અંગ્રેજીમાં કહ્યું.

થોડીવાર ત્રણે શાંત બેઠાં.

"તમે પૂર્વ તરફના છો?" પેલીએ પૂછ્યું.

"હા."

"કયો મુલક?"

"હિંદુસ્તાન."

"ઓહો! આર્યોની પ્રાચીન ભૂમિ!"

"કોને ખબર! એટલું જાણું છું કે આર્યોથીયે પ્રાચીન લોકો ત્યાં વસતા હતા અને હજી વસે છે."

"હશે, પણ આર્યો જ મહત્ત્વના ગણાય."

"મારું અજ્ઞાન મને મૌન રાખવા સૂચવે છે." કલ્યાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હેતુગર્ભિત વાક્ય ઉચ્ચાર્યું. યુવતી જોઈ રહી ! તેને સમજાયું નહીં કે કલ્યાણ શું સૂચવી રહ્યો હતો.

"તમે આર્ય છો ? દેખાવે તો છો." પેલી બોલી.

"હું એક જીવતું પ્રાણી છું. મારો દેખાવ મારા માનવા પ્રમાણે મનુષ્યનો છે." કલ્યાણે સંસ્કારી ટકોર કરી.

"અમે એમ માનીએ છીએ કે આર્ય એ એક વિશિષ્ટ મનુષ્યજાતિ છે. વળી હિંદુસ્તાનની વસ્તીનો કેટલોક ભાગ આર્ય છે એવું પણ અમે માનીએ છીએ. તમારા દેખાવથી તમને હું આર્ય માનું છું." પેલી બોલી.

"મનુષ્યજાતિશાસ્ત્રનું જ્ઞાન હું ધરાવતો નથી. એટલી ખબર છે કે પ્રો. મેકસમુલરે આર્ય શબ્દ ભાષાઓનાં અમુક જૂથ સારુ યોજ્યો હતો. હું જાણું છું ત્યાં સુધી આર્ય શબ્દ મનુષ્ય જાતિનો કોઈ વિશિષ્ટ ભાગ, એ અર્થમાં કોઈએ વાપર્યો નથી. હા, હમણાં હમણાં એવી કોઈ જાતિ જર્મનીમાં શોધી કાઢવામાં આવી છે, એવું સાંભળવામાં આવ્યું છે." કલ્યાણે મશ્કરીમાં પતાવ્યું.

"બરાબર કહ્યું તમે બિરાદર ! હું મારી બહેનને રોજ કહ્યા કરું છું કે આર્ય જેવી કોઈ જાતિ છે જ નહિ." પેલીના ભાઈએ ટાપસી પૂરી.

"એ ગમે તેમ હો, હું માનું છું તે........." તે પૂરું કરવા જતી હતી, ત્યાં એના ભાઈએ ઉમેર્યું :

"કચરાપટ્ટી."

"હું આર્યજાતિમાં માનું છું, અને માનું છું કે તે સર્વશ્રેષ્ઠ જાતિ છે, અને એમ પણ માનું છું કે આ આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પૌર્વાત્ય મિત્ર પણ આર્ય છે, અને તે સિવાયની વાતો..." એટલું બોલી તેણે તેના ભાઈ તરફ જોયું અને પછી બોલી. "તે સિવાયની વાતો કચરાપટ્ટી છે."

"હું આર્ય છું, એમ માનીને આપે મને બોલાવ્યો તેથી હું ખુશી છું." કલ્યાણે વિનોદનું વાતાવરણ ફેલાવવા પ્રયત્ન કર્યો.

"ના. એમ તો નહિ. તમે સારા બોલાવવા જેવા લાગ્યા, તેથી બોલાવ્યા." પેલીએ હસીને કહ્યું.

"આર્ય છું માટે નહિ?" કલ્યાણે રમૂજ કરી. ત્રણે હસી પડ્યાં.

"અરે તમે પણ ખરા છો, હોં!" તેણે હસીને કલ્યાણને કહ્યું.

"બેશક ખરા છે. મનુષ્ય એના વ્યક્તિત્વથી, પ્રભાવથી, પસંદ થાય છે, પશુઓ જ 'પેડીગ્રી'થી પસંદ થાય." પેલીના ભાઈએ સણસણતી ટકોર કરી.

યુવતી કલ્યાણને જોઈ રહી હતી. કલ્યાણને યુવતી ઘણી જ આકર્ષક અને માયાળુ લાગી.

"તમારું નામ?"

"કલ્યાણ. તમારું?"

"લીસલ."

"હું કાર્લ." પેલીના ભાઈએ કહ્યું.

થોડી વાર શાંતિ વ્યાપી. પછી કાર્લે શરૂ કર્યું:

"મારી બહેન સંગીતકાર છે. હું વકીલ છું. આપ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"દાક્તર છું."

"ઘણા યુવાન છો!" લીસલ બોલી.

"તમે ને કાર્લ ક્યાં નથી?"

"કેવડા છો?"

"અઠ્ઠાવીસ."

"હું પણ અઠ્ઠાવીસની છું. કાર્લ છવ્વીસનો છે."

"ચાલો ત્યારે, ઉમ્મરે ગણતાં આપણે સૌ યુવાન છીએ."

"કાર્લ અને હું શાર્લોટનબર્ગના એક ફ્લેટમાં રહીએ છીએ. તમે અમને જરૂર મળવા આવજો. તમે અહીં લાંબું રોકાવાના છો? નથી માનતી કે તમે બર્લિનમાં રહેતા હો."

"ના. હું લંડનમાં રહું છું. બે દિવસ ઉપર જ આવ્યો છું. કેટલું રહેવાનો છું, તેની પણ અત્યારે ખબર નથી. મારો મુકામ કુરફર્સ્ટેન્ડામની એક હોટેલમાં છે."

કાર્લે ત્રણે માટે ડ્રીન્કસ મંગાવ્યાં. કલ્યાણે લીસલને નાચવા સારુ વિનંતિ કરી. બંને નાચવા ઊભાં થયાં. કાર્લ બિયર પીતો બેઠો.

"તમે ખૂબ ખૂબસુરત છો, ખૂબ આકર્ષક છો." કલ્યાણે શરૂ કર્યું.

"થેંક્યુ. તમને જોયા ત્યારથી જ મારું મન મળવાને તલપાપડ હતું."

"કેમ વારુ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કોણ જાણે! પ્રથમ દૃષ્ટિનો પ્રેમ પણ હોય." લીસલે કલ્યાણની આંખોમાં આંખો અથડાવીને હસીને કહ્યું.

"પરણેલાં? અદરાયેલાં?"

"એકકે નહિ."

"ઘણા યુવાનોથી વીંટાયેલાં કેમ?" કલ્યાણે નાચતાં નાચતાં 'કોર્નર ટર્ન' લેતાં કહ્યું.

"હા. ઘણાને ઓળખું છું."

"એક વધતોઓછો વિસાતમાં નહિ, કેમ?" કલ્યાણે 'ક્વૉર્ટર ટર્ન' લેતાં કહ્યું.

"ના. જ્યાં લગી પ્રેમમાં ન હોઉં, ત્યાં લગી નહિ." લીસલ હસતી હતી.

"પ્રેમમાં હોવ છો, ત્યારે શું થાય છે?" કલ્યાણે તોફાનમાં પૂછ્યું.

"વાતો કરું, નાચું, ચુંબન કરું, એવું થાય."

"કેટલી વાર ચુંબન કર્યાં છે?"

"કદી નહિ. પુરુષો મને ચુંબન કરે છે."

"કોઈ ચૂમે તો તમને કેવું લાગે?"

"હું કંઈક છું, એમ લાગે."

"કંઈક હોવું ગમે ખરું, કેમ?"

"હાસ્તો. હું ફક્ત સ્ત્રી છું."

"કંઈક છો, એવું ભાન કોઈ પુરુષ ન કરાવે, તો?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ખૂબ ચીડ ચડે."

નાચતાં નાચતાં લીસલ કલ્યાણની ખૂબ નજીક આવી. એક 'શેશે' લઈ કલ્યાણે પાછું ચલાવ્યું:

"તમારા હોઠ સુંદર હોં."

"તમારી આંખો તેજદાર હોં."

"આપણે બંનેએ જુઠ્ઠાણાં શરૂ કરી દીધાં છે એટલે હું માનું છું કે આપણે પ્રેમમાં હોઈશું." હસીને કલ્યાણે મશ્કરી કરી.

હા હા હા હા હા હા.........તમે ખરે ખૂબ મશ્કરા છો, હા હા હા હા હા હા.........ખરે ખૂબ ગમો તેવા છો હોં.........અને ખાનગી રાખજો હોં,......ખૂબ આકર્ષક છો." લીસલે ખૂબ જ હસવા માંડ્યું.

"ખરેખર! જૂઠું તો નથી ને?"

"ના, મિસ્ટર! ના. તમે સારા, શોભતા, અને......" એટલું બોલી તે અટકી ને હસવા મંડી.

"આર્ય, કેમ ખરું ને?" કલ્યાણે વાક્ય પૂરું કરી આપ્યું. લીસલનું હસવાનું માતું નહોતું. કલ્યાણે છેલ્લા 'કોર્નર ટર્ન'નો લાભ લઈ લીસલને બાજુએ દોરી. ત્યાંથી બંને બાજુ ઉપર ફરવા ગયાં. એક ખૂણામાં બંને એકબીજાને જોઈ રહ્યાં.

"તું પ્રેમમાં હોય છે, ત્યારે તને શું થાય છે?" લીસલે ધીમેથી પૂછ્યું.

"હું મારી જાતને ભૂલી જાઉં છું."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"કેવી રીતે?"

"પ્રેમમાં પડીને." કલ્યાણે ટીખળ કર્યું. પણ લીસલે ચિડાઈને સામું જોયું.

"તારી પાછળ ઘેલી છું તેમાં ટીખળ ન કર." લીસલના શબ્દોમાં સત્તા હતી.

કલ્યાણે લીસલને બે ખભા આગળથી પકડી. દૃષ્ટિમાં ટીખળ નહોતું, તમન્ના હતી, તેજ હતું, વિશેષ સત્તા હતી.

"છોકરી! તારામાં અખૂટ, અણદમ, અપૂર્વ આકર્ષણ છે, હા. પણ હું તને નહીં ચૂમું. તે કામ બીજા સામાન્ય મર્ત્યોને સોંપું છું."

લીસલ કલ્યાણને જોઈ જ રહી. તેણે કલ્યાણ તરફ યાચના કરતી દૃષ્ટિ ફેંકી. જોતજોતામાં તેણે કલ્યાણના હોઠ ચૂમી લીધા. લીસલનું અપૂર્વ સૌંદર્ય કલ્યાણ નકારે, તેવો તે અરસિક નહોતો; તેનો રસિક અનુરાગ પિછાને નહિ, તેવો તે મૂર્ખ નહોતો; તેના હૃદયનો ભાવ ન સમજે, તેવો ક્રૂર નહોતો. તે નિખાલસ હતો, રસિક હતો, અનુભવી હતો, તેથી અનુભવીની અપૂર્વ છટાથી લીસલનું સૌંદર્ય એણે પોતાની વિશાળ ભુજાઓમાં સમાવ્યું અને જે હોઠો માટે તે તલસતો હતો તે હોઠો તેણે નિર્દયતાથી ચૂમી લીધા.

થોડી વારે બંને ટેબલ આગળ આવ્યાં.

"તે આર્ય છે તેની ખાતરી તેણે તને કરાવી?" લીસલને જોઈ કાર્લે મશ્કરી કરી.

"જરૂર નહોતી. મને તે બાબત ક્યાં શંકા હતી?" લીસલે સામી મશ્કરી કરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે સાંજે ત્રણે જણાં લીસલ અને કાર્લના રહેઠાણે આવ્યાં. લીસલે પિયાનો ઉપર મધુર સંગીત સંભળાવ્યું. મોડી રાત્રે કલ્યાણ હોટેલે જવા ઊભો થયો ત્યારે લીસલે તેને રહેવાનો આગ્રહ કર્યો. કલ્યાણે સાભાર ના પાડી પણ બીજે દિવસે આવવાનું વચન આપ્યું. કલ્યાણને રહેવાનું મન પૂરું હતું, પણ ઇચ્છા દબાવવી તેને ઠીક લાગી.

"કેમ જાય છે? હું જાણું છું કે તને રહેવાનું મન છે." લીસલે કહ્યું.

"મને રહેવાનું ઘણું જ મન છે અને આખો વખત તને જાણે પ્રેમ કર્યા જ કરું એવું મન પણ ખૂબ જ છે, પણ આજે મન મારવું છે." કલ્યાણે લીસલને હસીને કહ્યું.

"કલ્યાણ! જે ન રોધી શકાય તેને રોધવાનો પ્રયત્ન નકામો છે" એટલું બોલી તેણે કલ્યાણ તરફ તાકીને જોયું. પછી ઉમેર્યું: "કાલે તું આવીશ અને અહીં જ રહીશ, એવું વચન આપ."

"તું સામું વચન આપ કે તું નહિ બદલાય." કલ્યાણે હસીને કહ્યું.

"વચન છે." તે મક્કમતાથી બોલી અને કલ્યાણ તરફ સ્થિર દૃષ્ટિ ફેંકી.

બીજા દિવસથી કલ્યાણ લીસલના ફ્લૅટ ઉપર આવ્યો. કાર્લ પોતાની ઑફિસે વહેલો ગયો હતો અને લીસલે તે દિવસે કામે જવાનું મુલતવી રાખ્યું હતું. લીસલ એકેડેમીમાં સંગીત શીખવતી અને સારું કમાતી.

કલ્યાણ આવ્યો, એટલે તેને સુંદર કૉફી પાઈ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રાઉન ટોસ્ટ સાથે કૉફી પીતાં પીતાં બંનેએ ખૂબ ખૂબ વાતો કરી.

લીસલનો પિતા હાઈડલબર્ગ યુનિવર્સિટીમાં વિજ્ઞાનનો પ્રોફેસર હતો. માતા ગુજરી ગઈ હતી. લીસલ જ્યારે અઢારની થઈ, ત્યારે સંગીતમાં ખૂબ આગળ વધી ગઈ હતી અને એક પ્રેમ કિસ્સો અનુભવી ચૂકી હતી. વીસ વરસે તે ઑપરાની અભિનેત્રી તરીકે બલ્કે સુંદર ગાનારી તરીકે બહાર આવી અને દરમ્યાન એક પ્રેમીએ તેના પ્રેમમાં હતાશ બની આપઘાત કર્યો ત્રેવીસ વરસની ઉંમરે તે લેખિકા અને શિક્ષિકા બની અને ત્રણ પ્રેમીઓનાં હૃદયને ઘાયલ કર્યાં. પચીસ વરસની ઉંમરે તે એક મિત્ર સાથે એક વરસ રહી અને છવ્વીસ વરસે તેણે તેને છોડી દીધો. દરમ્યાન તેની ખ્યાતિ લેખિકા તરીકે અને સંગીતવિશારદા તરીકે વધી પડી. છેલ્લાં બે વર્ષમાં તેણે સંગીત ઉપર બે પુસ્તકો લખ્યાં. તેની આવક સારી હતી. અને પોતાથી બે વર્ષ નાનો કાર્લ જે વકીલ તરીકે ખાસ કમાતો નહોતો, તેને તે પોતાની સાથે રાખતી.

કાર્લ ભલો, સરળ, બુદ્ધિશાળી અને મહેનતુ હતો. ભાઈબહેન વચ્ચે બનાવ સારો હતો અને બંને મિત્ર હતાં. કાર્લનો વિવાહ એક યુવતી સાથે થયો હતો અને તે ૭ માસથી મ્યુનીકમાં ચિત્રકામ શીખવા ગઈ હતી. છોકરી પૈસેટકે સુખી હતી અને કાર્લ અને તે પ્રેમમાં હતાં. ૭ માસ પછી બંને પરણવાનાં હતાં. કાર્લ ઠરેલ, સમજુ અને શાંત હતો અને લીસલના જીવનની અસ્તવ્યસ્ત દશા ઉપર ટકોર કરતો, પણ ટીકા નહોતો કરતો. એની અને લીસલની વચ્ચે સ્વભાવની અસમાનતા છતાં, ભાવ સારો હતો. કાર્લ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાવડો હતો અને લીસલની બહેનપણીઓ કાર્લના પ્રેમમાં પડતી. પણ કાર્લ મ્યુનિકની પોતાની પ્રિયતમા સિવાય અન્યને મચક આપતો નહોતો. લીસલ મશ્કરી કરતી કે " કાર્લ ! છોકરીઓ આટલાં ઘેલાં કાઢે છે ને તું તો ઠંડા માટલા જેવો બેસી રહે છે ! સાધુસંન્યાસી બની જા. " મશ્કરી તરફ કાર્લ હસતો અને જણાવતો કે " લીસલ ! પ્રેમની મારી મૂડી ખરચી નાખી મારે પ્રેમનું દેવાળું નથી ફૂંકવું. "

તે દિવસે બપોરે કલ્યાણ અને લીસલે ' કાફે વીન ' માં લંચ લીધું. લીસલને જોઈ કલ્યાણ મુગ્ધ બની ગયો હતો અને તેનું આકર્ષણ તેને ઘેલો કરી મૂકતું. લીસલને કલ્યાણમાં પ્રિયતમનો ભાવ બંધાઈ આરૂઢ થતો ગયો.

લંચ પછી થોડી ખરીદી કરી બંને ઘેર આવ્યાં. થોડી વાર બેઠા પછી કલ્યાણે લીસલ તરફ કંઈ કહેવા અર્થે જોયું.

" તેં મને ઘેલો કર્યો છે એમ કહું, તો તને શું થશે ? "

" મને ખબર છે કે હું તને ગમું છું અને તને ખબર છે કે મારે રોમેરોમ ને નસેનસ તું વ્યાપી ગયો છે. મેં તારી તરફ પહેલવહેલું જોયું, ત્યારથી જ તને ખબર હતી. "

" હેં લીસલ ! એક મેકને ધરાવવાની આ કઈ વૃત્તિ હશે ? "

" એ વૃત્તિને આખી દુનિયામાં પ્રેમવૃત્તિ કહે છે. કલ્યાણ ! લાંબીટૂંકી કર્યા વગર કહું, કે હું તારા પ્રેમમાં છું અને તું પણ જો તારી વૃત્તિને પિછાનતો હોઈશ, તો કબૂલીશ કે તું મારા પ્રેમમાં છે. "

" એણ જાણે, પણ મારી વૃત્તિ તો તને જાણેતો કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કચડી નાખવાની છે, તારા અંગેઅંગ સાથે એકતાન થવાની છે. એ સિવાય હું કંઈજ સમજતો નથી. માત્ર એટલું જાણું છું કે તારું હસવું ઉષ:કાળ જેવું છે, તારું દિલ હૂંફાળું છે, અને તારા અંગમાંથી આનંદની સેરો ફૂટે છે."

લીસલને ત્યાં એકાદ અઠવાડિયું ગાળ્યું એટલે સાબીના તરફથી ખબર આવ્યા કે તે બર્લિન આવી રહી હતી. સાબીનાના આગમનની આગલી રાત્રે કલ્યાણ અને લીસલ 'જીપ્સી સેલર'માં બેઠાં હતાં. હંગેરિયન સંગીત ચાલતું હતું અને બંનેએ નિશ્ચય કર્યો હતો કે ત્યાં જ આખી સાંજ ગાળીને ખાવું પીવું.

"કેવું વિચિત્ર! તું ને હું મળવા સર્જાયાં ન હોઈએ, તેમ છેક લંડનથી વિધિપ્રેર્યો તું બર્લિન આવ્યો!"

"હા, લીસલ હા. વિધિની વિચિત્રતા અજબ છે! આપણે માત્ર તેનાં હથિયાર છીએ."

"કાલથી તું કેમ પાછો હોટેલે જવાનો છે?"

"એક જણ આવનાર છે."

"પણ તું તારા મિત્રને મારે ત્યાં લાવી શકે છે."

"મારો નથી, મારી છે." કલ્યાણે આંખ મીંચી કહ્યું.

"ઓ, એમ!"

"હા."

"સમજી." એટલું બોલી લીસલે ચૂપકી પકડી. પણ એના મોં ઉપર જાણે કોઈ અકથ્ય ઉમંગ લાગતો. કલ્યાણને લાગ્યું કે પોતે વધારે ચોખવટ કરવી જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"લીસલ ! હકીકત એમ છે કે......" એટલું બોલીને તે ચોખવટ કરવા જતો હતો ત્યાં લીસલે તેને રોક્યો.

"તે બિનજરૂરી છે, કલ્યાણ. તારા સિવાય મને તારી અન્ય કશી પણ બાબતમાં રસ નથી. હું તને ચાહું છું, બસ."

"પણ મારે તને સમજાવવું છે." કલ્યાણે આજીજી કરી.

"શા માટે? તારી કશી જ ફરજ નથી અને મને રસ નથી."

"તું અજબ છે! તને જે સ્ત્રી મારી......" કલ્યાણ અટકી ગયો, કેમકે લીસલે એકદમ તેના તરફ જોઈ શરૂ કર્યું.

"ના. હંમેશ મુજબની કહાણી સાંભળ્યાથી શું? સાંભળ્યાથી કંટાળો છૂટે. આ સ્ત્રી તારી પોતાની પરણેતર હોય, તો પણ હું સાંભળવા નથી ઇચ્છતી."

જીપ્સી સેલરમાંથી મોડી રાત્રે બંને ઘેર આવ્યાં. વાતાવરણમાં માદક ઠંડક હતી. વહેલી સવારે કલ્યાણના આશ્લેષમાં પડેલી લીસલે કલ્યાણનો ગાલેગાલ ચૂમ્યો.

"ચાહે છે?"

જવાબમાં કલ્યાણે લીસલની સામું જોયું, અને પ્રેમની એકાગ્રતામાં ઉભય એક થઈ ગયાં.

સવારે કલ્યાણ સાબીનાને લેવા સ્ટેશને ગયો. સાબીના આવી પહોંચી. બંને હોટલે આવ્યાં, અને બ્રેકફાસ્ટ ટેબલ પર ગોઠવાયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૯મું - - - 'સાબીના ગઈ.'

"હેલન, ડાર્લિંગ! હું ખૂબ યાદ આવતી'તી?" કૉફી પીતાં સાબીનાએ કલ્યાણને ગેલ કરીને પૂછ્યું. કલ્યાણે જવાબ ન આપ્યો. માત્ર સાબીનાનો હાથ દબાવ્યો.

"લેન! હું તો તારા વગર ઝૂરી મરી!"

"એ તો હંમેશનો ક્રમ છે, સાબીના. ઝૂરવું, મળવું, છૂટા પડવું, વગેરે વગેરે." કલ્યાણના અવાજમાં તટસ્થતા હતી.

સાબીનાને કલ્યાણમાં કંઈક ફેર લાગ્યો, પણ તેણે ચતુરાઈથી વાતને ત્યાં જ અટકાવી. તુરત બીજી વાત શરૂ કરી.

"લેન! હવે શું કરીશું, ડાર્લિંગ! ચાલ, એકમેકમાં ઓતપ્રોત થઈ જઈએ." એમ કહી તેણે કલ્યાણના ગાલે બચી કરી.

કલ્યાણ લીસલના જ વિચારમાં હતો. સાબીનામાં તેને જાણે પ્રેમની એક પુરાણી ઇમારત જ લાગી. એ ઇમારતમાં પ્રેમને વસવાટ કરવાનું જાણે હવે મન નહોતું. એને ચોખ્ખું લાગ્યું કે સાબીનાથી તે દૂર ને દૂર જઈ રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"સાબીના ! આપણા કરતાંયે કોઈક અધિક રસદાયી વસ્તુમાં ઓતપ્રોત થવું વધારે સારું છે." કલ્યાણે કહ્યું, એટલે સાબીના તેના તરફ જોઈ રહી. વાતને મશ્કરીમાં વાળવા તેણે પ્રયત્ન કર્યો.

"તો તો ચાલ, મ્યુઝિયમો ને આર્ટ ગેલેરીઓમાં જઈએ." તે હસીને બોલી.

"હા, ચાલ. પ્રાચીન ચીજો ! હા, ચાલ, ભૂતકાળની ચીજો નિહાળીએ. ભૂતકાળ ! તેમાં જ સાચો રસ છે. ચાલ, સાબીના, ચાલ. ભૂતકાળ તરફ જઈએ." કલ્યાણના અવાજમાં શાંતિ હતી.

સાબીનાને સમજાયું કે કલ્યાણ કંઈક કહેવા માગે છે. તેના સ્ત્રીહૃદયને કંઈક ઝાંખી થઈ.

"લેન ! શું થયું છે, તને ?"

"એક વાત કબૂલું છું. પ્રેમ, આવેશ, ઘેલછા એ બધાંનો મને થાક ચઢ્યો છે."

"મારા આવવાને દહાડે જ ! વાહ લેન !" સાબીના ચિડાઈને બોલી.

"હા, સાબીના, વસ્તુસ્થિતિ એ છે."

"ધૂળ ને રાખ. સમજી. તું મારાથી કંટાળ્યો છે, ધરાઈ ગયો છે. સીધી વાત કર ને !" તે ઊંચા અવાજે બોલી.

"એમ નથી, સાબીના. અને એમાં ઊંચા સ્વરે બોલવાની પણ જરૂર નથી. દરેકના જીવનમાં એવો એક વખત આવે છે કે તે સ્વતંત્રતા, એકાંત, ચાહે છે. અને જ્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિનાં બંધનો જો ફક્ત લાગણીનાં જ હોય અને લાગણીને થાક લાગ્યો હોય, ત્યારે તો અચૂક એવું બને છે."

"લાગણી સિવાય બીજા કોઈ બંધનની મને સ્પૃહા નથી, હું સમજતી પણ નથી. ના, બીજાં કશાં જ બંધનોની આ સાબીનાને પડી નથી. અને મને બુદ્ધિની પણ પડી નથી. મારા પ્રેમી તરીકે મારે આઇનસ્ટાઇન ન જોઈએ, ન જોઈએ ભૂતકાળનાં ખંડેરો શોધનારો કે ન જોઈએ એવો તેવો કોઈ પંતુજી. મ્યુઝિયમો ને ગેલેરીઓના તારા નવીનતર પ્રેમ બદલ તારા પ્રત્યે હું ખેદ પ્રદર્શિત કરું છું, દિલસોજ છું." સાબીના ખૂબ જ ચિડાઈને બોલી. પછી તેણે ધીરેથી ઉમેર્યું : "આપણે એકબીજાને છેતરી રહ્યાં છીએ."

"હા. તું સાચું કહે છે, સાબીના ! આપણે મિત્રભાવે છૂટાં પડીએ અને એકમેકની પ્રેમયાદો સંઘરીએ. હા, આપણી તે યાદગીરીઓનું, સ્મૃતિઓનું, એક સુંદર મ્યુઝિયમ અંતરમાં બની રહેશે." કલ્યાણના અવાજમાં ઉદાસીનતા હતી.

"રહેવા દે તારાં રોદણાં ને ઘેલૈયાં. મારા જીવનને મારે ભૂતકાળમાં દફનાવવું નથી. એવી મનોદશાને હું તંદુરસ્ત મનોદશા નથી લેખતી. મને ફતેહ ઇચ્છ, હું તને પણ ફતેહ ઇચ્છું છું. હા, હું ભવિષ્ય તરફ, તું ભૂતકાળ તરફ. આપણા રસ્તા સામસામા છે. તું મને ઘણો યાદ આવીશ તે કબૂલું, પણ હું તો હંમેશાં શોધક હતી અને શોધક રહેવાની."

બંનેએ નક્કી કર્યું કે છૂટાં પડવું. બંનેએ એમ પણ નક્કી કર્યું કે મૈત્રી ચાલુ રાખવી અને ઇચ્છા થાય ત્યારે જરૂર મળવું, પણ સહજીવન છોડી દેવું. તે રાત્રે જ સાબીનાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વએના જવાનું નક્કી કર્યું અને કલ્યાણ તેને મૂકવા સ્ટેશને પણ ગયો. બંનેને લાગ્યું કે જિંદગી એ લાગણીઓનો એકલો ધોધ નથી, પણ તેમાં તટસ્થતા અને તત્ત્વવિનોદને પણ સ્થાન છે. બંનેએ ઘણી ઘણી વાતો કરી, મશ્કરીઓ પણ કરી. કલ્યાણે લીસલની વાત પણ કરી.

"મૂરખો બનતો નહિ." એટલું બોલી તે કલ્યાણની સામું જોઈ રહી. પછી ઉમેર્યું: "તું અને હું લાગણીઓની બાબતમાં એટલાં તરંગી અને અસ્તવ્યસ્ત છીએ કે સ્થિર પ્રેમ આપણે માટે અસ્થાને છે. શું કરવા એ બિચારી છોકરીને હેરાન કરવા તૈયાર થયો છે? એને સાફ કહી દે કે તને એની ફક્ત શારીરિક ઝંખના જ છે."

"તને શું મારે માટે ફક્ત શારીરિક ઝંખના જ હતી?" કલ્યાણે કંઈક લહેરથી કહ્યું.

"સાચું કહું? શારીરિક સિવાય બીજું કશું તારું દર્શન મેં. તો કર્યું નથી. કલ્યાણ! શારીરિક સત્યોને લાગણીના વાઘા પહેરવાની મનુષ્યોને માત્ર પરંપરાગત ટેવ હોય છે."

એમ! તું કહે તે સાચું. શરાબને તું દ્રાક્ષનો રસ કહે, તો પણ વાંધો નથી." કલ્યાણે મશ્કરી કરી.

"બેશક આંતરડાં સાફ કરનાર એનીમા ઉપર જો કોઈને કવિત્વનું સ્ફુરણ થાય, તો દ્રાક્ષના રસને શરાબ પણ કહી શકાય." સાબીનાએ સામી મશ્કરી કરી.

"બરાબર છે. બંને બેહૂદાં. મને એકકે નથી ગમતાં— દ્રાક્ષનો રસ કે એનીમા." કલ્યાણે હસીને પતાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"મને શરાબે ય અમુક હદ સુધી ગમે છે અને એતીમાની પણ જરૂર પડે છે." સાબીનાએ સામો વિનોદ કર્યો.

"કેવું વચિત્ર! આપણા મતભેદોમાં પણ આપણે કેટલાં સંમત છીએ?"

ટ્રેન આવી. 'ગુડ બાય' 'ગુડ લક' થઈ ગયાં. ટ્રેન ઊપડી. સાબીના ગઈ. સ્ટેશનેથી કલ્યાણ સીધો લીસલને ત્યાં ઊપડ્યો.

કલ્યાણ અને લીસલ બર્લિનમાં એક માસ સાથે રહ્યાં. કાર્લ ધંધાને અંગે બે માસ સારુ મ્યુનિક ગયો હતો અને કલ્યાણ લીસલના ફ્લેટમાં રહેતો હતો. બપોરે તે એકલો પડતો કારણકે લીસલ એકેડેમીમાં સંગીત શીખવવા જતી હતી. તે વખતમાં કલ્યાણ બર્લિનમાં ઘૂમતો ને બર્લિનથી ભોમિયો બનતો. સાંજે બંને બર્લિનની એકાદ નાઈટ કલબમાં, કે કાફેમાં કે બારમાં જતાં અને મોજ કરતાં. કલ્યાણને બર્લિન પ્રિય થઈ પડ્યું. એનું રાત્રિજીવન, એનું સંગીત, એના લોકો એ બધાં જ એને ગમી ગયાં અને એ બધાં જ આકર્ષણોનું અધિષ્ઠાન લીસલ હતી. છેવટે એણે લંડન જવાનું નક્કી કર્યું.

"લીસલ! હવે મારે લંડન જઈ બધી વ્યવસ્થા કરવી પડશે."

"કેમ, કંઈ મુશ્કેલી છે?"

"ના, પણ હવે હું પાસ થઈ ગયો એટલે હિંદ જવાની તૈયારી કરવાની."

"તું હિંદુસ્તાન જવાનો?" લીસલે આશ્ચર્યથી પૂછ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ન જાઉં, તો પછી લંડનમાં રોટલો રળી ખાવો પડે.”

“તે ન બની શકે? તને શું લાગે છે?” લીસલે પ્રેમથી પૂછ્યું અને કલ્યાણ તરફ જોયું. તે દૃષ્ટિથી કલ્યાણ પલળી ગયો.

“મારું મન લંડનમાં રહેવાનું છે અને તને મારી કરવાનું છે.” એટલું કહી તેણે લીસલને પાસે ખેંચી. ખેંચીને ચૂમી લીધી.

“હા. એ જ મારું પણ મન છે કે જેથી તું મને રોજ પાસે ખેંચે ને ચૂમે. હા, લંડનમાં રહે, ગોઠવાઈ જા, ને મને લઈ જા. હું રાહ જોતી હોઈશ.”

બીજે દિવસે કલ્યાણ લંડન તરફ રવાના થયો. લીસલ સ્ટેશને આવી. કલ્યાણ જતાં એનું દિલ દુઃખતું હતું.

“સંભાળજે.” તે બોલી. એ શબ્દમાં તેણે ઘણું કહ્યું.

બર્લિનથી કોલોન સુધી કલ્યાણ લીસલના વિચારમાં શૂન્ય બની ગયો હતો. તેને લીસલ વગરનું જીવન એકલું, અટૂલું, ખાવા ધાય તેવું લાગ્યું. તેને સમજાયું કે લીસલની ગેરહાજરી જેવી ગેરહાજરી કોઈ સ્ત્રીની તેને સાલી નહોતી.

સ્ટેશનેથી ઘેર આવીને લીસલ ચોધાર આંસુએ રડી. કલ્યાણમાં તેને પોતાનું સર્વસ્વ સમાઈ ગયું લાગ્યું.

લંડન આવી કલ્યાણે હાર્લે સ્ટ્રીટમાં ‘રૂમ્સ’ રાખ્યા. દાક્તરી શરૂ કરી. ઘેરથી નાણાં મંગાવવાં બંધ કર્યાં. દાક્તરીમાં ટટ્ટુ કેમ ચાલશે તેની તેને ખબર નહોતી. લીસલ સાથે પત્રવ્યવહાર ચાલતો. ૭ માસ વીતી ગયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૦ મું ------ 'પર્વને પંથે'

કલ્યાણ લંડનમાં સેટલ થયો. દર ત્રણ મહિને તે બર્લિન જતો. લીસલ પણ છૂટક છૂટક લંડનમાં આવી જતી. આમ ત્રણેક વરસ ચાલ્યું. વરસમાં ઘણું છૂટાં રહેવાથી પ્રેમની ગાંઠ વધુ મજબૂત બનતી ગઈ. લીસલ લંડનમાં દર છ મહિને એ ત્રણ માસ ગાળતી અને કલ્યાણ બર્લિનમાં દર છ મહિને એટલો વખત ગાળતો.

કલ્યાણ ઉપર હિંદુસ્તાનથી તેના બાપના કાગળો આવ્યે જતા. દીકરાને હિંદુસ્તાન આવવા બાપ ઘણી આજીજી કરતો પણ કલ્યાણને યુરોપ છોડવું મુશ્કેલ હતું. એ વિચાર જ તે સહી શકતો નહિ. દાક્તરીનું ટટ્ટુ ન ચાલ્યું એટલે એકાદ વરસ પછી કલ્યાણે પાછાં ઘેરથી નાણાં મંગાવવા માંડ્યાં. બાપ પૈસા મોકલતો, કલ્યાણ તે વાપરતો, દાક્તરી ચાલતી નહિ અને લીસલ પૂછતી તો જણાવતો કે ઠીક ચાલે છે અને દાક્તરીમાંથી પૈસા મળી રહે છે.

" કલ્યાણ, તારું લંડનમાં બરાબર ચાલતું હોય, તેમ હું માનતી નથી." ચતુર લીસલે એક વાર કલ્યાણને કહ્યું.

" હા, મુશ્કેલી તો છે, પણ સારો વખત જલદી આવશે."

બાપ તો પચીસ, ત્રીસ કે પાંત્રીસ પાઉન્ડ દર મહિને મોકલી શકે અને દાક્તરીમાંથી દોઢિયું મળે નહિ, જ્યારે ખરચ ભારે. લીસલને પરણવાનું પણ શાના ઉપર ? કલ્યાણ મૂંઝાતો ગયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

“ તું મને પરણવાનું કેમ કહેતો નથી ? ” લીસલે કલ્યાણને એક દિવસ કહ્યું. પછી ઉમેર્યું : “ હું ના નહિ પાડું.”

“ હું રાજી છું, લીસલ ! પણ તને પરણ્યા પહેલાં તારી આર્થિક સલામતી મારે યોજવી જોઈએ.”

“ તું ને તારી આર્થિક સલામતી ! અરેરે કલ્યાણ ! તું એમ માને છે કે હું કામ નહિ કરું ને તને ભારે પડીશ ? ના પ્યારા, ના. ઘર ચલાવીશું. ગભરાઈશ મા.”

“ હું પૂરતું કમાઉં નહિ, ત્યાં સુધી મારી ખાતર આગ્રહ ન કરતી. મારું અભિમાન ઘવાવા ન દે.” કલ્યાણે લીસલને થાબડીને કહ્યું.

પણ કલ્યાણ પૂરતું કમાયો નહિ, એટલું જ નહિ, પણ એક વખત તો તેની પાસે ગજવાસાં ફક્ત પાંચ શિલિંગ જ હતા. ઘેરથી પૈસા આવતા નહિ, દર્દીઓ આવતા નહિ ને લીસલ બર્લિનમાં હતી ! પૈસાની સતત તંગીથી છેલ્લા છ માસથી કલ્યાણ ઘણો જ કંટાળી ગયો હતો. દિવસના બે શિલિંગ લેખે બે દિવસ તો ખેંચી કાઢ્યા, પણ ત્રીજે દિવસે ભૂખમરો સામે આવીને બીવડાવતો ઊભો રહ્યો ! ત્રીજો દિવસ આવ્યો. કલ્યાણે સૂટ ગીરો મૂક્યો, અને વળી ત્રણેક દિવસનું ખરચ કાઢ્યું. ત્રણ દિવસ પછી ઘડિયાળ ગીરો મૂક્યું અને અઠવાડિયાનું ખરચ કાઢ્યું. અધૂરામાં પૂરું બે દિવસ પછી પ્રિયતમા બર્લિનથી આવવાની હતી. બાપને તાર કરવાની હિંમત નહોતી કેમકે બાપે છેલ્લી વાર નાણાં મોકલતાં સ્પષ્ટ લખેલું કે ‘ હવે હિંદુસ્તાન આવતા રહો, નિકર નાણાં નહીં મળી શકે.’ આ વાતને છએક માસ થઈ ગયા હતા અને એ છ માસમાં કલ્યાણને દાક્તરીમાંથી ભાગ્યે જ વીસેક પાઉન્ડ મળ્યા હશે ! એને થયું કે સાબીના હોત, તો નાણાંની મુશ્કેલી ન પડત ! લીસલ પૈસાદાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહોતી. બીચારી લીસલ ! એને શું ખવડાવીશ, એને માટે શું કરી શકીશ ! એક ક્ષણ વિચાર કર્યો. કંઈક સૂઝ્યું. ટેલિફોન લીધો.

"હલો !"

"હલો."

"કાઉન્ટેસ સાબીના છે ?"

"નાજી. કાઉન્ટેસે તો ઇંગ્લંડ ત્રણેક વર્ષથી છોડી દીધેલું છે. હવે તે અમેરિકામાં ન્યુયૉર્કમાં રહે છે."

"થેંક્યુ."

સાબીના નથી. સાબીના ચાલી ગઈ! કેમ ચાલી ગઈ હશે ! સાબીનાના વિચાર કરતો કલ્યાણ પડ્યો. ત્રણ વર્ષ પહેલાં છૂટા પડ્યા પછી તેણે તેને આજે સંભારી ! ત્રણ વર્ષે ! અને માર્ની ક્યાં હશે ! માર્નીને ફોન કરું ? છટ, છટ. ભૂતકાળનાં ભૂત ! બીચારી મૉલિ ! મૉલિ તો કોઈ કબ્રસ્તાનમાં સૂતી હશે ! અને પેલી વહાલસોઈ હીલ્ડા ! ક્યાં હશે એ ? વર્ષોનાં વહાણાં વાયાં ! હીલ્ડાનો ક્યાં પત્તો ખાય ! અરે ભગવાન ! કલ્યાણ સૂઈ ગયો.

બીજે દિવસે સવારમાં એને વિચાર આવ્યો. લાવ, બાપને તાર કરું. લાવ, છેલ્લો પાસો નાખું. કલ્યાણે કપડાં પહેર્યાં. જેવો તે બહાર જવા જાય છે, તેવો તારવાળાએ તેના હાથમાં કેબલ આપ્યો. કેબલ ! હિંદુસ્તાનથી કેબલ ! શું હશે ? ધ્રૂજતે હાથે તેણે કેબલ ફોડ્યો.

"બાપ આજે એકાએક ગુજરી ગયા. એકદમ પાછો ફર. મા."

કલ્યાણ ઢગલો થઈને બેસી ગયો. બાપ ગયા ! બિચારી મા ! મારી મા ! એનું કોણ ? પાંચ વરસના બાળકની માફક તે રડી પડ્યો. હિંદુસ્તાન કેવી રીતે જાય ? પૈસા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં? આવતી કાલે તો લીસલ આવશે! આને બિચારીને પૈસા માટે કેવી રીતે તાર કરાય? વિદ્યાર્થી નહિ હોવાથી હાઈ કમિશનર પાસેથી મદદ પણ શી રીતે મંગાય? કલ્યાણની નજર સમક્ષ આખું વિશ્વ તૂટી પડતું લાગ્યું. આવતી કાલે લીસલ આવશે અને આજે તો પોતાના ગજવામાં ફક્ત પાંચ શિલિંગ જ હતા! આખો દિવસ કલ્યાણે ખાધું નહિ અને પથારીમાં પડ્યો રહ્યો

બીજે દિવસે લીસલ આવી. કલ્યાણના હાલહવાલ તેણે જોયા. બધી પરિસ્થિતિ સમજી ગઈ.

“તારે જવું જોઈએ, માટે તું જા, અને તારું બધું ઠીક કરી લે. હું સદા તારી જ રહીશ. તને જ યાદ કર્યા કરીશ, તારી જ રાહ જોઈશ. તારું બધું બરાબર ગોઠવાઈ જાય, તું થાળે પડે, એટલે મને બોલાવી લેજે.”

“મારું હૃદય તૂટી રહ્યું છે. બાપ ગયા અને હવે તને છોડવાની! તગદીર જ વાંકું છે.” કલ્યાણે કલ્પાંત કર્યું.

લીસલે તમામ વાત સમજી લીધી. પૈસેટકે પોતે સામાન્ય સ્થિતિની હતી. બર્લિનની બેંક સાથે તેણે વ્યવસ્થા કરી અને પોતાનું હજારેક માર્ક્સ જેટલું બેલન્સ હતું તે બધું જ પાઉન્ડમાં ફેરવાવી તેણે લંડન મંગાવ્યું. કલ્યાણને પેસેજના પૈસા તેણે આપ્યા, બંનેની પંદરવીસ દિવસ લંડનમાં રહેવાની ખરચી તેમાંથી નિકાલી, બર્લિન પાછા ફરવા જેટલું ભાડું હાથ ઉપર રાખ્યું. રૂમ્સનું ભાડું તથા બીજાં બિલ કલ્યાણે હિંદુસ્તાન પહોંચીને ચૂકવવાની બાંહેધરી મકાન માલિકને આપી.

લંડનમાં છેલ્લા પંદર દિવસ યુગલે ખૂબ જ શાંતિથી અને ખૂબ જ કરકસરથી, છતાં ખૂબ જ આનંદમાં ગાળ્યા.

“તું એકલ છે.” કલ્યાણે ઉદ્ગાર કાઢ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ને એક જ રહેવા માગું છું." લીસલે કલ્યાણને ચુંબન કર્યું.

"તારા વગર મારું શું થશે?"

"હું તારી પાસે જ હોઈશ."

"છતાં કેટલી દૂર હોઈશ?"

"ના, તારી આંખો બંધ કરજે એટલે હું દેખાઈશ."

"વખત કેવો વહી જાય છે?" કલ્યાણે આંખો મીંચી.

"વખતનો વિચાર ન કરીશ. પછી તે નહિ વહે."

"કાં તો તને બોલાવી લઈશ, કે કાં તો હું પાછો આવીશ."

"તે વિચાર હમણાં ન કરતો. મને તારી સોડમાં લે."

કલ્યાણે પ્રિયતમાને અપ્રતિમ પ્રેમ કર્યો.

જે દિવસે કલ્યાણ માર્સેલ્સ જવાનો હતો, તે જ દિવસે સવારે કલાક પહેલાં લીસલ બર્લિન જવાની હતી. પ્રેમીઓ વિયોગનો મહા પાઠ શીખવાનાં હતાં.

તે સવાર આવી. ચાર બીની આંખોએ કલ્પાંત કર્યું. કલ્યાણે પ્રિયાને પ્રેમથી છેલ્લી વાર ચુંબન કર્યું. સ્ટેશને તેને છોડતાં કલ્યાણનું હૃદય ચિરાઈ ગયું. એ ચિરાતે હૃદયે તેણે કલાક પછી પોતાની ટ્રેન પકડી. બીજે દિવસે માર્સેલ્સ આવ્યું.

બપોરે બોટ ઊપડી. ચાલી, ચાલી, ચાલી. કલ્યાણે યુરોપ છોડ્યું. ત્રણચાર દિવસ સુધી તે શૂન્ય રહ્યો. યુરોપની ક્ષિતિજ ઉપર તેની આંખો સ્થિર થઈ ગઈ. સાથેના ઉતારુઓ આ શાંત, અતડા અને શૂન્ય મુસાફરને કુતૂહલથી જોઈ રહેતા.

બોટ હિંદુસ્તાન તરફ સરતી ગઈ અને કલ્યાણે રાત દિવસ પશ્ચિમની ક્ષિતિજ જોયે જ રાખી. છેવટે કલ્યાણે મુંબઈનું બારું જોયું. બોટ બારામાં આવી. કલ્યાણે માને જોઈ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસાને જોયા, ફુઆને જોયા, બીજાં સગાંસંબંધીઓને જોયાં. કલ્યાણ માને ભેટચો.

એકાદ માસમાં બાપની મિલકત વગેરેની વ્યવસ્થા કરી નાખી. મિલકતમાં ખાસ કંઈ હતું જ નહિ. કલ્યાણના વિલાયતના ખરચ અને મુંબઈના ઘરખરચમાં બાપની કમાણી પતી ગઈ હતી. દસેક હજાર શેષ હતા અને માના પંદરેક હજારના દાગીના હતા.

કલ્યાણને શરૂઆતનાં બેત્રણ વર્ષ લગભગ બેકાર રહેવું પડ્યું. પાંચેક વર્ષ પછી તે રોટલો કમાતો થયો. દસ હજાર પૂરા થઈ ગયા પછી કંઈક કમાણી થવા લાગી. દરમ્યાન માતા ગુજરી ગઈ. પાંચેક વર્ષ પછી કલ્યાણની પ્રેક્ટીસ જામતી ગઈ. કલ્યાણ ગંભીર, મહેનતુ, એકનિષ્ઠ બની ગયો હતો. લીસલનું દેવું એણે શરૂઆતમાં જ ચૂકવી દીધું હતું અને વિલાયતનાં બીજાં દેવાં પણ વાળી દીધાં હતાં.

ત્રણેક વરસ સુધી લીસલના પત્રો અવિચ્છિન્ન અને અવિરત આવ્યા કર્યા. કલ્યાણે પણ ત્રણેક વરસ પત્રો લખ્યે રાખ્યા. પરંતુ સમય અને સંયોગોએ સંબંધ ધીમે ધીમે વિસારે પાડ્યો. પત્રો નાના નાના થતા ગયા, નજીવા થતા ગયા, નહિ જેવા થતા ગયા, બંધ થઈ ગયા. બધું ભૂતકાળમાં વિલીન થઈ ગયું.

પ્રેક્ટીસને સાતેક વર્ષ થયાં. કલ્યાણ સારું કમાવા લાગ્યો. એ સાત વર્ષમાં કલ્યાણે યુરોપની સ્ત્રીઓનો થાક ઉતાર્યો, અને એ થાક ઊતર્યો, મન સ્વસ્થ થયું, યુરોપ ભુલાયું, ત્યાં મેના એના જીવનમાં પ્રવેશી.

[ભાગ ૧ લો, ખંડ ૨ જો, સમાપ્ત.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી ઈન્ડીયન ગ્લોબ ઈન્સ્યુરન્સ કુંપની લીમીટેડ.

○ આગ ○ અકસ્માત
○ જિંદગી ○ મોટર
○ દરિયાઇ
○ વર્કમેન્સ કોમ્પેન્સેશન

વગેરે સર્વ પ્રકારનું વિમાનું કામકાજ સરળ શરતોથી કરવામાં આવે છે.

વિમા કામ માટે

લાગવગ ધરાવતા ઉત્સાહિ કાર્યકરોને સંતોષકારક મહેનતાણું પોતાની લાયકાત દર્શાવતાં મલી શકે છે.

એજન્સી કામ માટે

પ્રતિનિધિત્વ અથવા જરૂરી સાહિત્ય માટે લખો યા મળો

ધી ઈન્ડીયન ગ્લોબ ઈન્સ્યુરન્સ કું. લી૦

હેડ ઓફિસ:-૩૧૫-૩૨૧, પ્રોસ્પેકટચેમ્બર્સ, હોર્નબી રોડ કોટ–મુંબઈ.

શાખાઓ:–અમદાવાદ, કલકત્તા, કંપાલા, મદ્રાસ, નાગપુર; ન્યુ દિલ્હી, પૂના, પોરબંદર, રંગુન, રતલામ, સિકંદરાબાદ (દક્ષિણ) અને વેરાવળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધી

ટ્રોપીકલ ઇન્સ્યુરન્સ કંપની લીમીટેડ.

(હિંદુસ્થાનમાં સ્થપાયેલી ૧૯૨૭)

લાઇફ, ફાયર, દરિયાઇ, મોટર, અકસ્માત વગેરેના વિમા ઉતારે છે.

૧૯૪૮ની સાલના પ્રગતિના આંકડા

ટોટલ એસેટસ	૭૨,૪૧,૧૯૯
લાઇફ ફંડ	૪૩,૫૫,૨૯૨
જનરલ ડીપાર્ટમેન્ટ રીઝર્વ	૫,૧૩,૦૦૦
સબ્સક્રાઇબ કેપીટલ	૭,૮૪,૦૦૦
પેઇડઅપ કેપીટલ	૫,૨૦,૯૧૯

હેડ ઓફિસ કોનાટ સર્કલ ન્યુ દિલ્હી

સારી લાગવગ વાળા તેમજ લાયકાત ધરાવતા એજંટો જોઇએ છે.

ટેલીગ્રામ ‘ યુનિયન ’
ટેલીફોન નંબર
ઑફિસ ૨૫૦૪
રેસીડેન્સ ૫૫૫૦

કંટ્રોલીંગ ઓફિસ ૩૨, એપોલો સ્ટ્રીટ ફોર્ટ મુંબઈ.

— મળો યા લખો —

આર. એસ. ઝવેરી : બ્રાન્ચ મેનેજર

૫૭૧/૨ રીડરોડ : : અમદાવાદ ૨.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇન્સ્યુરન્સ એ આર્થિક સલામતીનું સાધન છે

ધી

જ્યુપિટર જનરલ ઇન્સ્યુરન્સ કું. લી.

હેડ ઑફિસ : બેંક સ્ટ્રીટ ફોર્ટ–મુંબઈ.

હિંદુસ્થાનમાં રજિસ્ટર્ડ થયેલી

○ જિંદગી ○ આગ ○ દરિયાઇ ○ અકસ્માત વગેરે
દરેક જાતનું વીમાનું કામકાજ કરે છે.

○ સત્તાવાર થાપણ	રૂા. ૨,૦૦,૦૦,૦૦૦
○ બહાર કાઢેલી ને ભરાયેલી થાપણ	રૂા. ૧,૫૦,૦૦,૦૦૦
○ ભરપાય થયેલી થાપણ	રૂા. ૨૩,૭૪,૮૦૦
○ કુલ અસકયામત	રૂા. ૨,૫૦,૦૦,૦૦૦ થી વધુ

ઉપરના આંકડા કુંપનીની લોકપ્રિયતા અને કંપનીએ જાહેર જનતાની મેળવેલી શ્રદ્ધા પૂરવાર કરે છે.

બ્રાન્ચ ઑફિસ

ખાડિયા, ચાર રસ્તા : અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૧ મો વાર્ષિક અહેવાલ

હાલમાંજ જાહેરની જાણ માટે બહાર પાડેલા હિંદુસ્તાન કો-ઓપરેટીવ વીમા કંપની લી૦ના ૧૯૪૭ના વાર્ષિક અહેવાલ પરથી તેની પ્રગતિનો ચડતો ચકાવો સ્પષ્ટ થાય છે,

એક નજરે

એના અંગો:—

નવું કાર્ય	રૂા.	૧૨,૩૧,૮૩,૭૬૦
ચાલુ વીમો	રૂા.	૫૫,૬૩,૪૫,૪૬૬
જિંદગીનું ફંડ	રૂા.	૧૧,૬૪,૯૦,૦૨૦
કુલ અસકયામત	રૂા.	૧૦,૬૩,૮૬,૨૧૮
ચુકવેલા દાવા (૧૯૪૭)	રૂા.	૫૩,૭૨,૧૭૨

હિંદુસ્તાનની પોલીસી તમને હરિફાઇ ભર્યા દરે સંપૂર્ણ રક્ષણ આપે છે.

હિંદુસ્તાન કો-ઓપરેટીવ ઈન્સ્યુરન્સ સોસાયટી લીમીટેડ.

મુંબાઇ શાખા,
હોર્નબીરોડ, કોટ,

[મુખ્ય કચેરી : કલકત્તા]

એસ. સી. સરકાર
શાખા મેનેજર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तकालय

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक-वितरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित १५ वे दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय,
हरिद्वार ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવચેતન સાહિત્ય મંદિર,
અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar